# મોબાઈલ મંચના પત્રો

## (શિક્ષક)

www.inshodh.org



દોલતપુરા પ્રાથમિક શાળા, મહેસાણાના શિક્ષકશ્રી મેહુલકુમાર પ્રજાપતિ દ્વારા કલસ્ટરની તાલીમમાં મોબાઈલ મંચ પત્રોની ચર્ચા.


**Indian Institute of Management Ahmedabad**
**in partnership with**
**Gujarat Council of Education Research and Training Gandhinagar**
**September 2018**

**ભારતીય પ્રબંધ સંસ્થાન અમદાવાદ (ઇન્ડીયન ઇન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ અમદાવાદ)**

ભારતીય પ્રબંધ સંસ્થાન અમદાવાદ ભારતની પ્રથમ હરોળની વ્યવસ્થાપન (મેનેજમેન્ટ કોલેજ) સંસ્થા તરીકે ઓળખ ધરાવે છે.

અહીં રવી જે. મથાઇ સેન્ટર ફોર એજ્યુકેશનલ ઇનોવશેન સંદર્ભ એજ્યુકેશનલ ઇનોવશેન્સ બેંક અંતર્ગત ક્રિયાન્વિત છે.

અહીં પ્રાથમિક શિક્ષણમાં થઇ રહેલ નવતર પ્રવૃત્તિઓને સંગઠિત કરી તેના દસ્તાવેજીકરણ દ્વારા આ વિગત બીજી શાળા અને શિક્ષકો સુધી પહોંચાડવાનું કામ ચાલુ છે.


એજ્યુકેશનલ ઇનોવેશન્સ બેંક

પ્રો. વિજય શેરીચંદ

ઇન્ડીયન ઇન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ અમદાવાદ,

વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦૦૧૫

ફોનઃ ૦૭૯-૬૬૩૨-૪૮૬૧/૪૮૭૦


**એજ્યુકેશનલ ઈનોવેશન્સ બેંક પ્રોજેક્ટ એડીટોરીઅલ ટીમ:**

- અવિનાશ ભંડારી (પ્રોજેક્ટ હેડ)
- મેઘા ગજ્જર (પ્રોજેક્ટ એસોસીએટ)
- સંકેત સાવલિયા (પ્રોજેક્ટ આસિસ્ટન્ટ)
- લાલજી નાકરાણી (પ્રોજેક્ટ આસિસ્ટન્ટ)
- નિશાંષી શુક્લ (રીસર્ચ આસિસ્ટન્ટ)
- નિરુપા વઘાસીયા (પ્રોજેક્ટ આસિસ્ટન્ટ)

શિક્ષકો દ્વારા થયેલા પ્રયોગને લગતી માહિતીની શિક્ષકો અને શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યો વચ્ચે આપ-લે કરવા માટે એક મંચ ઉભું કરવા એજ્યુકેશનલ ઇનોવેશન્સ બેંક પ્રોજેક્ટ અંતર્ગત મોબાઈલ ટેકનોલોજી (તકનીક) આધારિત ચર્ચાનું મંચ ૨૦૧૪માં IIMA અને GCERT અંતર્ગત ચાલી રહેલ પ્રોજેક્ટ એજ્યુકેશનલ ઇનોવેશન્સ બેંકમાં શરૂ છે.

આ મંચની મદદથી સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકો અને શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યો દ્વારા કરવામાં આવેલ નવીન પ્રયોગો વિશેની તથા સંલગ્ન બાબતોની માહિતી નિયમિત મળી રહેવાથી એમને પ્રાથમિક શિક્ષાની ગુણવતા સુધારવા માટે આ મંચમાં શિક્ષણને લગતા પ્રશ્નો સીધી અથવા આડકતરી રીતે પુછવામાં આવે છે. શિક્ષકો અને એસ.એમ.સી. સભ્યો પ્રશ્નોના જવાબ આપે છે. તેમજ જુદા - જુદા મુદાઓ પર પોતાના મંતવ્યો રજુ કરે છે. મળેલ જવાબ માંથી શ્રેષ્ઠ જવાબ પસંદ કરી તેનો પત્ર જવાબ આપના શિક્ષક મિત્રોને પરત મોકલવામાં આવે છે.

જુન, ૨૦૧૪ થી ૨૫ ઓગસ્ટ, ૨૦૧૮ સુધી ૧૪૪ પ્રશ્નો શિક્ષક મિત્રોને પૂછવામાં આવ્યા છે. જવાબ આપનાર ૨૮,૩૯૫ પત્રો IIMA (Indian Institute of Management Ahmedabad) દ્વારા મોકલવામાં આવ્યા છે. આ તમામ પત્રને સંગ્રહિત કરીને આ પુસ્તક રજુ કરવામાં આવ્યું છે. શાળા અને SMC ણે લગતા તમામ મુદ્દાઓને આવરીને પૂછાયેલા પ્રશ્નો અને તેના પર SMC સભ્યોના મંતવ્ય અને ઉકેલ આપ આ પુસ્તકમાં વાંચી શકશો. અમને આશા છે કે આ પુસ્તકનું વાંચન આપના માટે અને શાળા માટે ઘણું ઉપયોગી રહેશે.

એજ્યુકેશનલ ઇનોવેશન્સ બેંક ટીમ

રવિ જે. મથાઈ સેન્ટર ફોર એજ્યુકેશનલ ઇનોવેશન

ઈન્ડીયન ઇન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ અમદાવાદ

5 સપ્ટેમ્બર 2018

# અનુક્રમણિકા


| ક્રમ | પ્રશ્નોની કેટેગરી | પેજ |
|---|---|---|
| ૧ | ભાષા | ૫ |
| ૨ | ગણિત | ૧૬ |
| ૩ | વિજ્ઞાન અને ટેકનોલોજી | ૨૩ |
| ૪ | સામાજિક વિજ્ઞાન અને પર્યાવરણ | ૨૮ |
| ૫ | વાંચન,લેખન અને મૌખિક અભિવ્યક્તિ | ૩૧ |
| ૬ | હાજરી અને અનિયમિતતા | ૩૯ |
| ૭ | મધ્યાહન ભોજન | ૪૪ |
| ૮ | ગુણવત્તાલક્ષી શિક્ષણ | ૪૬ |
| ૯ | મૂલ્ય શિક્ષણ | ૬૫ |
| ૧૦ | પરીક્ષા અને મૂલ્યાંકન | ૯૦ |
| ૧૧ | ICT | ૧૦૦ |
| ૧૨ | ઈતર પ્રવૃત્તિ દ્વારા વિકાસ | ૧૦૯ |
| ૧૩ | કન્યા શિક્ષણ | ૧૧૭ |
| ૧૪ | વિશેષ જરૂરીયાત વાળા બાળકો | ૧૨૧ |
| ૧૫ | શાળા અને વર્ગખંડ વ્યવસ્થાપન | ૧૨૮ |
| ૧૬ | શાળા વાતાવરણ | ૧૩૦ |
| ૧૭ | શાળા વિકાસ આયોજન | ૧૩૭ |
| ૧૮ | શાળા સમુદાય સબંધો | ૧૪૨ |
| ૧૯ | સર્વાંગી વિકાસ | ૧૫૮ |



# ભાષા

## (૧) પ્રશ્ન: આપના મંતવ્ય મુજબ અંગ્રેજી વિષયનો કોઈ એક મુદો જે વિધાર્થીઓને સમજાવવામાં મુશ્કેલી પડે છે અને તેને સરળતાથી સમજાવવા/ભણાવવા માટેની રીત ટૂંકમાં જણાવો.

**તારણ:** શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે. જવાબની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ પણ આપેલ છે.

૧) વિધાર્થીઓને અંગ્રેજીના સ્પેલિંગ યાદ રાખવામાં મુશ્કેલીની સમસ્યા દુર કરવા સ્પેલિંગ,અર્થ અને ચિત્ર સાથે શબ્દોના થર્મોકોલ કટિંગ શાળા લોબીમાં લગાવ્યા. તેથી વિધાર્થી રોજ આ સ્પેલિંગ વાંચતા થયા. (હેતલબેન જોશી - જી. આણંદ, મનોજભાઈ સુથાર - જી. બનાસકાંઠા)

૨) વિધાર્થીમાં અંગ્રેજી બોલવા, લખવા, સંભાળવા અને વાંચવાની ક્ષમતા વધારો થાય અને અંગ્રેજી પ્રત્યેનો ડર દુર કરવા શાળામાં ઈંગ્લીશ ફેરનું આયોજન કરવામાં આવે છે. (લક્ષ્મણભાઈ ચૌધરી - જી. પાટણ)

ઈંગ્લીશ એકઝીબિશન ફેરની વિડીયો લિંક: https://www.youtube.com/watch?v=1MtEAcQ_GFE

૩) વર્ગમાં હાજરી પુરતી વખતે બાળકોને રોલનંબર પ્રમાણે એક એક સ્પેલીગ બોલાવવામા આવે છે. જેથી સ્પેલીગ તૈયાર થાય.અને અંગ્રેજીની કવિતા તથા પાઠ અભિનય દ્વારા પ્રાથનાસભામાં વિધાર્થીઓને સમજાવવામાં આવે છે. (વર્ષાબેન સોલંકી - જી. ખેડા)

૪) એબીસીડી શીખવવા માટે અંગેજી મૂળાક્ષરોની માળા બનવા વિધાર્થીના ગાળામાં પહેરાવવામાં આવતી.અને તે દિવસે ગાળામાં પહેરેલ માળા પ્રમાણે વિધાર્થીનું નામ રહેતું. (પ્રવિણભાઈ વણકર - જી. અમદાવાદ)

૫) શાળામાં રવિવારે અંગ્રેજી ડે નું આયોજન કરવામાં આવે છે તે દિવસે બાળકો સાથે અંગેજીમાં ચર્ચા કરવામાં આવે અને જવાબ પણ બાળકો અંગેજીમાં આપે તેવો આગ્રહ રખાય છે. (કલ્પેશભાઈ કાવર - જી. સુરેન્દ્રનગર)

૬) અંગ્રજી મૂળાક્ષરોના રમકડાનો ઉપયોગ દ્વારા વર્ગમાં બાળકો પાસે સ્પેલિંગ બનાવવી ટેબલ પર ગોઠવવામાં આવે છે અને ત્યારબાદ બાળકો પાસે સ્પેલિંગ બોલવવામાં આવે છે.આ રીતે બાળકો રમતાં રમતાં સ્પેલિંગ શીખે છે. (કુસુમબેન ડાભી - જી. સુરેન્દ્રનગર)

૭) અંગ્રેજીમાં બાળકને ક્રિયાપદો સમજવામાં મુશ્કેલી હતી.તેના માટે સૌ પ્રથમ બાળકને ક્રિયાપદ વિશે સંપૂર્ણ ઉદાહરણ સહીત સમજુતી આપી વર્ગના તમામ બાળકોને એક એક ક્રિયાપદોનો રોલ કરાવ્યો.આ રીતે બાળકો સહેલાઈથી ક્રિયાપદ શીખી શક્યા. (મિતુલકુમાર પટેલ - જી. પાટણ)

૮) બાળકોમાં અંગ્રેજી વિષયનું શબ્દ ભંડોળ વધારવા કાર્ટુન સ્ટ્રીપનો ઉપયોગ કર્યો. કોઈ એક મુદ્દાને આધારે કાર્ટુન સ્ટ્રીપ તૈયાર કરી દરેક કાર્ટુનમાં કોઈ એક નવો શબ્દ મુકવામાં આવે અને તે સાથે તેનું ચિત્ર પણ તે સ્ટ્રીપમાં હોય. આ કાર્ટુન સ્ટ્રીપ વિદ્યાર્થીઓને આપી તેમના શબ્દ ભંડોળ વધારો કર્યો. (કેવલભાઈ અંધારિયા - જી. અમદાવાદ)

**(૨) પ્રશ્ન: બાળકોને ભાષાના વિષય મજબુત કરવા માટે આપે કરેલ પ્રવૃત્તિ અને પરિણામ ટૂંકમાં જણાવો.**

**તારણ:** શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે. જવાબ આપવાની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ અને મોબાઈલ નંબર આપેલ છે.

૧) વિદ્યાર્થીઓને ગુજરાતી, અંગ્રેજી અને હિન્દી ભાષાના શબ્દો શીખવાડવાની સાથે બરાબર ઉચ્ચારણ કરી શકે તે માટે સંગીતનો ઉપયોગ કરીને વિવિધ રાગ દ્વારા જુદા જુદા શબ્દો શીખવાડવામાં આવે છે, બાળકોને સંગીતની સાથે સાથે અભ્યાસ કરવો બહુ ગમે છે તથા શાળામાં ૫૦% જેટલા બાળકો શબ્દનું બરાબર ઉચ્ચારણ કરતા થયા છે. (પ્રજ્ઞાબેન પટેલ - સુરત - 7046741314)

૨) વર્ગખંડમાં ફ્રી તાસમાં અથવાતો ૩ દિવસે કોઈ એકવાર અડધો કલાક બાળકોને જુથમાં વહેચીને શબ્દો ની વિવિધ ગેમ રમાડવામાં આવે છે, જેમાં પ્રથમ બાળક શબ્દ બોલે ત્યારબાદ તેમાં જે છેલ્લો શબ્દ આવ્યો હોય તેના પરથી બનતો બીજો શબ્દ બોલે જે બાળક સાચો શબ્દ તેમજ તેનો ઉચ્ચારણ સાચું બોલે તેમને ૧ પોઈન્ટ આપવામાં આવે જે ટીમ વિજેતા બને તેને બીજા દિવસની પ્રાર્થનામાં બહુમાન કરવામાં આવે છે. (અરવિંદસિંહ પરમાર - મેહસાણા - 7359105044, સોહમભાઈ ઠાકોર – પાટણ - 8000962233, કમલેશભાઈ ભટ્ટ - ભાવનગર - 8141671778, સુરેશભાઈ જીદીયા – સુરેન્દ્રનગર - 8980037086, લતાબેન અલેકાર - વડોદરા - 9099325981, રાયસિંહભાઈ પરમાર - ગીરસોમનાથ - 9275117976)

૩) "સ્પેલિંગ વિક" - અંગ્રેજી શીખવાડવા તેમજ ઉચ્ચારણ બરાબર કરાવવા ધોરણ પ્રમાણે ગ્રુપ પાડ્યા અને વિદ્યાર્થીની ક્ષમતા અનુસાર સ્પેલિંગ આપવામાં આવે છે અને અઠવાડિયાને અંતે બધા ગ્રુપ ભેગા કરીને અંદરો અંદર સ્પેલિંગ સ્પર્ધા કરાવવામાં આવતી અને વિજેતાને જાહેરમાં ઇનામ આપવામાં આવે છે.આ પ્રક્રિયા પછી બાળકો અંગ્રેજી પ્રત્યે રસ લેતા થયા છે. (સુભાષભાઈ વાળા - જુનાગઢ - 7405352667)

૪) બાળકો આપણા રોજીંદા જીવન જરૂરી શબ્દો ગુજરાતી, અંગ્રેજી, હિન્દી તેમજ સંસ્કૃત ભાષાનો ઉપયોગ કરીને અલગ અલગ રીતે બોલી શકે તે હેતુથી વર્ગખંડની અંદર તેમજ શાળાની લોબીમાં વિવિધ કલરના ચાર્ટપેપરનો ઉપયોગ કરીને લખવામાં આવ્યા છે જેથી કરીને બાળક આવતા જતા તે ચાર્ટપેપર જોઇને નવું શીખવાનો પ્રયત્ન કરે છે.બાળકોમાં ઉત્સુકતા વધી છે અને રોજે નવા નવા શબ્દો શાળામાં લાવતા થયા છે. (મેહુલભાઈ સુથાર - મહેસાણા - 7600984093, ડુંગરસિંહ વાઘેલા - બનાસકાંઠા - 8128438232, રીનાબેન જેઠવા - ગીરસોમનાથ - 8758511211, પ્રતિમાબેન પ્રજાપતિ - વડોદરા - 9428585569, અલ્પેશકુમાર ચૌધરી - બનાસકાંઠા - 9429287953)

૫) બાળકને ભાષણ શબ્દ, ઉચ્ચારણ તેમજ સ્ટેજ ફીઅર દુર થાય તે માટે વર્ગખંડની અંદર તેમજ પ્રાર્થનાખંડમાં હાજરી નંબર પ્રમાણે વાર્તા બોલવા કહેવામાં આવે છે તેમજ સંભાળનાર વિદ્યાર્થીઓ જે વિદ્યાર્થી વાર્તા બોલ્યો છે તેમાંથી ઉચ્ચારણની ભૂલ તેમજ શબ્દની ભૂલ કાઢે છે અને તે વિદ્યાર્થીને આ ભૂલો તરફ ધ્યાન દોરે છે.આ પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થીઓમાં મહદ અંશે સ્ટેજ ફીઅર દુર થયો છે અને ભાષા પર પકડ મેળવી છે. (કલ્પેશકુમાર ફેફર - મોરબી - 8866441444)

૬) શાળામાં ભાષા દિવસ ઉજવવામાં આવે છે,આ દિવસે શાળામાં બાળકો તેમજ શિક્ષક ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષામાં વાતચીત કરે છે.
(જીજ્ઞાબેન ઠકરાર - અમરેલી - 9426852504, ડો.મિનેષકુમાર પટેલ - બનાસકાંઠા - 9428186534)
૭) ભાષાકીય શબ્દભંડોળ મજબુત કરવા માટે "શબ્દકાર્ડ" શરુ કરવામાં આવ્યું છે જેમાં અક્ષર અને શબ્દોના કાર્ડ આખા રૂમમાં કાર્ડ ફેલાવી નાખવામાં આવે છે અને કોઈ પણ વિદ્યાર્થીને એક ખાસ શબ્દ કે અક્ષર શોધી લાવવાનું કાર્ય સોપવામાં આવેશે.આમ બાળકો અલગ અલગ શબ્દના કાર્ડ જોઇને સરળતાથી સમજી શકે છે અને સાચું ઉચ્ચારણ કરી શકે છે.
(હિતેશકુમાર પટેલ - પાટણ - 9558030104, અવિનાશકુમાર પટેલ - સુરેન્દ્રનગર - 9427665972)
૮) બાળકો પાસે ગુજરાતી, હિન્દી, અંગ્રેજી અને સંસ્કૃત શબ્દની અલગથી જ બૂક બનાવવામાં આવી છે જેમાં દરરોજ નવા નવા શબ્દ લખાવવામાં આવે છે.
(મનાલીબેન પટેલ - જામનગર - 9428667469, ભાવિનીબેન પટેલ - નવસારી - 9428379919)

## (3) પ્રશ્ન: શાળાના વિદ્યાર્થીઓને ગુજરાતી વ્યાકરણને સરળતાથી સમજી તેનો ઉપયોગ કરી શકે તે માટે કરેલ નવતર પ્રવૃત્તિ અને પરિણામ ટૂંકમાં જણાવો.

**તારણ:** શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે.જવાબ આપવાની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ અને મોબાઈલ નંબર આપેલ છે.૧) શાળામાં બાળકોને ગુજરાતી વ્યાકરણ સરળ રીતે સમજી શકે તે માટે અમારી શાળામાં વ્યાકરણ ક્વિજ, નાટક પધ્ધતિ, વન મિનિટ, ફકરામાંથી વિશેષણ શોધવાની તેમજ ચિઠ્ઠી ઉપાડ જેવી વિવિધ રમત દ્વારા શિખવવામાં આવે છે. જેથી બાળકો સરળ રીતે ગુજરાતી વ્યાકરણ સમજી શકે છે અને વ્યવહાર માં ઉપયોગ પણ કરી શકે છે.
(સતીષકુમાર પ્રજાપતિ – પંચમહાલ - 9978779260, મુકેશભાઈ ઉપાધ્યાય - વડોદરા - 9925799846, દીપકભાઈ વેકરીયા - રાજકોટ - 9228165407, કમલેશભાઈ ભટ્ટ - ભાવનગર - 8141671778, ચિરાગભાઈ ભાવસાર - આણંદ - 9824366921, હિરેનભાઈ સંઘાણી - બોટાદ - 9904994294)
૨) બાળકોને પ્રેક્ટીકલ ની પધ્ધતિથી ગુજરાતી વ્યાકરણ શીખી શકે તે હેતુથી તેમને વ્યાકરણના વિવિધ પ્રોજેકટ આપવામાં આવે છે.
(આયેશાબેન પટેલ - અમદાવાદ - 8000233268, નિયતીબેન પટેલ - ગાંધીનગર - 7600031823)
૩) વર્ગખંડ શુશોભાનની સાથે સાથે બાળકો ભાષામાં પણ નવું શીખે તે હેતુથી શબ્દ, વાક્ય, જોડણી, શબ્દાર્થ, રૂઢીપ્રયોગ, શબ્દ સમૂહ માટે એક શબ્દ, સર્વનામ, વિશેષણ, ક્રિયાવિશેષણ, સંજ્ઞા જેવા એકમને સમજવા માટે વિવિધ પ્રકારના ચાર્ટ બનાવીને વર્ગખંડની દીવાલ પર લગાવવામાં આવ્યા છે.
(અશ્વિનભાઈ પ્રજાપતિ - ગાંધીનગર - 9724089181, અમિતભાઈ મોરી - સુરેન્દ્રનગર - 8866655861, પીન્ટુબેન પટેલ - પંચમહાલ - 8980590917, કનૈયાલાલ પટેલ - મહેસાણા - 9586842643, રીનાબેન જેઠવા - ગીરસોમનાથ - 8758511211, ભગવાનજીભાઈ કટેશીયા - જામનગર - 9925891560, જીગ્નેશભાઈ રાઠોડ - સુરત - 9033565586)

૪) ભાષાકીય વ્યાકરણ શીખવાડવા માટે શાળામાં નાટકની મદદ_લેવામાં આવે છે. (ચતુરભાઈ ઝાપડિયા - બોટાદ - 9898574295)
૫) બાળકો ભાષાકીય શબ્દનું સ્પષ્ઠ અને સાચા ઉચ્ચ્રણ કરે તે હેતુથી પ્રાર્થનાખંડમાં દરરોજ ૫ (પાંચ) અલગ અલગ કાળમાં વાક્ય બોલાવવામાં આવે છે.
(રમેશભાઈ જાદવ - રાજકોટ - 8866606379)
૬) બાળકોને ભાષાના નવા શબ્દો તેમજ ઉચ્ચારણ શીખવાડવા માટે વાર્તા કહેવામાં આવે છે.
(મલયભાઇ જોશી - અમરેલી - 9426624442)
૭) શાળામાં ભાષા કોર્નર વિકસાવવામાં આવ્યું છે, બાળકો તેનો ખુબ સારો એવો ઉપયોગ કરે છે.
(બાબુભાઈ મોર - કચ્છ - 9925640338, દેવાંગીબેન બારૈયા - જામનગર - 9429272564, કરશનસિંહ મોરી - ભાવનગર - 9737807621, મુકેશભાઈ પરમાર - બોટાદ - 9601288601)
૮) ગુજરાતી વ્યાકરણ PPT અને VIDEO ની મદદથી શીખવાડવામાં આવે છે, ઓડિયો - વિડીઓ દ્વારાશિખવાડેલ વ્યાકરણ લાંબા સમય સુધી યાદ રહે છે. (સતીશભાઈ પરમાર - રાજકોટ - 9558554560)

**(૪) પ્રશ્ન: અંગ્રેજી ભાષાને સરળતાથી શીખવા માટે અંગ્રેજી ભાષાના શબ્દભંડોળમાં વધારો કરવા માટે આપે કરેલ પ્રવૃત્તિ અને તેનું પરિણામ ટૂંકમાં જણાવો.**

**તારણ:** શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે.જવાબ આપવાની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ અને મોબાઈલ નંબર આપેલ છે.
૧) બાળકોને અંગ્રેજી શબ્દોનું જ્ઞાન વધે તે માટે હાથની આંગળી પપેટ , સ્ટીક પર કાગળ લગાડેલ પપેટ વર્ગખંડમાં બાળકો સામે રજુ કરવામાં આવે છે. બાળકો આ પપેટ પર પોતાને શિક્ષક દ્વારા શિખવાડેલ વાકય રચના પ્રમાણે પોતાની જાતે એક પછી એક વાકય બોલે છે, આમ પપેટ પરથી જે વસ્તુનું પપેટ હોય તેનો નિબંધ તૈયાર થઇ જાય છે. (નીલમબેન રાણા - ભરૂચ - 8128640015)




૨) વર્ગમાં ૫ અંગ્રેજી શબ્દો બાળકોને લખાવવામાં આવે છે અને બીજા દિવસે વર્ગમાં વારાફરતી બધા બાળકો બોલે છે.જયારે ૧૦૦ સ્પેલિંગ થાય ત્યારે મૂલ્યાંકન માટે ટેસ્ટ લેવામાં આવે છે, ટેસ્ટમાં જેણે વધુ માર્ક આવ્યા હોય તેને પ્રોત્સાહન માટે ઇનામ આપવામાં આવે છે.

(કિંજલબેન પટેલ - કચ્છ - 8401495935, દિલીપભાઈ આહિર - જામનગર - 9173325403, નીરવભાઈ ચૌહાણ - ભાવનગર - 9586116776)

૩) શાળામાં ભાષા પ્રત્યે બાળકોમાં સરુચી વધે તે માટે "ભાષા ડે" મનાવવામાં આવે છે જેમાં ગુજરાતી, હિન્દી, સંસ્કૃત અને અંગ્રેજી ભાષાનો સમાવેશ કરેલ છે. જે ભાષાનો દિવસ હોય તે દિવસે શિક્ષક અને વિદ્યાર્થી આખો દિવસ તે જ ભાષાનો પ્રયોગ શાળામાં કરે છે. ફળશ્રુતિ રૂપે મહદ અંશે બાળકોમાં ભાષાને અંતર્ગત સુધારો આવ્યો છે. (પીયુશભાઇ પટેલ - પાટણ - 8905955755)

(૪) વર્ગખંડની વસ્તુ ચીશે બાળકો અંગ્રેજીમાં જાણે તે માટે વર્ગખંડની દરેક વસ્તુ જેવી કે ટેબલ, દરવાજા, બારી, પંખો, ટ્યુબલાઈટ, કાળું પાટિયું વગેરેમાં કાગળ લગાડી અંગ્રેજી સ્પેલિંગ, ઉચ્ચારણ અને અર્થ લખવામાં આવ્યો છે. (દમયંતીબેન પટેલ - કચ્છ - 9408837250, સંગીતાબેન દલસાણીયા - સુરેન્દ્રનગર - 9427669439, પ્રકાશભાઈ વણકર - સાબરકાંઠા - 9427884557)

૫) હાજરી પૂરતા સમયે વર્ગખંડમાં જેટલી સંખ્યા હોય તેમેને રોલ નંબરની સાથે એક એક અંગ્રેજી શબ્દ આપવામાં આવે છે, શિક્ષક જયારે હાજરી પૂરે ત્યારે યસ સર - મેમ ની જગ્યા એ અંગ્રેજી શબ્દ બોલે છે. (દીપલીબેન મહીડા - બોરસદ - 9408865196)

૬) અંગ્રેજી શબ્દો શીખવાડવા માટે નેટ પરથી ચિત્રો ડાઉનલોડ કરીને ટીવીમાં બતાવવામાં આવે છે, વિદ્યાર્થી ચિત્ર જોઇને અંગ્રેજી શબ્દ વાંચે છે. (ભગુભાઈ દેસાઈ - સુરેન્દ્રનગર - 9427552125, પંકજકુમાર પ્રજાપતિ - દાંતીવાડા - 9428557463)

૭) વિદ્યાર્થીઓ પાસે ડીક્ષનરી બનાવવી. - જેમાં એક લેટર માટે વિદ્યાર્થીઓ ઓછામાં ઓછાં 150 સ્પેલિંગ શોધી લાવે ,તેવો આગ્રહ રાખવામાં આવે અને અંતે આમ એક વિદ્યાર્થીઓની પોતે બનાવેલી હસ્તલિખિત ડીક્ષનરી તૈયાર થઈ જાય છે. (શ્રધ્ધાબેન રાવલ - ભાવનગર - 9638304001)

૮) મધ્યાહન ભોજન જયારે પીરસાતું હોય ત્યારે ધો ૪ કે તેની ઉપરના ધોરણના વિદ્યાર્થી ૨ - ૨ ના જુથમાં અંગ્રેજી શબ્દ અને તેનો અર્થ બોલે છે. (ચંદુભાઈ આહિર - નવસારી - 9825883869)

## (૫) પ્રશ્ન: શું આપે ટેકનોલોજીના ઉપયોગ દ્વારા કોઈ નવીનતમ પ્રયોગ કરેલ છે. તેની ટૂંકી વિગતો આપો.

**તારણ:** શિક્ષકોએ ટેકનોલોજીના ઉપયોગ દ્વારા નીચે મુજબના નવીનતમ પ્રયોગ કરેલ છે.

૧) શિક્ષકે વિજ્ઞાન અને ગણિતના અઘરા ટોપિક ની સી.ડી. બનાવી વિદ્યાર્થીઓને બતાવી અઘરા મુદ્દાઓ સરળતાથી સમજાવ્યા.

૨) સોશીયલ સાઈટ ફેસબુક પર શાળાનું પેજ બનાવી વિદ્યાર્થીઓ અને શાળા દ્વારા થતી તમામ પ્રવૃતિઓના ફોટા સાથે માહિતી અપલોડ કરી શાળા વિશે વાલીઓ તથા અન્યને માહિતગાર કર્યા.

૩) માઉસ મીસીફ નામનો સોફ્ટવેર ડાઉનલોડ કરી તેમાં યુનિટ ટેસ્ટ તૈયાર કરી મલ્ટી માઉસના ઉપયોગ દ્વારા વિદ્યાર્થીઓ સરળતાથી ટેસ્ટ આપતા થયા.

૪) શિક્ષકે કવિતાઓ ડાઉનલોડ કરી વિદ્યાર્થીઓને સંભળાવી અને સાથે સમજાવી.

૫) એન્ડ્રોઈડ ફોનમાં ચાલે તેવી શિક્ષણને લગતી એપ ડાઉનલોડ કરી શિક્ષકે વિદ્યાર્થીઓને તેના દ્વારા ભણાવ્યા.
૬) શિક્ષણને લગતા વીડિઓ યુટ્યુબ પરથી મેળવી વિદ્યાર્થીઓને બતાવ્યા અને સમજાવ્યા.
૭) શિક્ષકે વોટ્સએપ પર ગ્રુપ બનાવી વિદ્યાર્થીઓને શિક્ષણને લગતી સમસ્યાનું ઘરેથી નિરાકરણ મેળવી શકે તેવી વ્યવસ્થા કરી.
૮) ટેક્નોલોજીના ઉપયોગ દ્વારા સ્માર્ટ કલાસરૂમ ની વ્યવસ્થા કરી વિદ્યાર્થી ઓમાં શિક્ષણ પ્રત્યે રસ વધાર્યો.
૯) શિક્ષણમાં ઉપયોગી વિવિધ વેબસાઈટની સમજ વિદ્યાર્થી ઓને આપી.
૧૦) ઈન્ટરનેટ પરથી રસપ્રદ પઝલ, ડીક્ષનરી, શિક્ષણને લગતી ગેમ વગેરના ઉપયોગ દ્વારા વિદ્યાર્થી ઓને સમજાવ્યા.
૧૧) ઈન્ટરનેટ પરથી ઈતિહાસના ,વિજ્ઞાનના પ્રયોગના અને ણિતના વીડિયો દ્વારા વિદ્યાર્થી ઓને ભણાવ્યા.
૧૨) શાળાના એલ.સી.ડી. પર અથવા પ્રોજેકટર દ્વારા તમામ વિષયોના મુદ્દાઓનો વીડિયો મેળવી વિદ્યાર્થીઓને સમજાવ્યા.
સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકો દ્વારા બનાવેલ વેબસાઈટ/બ્લોગ નીચે પ્રમાણે છે.જે આપને આપના શિક્ષણકાર્યમા ઉપયોગી થઇ શકે છે:

- www.edusafar.com
- www.bhaveshsuthar.com
- www.bhaveshpandya.org
- www.dabhirajesh.blogspot.in
- www.nvndsr.blogspot.in
- www.manishsuthar2013.blogspot.com

**(૬) પ્રશ્ન: આપના મતે શા માટે અંગ્રેજી શિક્ષણમાં બાળકો નબળા રહી જાય છે? આ મુશ્કેલીને દુર કરવા માટે આપની શાળામાં કોઈ પ્રયાસ થયેલ છે? તેની ટૂંકી વિગત જણાવો? અને જો કોઈ પ્રયાસ થયેલ નથી કરવામાં આવેલ તો આપના માટે કયા પ્રકારના પ્રયત્નો કરી શકાય?**

**તારણ:** બાળકોમાં ભાષા પ્રત્યે રસ જાગે તેમજ અંગ્રેજી ભણવામાં, સમજવામાં, લખવામાં અને બોલવામાં આત્મવિશ્વાસ વધે તે માટે નીચે શિક્ષકોએ મુજબના પ્રયત્નો કરવા જોઈએ.
૧) બાળકોના જૂથ પાડી બાળકોને અંગ્રજીમાંજ જૂથચર્ચા કરવા કહી શકાય.
૨) દરેક શાળામાં અઠવાડિયામાં અમુક દિવસ શિક્ષક અને બાળકોએ ફરજીયાત અંગ્રેજીમાં જ વાત કરી વાતાવરણ અંગ્રેજી યુક્ત બનાવી શકાય.

૩) બાળકોને પહેલા જેવું આવડે તેંવુ અંગ્રેજી બોલવાનું, પછી સ્પષ્ટ વાંચન, ત્યારબાદ ટૂંકા શબ્દોનું વાંચન, પછી નાના વાક્યોનું વાંચન, અને છેલ્લે ફકરા વાંચન જેવી ક્રમબદ્ધ પ્રવૃતિ કરાવવી.

૪) આ ઉપરાંત, ૧) શાળામાં અંગ્રેજી સમાચારપત્રોનું નિયમિત વાંચન, રોજીંદા વ્યવહારમાં અંગ્રેજી શબ્દોનો પ્રયોગ,અંગ્રેજી વાર્તા વાંચન, સ્પેલિંગ બોક્સ, વાંચન મહાવરો, 2) અંગ્રેજી વાંચન, શ્રવણ અને કથન કૌશલ્ય વિકસાવવું, અંગ્રેજી અંતાક્ષરી, અંગ્રેજી કોર્નર,અંગ્રેજી કાવ્યગાન, સ્પેલિંગ બેંક, TLM બનાવવા, ૩) કાર્ટુન ફીલ્મ સ્થાનિક ભાષામાં અને એજ અંગ્રેજી ભાષામાં બતાવવી,શાળાની દરેક જગ્યા અને વસ્તુઓ પર ગુજરાતી અને અંગ્રજી શબ્દો લખવા, પ્રાર્થના સભામાં સમૂહ ગાન કરાવવું, અંગ્રજી સમાચાર બતાવવા, બાળકોએ પોતાનો પરિચય અંગ્રેજીમાં જ આપવો,ચિત્રો, પ્રોજેક્ટ, ૪) બાળકોને આપવામાં આવતા સૂચનો, પ્રાર્થના,બાળક પાસેથી અંગ્રેજી નિબંધ વાંચન,નિયમિત પુનરાવર્તન, વકતૃત્વ સ્પર્ધાનું આયોજન, ભીંતચિત્રોકે લખાણ, મુકવાંચન, વાંચન ચાર્ટ, ફોટો ચાર્ટ,મેચ કાર્ડ,ફ્લેશ કાર્ડ, અંગ્રેજી બોલવાની રમતો, ભાષા પ્રમાણે શબ્દકોશની રમતો,પાત્રઅભિનય, અહેવાલ લેખન,પત્ર લેખન, ચિત્ર વર્ણન, ફકરા વાંચન, વાર્તા લખાણ અને વાંચન વગેરે પ્રયત્નો દ્વારા બાળકોને સહેલાઈથી અંગ્રેજી વિષય શીખવાડી શકાય.

બાળકોની મુશ્કેલીઓ:

- અંગ્રેજીનો ખોટો ડર અને પૂર્વાગ્રહ.
- પ્રોત્સાહનનો અભાવ, શ્રવણ, કથન, અને વાંચનનો ક્રમ જળવાતો ન હોવાથી.
- પ્રાથમિક શાળામાં આવતા બાળકોનું આર્થિક,સામાજિક અને કૌટુંબિક વાતાવરણ અસરકારક ન હોવાથી.
- ભાષાના શિક્ષકોનો મુખ્ય વિષય ગુજરાતી, હિન્દી કે સંસ્કૃત હોય અને તે અંગ્રેજી વિષયભણાવે છે. તેથી વિષયને પુરતો ન્યાય મળતો નથી.
- બાળકોમાં શબ્દભંડોળ અને પુનઃઅભ્યાસનો અભાવ.
- શિક્ષણ પ્રત્યે જાગૃતિ ધરાવતા પરીવારો તથા શિક્ષણમાં તેજ ગતી ધરાવતા કેટલાક વિદ્યાર્થીઓ શિક્ષણ માટે સરકારી શાળામાં ભણવાનું પસંદ કરતા નથી જેના કારણે બીજા વિદ્યાર્થીઓને જોઈતા પ્રમાણમાં સહાધ્યાયીઓ મળતા નથી.
- અમુક શિક્ષકોનું અંગ્રેજી સારું હોવા છતાં તેની શિખવવાની પદ્ધતિના કારણે બાળકોને શીખવેલુ બધુ જ તેની સમજણની બહાર જાય છે.

કારણો:

- વાલીઓનોસંપર્ક અને બાળકોની અનિયમિતા
- માતૃભાષાના શિક્ષણમાં પણ અભાવ અને અંગ્રેજી માટે અસરકારક વાતાવરણ
- બહુશ્રેણીય વર્ગખંડો.

**શાળા માટે સૂચનો:**

- જે શિક્ષકનો મુખ્ય વિષય અંગ્રેજી હોય તે જ શિક્ષક શાળામાં અંગ્રેજી ભણાવે તેવો નિયમ હોવો જોઈએ. તેથી બાળકોને અંગ્રેજીનું શિક્ષણ પૂરેપૂરું મળી રહે.

- શિક્ષકોએ પણ અંગ્રેજી ઉચ્ચારણ કરવું જેથી બાળક સાંભળે અને તેને પણ અંગ્રેજી બોલવા પ્રેરિત કરવા જોઈએ.
- બાળકોના અભ્યાસક્રમમાં પહેલા ધોરણથી જ અંગ્રેજી વિષય ફરજીયાત હોવો જોઈએ.
- શિક્ષકોએબાળકોનેભવિષ્યમાંઅંગ્રેજીનાલીધેઆવનારીમુશ્કેલીઓનેધ્યાનમાંલઈનેઅંગ્રેજીવિષયને ગંભીરતાપૂર્વક લઇ બાળકોના આત્મવિશ્વાસમાં વધારો થાય તેવા નક્કર પ્રયત્નો કરવા જોઈએ.

**(૭) પ્રશ્ન: કઈ રીતે બાળકોને વધુ સહેલાઈથી મૂળાક્ષર અને અંકો વિશેનું જ્ઞાન આપી શકાય? જેથી બાળકની સામાન્ય ભૂલો જેવી કે, ટ અને ડ, ઠ અને ઢ, બ અને ભ, પ અને ય વગેરે ભૂલો સુધારી શકાય?**

**તારણ:** શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે. જવાબની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ પણ આપેલ છે.

૧) બાળકના ગળામાં અલગ - અલગ અક્ષરના કાર્ડ રાખીને બાળકને ગમે તે શબ્દ કહેવો અને બાળકને એ શબ્દમાં આવતા અક્ષરો શોધીને બનાવવા કહેવું. દા.ત. બાળકને નમન શબ્દ કહીએ તો જે બાળક પાસે 'ન', 'મ', અને 'ન' શબ્દ હોય તેને અલગ બોલાવીને 'નમન' શબ્દ બનાવવો.

૨) ટંગ ટ્વીસ્ટરની પ્રેકટીસ દ્વારા બાળકોમાં બોલવાની કળા વિકસાવી શકાય.

૩) આ ઉપરાંત બાળકોને મૂળાક્ષરોની ભૂલો સુધારવા માટે:

- રેતી માં લખીને
- અક્ષરોના મોટા સ્વરૂપમાં રંગો ભરીને
- દીવાલ લેખન તથા ભોયતળીયા પર લેખન કરીને તેને ઘુંટી શકે તેવી વ્યવસ્થા કરીને
- શ્રુતલેખન અને મૌખિક પ્રશ્નોતરી કરીને
- કમ્પ્યુટર પર અવાજ સાથે વિડીયો જોવડાવીને
- ચાર્ટ બનાવીને

૪) બાળકોને પીઠ પાછળ હાથની આંગળી કે અન્ય વસ્તુ વડે અઘરા મૂળાક્ષરો અને અંકો ઘુંટવાની અનુભુતી દ્વારા શીખવી શકાય.

૫) બાળકો ઘરેથી સ્કૂલમાં આવે ત્યારે તેણે શું જોયું તે શબ્દો બુકમાં લખાવવા અને પછી શબ્દોમાંથી વાક્યો બનાવવા કહેવું.

૬) કોઈ ખાવાના ફરસાણમાં મૂળાક્ષરના અક્ષરોનો આકાર આપીને બાળકોને મૂળાક્ષરની સમજણ આપી શકાય.

૭) અક્ષરોની કવિતા, જોડકણા, બાળગીતો તૈયાર કરીને તેનું નિયમિત ગાન કરાવીને

૮) વિવિધ શબ્દરમતો રમાડીને

૯) પશુ, પક્ષીના ચિત્રો તથા કાર્ટુન ચિત્રો ની સરખામણી મૂળાક્ષર જોડે કરીને વગેરે. પદ્ધતિઓ દ્વારા ભૂલો સુધારી શકાય.

**(૮) પ્રશ્ન: આપે અંગ્રેજી ભાષા શીખવવા ક્યાં પ્રયત્ન કરેલ છે? તેની ટૂંકી વિગત જણાવો.**

**તારણ:** શિક્ષકોએ  વિધાર્થીઓને અંગ્રેજી શીખવવા માટે નીચે મુજબની વિવિધ પ્રવૃત્તિ કરેલ છે.

૧) શાળામાં અંગ્રેજી સામાયિક ચાલુ કર્યા જેથી વિદ્યાર્થીઓને અંગ્રેજી વાંચન નો મહાવરો થઇ શકે.

૨) પ્રેઝેન્ટેશન અને વિડિયો દ્વારા અંગ્રેજીનો રોજીંદા જીવનમાં ઉપયોગ વિષે શીખવાડવામાં આવ્યું.

3) પ્રાર્થનાસભા અને શાળાના સમય દરમિયાન શિક્ષકે વિદ્યાર્થીઓ પાસે અંગ્રેજી ભાષાનો વધુ ઉપયોગ કરાવ્યો.

૪) કાર્ડ - પેપર, સ્પેલિંગ, અંતાક્ષરી રમત દ્વારા અંગેજી વિદ્યાર્થીઓને સરળતાથી શીખવવામાં આવ્યું.

૫) સપ્તાહ ઉજવણી કરવામાં આવી જેમાં ફળ, પ્રાણી, રંગ, અને શાકભાજી વીક રાખવામાં આવ્યા. ઉ.દા. ફળ સપ્તાહમાં વિદ્યાર્થીઓ અંગ્રેજીમાં ફળને લગતા ઉખાણા, ગીત, રોલ પ્લે કરે અને દરેક વર્ગને પણ અલગ ફળના અંગ્રેજી નામ આપવામાં આવ્યા.

૬) એક શિક્ષકે હાજરી પુરાવતી વખતે વિદ્યાર્થીઓ પાસે રાજ્ય અને રાજધાનીનું નામ અંગ્રેજીમાં બોલાવે છે.

૭) વર્ગમાં વિદ્યાર્થીઓને અંગ્રેજીમાં નાની - નાની વાર્તાઓ અને વર્તમાનમાં થયેલ ઘટનાઓ શિક્ષકે સમજાવી.

૮) હાજરી પુરતી વખતે વિદ્યાર્થીઓને તેનો નંબર અને નામનો સ્પેલિંગ બોલવા સુચવ્યું.

૯) વિદ્યાર્થીઓને અંગ્રેજીના વિડીઓ, ગીતો, જોડકણા, અંગ્રેજી કાર્ટુન, સમાચાર પત્રના વાંચન દ્વારા સરળતાથી અંગ્રેજી શીખવાડયું.

૧૦) વિદ્યાર્થીઓને વર્ગમાં અંગ્રેજીમાં પોતાનો પરિચય આપવા કહેવામાં આવ્યું.

**(૯) પ્રશ્ન: શિક્ષકો દ્વારા જણાવવામાં આવેલ સમસ્યાઓ માંથી નવમાં(ક) ક્રમની મુખ્ય અને સૌથી વધુ શાળામાં જોવા મળતી સમસ્યા છે કે, શાળામાં બાળકોને અંગેજી વિષય પ્રત્યે અરૂચી અને અંગ્રેજી વિષય સમજવામાં અઘરો પડે છે. બાળકોની  અંગેજી  વિષય પ્રત્યે અરૂચી દુર થાય તે માટે કરેલ પ્રવુતિ અને તેનું પરિણામ ટૂંકમાં જણાવો.**

**તારણ:** શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે. જવાબની સાથે શિક્ષકનું નામ અને મોબાઈલ નંબર પણ આપેલ છે.

૧) " Master of English " રમત અંતર્ગત શાળાના ધોરણ પ્રમાણે બાળકોના ગ્રુપ બનાવી ગ્રુપ માંથી એક બાળક ઉભો થઈ બાકીના ગ્રુપને એક્ટિંગ વડે સમજાવશે. અને તેનો જવાબ બાળક અંગ્રેજીમાં આપશે.બધા ધોરણમાં વિજેતા ગ્રુપને Master of English જાહેર કરવામાં આવે છે. (લખનભાઈ  જોશી - ભાવનગર -  9428182365)

૨) અંગ્રેજી વિષય પ્રાથમિક શાળામાં ધોરણ - ૫ થી આવે છે. ધોરણ - ૩ થી જ અંગ્રેજી કક્કો શીખવવાનું ચાલું કર્યું જેથી ઘણાં બાળકો પ્રાથમિક કક્ષાનું અંગ્રેજી સ્પેલિંગ મોઢે બોલી શકે છે અને લખી પણ શકે છે.દરરોજ 02 સ્પેલિંગ - ઉચ્ચાર - અર્થ સાથે વિદ્યાર્થી પોતાની જાતે મેં બનાવેલ બોક્ષમાંથી

આંશિક રીતે ચિઠ્ઠી ઉપાડે છે અને એ ચિઠ્ઠીમાં આવેલ સ્પેલિંગ ઉચ્ચાંર,અર્થ સાથે કંઠસ્થ કરી બીજા દિવસે લાવે છે અને એ બાળકને પ્રાર્થનાસભામાં સન્માનવામાં આવે છે. (ગૌરવભાઈ પટેલ - અમરેલી - 9727571009)

3) "Gappa day" અંતર્ગત શાળામાં નક્કી કરેલા દિવસે બાળકો અને શાળા પરિવારના તમામ સભ્યો જેવું આવેડે તેવું ફરજીયાત અંગ્રેજી ભાષામાં વાતચીત કરવામાં આવે છે. (સુભાષભાઈ વાળા - જુનાગઢ - 7405352667)

૪) "ENGLISH CORNER" શાળામાં બનાવવામાં આવ્યું છે.તેમાં અંગ્રજી ભાષામાં કોમિકસ,મેગેઝીન,પેપર કટિંગ.આર્ટીકલ,ફ્લેશ કાર્ડ,સ્પેલિંગ કાર્ડ,ચાર્ટ,પઝલ,ગેમ અને ડીક્ષનરી રાખવામાં આવે છે.બાળકો ફ્રી સમયમાં રસ પૂર્વક અંગેજી કોર્નરનો ઉપયોગ કરી અંગેજી શીખે છે. (કેતનકુમાર જોશી - વડોદરા - 9909533950)

૫) શાળામાં બાળકોની અંગેજી વિષય પ્રત્યે અરૂચી દુર થાય તે માટે બાળકો એ પોતાના ધોરણની ડિક્ષનરી જાતે તૈયાર કરી તેનો ઉપયોગ કરવામાં આવે છે.અને શબ્દો ના કાર્ડ બનાવી તેનો ફ્લેશકાર્ડ તરીકે ઉપયોગ કરવામાં આવે છે. (ગૌતમભાઈ ઇંદ્રોડીયા - રાજકોટ - 9426516945, અમિતકુમાર પટેલ - સાબરકાંઠા - 9909535212)

૬) શાળામાં બાળકોને દરરોજ માટે ફક્ત ૧૫ નવા શબ્દો શોધી બીજા બાળકો સાથે સરખાવવા માટે જણાવવામાં આવ્યું જેથી એક બાળક ઓછામાં ઓછા ૫૦ અંગ્રેજી શબ્દો શીખે અને દરરોજ બીજા દિવસે નવું શીખવા માટે ઉત્સાહીત બને છે. (ગીરીશકુમાર ચૌધરી - દાહોદ - 9824259724)

૭) શાળામાં નક્કી કરેલા દિવસે અંગ્રેજીમાં કાવ્યગાન, નિબંધલેખન,રમત,વાર્તા, અંગેજી પર અભિનય જેવી સ્પર્ધા યોજવામાં આવે છે. તેથી બાળકોનો અંગ્રેજી વિષય પ્રત્યે ડર દુર થાય અને અંગ્રેજી વિષયમાં રૂચી વધે. (વશરામભાઇ પટેલ - બનાસકાંઠા - 9725409775, નટવરસિંહ પરમાર - આણંદ - 9913636555)



# ગણિત

## (૧) પ્રશ્ન: ગણિત વિષય રસપ્રદ બને અને સરળતાથી વિદ્યાર્થીઓ સમજી શકે તે માટે કરેલ પ્રવૃત્તિ અને પરિણામ ટૂંકમાં જણાવો.

**તારણ:** શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે.જવાબ આપવાની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ અને મોબાઈલ નંબર આપેલ છે.

૧) બાળક જયારે વર્ગખંડમાં આવે તથા બહાર જાય ત્યારે તેમને સંખ્યારેખા, સ્થાનકિંમત વગેરે શીખે તે માટે શાળાની લોબી પર સંખ્યારેખા, સ્થાનકિંમત વર્તુળ દોર્યું બાળકો આવતા જતા તેના પર ચાલ્યા જાય અને સંખ્યા રેખા પરથી સંખ્યા, સરવાળા, બાદબાકી, સ્થાનકિંમત શીખે અને ગમ્મત સાથે જ્ઞાન મેળવે છે. (કલપેશભાઈ ફેફર - મોરબી - ૮૮૬૬૪૪૧૪૪૪, પ્રવીણસિંહ ઝાલા - ખેડા - ૯૯૦૪૩૬૪૯૭૧)

૨) બાળકોને ગણિત વિષય રમત અને ગમતની મદદ થી શીખવાડવા વર્ગખંડની અંદર ગાણિતિક પઝલ, ન્યુઝપેપરમાં આવતી ગાણિતિક મથામણ (પઝલ), ગાણિતિક સાપસીડી, ગુરુજી કી ચેલેન્જ, બીજ ગણિતના કોયડા, જુદા જુદા ગાણિતિક TLM, કોમ્પ્યુટર પર દાખલા, એકીબેકી અને અવિભાજ્ય - વિભાજ્ય સંખ્યા ની ગેમ વગેરે પ્રકારની ગેમ, મટીરીયલ તેમજ વિવિધ સ્ત્રોતનો ઉપયોગ કરવામાં આવે છે. બાળકોને આ પ્રકારની રમત વધુ રસપ્રદ કરવા જુદા જુદા જૂથ પાડીને સાચા જવાબના પોઈન્ટ આપવામાં આવે છે જેથી કરીને બાળકો સતત વધુ પોઈન્ટ મેળવવા વધુ મહેનત કરતા અને મથામણ કરતા થયા છે. (પીન્ટુબેન પટેલ - પંચમહાલ - ૮૯૮૦૫૯૦૯૧૭, અમિતભાઈ મોરી - સુરેન્દ્રનગર - ૮૮૬૬૬૫૫૮૬૧, દમયંતીબેન પટેલ - કચ્છ - ૯૪૦૮૮૩૭૨૫૦, ગાયત્રી ડાભી - પોરબંદર - ૯૪૨૮૮૪૨૬૯૫, મશરૂભાઈ રબારી - ધાનેરા - ૯૪૨૬૨૩૬૮૪૨, અશોકભાઈ પરમાર - કચ્છ - ૯૪૨૭૨૪૯૩૬૨, લાલજીભાઈ પંચાલ - સુરેન્દ્રનગર - ૯૪૨૭૩૨૩૦૪૬, તેજસભાઈ મસાલીયા - બનાસકાંઠા - ૯૪૨૮૬૭૫૩૦૩, ભાવિનભાઈ કોરિયા - પોરબંદર - ૯૫૮૬૬૨૦૭૧૯, કમલેશભાઈ લીલા - રાજકોટ - ૯૬૦૧૮૪૦૩૩૩, ભામીનીબેન મિસ્ત્રી - બનાસકાંઠા - ૯૪૨૯૩૧૦૧૯૨, જયદેવભાઈ ભટ્ટ - જુનાગઢ - ૯૭૧૨૯૨૧૩૪૧ક, રામજીભાઈ રોટાતર - બનાસકાંઠા - ૯૭૨૬૬૫૮૫૦૮, શાંતીબેન પરમાર - જુનાગઢ - ૯૮૨૪૪૯૩૮૦૯, ભાનુપ્રસાદ પંચાલ - આણંદ - ૯૭૩૭૨૨૯૬૭૦, રમેશભાઈ સેતા - ભાવનગર - ૯૮૨૪૮૧૯૬૫૬, માલદેભાઈ કરવાદરા - પોરબંદર - ૯૮૨૫૦૧૩૩૨૧, પુજાબેન પૈજા - રાજકોટ - ૯૮૨૫૪૨૪૬૬૧)

૩) બાળકો ચડતા ઉતરતા ક્રમની સંખ્યા શીખે તે હેતુ થી શાળાના દાદર પર ચડતી ઉતરતી સંખ્યા પેન્ટિંગ કરીને લખવામાં આવી છે જેથી ચડતા - ઉતરતા વાંચી શીખી શકે. (મિલનભાઈ રાવલ - ભાવનગર - ૯૦૧૬૯૮૨૧૯૯)

૪) વર્ગખંડની અંદર બાળક જ્યાં જુવે ત્યાં ગણિત શીખી શકે તે હેતુથી શાળામાં જ મેથ્સ રૂમ અથવાતો ગાણિતિક - વિજ્ઞાન કોર્નર બનાવવામાં આવ્યો છે જેમની દીવાલ પર ગાણિતિક સુત્રો તેમજ તેના સિદ્ધાંતો લખવામાં આવ્યો છે. (ભાદુભાઈ દેસાઈ - સુરેન્દ્રનગર - ૯૪૨૭૫૫૨૧૨૫, પ્રવીણભાઈ મકવાણા - ભાવનગર - ૯૪૨૮૬૧૯૮૦૯, મોરી કરણસિંહ - ભાવનગર - ૯૭૩૭૮૦૭૬૨૧)

૫) બાળકોને ઘડિયા શીખવાડવા માટે પ્રાર્થનાખંડ તેમજ વર્ગખંડમાં ઘડિયા ગાન કરાવવામાં આવે છે. (પ્રતિકભાઈ રૂડાની - અમરેલી - ૯૪૨૯૫૫૯૩૦૮, મિહિરભાઈ સોલંકી - મેહસાણા - ૯૫૧૦૩૭૩૭૭, શિરીષભાઈ પટેલ - સુરત - ૯૭૧૪૪૭૫૩૨૦, શેખ સાકીરહુસેન - મહીસાગર - ૯૯૦૪૫૫૮૬૭૩)

## (૨) પ્રશ્ન: ગણિત વિષયમાં ભૂમિતિ પ્રકરણ બાળકોને રમતની સાથે ઉત્સુકતાની સાથે શીખી શકે તે માટે આપે કરેલ નવતર પ્રયોગ તેમજ તેમનું પરિણામ ટૂંકમાં જણાવો.

**તારણ:** શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે.જવાબ આપવાની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ અને મોબાઈલ નંબર આપેલ છે.

૧) બાળકોને કાટકોણ, લઘુકોણ, ગુરુકોણ જેવા ભૂમિતિના ખુણાઓનો પરિચય બાળકો સરળતાથી શીખે તે હેતુથી વર્ગખંડની અંદર જ તેમને કંપાસના સાધનની મદદ વડે વ્યવહારિક ઉદાહરણ રૂપે બારીના ખૂણા,પગથિયાં ના ખૂણા, દીવાલની કિનાર વગેરે કેટલા અંશનો ખૂણો થાય તેમજ તેને માપવાની યોગ્ય રીતો સમજાવવામાં આવે છે. બાળકો આ પ્રયોગ પોતાના ઘરે જઈને પણ દોરવે છે.
(મેલાભાઈ રાઠોડ - નર્મદા - 7878711192, વરૂણભાઈ દવે - અમરેલી - 9601840333, હીરાભાઈ પુરોહિત - બનાસકાંઠા - 9723674276)

૨) ભૂમિતિનો એકદમ બેઝીક ખ્યાલ આકાર તેમજ તેની માપણી વિષે સમજુતી આપવા માટે વર્ગખંડ ની અંદર તેમજ શાળાના મેદાનમાં આવેલ વિવિધ આકારો નો ઉપયોગ લઈને તેમને સમજાવવામાં આવે છે અને તેનો એરિયા, ક્ષેત્રફળ, વ્યાસ,પરિઘ કઈ રીતે ગોતવું તેનું પ્રેક્ટીકલ કરાવવામાં આવે છે.
(આકિબહુસૈન મનસુરી - અમદાવાદ - 7984349332, ભાવસિંહ ડાભી - ગાંધીનગર - 8000962233, ભાવિકભાઈ સુરાણી - લાઠી - 9429426938, અલ્વીના અબ્બાસભાઈ - નવસારી - 9510137377, અશ્વિનભાઈ જોશી - સુરત - 9574590186, ચેતનભાઈ ચૌહાણ - ઉમરપાડા - 9574949014)

(૩) ગણિત વિષયમાં ભૂમિતિ પ્રકરણ બાળકોને દ્રશ્ય શ્રાવ્ય સાધન વડે શીખી શકે તે હેતુથી બાળકોને ભૂમિતિ પ્રકરણ DVD તેમજ કોમ્પુટરમાં વિવિધ વીડિઓ દેખાડીને શીખવાડવામાં આવે છે. તદુપરાંત શાળામાં વીડિઓને અનુરૂપ ટેસ્ટ પણ લેવામાં આવે છે. (અમિતભાઈ મોરી - સુરેન્દ્રનગર - 8905175962, ગૌતમભાઈ ઇન્દ્રોડીયા - રાજકોટ - 9426563040, નરેન્દ્રભાઈ ચૌહાણ - સુરેન્દ્રનગર - 9428086079)

૪) વર્ગખંડમાં પ્રવેશ કરતાની સાથે ભૂમિતિ સાથે મુલાકાત કરે અને ઓળખે તે હેતુથી વર્ગખંડના દરવાજાની નીચે ખૂણાઓનું માપ ઓઈલપેન્ટથી દોરવામાં આવ્યું છે જેથી કરીને બાળક દરવાજો ખોલે તો પણ તેને કયા અંશે ખૂણો ખોલ્યો છે તે ખ્યાલ આવે. (દુષ્યંતભાઈ પટેલ - કરમસદ - 9033565586, ભવદીપ વાઢેર - જુનાગઢ - 9737179116, બાબુભાઈ મોર - કચ્છ - 9925799846)

૫) બાળકોને ભૂમિતિના સાધનોના આકાર સમજાવવા માટે અલગ અલગ રમત રમાડવામાં આવે છે જેમ કે ત્રિકોણ સમજાવવા તેમને મેદાનમાં લાવીને ઘર - ઘર ની રમત રમાડવામાં આવે છે અને તેમને સમજાવવામાં આવે છે કે ત્રિકોણના ગમે તેટલા ભાગ કરો પણ સરવાળો ૧૮૦ જ થાય. (ગુલાબચંદ ગુપ્તા - બનાસકાંઠા - 9427624123)

૬) ભૂમિતિના સુત્રો કાવ્ય બનાવીને શીખવાડવામાં આવે છે. (રમેશભાઈ ચાંદપા - ઉના - 9574682434)

૭) ભૂમિતિની સંકલ્પના, સિદ્ધાંતો, વ્યવહારમાં ઉપયોગીતા સમજવા માટે બાળકોને વર્ગખંડમા અને મેદાનમા લઇ જઈને પર્યાવરણમાંથી જ વિવિધ આકૃતિઓ, ટાંકા ની રચના, દિવાલ મા પડતા ખૂણાઓ, બિંદુ,બાજુઓ, સૂર્ય માંથી નીકળતા કિરણો વિશે,પ્રોજેક્ટર દ્વારા વિડિઓ બતાવીને જેમાં મકાનોનું બાંધકામ, પ્લોટ ની સમજણ દ્વારા પ્રેક્ટિકલ જ્ઞાન આપવામાં આવે છે અને વર્ગખંડની દીવાલ,બોર્ડ મા પડતા ખૂણાની રચના, વર્તુળનું કેન્દ્ર અને તેની રચના માટે બાળકોને મેદાનમા લઈ જઈને પ્રેક્ટિકલ કરાવામાં આવે છે. (નીરવભાઈ ચૌહાણ - ભાવનગર - 9586800615, કિશોરભાઈ કનેટીયા - બોટાદ - 9726489544)

**(૩) પ્રશ્ન: તારીખ ૨૫ જૂન ૨૦૧૬ ના રોજ શાળાને લગતી સમસ્યાઓનો પ્રશ્ન પુછવામાં આવેલ હતો. તે અંતર્ગત શિક્ષકો દ્વારા જણાવવામાં આવેલ સમસ્યાઓમાંથી નવમાં(અ) ક્રમની મુખ્ય અને સૌથી વધુ શાળામાં જોવા મળતી સમસ્યા છે કે, શાળામાં બાળકોને ગણિત અથવા ગણિત વિષયના અમુક મુદ્દા સમજવા અઘરા પડે છે.**

**બાળકો ગણિત અથવા ગણિત વિષયના અમુક મુદ્દાને સરળતાથી સમજી શકે તે માટે કરેલ પ્રવુતિ અને તેનું પરિણામ ટૂંકમાં જણાવો.**

**તારણ:** શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે. જવાબ આપવાની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ અને મોબાઈલ નંબર પણ આપેલ છે.

૧) ધોરણ ૬ ના બાળકોને નોફો - ખોટ શીખવવા માટે શાળામાં “સબ્જી મંડી” બનાવવામાં આવી હતી.દરેક બાળકો નક્કી થયા પ્રમાણે વેપારી અને ગ્રાહક બની નફો - ખોટ શીખ્યા. (બકીમચંદ્રભાઈ ભટ્ટ - જામનગર - 9824115206)

૨) “ભૌમિતિક લેપટોપ” શાળામાં રૂ.૮૫૦ ના ખર્ચે ભૌમિતિક લેપટોપ બનાવવામાં આવ્યું છે. તેમાં ધોરણ ૩ થી ૮ ના બાળકો શિક્ષકની હાજરી અથવા ગેરહાજરીમા સરળતાથી ભૂમિતિ શીખી શકે છે. ભૌમિતિક લેપટોપ માં રેડિયો પણ બાળકો સંભાળી શકે છે.(સેવકભાઈ ચૌધરી - વડોદરા - 7874063646)

૩) “ગણિત કોર્નર” ધોરણ - ૩ થી જ એ પદ્ધતિ અપનાવી જેમાં બાળકોને શાળામાં અથવા તો નવરાશના સમયમાં એકમ અનુસંધાને રકમ અંગેના બોક્ષ તૈયાર કર્યા જેમાં બાળકોને ન આવડતું શીખવી વધુ મહાવરા માટે જાતે જ એ એકમના બોક્ષમાંથી અનેક રકમની નાની - નાની ચિઠ્ઠી લઇ જાતે જ એની રફનોટમાં રકમ નોંધી વધુ મહાવરો કરી અઘરાં મુદ્દાને સરળ જાતે જ બનાવી શકે છે. (પટેલ ગૌરવભાઈ - અમરેલી - 9727571009)

૪) શાળાના બાળકોને સંખ્યાજ્ઞાન, સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર શીખવવા માટે ૪૯ પેજનું Gunotsav Math Practice Material વિકસાવાયું. જેમાં સ્ટેપ બાય સ્ટેપ વિદ્યાર્થીને જેટલું આવડતું હોય,

તેનાથી આગળનાં પેજ આપીને સરળતાથી મહાવરો કરાવાતો. (પંકજભાઈ પરમાર - જામનગર - 99784 57656)

લિંક: www.pankajsid34.blogspot.com

૫) અમારી શાળામાં બાળકોને વદીવાળા દાખલા શિખવવામાં તકલીફ પડતી કે વદી કયાંથી લેવાની ને શા માટે લેવાની? તેના જવાબમાં અમે ૧ - ૧ રૂપિયાના સિક્કા લઈ દાખલામાં જે રકમ આપી હોય તેટલા સિક્કાના જૂથો બનાવ્યા.એક જુથમાં ૧૦ સિક્કા રાખ્યા. પછી એક છોકરાને વસ્તુ લેવા માટે ઉભો કર્યો તેને જે વસ્તુ ખરીદવી હતી તેની કિંમત કરતા તેની પાસે રૂપિયા ઓછા હતા માટે પાડોશી પાસે ઊછીના લેવા માટે સમજાવ્યું, તે વિદ્યાર્થી પાડોશી પાસે ઊછીના લેવા જાય છે પણ તેને ૧૦ સિક્કાનુ આખુ જૂથ મળે છે ને મૂળ રકમમાં ભેળવી દેવાનુ કહેવામાં આવે છે,હવે પાડોશી પાસે એક રૂપિયો ઓછો નથી થતો પરંતુ ૧૦ રૂપિયાનું એક જુથ ઓછું થાય છે એ સમજાવ્યું. (મકવાણા ભરતભાઈ - કચ્છ - 94292 81448)

૬) ગણિતના અઘરા મુદાને સમજાવવા માટે ટેકનોલોજીનો ઉપયોગ અથવા (વિડીયો બતાવીને) બાળકો વચ્ચે ગણિત ગમ્મત ની સ્પર્ધા દ્વારા ગણિત શીખવાડી શકાય. (પ્રવિણકુમાર ભેસાણીયા - જુનાગઢ - 9426775635, રાવળ શ્રધાબેન - ભાવનગર - 9638304001, પ્રજ્ઞાબેન જોશી – પોરબંદર - 9737904660)

## (૪) પ્રશ્ન: વિદ્યાર્થીઓ સરળતાથી ઘડિયા શીખી શકે તે માટે કરેલ પ્રવૃત્તિ અને પરિણામ ટૂંકમાં જણાવો.

**તારણ:** શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે.જવાબ આપવાની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ અને મોબાઈલ નંબર આપેલ છે.

૧) પ્રશ્નનો જવાબ આપેલ કુલ શિક્ષકમિત્રો માંથી ૧૨૦ શાળામાં પ્રાર્થનાસભામાં સમુહમાં ઘડિયા ગાન તેમજ પ્રાર્થનાખંડમાં હાજર ગમેતે ધોરણના વિદ્યાર્થીને ઉભા કરીને ઘડિયા પૂછવામાં આવે છે. ઘડિયાગાન ની સાથે સાથે ઘણી શાળામાં ઘડિયામાંથી વચ્ચેની રકમ પૂછવામાં આવે છે અને જેને ના આવડે તેને ૨ વાર ઘડિયા લખવા દેવાની સજા આપવામાં આવે છે.

અમુક શાળામાં આ જ પ્રક્રિયા પ્રાર્થનાખંડની જગ્યાએ શાળા છૂટવાના સમયે બધા ધોરણને સમુહમાં ભેગા કરીને ઘડિયાગાન તેમજ જે વિદ્યાર્થીને પહેલા ઘડીયો આવડે અથવા તો પૂછેલ ઘડીયાની રકમનો ગુણાકાર સાચો બોલે તેને પહેલા ઘરે જવા દેવાની પધ્ધતિ કરવામાં આવી રહી છે. આ પધ્ધતિથી બાળકો ઘરેજવાની ઉતાવળ હોવાથી ઘડિયા પણ જલદી જલદી શીખતા થયા છે.

૨) પ્રશ્નનો જવાબ આપેલ કુલ શિક્ષકમિત્રો માંથી ૭૦ શાળામાં બાળકોને મધ્યાહન ભોજનમાં બેસતાની સાથે ઘડિયાગાન કરવામાં આવે છે.બાળકો સમુહમાં ઘડિયા બોલતા હોવાથી તેમને ઘડિયા બોલવાનો પણ કોન્ફિડન્સ આવે છે.

3) ઘણીવાર બાળકો જયારે ઘડીયાની જરૂરિયાત હોય ત્યાં સુધી જ ઘડિયા યાદ રાખે છે અને પછી ના સમયમાં તમે એને પૂછો એટલે મહદ અંશે જવાબ ખોટો દેતા હોય છે આ વાત પરથી ખબર પડી કે

બાળકો ઘડિયા શીખવા માટે ગોખણપટ્ટી કરે છે તેમજ તેમને પાયાનું ગણિત કાચુ હોય છે, આ સમસ્યા અટકાવવા માટે બાળકોને ઓરલ તેમજ વૈદિક ગણિતની રીત વડે શીખવાડવામાં આવે છે જેમાં તેમને સરવાળા, ગુણાકાર, ભાગાકાર તેમજ બાદબાકી શીખવાડવામાં આવે છે.

દા.ત. (૧) ૨+૨=૪, ૪+૨=૬, ૬+૨=૮, ૮+૨=૧૦, ૧૦+૨=12 (૨) ૨+૨+૨+૨+૨+૨= ૬ time ૨ = ૨*૬=૧૨

(રુજુતાબેન મેહતા - જુનાગઢ - ૭૫૭૨૮૪૩૯૪૦, સરીતાબેન ભદોરિયા - અમદાવાદ - 8141887273, કમલેશભાઈ રોહિત - છોટા ઉદયપુર - 8980681683, હર્ષાબેન જાદવ - તાપી - 9427472586, ભગુભાઈ દેસાઈ - સુરેન્દ્રનગર - 9427552125, પૂજાબેન - કચ્છ - 9427567034)

૪) બાળકો શાળામાં દાખલ થતાની સાથે ઘડિયા જુવે, શીખે તેમજ તેમનું મનન કરે તેહેતું થી શાળાની દીવાલ, પીલ્લર, ક્લાસરૂમની દીવાલ પર ઓઈલ કલરથી ઘડિયા લખવામાં આવ્યા છે.(જયશ્રીબેન મકવાણા - રાજકોટ - 7622016354, મનોજભાઈ સુથાર - બનાસકાંઠા - 9099206800, રમેશભાઈ સેતા - ભાવનગર - 9824819656)

૫) શાળા છૂટવાના સમયની ૧૦ મિનીટ પહેલા બાળકોના જૂથ પાડીને ઘડીયાને લગતી પઝલ તેમજ ક્વીઝ રમાડવામાં આવે છે. (અમિતભાઈ મોરી - સુરેન્દ્રનગર - 8866655861, રમેશચંદ્રભાઈ - અંકલેશ્વર - 9426859056)

૬) બાળકોને ઘડિયા શીખવાડવા માટે વિદ્યાર્થી પ્રમાણે ઘડિયા કાર્ડ બનાવવામાં આવ્યા છે. (આનંદભાઈ ભુવા - મોરબી - 8905175962, ગૌતમભાઈ ઇન્દ્રોડીયા - રાજકોટ - 9426516945, બાબુભાઈ મોર - કચ્છ - 9925640338, પૂજાબેન પૈજા - રાજકોટ - 9825424661)

૭) કોમ્પુટરમાં દ્રશ્ય શ્રાવ્ય માધ્યમ થકી બાળકોને ઘડિયા સંગીત તેમજ અભિનય સાથે શીખવાડવામાં આવે છે. બાળક દ્વારા દ્રશ્ય શ્રાવ્ય માધ્યમ થકી શીખેલું લાંબા સમય સુધી યાદ રહે છે. (નીનાબેન સુથાર - સાબરકાંઠા - 9016124311)

૮) શાળામાં હાજરી પુરતી વખતે "યસ સર" ની જગ્યાએ બાળક ૨*૧=૨, ૨*૨=૪. વગેરે) બોલે છે. બાળકને આગળના દિવસે કહી દેવાય છે કે કાલે કયા ઘડીયાની મદદ વડે હાજરી પુરવામાં આવશે. (સાગરભાઈ સખીયા - અમરેલી - 9099702449)

## (૫) પ્રશ્ન: ધોરણ ૧ થી ૫ બાળકો સંખ્યાજ્ઞાન શીખી શકે તે માટે આપે કરેલ પ્રવૃત્તિ અને તેનું પરિણામ ટૂંકમાં જણાવો.

**તારણ**: શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે.જવાબ આપવાની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ અને મોબાઈલ નંબર આપેલ છે.

૧) ધોરણ ૧ થી ૫ ના બાળકોને સંખ્યાજ્ઞાન શીખવાડવા માટે ધોરણ પ્રમાણે વિવિધ એકટીવીટી કરવામાં આવે છે જેમકે, ધો૧ ના બાળકોને રેતીમાં સંખ્યાના વળાંક, ધો ૨ ના બાળકોને સંખ્યા કાર્ડ, ધો

3 ના બાળકોને સંખ્યાગાન, ધો ૪ ના બાળકોને સંખ્યા ચાર્ટ, ધો ૫ ના બાળકોને સંખ્યા પટ્ટીથી સંખ્યા શીખવાડવામાં આવે છે. (અશ્વિનભાઈ સોલંકી - ખેડા - 9979782719)

૨) સંખ્યાજ્ઞાન શીખવાડવા માટે બાળકોને અંક લખેલા કાર્ડ_આપવામાં આવે છે. આ કાર્ડ બાળકો ગ્રુપમાં અથવાતો પોતાની જાતે તે સંખ્યાને ઓળખી વાંચીને યાદ રાખે છે. (પંકજભાઈ પ્રજાપતિ - વડોદરા - 9714577656, કૃણાલભાઈ પંચાલ - પંચમહાલ - 8866813188, કેતનભાઈ પટેલ - પાટણ – 9687944848)

૩) બાળકો સંખ્યાજ્ઞાન શીખવાડવા માટે 1 થી ૧૦૦ સંખ્યાનાં ૧ થી ૧૦, ૧૧ થી ૨૦....એમ ૯૧ થી ૧૦૦ સુધીના ૧૦ સંખ્યાચક્ર બનાવ્યા છે. શિક્ષક બોર્ડ પર સંખ્યા લખે છે, બાળકો બોર્ડમાં લખેલ સંખ્યા સંખ્યાચક્ર માંથી શોધે છે. (દીપાલીબેન મહીડા - આણંદ - 9408865196)

૪) ધોરણ 1 અને ૨ ના બાળકોને સંખ્યા જ્ઞાન તેમજ ગાણિતિક ક્રિયાઓ શીખવાડવા માટે તાસ ના પત્તા પર સફેદ કાગળ લગાડીને તેની પર સરવાળા, બાદબાકી અને ગુણાકારના દાખલાઓ તેમજ કોયડાને કાર્ડ પર લખીને અલગ - અલગ બોક્ષમાં રાખવામાં આવ્યા. બાળકો આ બોક્ષ લઈને પોતાની જાતે અથવાતો ગ્રુપમાં કાર્ય કરે છે. (પ્રકાશભાઈ નિરંજની - રાજકોટ - 9898380908)

૫) બાળકોને ગાણિતિક મુદ્દા રમત દ્વારા શીખવાડવા માટે જુદી જુદી રમત_રમાડવામાં આવે છે,જેમકે સ્થાનકિંમત શીખવાડવા સંગીતખુરશી, જુના રેકેટ દ્વારા 1 થી ૧૦૦ સંખ્યા તેમજ 1 થી ૧૦ ના ઘડિયા, સરવાળા બાદબાકી માટે કેટલા રે કેટલા રમત, લોહીચુંબક દ્વારા એકી - બેકી સંખ્યા જેવી રમત રમાડીને શીખવાડવામાં આવે છે. (દમયંતીબેન પટેલ - કચ્છ - 9408837250, સતીશભાઈ પ્રજાપતિ - પંચમહાલ - 9978779260, નીલેશભાઈ વાઘેલા - જામનગર - 9429363474, પીન્ટુબેન પટેલ - પંચમહાલ - 8980590817, નાગજીભાઈ દેસાઈ - બનાસકાંઠા - 8758363490)

૬) બાળકો શાળામાં પ્રવેશની સાથે સાથે સંખ્યાજ્ઞાન મેળવે તે હેતુથી દાદર, રેમ્પ અને રેલીંગ પર ચડતા ઉતરતા ક્રમમાં અંકો લખવામાં આવ્યા છે. (દિલીપસિંહ વિહોલ - મહેસાણા - 9725871658, હિરેનભાઈ સંઘાણી - બોટાદ – 9904994294)

૭) ધોરણ 1 થી ૫ ના બાળકોને સંખ્યા જ્ઞાન શીખવાડવા માટે મોબાઈલમાં એનીમેશન વીડિઓ ડાઉનલોડ કરીને પ્રોજેક્ટર પર બતાવવામાં આવે છે. તદ્દુપરાંત સંખ્યાજ્ઞાન શીખવાડતી વિવિધ મોબાઈલ - ટેબ્લેટ ગેમનો સહારો પણ લેવામાં આવે છે.આ પધ્ધતિથી બાળકો સરળતાથી સંખ્યા યાદ કરતા થયા છે. (ભરતસિંહ વાઘેલા - મહેસાણા - 9879503835, મિતુલભાઇ પટેલ - પાટણ - 9724641090, નીરવભાઈ ચૌહાણ - ભાવનગર - 9586116776, પ્રેમજીભાઈ કરેલીયા - જામનગર – 9898791013)

૮) સરવાળા બાદબાકી શીખવાડવા માટે એક બોક્ષમાં અંકો અને બીજા બોક્ષમાં સરવાળા - બાદબાકીની નિશાની રાખવામાં આવી છે. બાળકો આ પ્રવુતિ બાળકોને જુદા જુદા જૂથ પાડીને કરવામાં આવે છે.
(રજનીકાંતભાઈ પટેલ - બનાસકાંઠા - 9974052199)



# વિજ્ઞાન અને ટેકનોલોજી

**(૧) પ્રશ્ન: તારીખ ૨૫ જૂન ૨૦૧૬ ના રોજ શાળાને લગતી સમસ્યાઓનો પ્રશ્ન પુછવામાં આવેલ હતો. તે અંતર્ગત શિક્ષકો દ્વારા જણાવવામાં આવેલ સમસ્યાઓમાંથી નવમાં(બ) ક્રમની મુખ્ય અને સૌથી વધુ શાળામાં જોવા મળતી સમસ્યા છે કે, શાળામાં બાળકોને વિજ્ઞાન અથવા વિજ્ઞાન વિષયના અમુક મુદ્દા સમજવા અઘરા પડે છે.**
**વિજ્ઞાન અથવા વિજ્ઞાન વિષયના અમુક મુદ્દાને સરળતાથી સમજી શકે તે માટે કરેલ પ્રવુતિ અને તેનું પરિણામ ટૂંકમાં જણાવો.**

**તારણ:** શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે. જવાબની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ અને મોબાઈલ નંબર પણ આપેલ છે.

૧) શાળાના ધોરણ ૬ થી ૮ ના બાળકોને વિજ્ઞાન વિષય શીખવવા માટે વિજ્ઞાન વિષયના દરેક મુદા પ્રમાણે પ્રયોગ કરી વિડિયોનું નિર્માણ કરવામાં આવ્યું. વિજ્ઞાન વિષયના દરેક પ્રકરણ સાથે એક યુનિટ ટેસ્ટ પીડીએફ અને એમપી૩ ફોરમેટમાં તૈયાર કરવામાં આવી છે. (ચંદનભાઈ રાઠોડ - દેવભૂમિ દ્વારકા - 9998190662)

YouTube channel - www.youtube.com/c/VIGYANVISHWA1

૨) શાળામાં ગયા વર્ષે " વિજ્ઞાન વર્ષ "તરીકે ઉજવણી કરવામાં આવી તેમાં દર શનિ વારે "સાયન્સ કલબ"માં બાળકોની જુદી જુદી ટીમ મારફત એક પ્રયોગ રજુ કરવામાં આવતો જેના પરીણામ સ્વરૂપ બાળકો ખુબ જ સરળતાથી વિજ્ઞાન વિષયના અઘરા મુદા પ્રવુતિ દ્વારા શીખી શક્યા. ( ભગવાનજી કટેશીયા - જામનગર - 9925891560)

૩) વિજ્ઞાન વિષયમાં રુધિરાભિસરણ તંત્ર વિશે બાળકો સરળતાથી તેની રચના અને કાર્યને સમજી શકે તે માટે રુધિરાભિસરણ તંત્રનો વિડીયોનું નિદર્શન અને રુધિરાભિસરણ તંત્ર ના વિવિધ અંગો હૃદય, ધમની, શિરા,ક્ષેપક, કરણક વિશે બાળકોની પાસે ચાર્ટ પેપર અને હૃદય નું મોડેલ તૈયાર કરી પ્રાર્થના સભામાં તેના કાર્ય વિશે બોલવા માટેની તક આપવામાં આવી. (હરિસિંહ ચાવડા - ખેડા -9824701629)

૪) “ગણિત - વિજ્ઞાન મંડળ” ઉમરાળા તથા વલભીપુર તાલુકા શિક્ષકોએ મળીને ગણિત - વિજ્ઞાન મંડળ બનાવાવાવમાં આવ્યું છે.. આ મંડળમાં દર મહિનાના પહેલા રવિવારે વિજ્ઞાનના બધા પ્રયોગો અને પ્રવૃતિ કરાવવામાં આવી. તથા વિજ્ઞાન વિષયની પ્રશ્ન બેન્ક બનાવી રસમય વાતાવરણ પૂરું પાડવામાં આવે છે. ( જિતેન્દ્રભાઈ કનેજિયા - ભાવનગર - 9879356515)

૫) શાળામાં દર શનિવારે પ્રાર્થનાસભામાં બાળકોને મુશ્કેલ લાગતા ધોરણ ૬ થી ૮ માંથી ૩ પ્રશ્નો અને ધોરણ ૪ અને ૫ માંથી ૨ પ્રશ્નોની શિક્ષકો અને બાળકો વચ્ચે ચર્ચા કરવામાં આવે છે. આ ચર્ચામાં ઉકેલાયેલા પ્રશ્નઅને જવાબ બાળકો નોંધે અને બાળકોને મુશ્કેલ લાગતા પ્રશ્નોનોનું નિરાકરણ મેળવે છે. (રમેશચંદ્ર પટેલ - ભરૂચ - 9426859056)

૬) વર્ગ ખંડ માં અભ્યાસ દરમિયાન પ્રકરણ ૩ મા એસિડ,બેઇજ અને ક્ષાર માં વિદ્યાર્થીઓને એસીડ બેઇજ અને ક્ષારને ઓળખવામાં અને વર્ગીકરણમાં સમસ્યા હતી તેના માટે બાળકોને લીટમસ પેપર,

અમુક પદાર્થો ના સ્વાદ અને સ્પર્શ દ્વારા બાળકોને એસિડ, બેઇજ અને ક્ષારની માહિતી આપવામાં આવી. (અશ્વિનભાઈ પ્રજાપતિ - ગાંધીનગર - 9724089181)

## (૨) પ્રશ્ન: વિદ્યાર્થીઓનો વિજ્ઞાન વિષયમાં પ્રયોગ કરી શકે તે માટે કરેલ પ્રવૃત્તિ અને તેનું પરિણામ ટૂંકમાં જણાવો.

**તારણ:** શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે.જવાબ આપવાની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ અને મોબાઈલ નંબર આપેલ છે.

૧) શાળાના વિદ્યાર્થીઓને કોઈ પણ કામ જો ગ્રુપમાં આપવામાં આવે તો બાળકોને એ પ્રવૃતિમાંથી બાળકોને ઘણું શીખવા મળે છે.આથી જ અમુક શાળામાં વિજ્ઞાન વિષયમાં આવતા જટિલ પ્રયોગો બાળકો પોતાની જાતે કરે તે હેતુથી વર્ગખંડમાં વિવિધ ગ્રુપ બનાવવામાં આવે છે. ગ્રુપમાં જે બાળક હોશિયાર હોય છે તેને ગ્રુપનો નેતા(લીડર) બનાવવામાં આવે છે. ગ્રુપ લીડર ગ્રુપના બીજા બાળક કે જેને વિજ્ઞાન વિષય રસપ્રદ નથી લાગતો અને પ્રયોગમાં રસ ન દાખવતા હોય તેને પોતાની દેખરેખ નીચે રાખીને સાથે ચાલે છે જેથી તે બાળકને વિજ્ઞાન વિષય રસપ્રદ લાગે અને નવા નવા પ્રયોગો કરવા માટે પ્રેરાય. (ચિરાગભાઈ પંડ્યા - જુનાગઢ - 9898154607, હિરેનભાઈ ભટ્ટ - ભાવનગર - 9328169988, લલીતભાઈ ચૌધરી - સાંતલપુર - 8128551123)

૨) બાળકોને વિજ્ઞાનનો પ્રયોગ જાતે કરવા દેવાનો હોય એ પહેલા બાળકોને પ્રયોગ વિષે રાખવાની સાવચેતી તેમજ ધ્યાનમાં રાખવા જેવી બાબતો વિષેની માહિતી મૌખિક તેમજ દ્રશ્ય - શ્રાવ્ય માધ્યમ થકી આપવામાં આવે છે.બાળકોને વિજ્ઞાનના પ્રયોગનો વીડિયો ડીવીડી , સીડીના માધ્યમ અને ઈન્ટરનેટના સહારે બતાવવામાં આવે છે, તથા પ્રયોગ માટે જરૂરી એવી સાધન સામગ્રી બાળકોને લખાવીને એકત્ર કરીને વિજ્ઞાન વિષયનો પ્રયોગ કરવાની છૂટ આપવામાં આવે છે. (મેહુલભાઈ સુથાર - મહેસાણા - 7600984093, ભાવસિંહભાઈ ડાભી - ગાંધીનગર - 9879947498, હિતેશભાઈ સોલ્યા - આહવા (ડાંગ) - 9408190197, હેમલતાબેન વણકર - ગાંધીનગર - 9427314883, પૂજાબેન પૈજા - રાજકોટ - 9825424661, ગૌતમ ઇન્દ્રોડીયા - રાજકોટ - 9426516945, નીલેશભાઈગજ્જર - સુરેન્દ્રનગર - 9998195261, કરશનભાઈ મોરી - ભાવનગર - 9737807621, ચિરાગભાઈ ભાવસાર - આણંદ - 9824366921)

૩) શાળાના દરેક વર્ગખંડમાં "વિજ્ઞાન કીટ" મુકવામાં આવી છે જેની અંદર વિજ્ઞાનના તમામ સાધનો રાખવામાં આવ્યા છે . બાળકો જયારે વિજ્ઞાન વિષયનો અભ્યાસ કરે ત્યારે અભ્યાસની સાથે પ્રેક્ટીકલ પણ કરે છે જેના પરિણામે બાળકો લાંબા સમય સુધી જટિલ પ્રયોગ આસાનીથી યાદ રાખી શકે છે. (યાકુબભાઈ પટેલ - ભરૂચ - 8140957327, હિતેશભાઈ ચૌહાણ - ભાવનગર - 9428811226)

૪) દર ગુરુવારે અથવા તો શનિવારની બાળસભામાં અથવા તો પ્રાર્થનામાં બાળકોને એકઠાં કરીને તેમને "લાઇવ પ્રયોગ" બતાવવામાં આવે છે અને બાળકોને આ પ્રયોગ વિષે અવલોકન લખવા માટે કહેવામાં આવે છે જેથી બાળકો પોતે અનુભવેલ અનુભવ કાગળમાં લખીને સુપ્રત કરે છે. જે વિદ્યાર્થીનું અવલોકન સારું હોય તેમને પ્રાથના ખંડમાં પ્રોત્સાહિત કરવામાં આવે છે. "વિજ્ઞાન દિવસ"ની ઉજવણીના

ભાગરૂપે બાળકોએ કરેલ પ્રયોગો તેમજ બનાવેલ સાધનોની ગેલેરી ઉભી કરવામાં આવે છે જેથી બાળકો પ્રોત્સાહિત થાય. (વિક્રમસિંહ પરમાર - બોટાદ - 9723564999, કલ્પેશભાઈ ફેફર - મોરબી - 8866441444, જયેશભાઈ પટેલ - અરવલ્લી - 9638649495, લલીતભાઈ ગોહિલ - આણંદ - 9409060362, ડો.કિશોરભાઈ શેલડીયા - જેતપુર - 9429043627, ભગવાનજીભાઈ કટેશીયા - જામનગર - 9925891560, ભગુભાઈ દેસાઈ - સુરેન્દ્રનગર - 9427552125, અમિતભાઈ સોની - મહેસાણા - 9510209616, ચેતનાબેન રાસ્તે - કચ્છ - 7567537969, રામજીભાઈ રોટાતર - બનાસકાંઠા - 9726658508)

૫) સમાજમાં રહેલ અંધશ્રદ્ધા દુર કરવા માટે સમયાંતરે "અંધશ્રદ્ધા નિવારણ દિવસ" મનાવવામાં આવે છે. શિક્ષક દ્વારા બાળકોને નાળીયેરમાંથી રુમાલ નીકળવો , હાથમાંથી કંકુ કઠવું, મોં માંથી લોહી કાઢવું વગેરે લાઇવ ડેમો આપીને બાળકોને જાગૃત કરે છે તેમજ ઘરની આજુબાજુના લોકોને પણ આ બાબત વિષે સમજાવવાનું પણ કહેવામાં આવે છે. (મીરાબેન ડોડીયા – રાજકોટ - 8490822998, અતુલભાઈ રામાનુજ - વઢવાણ - 9979497014)

## (૩) પ્રશ્ન: બાળકો વિજ્ઞાન વિષય ગોખવાના બદલે સમજીને અભ્યાસ કરે તથા પોતાની જાતે જ પ્રવૃત્તિ કરીને બીજા લોકોને સમજાવે તે હેતુથી આપે કરેલ પ્રવૃત્તિ તેમજ પરિણામ ટૂંકમાં જણાવો.

**તારણ**: શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે.જવાબ આપવાની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ અને મોબાઈલ નંબર આપેલ છે.

૧) કુલ શિક્ષકો કે જેમને જવાબ આપ્યો છે તેમાંથી ૭૫% શાળામાં બાળકોને વિજ્ઞાન વિષય શીખવવા માટે,

- **વિજ્ઞાન વર્ગખંડ** - શાળામાં જ અલગથી એક વર્ગખંડ બનાવ્યો છે જેમાં બાળકો પોતાની જાતે ત્યાં જઈને વિજ્ઞાન વિષયમાં ડૂબી જાય, વિજ્ઞાન વર્ગખંડની અંદર વિવિધ TLM તેમજ વૈજ્ઞાનિક નામો વાળા ચાર્ટ તેમજ વિજ્ઞાનના વિવિધ સાધનો લગાવવામાં આવ્યા છે સાધનોની સાથે સાથે તેમના વિષે માહિતી અને ઉપયોગીતા સૂચવતી માહિતી રાખવા આવી છે.પરિણામે બાળકોને ખાલી નામ આપતાની સાથે તેઓ વર્ગખંડની અંદર રાખેલ વસ્તુ શોધી કાઢે છે અને પોતાની જાતે પ્રયોગ કરે છે.
- **પ્રાર્થનાખંડ** - પ્રાર્થનાખંડમાં બાળકો સમુહમાં વિજ્ઞાન વિષયને લગતા સિદ્ધાંતો, સવાલ - જવાબ (ક્વીઝ), સાધનો તેમજ અલગ અલગ પ્રયોગ વિષે ચર્ચા - વિચારણા તેમજ એકબીજા સાથે માહિતીનું શેરીંગ કરે છે.

૨) શાળાના બાળકોને વિજ્ઞાન વિષયમાં પુસ્તકરૂપી જ્ઞાન આપવા કરતા તેઓને પ્રેક્ટીકલ કરાવીને વિજ્ઞાનના સિદ્ધાંતોનું જ્ઞાન પીરસવામાં આવે તો વધારે સમય સુધી યાદ રાખે છે અને બીજા બાળકોને પણ મદદ રૂપ થાય છે તે હેતુ થી શાળામાં બાળકને યોગ્ય માહિતી તેમજ જરૂરી સુચન આપીને તેઓને જાતે પ્રયોગ કરવા દેવામાં આવે છે. (બીજલબેન લીંબાચીયા - ભાવનગર - 8153092336, રોહનભાઈ

પટેલ - મેહસાણા - 8153081011, લક્ષ્મીનારાયણભાઈ પટેલ - સાબરકાંઠા - 9714455702, અનિતાબેન પરમાર - વડોદરા - 9033360187, અક્ષયભાઈ જાદવ - પંચમહાલ - ૯૭૧૨૦૯૬૨૨૫)

૩) બાળકોને સૂર્યમંડળ અને ગ્રહો, આકાશગંગા, પરિભ્રમણ, સૂર્યગ્રહણ, ચંદ્રગ્રહણ વગેરે નાટક દ્વારા શીખવાડવામાં આવે છે, બાળકો ગમ્મત કરતાની સાથે પીરસાતું વિજ્ઞાન ઝડપથી તમામ સિધ્ધાંત સાથે સ્પષ્ટ પણે સમજતા થયા છે. (વિજયભાઈ ચૌધરી - કચ્છ - 9925639955, શૈલેન્દ્રભાઇ ગોહિલ - 9016166584)

૪) શાળાના મેદાનમાં આવેલ તમામ વૃક્ષની સાથે ૧ વિજ્ઞાનનો પ્રોજેક્ટ લગાવવામાં આવ્યો છે, બાળકો રિશેષના સમયમાં તેમજ પોતાના ફ્રી સમયમાં ત્યાં જઈને રમતા રમતા વાંચે છે. (વિનોદકુમાર હીરાણી - ભાવનગર - 9879242828)

૫) બાળકોને પોતાની શૈલી વિસ્તૃત કરવા માટે શાળા લેવલે એક પ્લેટફોર્મ આપવામાં આવ્યું છે, જેમાં બાળકોએ દર અઠવાડિયે ૧ એક વિદ્યાર્થી એસ.એમ.સી.સભ્યની હાજરીમાં તથા એસ.એમ.સી.સભ્યની મીટીંગના દિવસે એમ ૬ મહિના દર અઠવાડિયે વિજ્ઞાનના પ્રયોગ પ્રાર્થનાખંડમાં રજુ કરવામાં આવે છે અને વર્ષના અંતે ફેબ્રુઆરી મહિનામાં “વિજ્ઞાન પ્રદર્શન” નું આયોજન કરવામાં આવે છે અને શ્રેષ્ઠ પ્રયોગને ઇનામ આપીને બહુમાન કરવામાં આવે છે. (રાકેશકુમાર ઠાકર - મહુવા - 7698075930, મેહુલભાઈ સુથાર - મહેસાણા - 7600984093, સેવક્ભાઈ ચૌધરી - વડોદરા - 7874063646)

૬) શાળામાં બાળકોને વિજ્ઞાનના પ્રયોગ કરતા પહેલા દ્રશ્ય - શ્રાવ્ય સાધનો જેવાકે DVD, LCD, પ્રોજેક્ટર, મોબાઈલ, ટેબ્લેટ, કોમ્પુટર, ઈન્ટરનેટની મદદ વડે વીડિઓ બતાવવામાં આવે છે અને તેઓને પ્રયોગ વિષે સ્પષ્ટ માહિતી આપવામાં આવે છે, ત્યારબાદ બાળક પોતાની જાતે પ્રયોગ કરે છે. (વિનોદભાઈ ચૌહાણ - ભાવનગર - 9586103995, અશોકભાઈ ચાવડા - ગીર - સોમનાથ - 9913533955, પ્રગ્નેશભાઈ પટેલ - નવસારી - 9879620460, નીલેશભાઈ દામોર - દાહોદ - 9099398230, સંજયભાઈ મોરડિયા - સુરત - 9427100174, રાજેશભાઈ રબારી - અમદાવાદ - 7778069925, નીતિનભાઈ પટેલ - ગાંધીનગર - 9824596264, જીજ્ઞાબેન ઠકરાર - અમરેલી - 9426852504, સંકેતભાઈ શાહ - છોટાઉદેપુર - 9624250072, સતીશભાઈ પ્રજાપતિ - પંચમહાલ - 9978779260, સોહીલભાઈ વહોરા - નર્મદા - 999865938, જીગરકુમાર પટેલ - પાટણ - 9662514720, અમિતભાઈ મોરી - સુરેન્દ્રનગર - 8866655861, હડીયલ વકતાભાઇ - બનાસકાંઠા - 9825277189, ચિરાગભાઈ પટેલ - દાહોદ - 9924890124)

૭) બાળકોને વિજ્ઞાન વિષયનું કામ જુથમાં આપવામાં આવે છે. (રામાનુજ અતુલભાઈ - સુરેન્દ્રનગર - 9979497014, ભાવિકભાઈ સુરાણી - અમરેલી - 9429416616)

૮) શાળામાં “નોલેજ ટ્રી” ચાલુ કર્યું છે.જેમાં બાળકો છાપામાં આવતા વિજ્ઞાને લગતા લેખો,અજબ - ગજબ,સાયન્સ ટ્રીકસ,વૈજ્ઞાનિકોના જીવન ચરિત્રો વગેરે કટિંગ્સ કરી ભેગા કરે છે.જેને પૂઠાં પર ચોંટાડી નોલેજ ટ્રી પર લગાડે છે અને વાંચે છે. (સુતરીયા નિધીબેન - અમરેલી - 9825542629)



# સામાજિક વિજ્ઞાન અને પર્યાવરણ

**(૧) પ્રશ્ન: સામાજિક વિજ્ઞાન બાળકો સરળતાથી સમજી શકે અને રસપૂર્વક ભણે તે માટે આપે કરેલ નવતર પ્રવૃત્તિ અને તેનું પરિણામ ટૂંકમાં જણાવો.**

**તારણ:** શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે.જવાબ આપવાની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ અને મોબાઈલ નંબર આપેલ છે.

૧) બાળકોને પહેલા ફીઝીકલ (થીયરી) શીખવાડવામાં આવે છે અને ત્યારબાદ ઈન્ટરનેટના માધ્યમ થકી બાળકોને તેને લાગતો વીડિયો , ફોટો તેમજ અન્ય માહિતી બતાવવામાં આવે છે. આ પ્રવૃત્તિ થકી જાણવા મળ્યું કે બાળકોને ફક્ત થીયરીથી બાળકોને સામાજિક વિજ્ઞાન સમજાવવામાં આવે તો તે સમજવામાં અઘરું છે પણ ટેકનોલોજી ના સહારે આ આઘરી વસ્તુ સહેલી બને છે અને બાળકો સચોટ સમજી શકે છે. (જસ્મીનકુમાર દરજી - પંચમહાલ - 7285840750, જયશ્રીબેન મકવાણા - રાજકોટ - 7622016354, રાજેશભાઈ રબારી - અમદાવાદ - 8866031626, અમિતભાઈ મોરી - સુરેન્દ્રનગર - 8866655861, સોહમભાઈ ઠાકોર - પાટણ - 8000962233, પ્રીતીબેન કોટેચા - પોરબંદર - 9033481803, ધ્રુવભાઇ વેદાણી - ભાવનગર - 9033897768, દીપાલીબેન મહીડા - આણંદ - 9408865196, રશ્મીબેન પટેલ - વલસાડ - 9426547452, ભગુભાઈ દેસાઈ - સુરેન્દ્રનગર - 9427552125, નીરવભાઈ ચૌહાણ - ભાવનગર - 9586116776)

2) "લર્નિંગ ડી લાઈટ - Learning de Light" પ્રોગ્રામ થકી બાળકોને સામાજિક વિજ્ઞાન એનીમેશનના રૂપમાં બતાવવામાં આવે છે અને અભ્યાસ કરાવવામાં આવે છે. (લલીતભાઈ ચૌધરી - પાટણ - 8128551123)

3) સામાજીક વિજ્ઞાન વિદ્યાર્થી સહેલાઈથી સમજી શકે અને ભણી શકે તે માટે કરેલ નવતર પ્રવૃત્તિઓ નીચે પ્રમાણે છે.

- નાગરિક શાસ્ત્રના એકમો જેવા કે પંચાયત, સ્થાનીક સ્વરાજ્યની સંસ્થાઓ જેવા એકમોમાં મોક પોલ કરાવી શિખવવાથી સારૂ પરિણામ મળેલ છે.
- પૃથ્વી અને તેના પરિક્રમણ, ધરિભ્રમણ, દિવસ - રાત જેવા મુદ્દા શિખવવા માટે પૃથ્વીના ગોળા દ્વારા શિખવતા સારી રીતે સમજાય છે.
- ઈતિહાસના પાઠો નાટકો દ્વારા શિખવતા સારી રીતે શિખવી શકાય છે અને તે લાંબા સમય સુધી યાદ રહે છે. (જગદીશભાઈ વાળા - ભાવનગર - 8238184236)

૪) બાળકો સામાજિક વિજ્ઞાન સરળતાથી શીખી શકે તે હેતુથી શાળામાંજ સામાજિકવિજ્ઞાન કોર્નર ઉભું કરવામાં આવ્યું છે જેમાં નકશા,સામાયિક સંદર્ભ પુસ્તક, પેપર કટીંગની ફાઈલ વગેરે જેવી અનેક સામગ્રી મૂકવામાં આવી બાળકો પોતાના ફ્રી સમયમાં ત્યાં જઈને સમય પસાર કરવાની સાથે સાથે નવું શીખે છે. (મેલાભાઈ રાઠોડ - નર્મદા - 7698764098, હિરેનભાઈ સંઘાણી - બોટાદ - 9904994294)

૫) બાળકો સામાજિકવિજ્ઞાનની કસોટી આપતા ડરતા હતા આ સમસ્યાના હલ માટે કોમ્પ્યુટર પર જ ચિત્ર વાળી ટેસ્ટ બનાવવામાં આવી જે બાળકો હોશે હોશે આપવા લાગ્યા અને કસોટી આપવાની સમસ્યા દુર કરવામાં આવી. (મિહિરભાઈ સોલંકી - મહેસાણા - 9510137377)

૬) થર્મોકોલ નો કેમેરો બનાવી તેમાં સામાજિક વિજ્ઞાનને લાગતી અલગ અલગ ચિત્રો વાળી સ્લાઈડો બનાવવામાં આવી અને બાળકોને જોવા આપી, આ પ્રવૃતિમાં બાળકો સ્વેચ્છાએ જોડાયા અને નવું સામાજિક વિજ્ઞાન વિષે નવું શીખ્યા. (ભાવેશભાઈ પટેલ - અમરેલી - 9687637108)

૭) બાળકોને સામાજિકવિજ્ઞાનના પ્રોજેક્ટ આપવામાં આવે છે. (હરેશભાઈ અઢીયોલ - પાટણ - 9924068770

**(૨) પ્રશ્ન : પર્યાવરણના સંરક્ષણ, સુધારણા, તથા સંતુલિત વિકાસ કરવા માટે અને પર્યાવરણ તરફના દ્રષ્ટિકોણ બદલવા માટે વિદ્યાર્થીઓને કઈ કઈ પ્રવૃતિઓ દ્વારા પ્રેરિત કરી શકાય?**

**તારણો** : શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે.

૧) પર્યાવરણની જાળવણી માટે બાળકોને તથા ગામના સભ્યોને પર્યાવરણલક્ષી માર્ગદર્શન પૂરું પાડવું.

૨) સફાઈ અને તેનું મહત્વ સમજાવીને ગંદા પાણીનો યોગ્ય નિકાલ કરીને પાણીથી થતા પ્રદુષણને અટકાવી શકાય તેમજ  બાયોગેસ જેવી પદ્ધતિઓ અપનાવીને પર્યાવરણની જાળવણી કરી શકીએ.

૩) પ્લાસ્ટીક કચરાના નિકાલ તથા તેને પુન:ઉપયોગ થઈ શકે તેમાટેના પ્રયત્નો કરવા.

૪) જૂન-જુલાઈ મહિનામાં વૃક્ષારોપણ માટે બાળકોને પ્રેરિત કરવા. પોતે રોપેલા ઝાડને ઉછેરીને તેનું જતન કરવાની જવાબદારી તેને સોંપવી ઝાડ થોડું મોટું થાય ત્યારે જે તે બાળકને તેનાં થડ સાથે પોતાનાં નામનું બોર્ડ લગાવવા પ્રેરિત કરવા જેનાથી બાળકોમાં પોતાપણાની ભાવના પેદા થાય અને પર્યાવરણ તરફ જાગૃત થાય આ ઉપરાંત શાળામાં  ઔષધબાગ તથા કિચન ગાર્ડન જેવી પ્રવૃતિઓ કરી શકાય.

૫) પર્યાવરણના સંરક્ષણ અને સુધારણા માટે

- પર્યાવરણીય અવલોકનો, વિવિધ સ્થળોની મુલાકાત, પ્રોજેક્ટ તૈયાર કરાવીને,
- કચરામાંથી ખાતર તૈયાર કરવાની પ્રવૃતિઓ બાળકોને શીખવાડીને,
- શાળાના દરેક વર્ગમાં તથા ગામની વિવિધ જગ્યાએ કચરાપેટીની વ્યવસ્થા કરાવીને,
- બાળકોને પર્યાવરણ પ્રદર્શન, વિવિધ રમતો, પ્રવાસ, કાગળનાં પુનઃ ઉત્પાદનની પ્રક્રિયા, ગ્લોબલ વોર્મિંગની અસરો, પર્યાવરણની જાળવણી,  અભિનય ગીત, કવિતા ગાન, જૂથ ચર્ચા, નાટકો, રેલીઓ, ચિત્ર સ્પર્ધાઓ, વકતૃત્વ સ્પર્ધા,  દીવાલો પર સ્વચ્છતા સબંધી સૂત્રોચ્ચાર કરીને, વગેરે. પ્રવૃતિઓ દ્વારા પર્યાવરણ પ્રત્યેનો દ્રષ્ટીકોણ બદલવા માટે પ્રયત્ન કરી શકાય.




# વાંચન, લેખન અને મૌખિક અભિવ્યક્તિ

**(૧) પ્રશ્ન: વિદ્યાર્થીઓમાં મૌખિક અભિવ્યક્તિ કેળવાય અને જાહેરમાં બોલવાનો ડર દૂર થાય તે માટે કરેલ પ્રવૃત્તિ અને તેનું પરિણામ ટૂંકમાં જણાવો.**

**તારણ:** શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે.જવાબ આપવાની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ અને મોબાઈલ નંબર આપેલ છે.

૧) ૨૦૦ શિક્ષક કે જેમણે જવાબ આપ્યો છે તેમાંથી ૧૮૦ શિક્ષક દ્વારા શાળામાં થતી પ્રાર્થના સભામાં બાળકો સુવિચાર, સ્વરચિત કાવ્ય તથા ગીત ગાન, મૌખિક વાર્તા, અંતાક્ષરી, નાટક, ભજન, ધૂન, લોકગીત, મને શું ગમે છે, મને ગમતો તહેવાર, મને ગમતું સીટી, મને ગમતો વિષય, ઘડિયા, સમાચાર વાંચન, વ્યક્તિ વિશેષ વિષે બોલવું, જાણવા - જેવું, અભ્યાસક્રમના તેમજ અભ્યાસક્રમ બહારના મુંજવતા પ્રશ્નો, મૌખિક નિબંધ સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા, અંગ્રેજીના સ્પેલિંગ, શીઘ્રવક્તૃત્વ સ્પર્ધા વગેરે રજુ કરતા હોય છે, આ પ્રાર્થનાસભામાં દરેક બાળકને સરખું મહત્વ મળે તે હેતુથી વર્ગખંડ મુજબ હાજરીપત્રકના નંબર પ્રમાણે વાર આપવામાં આવે છે. જેથી બાળકને સમુહમાં બોલવાનો ડર દૂર થાય છે.

૨) ઘણી શાળાઓમાં અઠવાડિયાના કોઈ એક દિવસે બાલસભાનું આયોજન થતું હોય છે. આ બાલસભામાં "એક મિનીટ જરા મને સાંભળો, રમત રમાડી ને..." , વાંચન કોર્નર/પુસ્તક પરિચય , બાલકવિ, મારા મનની મુંજવણ, આજનું નાટક, વગેરે થીમ પર બાળકોનો બાળકો સાથે સંવાદ કાર્યક્રમ યોજાય છે જેની ટૂંકમાં વિગત નીચે મુજબ છે.

- "એક મિનીટ જરા મને સાંભળો, રમત રમાડી ને..." – જુદા જુદા વિષય વસ્તુશબ્દોની ચિઠ્ઠી બનાવીને સંગીત ચાલુ થાય એટલે એક પછી એક બાળકના હાથમાં આપવાની સંગીત બંધ થતાની સાથે જે બાળકના હાથમાં ચિઠ્ઠી આવે તેને આ શબ્દ વિષે ઓછામાં ઓછા ૫ અર્થપૂર્ણ વાક્યો ૧ મીનીટમાં બોલવાના.
- વાંચન કોર્નર/પુસ્તક પરિચય - બાળકને શાળાની લાયબ્રેરી તથા અન્ય પુસ્તકમાંથી જે પુસ્તક ગમતું હોય તેના વિષે અભિપ્રાય તથા પુસ્તકનો સારાંશ કહેવાનો.
- બાલકવિ - બાળક દ્વારા સ્વરચિત કાવ્ય અથવા ગીત અઠવાડિયા દરમિયાન રજુ કરવાનું અઠવાડિયાના અંતે જે કાવ્ય અથવા ગીત સારું હોય તેમને પેન - પેન્સિલ - રબર આપીને પ્રોત્સાહિત કરવા.
- મારા મનની મુંજવણ - બાળકો પોતાનો પ્રશ્ન સમુહમાં રજુ કરે છે અને બાળકો તથા શિક્ષક તેનો યોગ્ય ઉત્તર આપે છે.
- આજનું નાટક - બાળકોને ગમતું નાટક જે અભ્યાસક્રમમાં આવતું હોય તથા અભ્યાસક્રમ બહારનું હોય તે રજુ કરવામાં આવે છે.

(ઉપાધ્યાય છાયાબેન - આણંદ - 9925339281, પટેલ રજનીકાંતભાઈ - બનાસકાંઠા - 9427314883, સુયાદ્રિયા નિધીબેન - અમરેલી - 9998611764, કણજીયા રેખાબેન - આણંદ - 9913041555, રાઠોડ દિનેશભાઈ - વઢવાણ - 9879860601, સુથાર મેહુલ - મહેસાણા - 9724641090, મકવાણા પ્રવીણભાઈ - મહુવા - 9427857847, દવે મિલનભાઈ - મહેસાણા - 9898574295, ચૌધરી હરેશભાઈ

- સાબરકાંઠા - 989836595, ભાવસાર ચિરાગભાઈ - આણંદ - 9824971834, અજીતભાઈ એસ.ચાવડા - સુરેન્દ્રનગર - 9825424661)

૩) “મારું વક્તવ્ય” અંતર્ગત ધોરણ ૬ થી ૮ ના બાળકોને ઓચીંતા જ પ્રાર્થનાસભામાં મારું વક્તવ્ય આપવા માટે કહેવામાં આવે છે, વક્તવ્ય પણ શેના પર? વક્તવ્ય ના વિષય માટે નોટીસબોર્ડ પત્ર ૧૦૦ વિષય લખવામાં આવ્યા છે તેમાંથી બાળક કોઈ પણ એક વિષય પસંદ કરે છે અને પોતાનું વક્તવ્ય આપે છે. (સુથાર મનોજભાઈ - બનાસકાંઠા - 9723086572)

૪) બાળકોમાં સ્ટેજ તેમજ માઈક પ્રત્યેનો ડર દુર કરીને પોતાની મૌખિક અભિવ્યક્તિ કેળવાય તે હેતુથી શાળાના નાના કાર્યક્રમોમાં  બાળકોને સંચાલન સોપવામાં આવે છે. (વાળા જગદીશભાઈ - ભાવનગર, પટેલ આયેશાબેન - અમદાવાદ - 8140957327, મકવાણા ભરતભાઈ - કચ્છ - 9428965986)

## (૨) પ્રશ્ન: બાળકને વાંચન રસરૂચી વધે તે માટે કરેલ નવતર પ્રયોગ અને તેનું પરિણામ ટૂંકમાં જણાવો.

**તારણ**: શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે.જવાબ આપવાની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ અને મોબાઈલ નંબર આપેલ છે.

૧) વર્ગખંડમાં વાંચન કરતા બાળકની સહેલાઈથી ઓળખ થાય અને તેને પ્રોત્સાહિત કરવામાં આવે જેથી કરીને બીજા બાળકો પણ વાંચન કરવા પ્રેરાય તે માટે વર્ગખંડમાં એક ચાર્ટ પેપર પર વિદ્યાર્થી પ્રમાણે સ્ટાર બનાવવી તેની પર તેનું નામ લખવામાં આવ્યું છે. જે બાળક સારું વાંચન કરે તેને તેના નામના સ્ટારની બાજુમાં બીજો સ્ટાર શિક્ષક આપે છે અઠવાડિયાના અંતે જે વિદ્યાર્થી પાસે વધુ સ્ટાર હોય તેને શાળા પરિવાર ઇનામ આપીને પ્રોત્સાહિત કરે છે. (સોઢા મહંમદસોએબ - કચ્છ - 9979522899)

૨) શાળામાં વાંચન કોર્નર બનાવવામાં આવ્યું જેમાં બાળકોને વાંચવું ગમે તેવા સચિત્ર પુસ્તકો રાખવામાં આવ્યા જેવાકે બાલસૃષ્ટિ, ઝગમગ, બાળ સંદેશ, બાળ વાર્તા ના પુસ્તકો સાથે મહાન બાળકો ને લગતા પુસ્તકોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આ તમામ પુસ્તકો ને ક્રમાનુસાર ગોઠવવામાં આવ્યા બાળકો પોતાની રીતે આ પુસ્તકો મેળવીને વાંચે અને તેને જે સારી બાબત લાગી હોય તેનું અવલોકન પ્રાર્થનામાં અથવાતો લાયબ્રેરીમાં મારું પ્રિય પુસ્તકમાં તેની નોંધ કરે છે. (પટેલ રજનીકાંતભાઈ - બનાસકાંઠા - 9974052199, મહેરિયા કમલેશભાઈ - અમદાવાદ - 9427525959, પટેલ પીન્ટુબેન - પંચમહાલ - 8980590917)

૩) બાળકો વીડિઓ જોઇને વાંચન શીખે તે માટે પ્રોજેક્ટર અને કોમ્પ્યુટર પર એનીમેશન અને સબટાઇટલ વાળા વીડિઓ તેમજ ફોટો વાળા સ્લાઈડ શો_વર્ગમાં બતાવી અભ્યાસ કરાવવામાં આવે છે. અઠવાડિયાને અંતે વિદ્યાર્થીનું મૂલ્યાંકન માટે કસોટીનું આયોજન કરવામાં આવે છે જેને વધુ માર્ક્સ આવ્યા  હોય તેનું પ્રાર્થનાખંડમાં બહુમાન કરવામાં આવે છે. (પરમાર શાંતીબેન - જુનાગઢ - 9825193809, ચૌહાણ જગદીશભાઈ - જુનાગઢ - 9824493809, રાવલ શ્રદ્ધાબેન - ભાવનગર - 9638304001)

૪) જૂથ કાર્ય પદ્ધતિ દ્વારા વર્ગમાં ટીમ પાડવામાં આવે છે જેમાં ઉચ્ચ, મધ્યમ અને નિમ્ન શૈક્ષણિક સ્તરના વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવે છે. આમ આવી વર્ગમાં છ ટીમો બનાવીને વાંચન કાર્ય કરાવવું જેમાં પ્રથમ બે હોંશિયાર વિદ્યાર્થીઓને કન્વીનર અને સહ કન્વીનર બનાવીને વાંચન કાર્ય સોંપવામાં આવે છે આ બંને કન્વીનર અને સહ કન્વીનર પોતે વાંચન પણ કરશે અને બીજા ટીમના નબળા બાળકોને પણ મદદ કરશે.આમ કરવાથી વિદ્યાર્થીઓના વાંચનમાં ઘણો બધો ફેર પડ્યો તેમજ વિદ્યાર્થીઓનું વાંચન પણ સુધર્યું છે.આ પ્રવૃતિમાં શિક્ષક માર્ગદર્શકની ભૂમિકા ભજવે છે. (પટેલ મિતુલભાઇ - પાટણ - 9724641090)

૫) ધોરણ ૫ અને ૬ ના વિદ્યાર્થી ગુજરાતી ભાષા સરળતાથી ટેકનોલોજીની મદદથી શીખી શકે તે માટે "જ્ઞાનકુંજ" પ્રોજેક્ટ અંતર્ગત શાળાને મળેલા ૧૦૦ ટેબ્લેટને સર્વર સાથે જોડીને ઓફલાઈન ચાલતી એપ્લીકેશન જેવીકે ગુજરાતી બાળવાર્તા તેમજ સોફ્ટવેર kolibri નો ઉપયોગ કરીને MP3 વાર્તા, એનીમેટેડ વાર્તા ટેબ્લેટમાં બતાવવામાં આવે છે. (પ્રજાપતિ અશ્વિનભાઈ - ગાંધીનગર - 9724089181)

૬) શાળામાં ઓપન એર લાયબ્રેરી બનાવી છે જેમાં ધોરણ ૧ - ૨, ધો ૩,૪,૫ અને ધોરણ ૭ - ૮ એમ ૩ જ્ઞાનસંપટ મુક્કવામ આવ્યા છે. સાથે સાથે સમાચાર પત્રનું સ્ટેન્ડ પણ ત્યા રાખવામાં આવ્યું છે. બાળકો રીશેશના સમયે તથા ફ્રી તાસમાં ત્યાં વાંચન કરે છે. (મિસ્ત્રી ભામીનીબેન - બનાસકાંઠા - 9429310192)

૭) બાળકો રમત દ્વારા પુસ્તકાલયના પુસ્તક વાંચવા પ્રેરાય તે માટે લાયબ્રેરીના પુસ્તકમાંથી જુદાજુદા પ્રશ્નો પૂછવામાં આવે છે અને તેનો ઉત્તર લાયબ્રેરીના પુસ્તકમાંથી શોધી લાવવા કહેવામાં આવે છે, વાર્તાની ચોપડીમાંથી અધુરી વાર્તા કહેવામાં આવે છે જેથી બાળકો પુસ્તકાલયમાંથી આ પુસ્તક વાંચીને આ વાર્તા પૂર્ણ કરે છે. (લોખંડે જયશ્રીબેન - સુરત - 9428243658, જોશી લખનભાઈ - ભાવનગર - 9428182365)

**(3) પ્રશ્ન: બાળકમાં રહેલ લેખનશક્તિ તેમજ વાંચનશક્તિ બહાર લાવવા આપના દ્વારા કરેલ નવતરપ્રવૃત્તિ અને તેનું પરિણામ ટૂંકમાં લખો.**

**તારણ:** શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે.જવાબ આપવાની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ અને મોબાઈલ નંબર આપેલ છે.

૧) શાળાના બાળકોમાં લેખનશક્તિ અને વાંચનશક્તિ વિકસે તે હેતુ થી શાળામાં જ વાર્તા કોર્નર, અધુરી વાર્તા, દ્રશ્ય - શ્રાવ્ય વાર્તા, નાટક દ્વારા વાર્તા વગેરે ચાલુ કર્યું, ફળ સ્વરૂપે બાળક દ્વારા સ્વલેખિત ૧૦૦૦ જેટલી વાર્તા નો સંગ્રહ થયો જેમાં એક મહેન્દ્ર પરમાર નામના વિદ્યાર્થીએ પોતાની જાતે ૧૦૦ વાર્તા લખી છે.બાળકો પોતાની જાતે જ વાર્તા બનાવવા લાગ્યા. (પંકજભાઈ પ્રજાપતિ - દાંતીવાડા - 9428557463)

૨) બાળકોને ફ્રી તાસમાં તેમજ અઠવાડિયે ૩ વાર બાળકોને પોતાને ગમતા વિષય પર લેખન, ગમતો પ્રસંગ, મને ગમતો વિષય, મારો પ્રવાસ,પત્ર લેખન, નિબંધલેખન, ગમતો તહેવાર અને મારી મુલાકાત પર અહેવાલ લખવા આપવામાં આવે છે અને તેનો એક ફાઈલમાં સંગ્રહ કરવામાં આવે છે. વર્ષના અંતે બાળકની પ્રોગ્રેસ જાણવા માટે તેમના વાલી તેમજ વિદ્યાર્થીને આ ફાઈલ બતાવવામાં આવે છે.

(નીમેશકુમાર પટેલ - વડોદરા - 9427056305, અશ્વિનકુમાર પટેલ - સુરેન્દ્રનગર - 9427665972, જગદીશભાઈ વાળા - ભાવનગર - 8238184236, ગૌતમભાઈ ઇન્દ્રોડીયા - રાજકોટ - 9426516945)
૩) બાળકોમાં લેખનશક્તિનો વિકાસ થાય તે હેતું થી ઓન ધ સ્પોટ મુદ્દો આપીને તેના પર લેખન કરવા આપવામાં આવે છે.બાળકો મુદ્દાને મનોમન વિચારીને પોતાના શબ્દો કાગળ પર લખે છે. (નિયતીબેન પટેલ - ગાંધીનગર - 7600031823, જીતાભાઇ વણકર - કચ્છ - 7600876251, મેહુલકુમાર સુથાર - મહેસાણા - 7600984093, હિરેનભાઈ સંઘાણી - બોટાદ - 9904994294)
૪) બાળકોને ચિત્ર તેમજ મુદ્દા પરથી વાર્તા તેમજ અહેવાલ લખવા આપવામાં આવે છે. (જયશ્રીબેન મકવાણા - રાજકોટ - 7622016354, રાજેશભાઈ પ્રજાપતિ - અમરેલી - 8980337661, અજયભાઈ પરમાર - ભાવનગર - 8980778856)
૫) બાળકને દર અઠવાડિયે તેમજ ૧૫ દિવસે લાઈબ્રેરીમાંથી એક પુસ્તક આપવામાં આવે છે, બાળક આ પુસ્તક વાંચે છે અને તેનો મંતવ્ય શાળામાં રાખેલ રજીસ્ટરમાં પોતાના શબ્દોમાં નોંધે છે, તેમજ પ્રાર્થનાસભામાં પુસ્તક માંથી પસંદ પડેલ પ્રસંગ વાંચીને સંભળાવે છે.આમ આ પ્રવૃત્તિ થકી વાંચન તેમજ લેખન શક્તિમાં વધારો જોવા મળ્યો છે. (કમલેશભાઈ ભટ્ટ - ભાવનગર - 8141671778, રમેશભાઈ જાદવ - રાજકોટ - 8866606379)
૬) શાળામાં આવતા વર્તમાન પત્રો દ્વારા વાંચનશક્તિ વધે તે હેતુથી પ્રાર્થનાસભામાં કોઈ પણ બાળકને ઉભા કરીને વર્તમાન પત્રમાંથી ગમતી બાબત વાંચવા આપવામાં આવે છે, આમ બાળક વાંચે છે અને બીજા બાળકો સાંભળીને પોતાનું સામાન્યજ્ઞાન વધારે છે. (પીન્ટુબેન પટેલ - પંચમહાલ - 8980590917, મનીષભાઈ સુથાર - ખેડા - 9099172177, દમયંતીબેન પટેલ - કચ્છ - 9408837250, સુરેશભાઈ ભાવસાર - મહીસાગર - 9427078704)
૭) બાળકોને ડીજીટલ વાર્તા સંભળાવીને પોતાની જાતે લખવા આપવામાં આવે છે. (નિશીથભાઈ આચાર્ય - અમદાવાદ - 9662359321)

## (૪) પ્રશ્ન: શિક્ષક દ્વારા બાળકોમાં લેખન સર્જન કૌશલ્ય વિકસાવવા કરેલ પ્રવુતિ અને તેનું પરિણામ ટૂંકમાં જણાવો.

**તારણ:** શિક્ષકોએ આપેલ શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે જવાબની સાથે શિક્ષકનું નામ અને નંબર પણ આપેલ છે.
૧) બાળકોમાં લેખન સર્જન કૌશલ્ય વિકસાવવા શાળામાં આવતા સમાચાર પત્ર તથા વિવિધ અંકોમાંથી બાળકને ગમતા મુદ્દા પર લેખન કાર્ય કરાવીને બીજા દિવસે જે વિદ્યાર્થીના સારા અક્ષર હોય તેનું પ્રાર્થના સભામાં બધા બાળકોની વચ્ચે ત્રણ તાળી દ્વારા બહુમાન કરવામાં આવે છે. (મનસુરી આકીબહુસૈન - અમદાવાદ - 7878711192, શાહ સંકેતભાઈ - છોટાઉદેપુર - 9624250072)
૨) “ટપાલ દ્વારા લેખન કૌશલ્યનો વિકાસ” બે શાળાઓના શિક્ષકની મદદથી વિદ્યાર્થીના નામ અને તેમના એડ્રેસ મંગાવ્યા.ત્યારબાદ સામ સામેની શાળાના બાળકો પોતાની શાળામાં ચાલી રહેલ કામગીરી વિષે તથા ખબર - અંતર પૂછતા સમાચાર જાતે ટપાલમાં લખે અને તેને બીજી શાળાના વિદ્યાર્થીના

એડ્રેસ લખીને પોસ્ટ - ઓફીસ માં આપી આવે છે અને તેના પ્રત્યુતર માં સામેના વિદ્યાર્થી પાસેથી ટપાલ મેળવે.આમ બાળકોમાં ટપાલ લખવાની ટેવ પડે અને સાથે સાથે તેમની લેખન સર્જન કૌશલ્યનો વિકાસ કર્યો. (વાઘેલા ડુંગરસિંહભાઈ - કચ્છ - 8128438232)

૩) શાળામાં વિવિધ સ્પર્ધા જેવીકે શ્રુત લેખન, નિબંધ સ્પર્ધા, મુદ્દા તેમજ ચિત્ર પરથી વાર્તા,સુલેખન સ્પર્ધા દ્વારા બાળકોમાં વિચારવાની શક્તિ ઉજાગર કરવાની સાથે સાથે તેમને સારા અક્ષર તથા સુંદર લેખન સર્જન કૌશલ્યનો વિકાસ કર્યો. (પટેલ ચંદ્રિકાબેન - ગાંધીનગર - 9825023704, મોરી કરશનભાઈ - ભાવનગર - 9737807621, ઓડેદરા રમેશભાઈ - પોરબંદર - 9737318884, મોરી અમિતભાઈ - સુરેન્દ્રનગર - 8866655861, ગઢિયા વિજયભાઈ - બોટાદ - 9662548154, રાવલ ખ્યાતીબેન - ગાંધીનગર - 9904480702, પટેલ પીન્ટુબેન - પંચમહાલ - 8980590917, ડૉ. મિનેશભાઇ પટેલ - બનાસકાંઠા - 9428186534)

૪) બાળકો નાના ધોરણથી જ સુંદર, સ્વચ્છ અને મરોડદાર અક્ષર વાળું લખાણ કરે તે હેતુથી વર્ગખંડમાં બાળકને કેલીગ્રાફી , વિવિધ આકારો વાળા ચિત્રો,રેતી વડે ચિત્રો અને ફ્રી - હેન્ડ થી બનતા ચિત્રો ની મદદ વડે બાળકોને ચિત્રકામના સહારે લેખન સર્જન કૌશલ્યનો વિકાસ કર્યો. આ પ્રવૃત્તિથી બાળકો સુંદર, સ્વચ્છ અને મરોડદાર અક્ષર વાળું લખાણ કરે છે. (પરમાર પ્રદિપભાઈ - જુનાગઢ - 9974164143, સુથાર મનોજભાઈ - બનાસકાંઠા - 9099206800, ભુવાઆનંદભાઈ - મોરબી - 8905175962, વણકરપરેશભાઈ - સાબરકાંઠા - 9427884557) (રેતીની મદદથી પોતાની ખૂબી બહાર લાવતા નેસડા પ્રાથમિક શાળાના બાળકો શિક્ષક - સુથાર મનોજભાઈ - બનાસકાંઠા)

૫) બાળકોમાં લેખન સર્જન કૌશલ્યનો વિકાસ કરવો પણ કેવી રીતે કરવો ? જેથી બાળકોને પણ લાગે કે "રમત સાથે ભણતર" કરી રહ્યા છે.શાળાની લાયબ્રેરીમાં વાર્તાના ઘણા પુસ્તકો છે બાળકોને કહેવામાં આવ્યું તમને જે વાર્તાનું પુસ્તક જોઈએ તે લઇ લો.અઠવાડિયાના અંતે બાળકોને કહેવામાં આવ્યું કે તમે જે વાર્તાની બૂક વાંચી તે પરથી તમારો અભિપ્રાય લખીને આપો.બાળકોએ પોતાના મનમાં જે વાર્તાની ચોપડી વિશેના અભિપ્રાય હતા તેને એક કોરા પેજ પર ચીતર્યા અને શિક્ષકને આપ્યા.આમ શિક્ષકે બાળકોને વાંચન અને લેખનકાર્ય માટે પણ પ્રોત્સાહિત કર્યા. (શાહ હર્ષલભાઈ - ભાવનગર - 9879553944)

૬) વિવિધ શાળા દ્વારા માસિક, દ્વિમાસિક, ત્રિમાસિક તથા વાર્ષિક પત્રિકા બનાવવામાં આવે છે.આ પત્રિકામાં જોક્સ, ઉખાણા, મગજમારીના પ્રશ્નો, જનરલ નોલેઝ, વાર્તા, કવિતા, જીલ્લા ટુર(પ્રવાસન સ્થળો વિશેની માહિતી),પ્રેરણાસ્ત્રોત સુવિચારો અને શાળામાં અત્યાર સુધી શું કર્યું ? ભવિષ્યમાં શું કરવા માંગે છે. જેવા વિવિધ વિભાગો ધોરણ ૫ થી ૮ ના બાળકોમાં વહેંચવામાં આવે છે, બાળકો પોતાની જાતે કાચું લખાણ કરી શિક્ષકને આપે છે શિક્ષક બધા વિભાગ ભેગા કરીને જે વિદ્યાર્થીએ સારી રીતે લખ્યું હોય તેમનું નામ તથા ધોરણનું નામ પત્રિકામાં તેના વિભાગ સાથે જરૂરી વ્યાકરણના સુધારા કરીને છાપવામાં આવે છે.જેથી બાળકો વધુ પ્રોત્સાહિત થાય છે. (કટેશિયા ભગવાનજીભાઈ - જામનગર - 9925891560, પંચાલ ભુપેન્દ્રભાઈ - આણંદ - 9737229679, બોલણીયા વિજયભાઈ - સુરેન્દ્રનગર - 9979703541, પટેલ રમેશચંદ્ર - ભરૂચ - 9426859056)

(ભગવાનજીભાઈ કટેશિયા દ્વારા શાળામાં ચલાવતું માસિક પત્રક “કાંકરિયા વર્લ્ડ” જેમાં બાળકોને પોતાની ખૂબી બહાર લાવવાની ઉતમ તક આપવામાં આવે છે.)

### (૫) પ્રશ્ન: આપે આપની શાળામાં વિદ્યાર્થીઓના લેખન કૌશલ્યનો વિકાસ થાય તે માટે કોઈ નવીન પ્રવૃત્તિ કરી છે?

**તારણ:** ૩૮૮ શિક્ષક જેઓએ જવાબ આપ્યો છે તેમાંથી ૨૮૩ શિક્ષકના દ્વારા શાળામાં વિદ્યાર્થીઓના લેખન કૌશલ્યનો વિકાસ થાય તે માટે કંઇક ને કંઇક નવીન પ્રવૃત્તિ કરવામાં આવેલ છે. જે નીચે મુજબ છે.

૧) શાળા દ્વારા ભીંતપત્ર અથવા બાળસામાયિક પ્રકાશિત કરવામાં આવે છે જેમાં બાળકોની સ્વરચિત અને હસ્તલિખિત કૃતિનો સમાવેશ કરવામાં આવે છે,જેના પરિણામે બાળકોમાં બીજા બાળકથી સારું કામ કરવાની જીજ્ઞાશા વધી અને સાથે લેખન કૌશલ્યમાં વધારો થયો.આ ભીંતપત્ર અથવા બાળસામાયિક માં એક શબ્દ પરથી બાળકો દ્વારા સર્જિત વાર્તા, નિબંધ, કાવ્ય અને પ્રવાસ કે વિવિધ વિશેષ દિનની ઉજવણી શાળામાં ઉજવ્યા બાદ બાળકો પોતાના શબ્દોમાં પોતાનો અનુભવ કોરા કાગળ પર લખે છે અને તે શાળાના ભીંતપત્ર અથવા બાળસામાયિક પત્રમાં છાપવામાં આવે છે , અને આ ભીંતપત્ર અથવા બાળસામાયિક શાળાની નજીકમાં આવેલ બીજી શાળા સુધી પહોચાડવામાં આવે છે.

૨) પ્રાર્થનાસભામાં બાળકો કાવ્ય, વાર્તા,જાણવા જેવું, જ્ઞાન ગોષ્ઠી, પોતાનો અનુભવ વગેરે રજુ કરે છે અને રજુ કરનાર બાળક પોતે પોતાની કૃતિ એક કાગળ પર લખીને આપે છે જે કાગળ શાળાને નોટીસબોર્ડ પર લગાવવામાં આવે છે અને બીજા દિવસે પ્રાર્થનાકૃતિ નામની ફાઈલમાં સંગ્રહ કરવામાં આવે છે. સાથે શિક્ષક ચિત્ર પરથી વાર્તા બનાવવી, કોઈ એક શબ્દ પરથી વાર્તા બનાવવી, પેરેગ્રાફ પરથી વાર્તા બનાવવી વગેરે પ્રવૃત્તિ કરાવે છે અને અઠવાડિયાના અંતે જે બાળકની વાર્તારચના સારી હોય તેઓને ૧ થી ૩ નંબર આપીને તેઓનું બહુમાન કરવામાં આવે છે અને સાથે તેઓને એક પેન આપવામાં આવે છે, અને આ વાર્તા શાળાના નોટીસ બોર્ડ પર એક અઠવાડિયા માટે રાખવામાં આવે છે અને ત્યારબાદ તેને વાર્તાસંગ્રહ નામની ફાઈલમાં રાખવામાં આવે છે.બાળકો દ્વારા રચાયેલ વાર્તા માંથી જે વાર્તા બોધ આપતી હોય અને સરસ હોય તેવી વાર્તાનું બાળસામાયિક પત્રમાં પ્રકાશિત કરવાનો લાભ આપવામાં આવે છે.

૩) ધોરણ ૧ થી ૩ ના બાળકોને વાર્તા સંભાળવી અને જોવી બહુ ગમે તેથી શિક્ષક દ્વારા બાળકોને LCD અથવા કોમ્પુટરમાં પંચતંત્રની વાર્તા ,વિક્રમ વેતાળ ,ઈસપની વાર્તાઓ અને અકબર બીરબલની વાર્તાઓ અઠવાડિયામાં ૨ વાર બતાવવામાં આવે છે પણ એક શરતે કે બાળકોએ વાર્તા જોયા પછી તેને જેવી આવડે તેવી પોતાની નોટબૂકમાં લખવાની અને શિક્ષકને બતાવવાની.આમ બાળકો વાર્તા સાંભળ્યા પછી પોતાની જાતે વિચારે છે અને તેને શબ્દોમાં રૂપાંતર કરવાની કોશિશ કરે છે આ સાથે બાળકને વાર્તામાં એક - બીજા સાથે કરવામાં આવતા સંવાદના શબ્દો વિષે પરિચિત બન્યા.આ પ્રવૃતિથી બાળકોને નવા શબ્દો કાને પડ્યા અને તેમના લેખનમાં પણ એ જોવા મળ્યા અને મૌલિકતા પણ વધારો જોવા મળ્યો.

૪) પ્રજ્ઞાવર્ગ ધોરણ ૧ અને ૨ માં લેખન કૌશલ્ય વધે તે હેતુથી શિક્ષક દ્વારા સાદા શબ્દોથી લઈને અઘરા શબ્દોના કાર્ડ બનાવ્યા, ત્યારબાદ બાળકોના જૂથ પાડવામાં આવ્યા અને જુથમાં એક વિદ્યાર્થી પસંદ કરવામાં આવ્યો જેને શબ્દો સારી રીતે લખતા આવડતું હોય તેને જૂથની જવાબદારી સોપવામાં આવી.આ પસંદ કરેલ બાળક પોતાના હાથમાં રહેલ કાર્ડ વાંચે અને બીજા વિદ્યાર્થી તે સાંભળીને લખશે. કાર્ડ પુરા થઇ ગયા બાદ વિદ્યાર્થી શિક્ષક પાસે જશે અને ચેક કરાવશે.જુથમાં તમામ બાળકના લેખનમાં કોઈ ભૂલ ન હોય તો શિક્ષક તે જૂથને હસ્તો ચહેરો, ચોકલેટ, સ્ટાર વગેરે સિમ્બોલ આપીને તેઓને વાક્યનું કાર્ડ આપે છે,આવી રીતે જે બાળકો લેખનમાં ભૂલ કરતા હતા તે આ પ્રવૃત્તિ કર્યા બાદ તેનું પ્રમાણ ઓછુ થયું છે.

## (૬) પ્રશ્ન: કેવી કેવી પ્રવૃતિઓ દ્વારા બાળકોમાં વાંચનનું કૌશલ્ય વિકસાવી શકાય?

**તારણો**: શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે.

૧) બાળકોમાં વાંચનનું કૌશલ્ય વિકસાવવા માટે સ્વર,વ્યંજન અને મૂળાક્ષર, બારાક્ષરી, જોડિયા શબ્દો, સાદા શબ્દો, એકવાક્ય વાળા શબ્દો, તથા વ્યાકરણની સમજ જેવી કે હ્સ્વ, દીર્ઘ, માત્રાઓ, અલ્પવિરામ, પૂર્ણવિરામ.વગેરેની સમજણ આપી શકાય.

૨) નિયમિત વાંચન જૂથ બનાવીને બાળકોમાં વાંચનનું કૌશલ્ય અને તેના આત્મવિશ્વાસમાં વધારો કરી શકાય.

૩) નાના શબ્દો બાળકો પાસે વંચાવવા તેમજ શબ્દો પરથી નાના વાક્યો તેમને જ બનાવવા આપવાથી તેનામાં શબ્દોનું જ્ઞાન અને સમજણમાં વધારો કરી શકાય.

૪) સતત વાર્તાનો મહાવરો કરાવવો અને બાળકને પોતાની ભાષામા લખીને વાચવા માટે કહેવાથી બાળકે કઈંક નવું કર્યાની લાગણી અનુંભવશે.

૫) બાળકને કોઈ પ્રશ્ન પૂછી તેનું સંદર્ભ સાહિત્ય જણાવવું અને તેમાંથી જવાબ શોધવા માટે કહી શકાય તેનાથી બાળક તે સાહિત્ય જોશે અને તેમાંથી નવું શીખી શકશે.

૬) વર્ગખંડમાં શિક્ષક ટેબલ પર એક બૂક રાખશે અને વર્ગખંડમાં દાખલ થતા બાળકને બૂક માંથી કોઇપણ એક વાક્ય બોર્ડ પર લખવા અને વાંચવા કહેવું.

૭) અધુરી વાર્તા બાળકોને કહી તે અધુરી રહી ગયેલ વાર્તા વાંચીને પૂરી કરવા કહી શકાય.

૮) આ ઉપરાંત શાળામાં: ૧) રીડીંગ કોર્નર, મોબાઇલ પુસ્તકાલય, બાળપુસ્તક મેળો, ૨) વાર્તા વાંચન, આદર્શ વાંચન, મુક વાંચન. ૩) જોડ્યા શબ્દો અલગ કરીને તેની જેવા બીજા શબ્દો શોધવા, ૪) ચિત્રો દોરીને સમજુતી આપીને, માટીમાં અક્ષરો લખીને વાચવા પ્રેરિત કરી શકાય. ૫) શબ્દોની રમત કે શબ્દ બેંક બનાવીને, શબ્દ કે મૂળાક્ષર પરથી કાર્ડ તૈયાર કરવા દ્વારા, ૬) વાંચન મહાવરો, ઉચ્ચાર શુદ્ધિ, સમૂહ વાંચન પ્રવૃત્તિ, ૭) સમાચારપત્રોમાં આવતા નાના લેખોનું કટિંગ કરીને તેના પર સપૂર્ણ મહિનાના પ્રોજેક્ટ વર્ક આપી શકાય, ૮) ટેકનોલોજીના માધ્યમ દ્વારા કાર્ટુન વિડીઓ, અભિનય ગીત, ફૂલપાંદડી જેવી બુકોનું વાંચન, ૯) ગુપ્ત શબ્દોની રમત, ,ગ્રામ્ય મુહાવરાઓનું લેખન અને વાંચન, ૧૦) વૃક્ષોનું નામાંકરણ કરીને, દિવાલ લેખન વગેરે પ્રવૃતિઓ દ્વારા બાળકોમાં વાંચનનું કૌશલ્ય વિકસાવી શકાય.



# હાજરી અને અનિયમિતતા

**(૧) પ્રશ્ન: તારીખ ૨૫ જૂન ૨૦૧૬ ના રોજ શાળાને લગતી સમસ્યાઓનો પ્રશ્ન પુછવામાં આવેલ હતો. તે અંતર્ગત શિક્ષકો દ્વારા જણાવવામાં આવેલ સમસ્યાઓમાંથી મુખ્ય અને સૌથી વધુ શાળામાં જોવા મળતી સમસ્યા છે કે શાળાના ઘણા પ્રયત્નો છતાં મોટા પ્રમાણમાં બાળકોની શાળામાં અનિયમિત રહે છે. આપના અનુભવના આધારે જણાવો આ સમસ્યાનું નિવારણ કઈ પ્રવુતિ દ્વારા કરી શકાય?**

**તારણ:** શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે. જવાબ આપવાની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ અને મોબાઈલ નંબર પણ આપેલ છે.

૧) "વાલી સેતુ પત્ર" અંતર્ગત વાલીઓ શાળામાં નિયમિત મુલાકાત લે છે અને નિયમિત શાળાએ આવનાર વિધાર્થીને પ્રોત્સાહન આપવામાં આવે છે. (તેજાભાઈ પ્રજાપતિ - બનાસકાંઠા - 9898901845)

૨) "કલાસ રત્ન પ્રોજેક્ટ","ગોલ્ડન કલાસ ઓફ ધ સ્કુલ" અંતર્ગત એક મહિનામાં નિયમિત આવનાર વિધાર્થીનું શાળા,એસ.એમ.સી. અને ગામલોકોની હાજરીમાં સન્માન કરી પ્રોત્સાહિત કરવામાં આવે છે. (ચિરાલબેન સુથાર - સાબરકાંઠા - 9909526137, વિજયભાઈ બંભાણીયા - ભાવનગર -9913992930)

3) શાળામાં વર્ષ દરમિયાન નિયમિત રહેનાર વિધાર્થીને "સ્ટુડન્ટ ઓફ ધ યર" જાહેર કરી પ્રમાણપત્ર આપવામાં આવે છે. (અશ્વિનકુમાર પટેલ - બનાસકાંઠા – 9925318410, પરેશભાઈ ઠાકોર - અમદાવાદ - 8347741969, કેયુરભાઈ ડોડીયા - રાજકોટ - 9725319802)

૪) "મારી હાજરી મારા હાથે" અંતર્ગત બાળકો અલાયદા ફોરમેટમાં પોતાની દૈનિક હાજરી પૂરે અને માસને અંતે ૧૦૦% હાજરી આપનાર બાળકને પ્રાર્થનાસભામાં ઈનામ આપી સન્માન કરવામાં આવે છે. (રમેશચંદ્રભાઈ પટેલ - ભરૂચ - 9426859056)

૫) "વર્ગ એજ સ્વર્ગ" અંતર્ગત વર્ગખંડ શૈક્ષણિક અને ભૌતિક સુવિધા યુકત બનાવવામાં આવ્યો તેથી બાળકોનો ગમતો વર્ગખંડ બનવાથી તેવો શાળામાં નિયમિત થયા. (મુકેશકુમાર પઢીયાર - બોટાદ - 9601288601)

6) "અધુરી વાર્તા" અંતર્ગત શાળામાં દર બે દિવસે મુલ્યશિક્ષણનો સમાવેશ કરી એક વાર્તા કહેવામાં આવે છે. પહેલા દિવસની અધુરી વાર્તા બીજા દિવસે પૂરી કરવામાં આવે છે. બાળકો રસપ્રદ વાર્તા સાંભળવા માટે નિયમિત શાળાએ આવતા થયા. (ભાવિકભાઈ ગુરુબક્ષાણી - ગાંધીનગર - 8511047846)

7) "પ્રવૃતિ મંચ", "પપેટ શો" કાર્યક્રમ અંતર્ગત જેમા પ્રાર્થના કાર્યક્રમથી માંડીને શાળા સમય પૂરો થાય ત્યાં સુધી કંઇ કંઇ પ્રવૃતિ કરાવી શકાય તેનુ આયોજન કરેલ છે. તેમાં ગણિતમાં ચતૂષ્કોણનાં પ્રકારો, સ્થાનકિંમત વગેરે મેદાની રમતથી, વ્યાજનાં દાખલા બેંક મુલાકાત દ્વારા, નફો - ખોટ રામહાટ દ્વારા, સાપસીડીની રમતથી સરવાળા બાદબાકી શીખવાડાય છે.સામાજિક વિજ્ઞાન e-news દ્વારા,વિજ્ઞાન ટેકનોલોજી પ્રયોગો દ્વારા,પ્રજ્ઞાની વિવિધ સપ્તરંગી પ્રવૃતિ art n craft કોર્નર દ્વારા તેમજ વિવિધ બાલરમતો રમાડવામાં આવે છે.આ કારણે બાળકો શાળા નિયમિત થયા. (ગૌરવભાઈ પટેલ - અમરેલી

- 9727571009, નિધિબેન સુતરીયા - અમરેલી - 9825542629, અનિતાબેન પટેલ - પાટણ - 992501072)

**(૨) પ્રશ્ન: ધોરણ ૮ થી ૯ માં વિધાર્થીનીઓ નો ડ્રોપ આઉટ રેશીયો સૌથી વધુ છે. આ પ્રકારના નવતર પ્રયોગ દ્વારા ડ્રોપ આઉટ રેશિયો ઘટાડી શકાય છે.શું આપે કન્યા શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે પ્રયત્ન કરેલ છે.તેની ટૂંકી વિગત આપો.**

**તારણ:** મોટા ભાગના શિક્ષકોના મતે દર્શાવેલ નવતર પ્રયોગ જેવી પ્રવૃતિઓ દ્વારા કન્યાઓનો ડ્રોપ આઉટ રેટ ઘટાડી શકાય છે. એ સિવાય શિક્ષકો દ્વારા કન્યા શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે કરેલ પ્રવૃતિઓ નીચે મુજબ છે.

૧) એક શાળામાં શિક્ષકો વાલી અને કન્યાના સીધા સંપર્કમાં રહે છે અને માધ્યમિક શાળાના આચાર્યની મુલાકાત કરી તેઓ કન્યાનું નામાંકન કરાવે છે. પરિણામ એ મળે છે કે બોર્ડની પરીક્ષામાં કુમાર કરતા કન્યાનું રીઝલ્ટ ઊંચું જોવા મળે છે.

૨) એક શાળામાં ભણતી તમામ કન્યાઓના વાલીનું એક સમ્મેલન યોજવામાં આવે છે જેમાં તેમને કન્યા શિક્ષણનું મહત્વ સમજાવવામાં આવે છે અને ફોટા તેમજ વિડીયો પણ દેખાડવામાં આવે છે તથા કન્યાઓના ઉચ્ચ અભ્યાસ માટે રહેલ સરકારી યોજના વિષે તેમને વાકેફ કરવામાં આવે છે અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે. અને ગામના પ્રતિષ્ઠિત વ્યક્તિઓ દ્વારા પણ શિક્ષણનું મહત્વ સમજાવવામાં આવે છે.

૩) એક શિક્ષકે નજીકની માધ્યમિક શાળામાં વિદ્યાર્થીઓના વાલીઓને લઇ તેમની મીટીંગ કરવી અને કન્યા શિક્ષણના મહત્વ વિષે જાણકારી આપી. પરિણામ એ આવ્યું કે તેઓ ધોરણ ૮ પછી તેમની દીકરીઓના અભ્યાસ માટે માધ્યમિક શાળામાં મોકલવા સહમત થયા.

૪) શાળાના સંકૃતિક કાર્યક્રમમાં કન્યા કેળવણી અને કન્યા શિક્ષણના વિષય પર નાટક રજુ કરેલ છે.

૫) શિક્ષકો ધોરણ ૮ ના વિદ્યાર્થીઓના વાલીને બોલાવી તેમના જ બાળકો દ્વારા તૈયાર કરેલ શૈક્ષણિક કૃતિઓ દેખાડવામાં આવે છે જેથી તેમને કન્યાઓમાં રહેલ કળાનો પરિચય થાય આ ઉપરાંત હોશિયાર વિદ્યાર્થીનીને શાળા તરફથી વધારાની શિષ્યવૃત્તિ પણ આપવામાં આવે છે. શિક્ષક દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ પછી વિવિધ કોર્સ અંગેનું માર્ગદર્શન પણ આપવામાં આવે છે જેથી વિદ્યાર્થીનીઓ સ્વનિર્ભર બની શકે.

૬) ઉચ્ચ અભ્યાસ કરવા માંગતી અને કરી રહેલ વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહક ઇનામો આપવામાં આવ્યા અને ગામમાં જે કન્યાઓ ભણીને આગળ કારકિર્દી બનાવી હોય તેમને બોલાવી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું.

૭) એક શિક્ષક દ્વારા વિવિધ ગામની મુલાકાત કરવામાં આવે છે અને કન્યા શિક્ષણ અંગે તેઓ ફિલ્મ બનાવે છે. ત્યારબાદ તેઓ રેડિયો સ્ટેશનની પણ મુલાકાત લે છે અને રેડિયો જોકીને પણ કન્યા શિક્ષણ અંગે વાત કરવા માટે કહે છે.

૮) કન્યા શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે શિક્ષકે ખાસ પૂતળી ખેલ ભણતરનો દાયજો, દીકરીને આપજો સ્વખર્ચે તૈયાર કર્યો છે. આ પૂતળી ખેલ દર વર્ષે ઘણી બીજી શાળાઓમાં ભજવાય છે. GIET દ્વારા તેનું શુટિંગ કરીને અવાર-નવાર DD-1 તથા DD-11 પર દર્શાવાય છે.
૯) શિક્ષક દ્વારા દરેક વિદ્યાર્થીની માટે સલામતી ભર્યું વાતાવરણ પૂરું પડાય છે અને તેઓને અનેક કળા પણ શીખવાડાય છે. પરિણામ રૂપે છેલા ૬ વર્ષથી શાળામાં કુમાર કરતા કન્યાની સંખ્યામાં વધારો છે અને કન્યાઓ દરેક પ્રવૃતિમાં ભાગ પણ લે છે.
૧૦) સ્કૂલના ડિસ્પ્લે બોર્ડ પર કન્યાઓએ કોઇપણ ક્ષેત્રમાં સફળતા હાંસલ કરી હોય તે વિશેના સમાચારના કટિંગ લગાડવામાં આવે છે જેથી વિદ્યાર્થીનીઓ તેમાંથી પ્રેરણા લઇ ઉચ્ચ અભ્યાસ કરે અને સફળ કારકિર્દી બનાવે.

**(3) પ્રશ્ન: ઉમેદપુરા પ્રાથમિક શાળા, તાલુકો - વાવ, જીલ્લો - બનાસકાંઠા માં શાળા એ મોડા આવનાર બાળકને કડવા લીમડાના બે થી ત્રણ પાન ખવડાવવાની સજા આપવામાં આવે છે. એક અઠવાડિયામાં જ સરસ પરિણામ જોવા મળ્યું, ૮૦% બાળકો નિયમિત આવતા થઇ ગયા.આ રીતે બાળકોના સ્વાસ્થયનું પણ ધ્યાન રાખવામાં આવે છે. આપ શિક્ષક દ્વારા બાળકોનું સ્વાસ્થય સારું રહે તે માટે કરેલ પ્રવુતિ અને તેનું પરિણામ ટૂંકમાં જણાવો.**

તારણ: શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે. જવાબની સાથે શિક્ષકનું નામ અને મોબાઈલ નંબર પણ આપેલ છે.
૧) 'મારું સ્વાસ્થ્ય એ પરિવારની ખુશી' અંતર્ગત બાળકોને પ્રાર્થનાસભામાં કોઈ એક ઔષધિ કે ઘરગથ્થું ઉપચાર સંદર્ભે શિક્ષકો દ્વારા અને બાળકો દ્વારા માર્ગદર્શન આપવામાં આવે છે. બાળકોને શાળામાં આરોગ્ય અંતર્ગત માર્ગદર્શન આપવાથી તેમના પરિવારમાં કોઈ બીમાર પડે તો એ તાત્કાલિક ઘરગથ્થુ ઉપચાર કરી શકે છે. (ગૌરવભાઈ પટેલ - અમરેલી - 9727571009)
૨) "તન તંદુરસ્ત તો મન તંદુરસ્ત" પ્રોજેક્ટ અંતર્ગત શાળાના જ શિક્ષક દ્વારા ધોરણ ૨ થી ૮ ના દરેક બાળકને વર્ષ દરમિયાન શરીરની તંદુરસ્તી જળવાય તે માટે આઠ આસનો શીખવામાં આવે છે.આ બાળક ધોરણ ૨ થી ૮ ભણી શાળામાં જય ત્યાં સુધી તેમને ૫૬ જેટલા આસનો શીખી જાય અને બાળક તંદુરસ્ત રહે છે. (રાકેશભાઈ પટેલ - અમદાવાદ - 9974853984)
3) "દત્તક બાળક" અંતર્ગત શાળાના શિક્ષક દ્વારા આર્થિક રીતે નબળા અસ્વસ્થ બાળકને દત્તક લઈ શિક્ષક દ્વારા અથવા લોકસહકાર મેળવી બાળકની સારવાર કરાવવામાં આવે છે. (દીપિકાબેન વ્યાસ - ગાંધીનગર - 9429061430)
૪) "એક ગ્લાસ દૂધ" પ્રોજેક્ટ અંતર્ગત તોરડા પ્રાથમિક શાળાના બાળકોને લોકસહયોગથી એક ગ્લાસ દુધ આપવામાં આવે છે. જેથી બાળકોને પોષણક્ષમ આહાર મળી રહે છે. (જયેશભાઈ પટેલ - અરવલ્લી - 9638649495)

૫) હડમતીયા સી.આર.સી.ની પાંચ શાળાઓમાં બાળકોના સ્વાસ્થ્ય માટે ઋતુ પ્રમાણે એક  આયોજન બનાવી શાળાના દરેક આચાર્ય શ્રી ને આપવામા આવ્યુ છે. જેમાં જુદા જુદા પર્ણ, કંદમૂળ, કઠોળ, ફળ, શાકભાજી સી.આર.સી. દ્વારા વાલી સમુદાય,એસ.એમ.સી પરિવાર કે કોઈ દાતાના સહયોગ દ્વારા આપવામાં આવે છે. (ગૌતમભાઈ  ઇંદ્રોડીયા - રાજકોટ - 9426516945)

૬) “આજ નો ડોક્ટર” અંતર્ગત શાળામાં નક્કી કરેલા દિવસે શાળાના બાળકો માંથી કોઈ એકને બાળ ડોક્ટર બનાવવામાં આવે છે. આ બાળ ડોક્ટર શિક્ષકોના સહકારથી સ્વસ્થ રેહવા માટે કેવો ખોરાક, કેટલો ખોરાક, કસરત, સુટેવો વગેરેની માહિતી આપી બાળકોને સ્વાથ્ય પ્રત્યે જાગૃત કરાય છે. (મયુરભાઈ આહીર - અમદાવાદ - 9879200499)

૭) શાળામાં ધોરણ 5 થી 8 ના બાળકોને ઘરે ઘરે કચરા પેટી મુકાવી છે અને તેનો ઉપયોગ બાળકો અને પરિવારના સભ્યો કરે તે માટે બાળકોને સમજાવવામાં આવે છે. (ભાવિનકુમાર કાનજીભાઇ - પોરબંદર - 9586620719)



# મધ્યાહ્ન ભોજન

**(૧) પ્રશ્ન: શિક્ષકો દ્વારા જણાવવામાં આવેલ સમસ્યાઓ માંથી દસમાં ક્રમની મુખ્ય અને સૌથી વધુ શાળામાં જોવા મળતી સમસ્યા છે કે, શાળામાં બાળકો મધ્યાહ્ન ભોજન જમતા નથી.અથવા મધ્યાહ્ન ભોજનનો બગાડ કરે છે. શાળામાં બાળકો મધ્યાહ્ન ભોજન જમે અને મધ્યાહ્ન ભોજનનો બગાડ ન કરે તે માટે કરેલ પ્રવુતિ અને તેનું પરિણામ ટૂંકમાં જણાવો.**

**તારણ:** શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે. જવાબની સાથે શિક્ષકનું નામ અને મોબાઈલ નંબર પણ આપેલ છે.

૧) “અન્ન સાથે મન સાથે” પ્રોજેક્ટ અંતર્ગત રોજ શાળા પરિવાર અને બાળકો સાથે મેનુ મુજબ મધ્યાહ્ન ભોજન લે છે. આ માટે શાળાને એસ.એમ.સી પરિવાર અને ગ્રામ પરિવારનો સહયોગ મળે છે. (પુજાબેન પૈજા - રાજકોટ - 9825424661)

૨) “ગ્રામ મંડળ” અંતર્ગત સી.આર.સી હડમતીયાની પ્રાથમિક શાળાઓમાં દરેક ગામમાં એસ.એમ.સી. સભ્યો અને ગામલોકોનું એક ગ્રામ મંડળ બનાવવામાં આવ્યું છે.આ ગ્રામ મંડળ શાળાને બાળકોને ઋતુ મુજબ કઠોળ, ઔષધીય રસ, પર્ણ ,પાણી,વાનગી અને ગામના સારા કે દુઃખદ પ્રસંગો પર ખર્ચમાં ઘટાડો કરી શાળામાં તિથિ ભોજન આપી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવે છે. (ગૌતમભાઈ ઇંદ્રોડીયા - રાજકોટ - 9426516945)

૩) શાળામાં બાલ સંસદની મધ્યાહન ભોજન સમિતિના સભ્યોની ધોરણ પ્રમાણે ટુકડીઓ બનાવવામાં આવી છે.આ ટુકડી મધ્યાહ્ન ભોજનમાં બનતી રસોઈની ગુણવત્તા પર ધ્યાન આપે છે.અને ભોજનનો બગાડ ના કરે તે હેતુથી દરેક ધોરણના બાળકોને પોતાના વર્ગની આગળ જ જમવા માટે બેસાડવામાં આવે છે. શિક્ષકની હાજરીમાં જ બાળકોને જરૂર હોય તેટલું જ પીરસવામાં આવે છે.આના પરિણામે શાળાના 427 પૈકી 380 થી વધુ બાળકો દરરોજ મધ્યાહન ભોજનનો લાભ લે છે. (ભાનુપ્રસાદ પંચાલ - આંણદ - 9737229670)

૪) “અન્નપૂર્ણા ઇનામ“ અંતર્ગત શાળામાં દર અઠવાડીએ મધ્યાહન ભોજન દરરોજ જમનાર બાળકને અન્નપૂર્ણા ઇનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવે છે.(વિનોદકુમાર હિરાણી - બોટાદ - 9879242828)

૫) “મારી થાળી ખાલી થાળી” પ્રોજેક્ટ અંતર્ગત શાળામાં મધ્યાહન ભોજનનો બગાડ ન કરનાર બાળકને વાલી, એસ.એમ.સી. સભ્યો અને ગામલોકોની હાજરીમાં શાળા દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવે છે.(કમલેશભાઈ ભટ્ટ - ભાવનગર - 814161778)

૬) “મારી થાળી “ અંતર્ગત શાળામાં દરેક મધ્યાહન ભોજનની થાળી પર એક નંબર લખેલો હોય છે. દરેક બાળક પોતાને ધોરણ પ્રમાણે મળેલ નંબર વાળી થાળી લઈ જમવા બેસે છે. મધ્યાહન ભોજન પીરસતી વખતે આ નંબરની નોંધ કરવામાં આવે છે. આ આધારે જે નંબરની થાળી વાળા બાળકે મધ્યાહન ભોજન ન લીધું હોય તેમની સમસ્યા જાણી તેનું નિવારણ કરવામાં આવે છે. મધ્યાહન ભોજનનો બગાડ ન થાય તે માટે થાળીની સફાઈ કરતી વખતે પણ નક્કી કરેલ બાળકોની ટીમ થાળીના નંબરની નોંધ કરે છે. (રમેશકુમાર રાઠોડ - બોટાદ - 9427752066)




# ગુણવત્તાલક્ષી શિક્ષણ

## (૧) પ્રશ્ન: શું શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે અને મુશ્કેલીને દુર કરવા માટે દ્રી - માર્ગીય માહિતીની આપ - લે ની જરૂર છે. આપના માટે કયા પ્રકારની માહિતીની આપ - લે ની જરૂર છે?

**તારણ:** શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે. જવાબ આપનાર શિક્ષકની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ અને મોબાઈલ નંબર આપેલ છે.

૧) શાળાને લગતી સમસ્યાઓ જે શિક્ષકો અને આચાર્ય અનુભવે છે.

૨) વહીવટી મુશકેલીઓ નિવારવા માટેની માહિતી.

૩) શાળામાં બાળકો માટે અને શાળાના વિકાસ માટે કરી શકાય તેવી નવીન પ્રવૃત્તિઓ અંગેની માહિતી.

૪) શાળા સર્વગ્રાહી મૂલ્યાંકન હેઠળ મૂલ્યાંકન કરવા માટેની ચોક્કસ રીત અંગેની માહિતી.

૫) અભ્યાસક્રમ અંગેની માહિતીની આપલે.

૬) નીતિઓના અમલ માટેની માહિતી અને શાળા વિકાસ યોજનામાં કોઈ પ્રકારના ફેરફાર હોય તો તેને કઈ રીતે અમલમાં લાવવા તે માટે.

૭) ગુણવત્તાલક્ષી શિક્ષણ પૂરું પાડવા માટેની જુદી જુદી પદ્ધતિઓ અંગેની માહિતી.

૮) જુદી જુદી માર્ગદર્શિકા અને મોડ્યુલ માં જે સુધારા વધારા થયા હોય તેની માહિતી.

૯) જ્યાં અમલીકરણ થતું હોય શાળા કક્ષાએ તો ત્યાંથી પણ સૂચનો લેવામાં આવે અને પછી જ તેને લગતી કોઈ યોજના બનાવવામાં આવે.

૧૦) માસિક અને વાર્ષિક અભ્યાસક્રમની માહિતી, શિક્ષક અને બાળકોની ઉપલબ્ધીઓની માહિતી, વર્ષ દરમિયાનની સહભ્યાસિક પ્રવૃત્તિઓની માહિતી, પ્રોજેક્ટ વર્કની માહિતી, શાળામાં બાળકો માટે ખૂટતી સુવીધાઓ અંગેની માહિતીની આપ - લે, શૈક્ષણિક ઉપ્લબ્ધીઓની માહિતી.

## (૨) પ્રશ્ન: શાળા સમયબાદ વિદ્યાર્થીઓ ગુણવત્તા યુક્ત શિક્ષણ સાથે જોડાયેલા રહે તે માટે કરેલ પ્રવૃત્તિ અને પરિણામ ટૂંકમાં જણાવો.

**તારણ:** શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે. જવાબ આપનાર શિક્ષકની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ અને મોબાઈલ નંબર આપેલ છે.

૧) શાળા સમય બાદ બાળકો શાળામાં જ સમય પસાર કરે તે હેતુથી ૬૦% શાળાના શિક્ષકો કે જેમને પોતાનો અભિપ્રાય આપ્યો છે તેઓના મત મુજબ બાળકોને રમત - ગમત, ગૃહકાર્ય તેમજ ક્વીઝનું આયોજન શાળા સમય પૂરો થાય બાદ કરે છે અને બાળકોને શાળા સાથે જોડાયેલા રાખે છે. આ પ્રવૃત્તિ નું પરિણામ એ મળ્યું કે બાળકો શાળા સમય પત્યા પછી જે રખડવા જતા રહેતા તે બંધ થયા, અલગ અલગ રમતો રમતા થયા તેમજ ક્વોલીટી ઓફ એજ્યુકેશન વધ્યું.

૨) બાળકો શાળામાંથી છુટી જાય પછી બાળકો ઘરે પહોચીને એક ખૂણામાં દફતર ફેકીને મિત્રો સાથે રમવા જતા રહે છે અથવા તો રખડવા જતા રહે છે. આ સમસ્યાના નિરાકરણ માટે ૭૦% શાળાના શિક્ષકો દ્વારા એક “શેરી શિક્ષણ” અને “ઘર શાળા”નું આયોજન કરેલ છે, જેમાં ગામના શિક્ષિત લોકો,

એસ.એમ.સી.સભ્યો, મોટા ધોરણના હોશિયાર વિદ્યાર્થીઓ, શાળાના આચાર્ય અને શિક્ષશકોનો સમાવેશ કરવામાં આવ્યો અને મહોલ્લા - શેરી પ્રમાણે રહેતા વિદ્યાર્થીના ગ્રુપ પાડવામાં આવે છે અને આ ગ્રુપ ગામના શિક્ષિત લોકો, એસ.એમ.સી.સભ્યો, મોટા ધોરણના હોશિયાર વિદ્યાર્થીઓમાંથી કોઈપણ એક વ્યક્તિના ઘરે એકઠાં થઈને પોતાનું ગૃહકાર્ય કરે છે અને પોતાને ન આવડતું હોય તેવા વિષય એકબીજા સાથે ચર્ચા કરીને તેનો હાલ કાઢે છે. પરિણામે બાળકો પોતાના મિત્રો સાથે જ રહીને અભ્યાસિક પ્રવૃત્તિ કરતા થયા અને આમ રમતની સાથે ગણતર મેળવતા થયા.

૩) શાળા સમય બાદ શાળામાં જ "ઓપન લાયબ્રેરી"નું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં બાળકને જોઈએ એ પુસ્તક લઈને વાંચી શકે છે. (હનીફ્શા બેલીમ - સુરેન્દ્રનગર - ૯૭૨૪૧૬૩૦૬૬, કમલેશભાઈ ભટ્ટ - ભાવનગર - ૮૧૪૧૬૭૧૭૭૮)

૪) શાળા સમય બાદ કોમ્પુટર વર્ગ ૧.૫ વર્ષથી ચાલુ કરવામાં આવ્યો છે, જેમાં શાળા સમય બાદ ૧ - ૧ કલાક ધોરણ ૫ થી ૮ ના બાળકોને એક શિક્ષકની દેખરેખ નીચે કોમ્પુટરમાં અંગ્રેજી - ગૂગલ ગુજરાતી ટાઇપીંગ શીખવાડવામાં આવે છે.જે બાળક આજે આવ્યો હોય ફરીથી તેનો વારો એક અઠવાડિયા પછી આવે છે. (સંજયભાઈ ઓઝા - ગીરસોમનાથ - ૯૪૨૮૧૮૭૯૪૩)

૫) "સ્વામી વિવેકાનંદગ્રુપ ઘરશાળા" અંતર્ગત શાળાના બાળકો ગામમાં એક જગ્યાએ ભેગા થઈને ગૃહકાર્ય કરતા, આ ઘરશાળામાં હાઇસ્કુલના બાળકો પણ આવે તે હેતુથી દર રવિવારે બાળફિલ્મ બતાવવામાં આવે છે જેથી સારૂ એવું પરિણામ અને સંખ્યા મળી છે. (હિરેનભાઈ સંઘાણી - બોટાદ - ૯૯૦૪૯૯૪૨૯૪)

૬) શાળા સમય બાદ બાળકો હજુ પણ થોડું વધારે શીખે તે હેતુથી શાળામાં એક્સ્ટ્રા ક્લાસનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી અને સાથે સાથે કોમ્પીટીટીવ પરીક્ષા જેવી કે સૌરાષ્ટ્ર હિન્દી પ્રચાર સમિતિની હિન્દી પરીક્ષાઓ, ગુજરાત વિદ્યાપીઠની જોડણી સૂધાર પરીક્ષા, ગાયત્રી પરિવાર ટ્રસ્ટની ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા, રાજ્ય પરીક્ષા બોર્ડની શિષ્યવૃત્તિ પરીક્ષા, ઉપરાંત સ્થાનિક પ્રશ્નોત્તર પરીક્ષાઓ માટેનું કોચિંગ આપવામાં આવે છે. (અરવિંદભાઈ રાઠોડ - ભાવનગર - ૯૫૧૦૧૮૩૭૮૩, યોગેશભાઈ સીતાપરા - નવસારી - ૯૦૩૩૫૨૪૧૫૪, જગદીશભાઈ રાણોદર - પાટણ - ૯૪૨૭૩૯૫૭૪૫, હરેશભાઈ ગુજર - સુરેન્દ્રનગર - ૯૪૨૭૪૯૫૮૫૩, પ્રશાંતભાઈ કરણીયા - અમરેલી - ૯૬૮૭૨૨૭૦૦૭, હર્ષભાઈ ગુર્જર - સુરેન્દ્રનગર - ૯૪૨૭૪૯૫૮૫૩)

૭) બાળકો ઘરે જઈને પણ શાળા સાથે સંકળાયેલા રહે તે હેતુથી ગ્રુપમાં પ્રોજેક્ટ આપવામાં આવે છે. બાળકો શાળા સમય બાદ શાળામાં જ પ્રોજેક્ટની કામગીરી વિષે વાતચીત તેમજ પ્રોજેકને લાગતું કામ કરે છે સાથે સાથે તેઓ પોતાના ઘરે પણ ગ્રુપમાં કામ કરે છે, પ્રવૃતિનું પરિણામ એ મળ્યું કે બાળકો પોતાની જાતે વિષયવસ્તુ પર વિચારતા થયા અને તેને જોવાનો અંદાજ બદલાયો. (એસ.એમ.પરમાર - વડોદરા - ૭૩૮૩૦૦૮૧૦, ચેતનભાઈ શાહ - અમદાવાદ - ૯૮૨૪૦૧૧૭૩૧, કરશનભાઈ મોરી - ભાવનગર – ૯૭૩૭૮૦૭૬૨૧)

## (૩) પ્રશ્ન: વિદ્યાર્થીઓમાં સહભાગીતા અને ચર્ચાને પ્રોત્સાહન આપવા આપે કરેલ નવતર પ્રયોગ અને તેનું પરિણામ ટૂંકમાં જણાવો.

**તારણ**: શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે.જવાબ આપવાની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ અને મોબાઈલ નંબર આપેલ છે.

૧) વિદ્યાર્થીઓમાં સહભાગિતા માટે વિવિધ પ્રવૃત્તિ વિદ્યાર્થી પાસે કરાવવામાં આવે જેવી કે, ચિત્રકામ, માટીકામ, અધૂરા વાક્ય પુરા કરી વાર્તા બનાવવી, શબ્દો ભેગા કરી ફકરો બનાવવો, શાળાસફાઈ, બગીચાકામ, વ્યક્તિગત સ્વચ્છતા, પાર્થના સભાની જવાબદારી, શાળા સંચાલન, ગૃહકાર્ય વગેરે. ત્યારબાદ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન માટે ઇનામનું વિતરણ, જાહેરમાં સન્માન કરાવવામાં આવે છે. જેના પરિણામે જે વિદ્યાર્થી ઈત્તરપ્રવૃતિમાં ભાગ નથી લેતા તેવા વિદ્યાર્થીઓ પણ ચર્ચામાં ભાગ લેવા પ્રેરાય છે. (રોજસરા વાળાભાઈ જે. - સુરેન્દ્રનગર - ૩૬૩૪૨૭ - ૭૦૧૬૬૨૦૮૧૨ , પ્રતિકકુમાર રૂડાણી - અમરેલી - ૩૬૫૬૩૫ - ૯૪૨૯૫૫૯૩૦૮, પઢીયાર મીતાબેન આર. - ખેડા – ૩૮૭૬૩૦ - ૯૭૨૩૦૮૬૫૭૨)

૨) વિજ્ઞાન જેવા વિષયમાં વૈજ્ઞાનિકના નામ પરથી વિદ્યાર્થીઓના ગ્રુપનું નામ આપીને હોશિયાર વિદ્યાર્થીને ગ્રુપના લીડર બનાવવામાં આવે છે. વિદ્યાર્થીઓને ટીમમાં પ્રોજેક્ટ વર્ક માટે અલગ - અલગ માહિતી ભેગી કરી રમતો રમે છે. મહિનામાં જે ગ્રુપને વધારે પોઈન્ટ આવે તેને ઇનામ દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવે છે જેથી વિદ્યાર્થીઓ ગ્રુપમાં કામ કરવામાં રસ દાખવે છે અને સહભાગિતા પણ ધરાવે છે. (કિંજલ એલ. જાંબુચા - ભાવનગર - ૩૬૪૦૪૧ - ૭૬૨૨૮૩૬૭૪૭, ડો. જોશી જયદીપ એ. - જૂનાગઢ - ૩૬૨૦૦૧ - ૯૫૩૭૯૭૭૭૮૯)

૩) વિદ્યાથીઓને મુંજવતા પ્રશ્નો માટે પ્રશ્નપેટી બનાવવામાં આવી છે જેમાં બાળકો તેના પ્રશ્નો લખી તેમાં મુકે છે. દર સપ્તાહે તે પેટીમાંથી પ્રશ્નો વાંચી શિક્ષક અને વિદ્યાર્થી ચર્ચા , જુથમાં વિદ્યાર્થી ચર્ચા, પ્રવૃત્તિ, રમત રમાડવી જેના દ્વારા વિદ્યાર્થીમાં સહભાગિતા કેળવાય છે. (ભુવા આનંદકુમાર ડી. - મોરબી - ૩૬૩૬૪૨ - ૮૯૦૫૧૭૫૯૬૨, કિશોર મકવાણા - જૂનાગઢ - ૩૬૨૨૬૦ - ૯૬૩૮૭૬૦૪૦૩, જાદવ મનીષાબેન આર. – ગીર સોમનાથ - ૩૬૨૫૩૦ - ૯૬૦૧૬૫૭૫૯૭)

૪) વર્ગમાં વિદ્યાર્થીઓની ટુકડી બનાવીને સર્જનાત્મક પ્રવૃત્તિ, પ્રશ્ન બેંક, પ્રશ્નોતરી, નાટક, ચર્ચા, વકતૃત્વ, મુલ્ય નિષ્ઠાવાળા સવાલો, નિબંધ લેખન, ચલચિત્રો, શાળાની નજીકમાં જોવાલાયક સ્થળ પર સામુહિક ભોજનની વ્યવસ્થા કરવાથી સહભાગિતા કરવામાં આવે છે. ( સોલંકી ભરતભાઈ જે. - સુરત - ૩૯૪૩૫૦ - ૯૮૨૪૪૭૧૦૧૨, સાંવ સચિનકુમાર આર. - સુરેન્દ્રનગર - ૩૬૩૫૧૦ - ૯૮૭૯૩૦૭૩૫૬)

૫) વિદ્યાર્થીઓને પર્ણપોથી બનાવવા તમામ વિદ્યાર્થીઓ ઘરેથી જુદા-જુદા પર્ણ લાવીને પર્ણપોથી બનાવે છે. તેમજ દરેક વિદ્યાર્થી ચિત્ર જોઈને ૨ લીટી માં લખે છે. એવી જ રીતે ઉખાણાના જવાબ, કોયડા રમત, પુસ્તક વાંચીને બીજા વિદ્યાર્થીઓ સાથે અદલાબદલી કરીને પુસ્તક વિશે ચર્ચા કરે છે. વિદ્યાર્થીઓમાં સમુહ્ભાવાના ના ગુણ કેળવાય છે. બાળકો વર્ગ સમક્ષ બોલતા થયા છે. (પટેલ હિતેન્દ્રકુમાર એન. - વડોદરા - ૩૯૧૭૭૪ - ૯૮૭૯૭૨૨૮૫૪, વિહોલ દિલીપસિંહ પી. - વિસનગર -

૩૮૪૩૧૫ - ૯૭૨૫૮૭૧૬૫૮, ઝાલા પ્રવીણસિંહ જે. - ખેડા - ૩૮૭૩૪૦ - ૯૯૦૪૩૬૪૯૭૧, જોશી ભાવિક કુમાર સી. - બનાસકાંઠા - ૩૮૫૦૦૧ - ૯૯૨૪૫૩૩૮૭૮ )

૬) ગણિત-વિજ્ઞાનની પ્રવૃતિ વિદ્યાર્થીઓ સાથે કરવામાં આવે છે. જેમ કે આઈટમ દ્વારા એસીડ બેઇઝની કસોટી, હળદર પત્ર કે જાસુદ પત્ર બનાવાવા માઈક્રોસ્કોપ દ્વારા ઓનિયન સેલ લેવાની આવી પ્રવૃત્તિ વિદ્યાર્થીઓ એકવાર જોઈને જાતે કરે છે. (પીયૂષ પંડયા - ભાવનગર - ૩૬૪૦૦૨ - ૯૯૨૪૬૫૪૨૨૦)

૭) વિદ્યાર્થીઓને મીનીટની ગેઈમ બનાવીને રમવાથી બધા રસપૂર્વક ભાગ લે છે. જેવી કે, કોન બનેગા કરોડપતિની રમત રમવાથી બાળકો ગમ્મત સાથે શીખવાની મજા આવે છે. તે મુજબ બાળકોને ચાલેલ પાઠનું પુનરાવર્તન, કાવ્ય, સમાનાર્થી અને વિરુધાર્થી શબ્દો વગેરે રમત રમીને શીખે છે. (દિક્ષિત ઉષાબેન ડી. - ભાવનગર - ૩૬૪૧૪૦ - ૯૪૨૬૪૫૫૮૪૮, ભાલોડીયા કુસુમ બહેન - જૂનાગઢ - ૩૬૨૦૦૧ - ૯૪૦૯૧૫૧૨૧૨)

**(૪) પ્રશ્ન: શું આપે આપની શાળામાં બાળકોની શૈક્ષણિક ગુણવતા મુલ્યાંકન માટે કોઈ નવીન પ્રવુતિ કરેલ છે. જો હા, તો તે નવીન પ્રવુતિની વિગત અને એનું પરિણામ શું જોવા મળ્યું તે ટૂંકમાં જણાવો.**

**તારણ:** શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે. જવાબ આપવાની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ અને મોબાઈલ નંબર પણ આપેલ છે.

૧) ૩૦૪ શિક્ષકે આપેલા જવાબ માંથી ૨૩૭ શિક્ષકે શાળામાં બાળકોની શૈક્ષણિક ગુણવતા મુલ્યાંકન માટે નવીન પ્રવુતિ કરેલ છે. બાકીના શિક્ષકે શાળામાં બાળકોની શૈક્ષણિક ગુણવતા મુલ્યાંકન માટે કોઈ નવીન પ્રવુતિ કરેલ નથી.

૨) "ચાણક્ય ઇનોવેશન એકેડમી" એવું ગ્રૂપ બનાવ્યું જે અંતર્ગત બધા શિક્ષકો સાથે મળી સમસ્યાઓના સમાધાન મેળવીએ છીએ સતત મૂલ્યાંકન કરવાથી શાળાના બાળકોની ગુણવતામા સુધારો જોવા મળે છે. વર્ષ દરમિયાન એકમ ટેસ્ટ લેવામાં આવે છે અને તમામ ટેસ્ટનો સંગ્રહ કરી તેના પર ચર્ચા કરવામાં આવે છે. (દેવાંગીબેન બારૈયા - જામનગર - 9429272564)

૩) શાળામાં વિદ્યાર્થીઓના શૈક્ષણિક કાર્યના મૂલ્યાંકન માટે અમુક વિષયના સમગ્ર એકમના તમામ મુદ્દાઓને આવરી લેતી મલ્ટિમિડિયા ફ્લેશ યુનિટ ક્વિઝનું નિર્માણ કરાયુ છે, જેથી બાળકો રિસેષના સમય દરમિયાન કમ્પ્યુટર પર બેસીને પોતાની મેળે અભ્યાસ, મૂલ્યાંકન તેમજ ઉપચારાત્મક એમ ત્રણેય કાર્ય એકસાથે કરે છે. (પંકજભાઈ પરમાર - જામનગર - 9978457656)

૪) ન્યુઝપેપર અથવા મેગેઝીનમાં આવતી શૈક્ષણિક માહિતીને એકમ સંદર્ભે પૂરક સાહિત્ય તરીકે ઉપયોગ કરવાની સમજ આપાવામાં આવી તેથી બાળકો એકમ સંદર્ભે પૂરક સાહિત્ય જાતે શોધતા થયા. (મનિષકુમાર સુથાર - ખેડા - 9099172177)

૫) કોઈ પણ વિષયના અઘરા મુદા સમજાવવા માટે પ્રશ્નોત્તરીને સાપ - સીડી સ્વરૂપે બનાવવી બીજા અને એકમને ઊભી - આડી ચાવીમાં ગોઠવવી...જેવી રમતો બનવાની વર્ગમાં રમાડવામાં આવે છે.તેથી

બાળક સરળતાથી અને થોડા સમયમાં સમજાવી શકાય છે. (પ્રણાલીબેન મહેશ્વરી - અમદાવાદ - 9429606070, ચેતનાબેન પટેલ - અમદાવાદ - 9998967213)

૬) શાળામાં દર મહીને એસ.એમ.સી. સભ્ય અને વાલીની હાજરીમાં ધોરણ પ્રમાણે અને જનરલ નોલેજના આધારે ઓનલાઈન - ઓફલાઈન કવીઝનું ત્રણ સ્તરે આયોજન કરવામાં આવે છે. આના પરિણામે બાળકો અને વાલીઓ શિક્ષણ પ્રત્યે જાગૃત થયા. (વિજયસિંહ રાઠોડ - કચ્છ - 9427384547, પ્રવિણભાઈ ઠાકોર - પાટણ - 9016933048)

૭) શાળામાં એકમ શીખવ્યા બાદ ચર્ચા અને એકમ અનુરૂપ લેખન કરાવવામાં આવે છે.બીજા દિવસે બાળકોની મૌખિક કસોટીનું આયોજન કરવામાં આવે છે.તેથી બાળકો લાંબો સમય યાદ રાખતા થયા અને બાળકોના અક્ષરો પણ સુધર્યા. (ચિરાગકુમાર પટેલ - પંચમહાલ - 9427657144)

## (૫) પ્રશ્ન: શું આપે કોઈ એવી પ્રવૃત્તિ કરી છે જેનાથી બાળકોનું મન વર્ગખંડમાં ચાલતી પ્રવૃત્તિમાં કેન્દ્રિત રહે? કરેલ પ્રવૃતિની ટૂંક માં વિગત જણાવો. પર્વૃત્તિનું શું પરિણામ આવ્યું?

**તારણ:** શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે. જવાબની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ પણ આપેલ છે.

૧) શિક્ષકે આગલા દિવસે ભણાવવાનો ટોપિક વર્ગખંડમાં બધા વિધાર્થીઓને આપી દીધો. તેથી વિધાર્થીઓ અને શિક્ષકો નવા વિચારો રજુ કરી શકે અને વિધાર્થીઓનું મન ભણવામાં જળવાઈ રહે. (સોજીત્રા કલ્પેશભાઈ)

૨) વિજ્ઞાન વિષય ભણાવતી વખતે પાઠમાં જરૂરી વસ્તુ વિધાર્થીને બનાવી લાવવા કહ્યું અને પ્રયોગ દ્વારા સરળતાથી વિજ્ઞાન વિષય સમજાવી શકાય. (શૈખ સાકીર્હુસેન)

૩) દરેક પાઠ પૂરો થયા પછી ટેસ્ટનું આયોજન કરવું અને સારા માર્ક લાવનાર વિધાર્થીઓને પ્રોત્સાહિત કરવા અને ઓછા માર્ક લાવનાર વિધાર્થીઓને રૂબરૂ મળી સમજાવવા. વિધાર્થીઓને પ્રશ્નનો પૂછવાની તક આપવી. (જોશી ગૌરવકુમાર, બિરેનકુમાર પટેલ)

૪) બાળકોને ગમતા કાર્ટૂન કેરેક્ટરની મદદથી શીખવી શકાય. મનગમતા રોલ મોડેલની વાત ટાંકીને કોઈ નવી બાબત, સુટેવ, વલણ ઘડતર કે ક્રીએટીવીટી શીખવી શકાય.વર્ગખંડમાં હંમેશા કુતુહલતાનું વાતાવરણ જળવાઈ રહે તેવું આયોજન થાય તો વિદ્યાર્થીઓને દરેક પ્રવૃતિમાં રસ રૂચી સાથે બાળકો પ્રવૃતિમાં કેન્દ્રિત રહી શકે.વર્ગખંડમાં વિદ્યાર્થીઓ કોઈ પ્રવૃતિમાં પ્રત્યક્ષ રીતે જોડાઈ રહે તો તેઓ ધ્યાનભંગનો શિકાર થતા બચી શકે છે. (હેમંત વાઘેલા)

૫) બ્લેક બોર્ડ પર લખતી વખતે રંગબેરંગી ચોકનો ઉપયોગ કરવાથી અને વિજ્ઞાન વિષયમાં પ્રયોગ કરતી વખતે દરેક બાળકનો સમાવેશ કરવાથી બાળકોનું ધ્યાન કેન્દ્રિત કરી શકાય. અને મુખ્ય મુદાઓની નોધ બોર્ડ પર કરવી. (પરમાર કિશોરભાઈ, મુકેશકુમાર ઉપાધ્યાય)

૬) કોઈ પણ પ્રવુતિ કરાવતા પહેલા વિદ્યાર્થીઓને એક સરસ વાર્તા કહેવાની. ત્યાર બાદ પ્રવૃતિઓ કરાવવી. (અમૃતિયા મહેન્દ્રભાઈ, સિપાઈ ઈમરાનભાઈ, સેંતા રમેશભાઈ એસ., જાદવ જયેન્દ્રકુમાર, મેહુલભાઈ કવૈયા, રામજીભાઈ હેમરાજભાઈ, સંદીપ ડી. પંડયા, હીરાની વિનોદકુમાર)

૭) ગણિત અને વિજ્ઞાન જેવા વિષયમાં ભાણાવવા માટે શાળામાં ઈ-લર્નિંગ મોડ્યુલ તૈયાર કરવામાં આવ્યું છે. જેમાં વિષયના એકમ પ્રમાણે સાઈડ શો અને એમ.સી.કયુ ક્વિઝ દ્વારા બાળકોને સરળતાથી ભણાવવામાં આવે છે. (નીલેશકુમાર રાજગોર)
૮) શાળાના વર્ગખંડ ડીજીટલ કલાસરૂમ તરીકે વિકસાવવામાં આવ્યા છે. કલાસમાં ટી.વી. અથવા કમ્પુટર પર દરેક વિષયના પાઠ ઓડિયો-વિડીયો બાળકોને બતાવવામાં આવે છે. અને ટેકનોલોજી ઉપયોગથી બાળકોને ભણાવ્યા. (શિવાંગીબેન શાસ્ત્રી, પ્રજાપતિ મેહુલકુમાર, બહેચરભાઈ પ્રજાપતિ)
૯) હિન્દી વિષયમાં વ્યાકરણ શીખવવા માટે વ્યાકરણ કોર્નર બનાવ્યું. વ્યાકરણ શીખવ્યા બાદ વિધાર્થીએ શીખેલ વ્યાકરણ અને તેની સમસ્યા લખી એક બોક્ષમાં નાખવામાં આવે છે ત્યાર બાદ તેનું સમાધાન કરવામાં આવે છે. (નિમીષાબેન શાહ)
૧૦) વર્ગખંડમાં બાળકોનું ધ્યાન આકર્ષિત કરવા મારી આસપાસની દુનિયા એકમમાં પક્ષીઓ, પ્રાણીઓના રહેઠાણ,ખોરાક લેવાની ટેવ, અવાજ, શરીરોનું અવલોકન વગેરેનું પ્રત્યક્ષ સમજ આપવા વર્ગખંડ બહાર લઈ જઈ અવલોકન કરાવી ઊંડાણ પૂર્વક સમજ આપી. પ્રોજેકટ વર્ક દ્વારા પણ સમજ આપી. (શેફાલીબેન ફ્રાન્કલીનભાઈ, રાકેશકુમાર જે. વાઘેલા, મીરલકુમાર વિરાણી, ધુલશીયા રુશીતકુમાર)
૧૧) જે બાળકોને જે વિષય માં રસ ના પડતો હોય તો તેને સંલગ્ન કોઈ પ્રવૃત્તિ કરાવવી. જેમકે રાષ્ટ્ર ધ્વજ ભણાવતા તે બાળક પાસે બનાવવામાં આવે તો તે રસથી ભણશે. (અમિતકુમાર સોની, નીલેશકુમાર પટેલ, દેવેશભાઈ ગુપ્તા, કલ્પેશભાઈ દસાડીયા)
૧૨) બાળકોને અભિનય દ્વારા કે રમત દ્વારા શિક્ષણ આપી ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. અને અમુક એકમ માં નાટયકરણ દ્વારા શિક્ષણ આપી બાળકોનું ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. કોઈ એકમમાં પ્રવૃત્તિ કે પ્રોજેક્ટ કાર્ય દ્વારા શિક્ષણ કાર્ય કરાવવામાં આવે છે. (અશ્વિનભાઈ પ્રજાપતિ, રમેશચંદ્રભાઈ પટેલ નીલેશકુમાર ચાવડા, એન્થની મેકવાન)

## (૬) પ્રશ્ન: દિવાળી વેકેશન દરમિયાન બાળકો શિક્ષણ સાથે જોડાયેલ રહે તે માટે આપે કરેલ નવતર પ્રવૃત્તિ અને તેનું પરિણામ ટૂંકમાં જણાવો.

**તારણ**: શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે.જવાબ આપવાની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ અને મોબાઈલ નંબર આપેલ છે.
૧) પ્રથમ સત્ર દરમિયાન બાળકે મેળવેલ શૈક્ષણિક સિદ્ધિ તેમજ વિષયમાં રહેલ કચાશ વિષે વાલીને જાણ કરવા માટે એક મીટીંગ બોલવવામાં આવતી અને બાળકને આ કચાશ દુર કરવા વિષયને અનુરૂપ દિવાળી લેશન આપવામાં આવે છે. (નિધીબેન સુતરીયા - અમરેલી - 9998004245)
૨) બાળકો ઘરે રહી વેકેશનમાં શૈક્ષણિક પ્રેક્ટીકલ જ્ઞાન મેળવે તે હેતુથી દિવાળી લેશનમાં પ્રોજેક્ટ આપવામાં આવે છે, જેમાં વિજ્ઞાન વિષયમાં ઉપયોગી સાધન ઘરે કેવી રીતે બનાવાય અને તેનો ઉપયોગ, રસોડામાં વપરાતા એસીડ બેઇઝ વિષે યાદી બનાવવા આપવામાં આવે છે, ગણિત વિષયમાં આવતા બેંક અને વ્યાજ વાળા પ્રકરણ માટે બેંક પોસ્ટ ઓફીસ ની મુલાકાત લઇ તેમાં આપવામાં

આવતી સુવિધા વિષે જાણકારી મેળવવાનું કહેવામાં આવે છે. આ પ્રવૃત્તિ દ્વારા સારું એવું પરિણામ મળ્યું છે. (અનિલભાઈ મકવાણા - સુરેન્દ્રનગર - 9979002002, તપનકુમાર બોરીસાગર - ગીર સોમનાથ - 8866162565, અલ્પેશભાઈ ચૌધરી - બનાસકાંઠા - 9429287953, ચિરાગભાઈ ભાવસાર - આણંદ - 9824366921, બીપીનભાઈ શણા - જુનાગઢ - 9979438303)

૩) ધોરણ ૩ અને ૪ ના બાળકો દિવાળી લેશન લખેલી નોટબુક અથવા પેજ ખોઈ ના નાખે અને લેશન પોતાની જાતે સરસ રીતે પૂર્ણ કરે તે હેતુથી દિવાળી લેશન ડાયરીનાં રૂપમાં આપવામાં આવે છે, આ ડાયરી શાળામાં જમા કરાવવાની ઓવાથી બાળકો બરાબર સાચવે છે અને લેશન પણ પૂર્ણ કરે છે. (દમયંતીબેન પટેલ - કચ્છ - 9408837250, જીજ્ઞાબેન ઠકરાર - અમરેલી - 9426852504, સુરેશભાઈ જીદીયા - કચ્છ - 8980037086)

૪) ધોરણ ૧ થી ૫ ના બાળકો વાંચન પ્રત્યે અણગમો દુર કરવા માટે દિવાળી વેકેશનમાં લાયબ્રેરીમાં રહેલ વાર્તાની ચોપડી વિદ્યાર્થીને વાંચવા માટે આપવામાં આવે છે આ ચોપડીમાં વાર્તા, ઈતિહાસને લગતી વાતો, જાણવા જેવું વગેરે હોય છે. વેકેશન ખુલતા પ્રાર્થનાખંડમાં ધોરણ પ્રમાણે પોતે જે ચોપડી વાંચી તેનો સાર કહેવાનો હોય છે, આ પ્રવૃત્તિ દ્વારા બાળકો વાંચન પ્રત્યે રૂચી દેખાડતા થયા છે. (નરેશકુમાર પ્રજાપતિ - પાટણ - 9879763758, જીતેન્દ્રભાઈ વાજા - ભાવનગર - 9909398636)

૫) દિવાળી વેકેશનના પ્રથમ દિવસે બાળકો બહુ ગેરહાજર રહેતા હોય તે આ સમસ્યાના હલરૂપે શાળા ૫ દિવસ વહેલી ચાલુ કરી બાળકોને વિવિધ પ્રવૃત્તિ, રમત તેમજ ગામમાં રેલી કરાવવામાં આવી. પ્રથમ દિવસે શાળામાં ૯૫% હાજરી જોવા મળી. (નાથાભાઈ ચાવડા - ભાવનગર - 9638466346)

૬) વિદ્યાર્થીઓને સાહિત્યમાં રસ હોય તેવી તમામ રચનાઓ કરી લાવવા કહયું પરિણામે 100 વાર્તાઓ,50 કવિતાઓ 200 હાઈકુની રચના તો થઈ જ પણ વિધાર્થીઓ શિક્ષણ સાથે સંકળાયેલા રહયા. (પંકજકુમાર પ્રજાપતિ - બનાસકાંઠા - 9428557463)

૭) દિવાળી વેકેશનમાં શાળામાં હાલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી તેમજ ભૂતપૂર્વ વિદ્યાર્થી એકબીજા સાથે હલતા મળતા થાય તેમજ શાળા પરિવાર તરફથી નવું શીખે તે માટે "વિન્ટર કેમ્પ" નું આયોજન કરવામાં આવે છે. (નિશીથ આચાર્ય - અમદાવાદ - 9662359321)

૮) શાળાને સ્વચ્છતા પુરસ્કાર - ૨૦૧૬ મળ્યો, આ પુરસ્કાર ની અસર દરેક ઘરે પહોચે તે હેતુથી દિવાળી વેકેશનમાં બાળકોને ઘરે સ્વચ્છતા તેમજ શૌચાલયનો ઉપયોગ પોતાના ઘરે તેમજ આજુબાજુમાં રહેતા લોકોને જાણકારી આપવાનું નક્કી કર્યું. સ્વચ્છતા અંતર્ગત જે બાળકે સારું એવું કામ કર્યું હોય તેમને ૧ થી ૩ નંબર આપી ૨૬ જાન્યુઆરી, ૨૦૧૮ માં ઇનામ પણ આપવામાં આવશે. (પ્રવીણભાઈ રેથાલીયા - સુરેન્દ્રનગર - 9824610697)

**(૭) પ્રશ્ન: આપે શાળામાં વિધાર્થીઓ વેકેશન દરમિયાન પણ શિક્ષણ સાથે જોડી રાખવા માટે કોઈ પ્રવુતિ કરેલ હોય તો તેની ટૂંકમાં જાણકારી આપો.**

**તારણ:** શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે. જવાબની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ પણ આપેલ છે.

૧) વેકેશન દરમિયાન વિધાર્થીઓને કરવાની પ્રવુતિઓનું કાર્ડ અને બ્રોશર  શિક્ષક દ્વારા તૈયાર કરવામાં આવે છે. તે કાર્ડ વિધાર્થીઓના વાલીઓને આપવામાં આવે છે. વેકેશન દરમિયાન વિધાર્થીઓ તે પ્રવુતિ કરે અને વાલીઓ તેનું નિરક્ષણ કરે છે. (દિલીપકુમાર પટેલ - જી. સાબરકાંઠા, હર્ષદકુમાર વાઘેલા - જી. અમદાવાદ)

૨) શિક્ષકે વિધાર્થીઓ વેકેશન દરમિયાન શિક્ષણ સાથે જોડી રાખવા માટે એક ફોર્મ બનાવ્યું. જેમાં વિધાર્થીઓના ઘરે આવતા મહેમાનો પાસેથી તેમના ગામ, તાલુકો, જિલ્લાનું નામ, ગામની જોવાલાયક જગ્યાઓ, ગામમાં બાયોગેસ પ્લાન્ટ, ગ્રીન હાઉસ, સોલાર પેનલ, વસ્તી વગેરેની માહિતી મેળવે છે અને ફોર્મમાં ભરે અને શૈક્ષણિક માહિતી મેળવે છે. (હેમંતભાઈ વાઘેલા - જી. અમદાવાદ સીટી)

૩) વિધાર્થીઓને  વેકેશન દરમિયાન પ્રથમ સત્ર ના પેપર લખવા માટે અને પેપરની તૈયારી કરવા માટે આપમાં  આવે છે. (જીગરભાઈ પટેલ - જી. પાટણ, મગનભાઈ - જી. પંચમહાલ, સતિષકુમાર પરમાર - જી. રાજકોટ, જગદીશભાઈ રણોદરા - જી. પાટણ, જુવાનસિંહ ચૌહાણ - જી. ગોધરા, બાબુભાઈ પ્રણામી - જી. સાબરકાંઠા)

૪) વિધાર્થીઓને વેકેશન દરમિયાન શિક્ષણ સાથે જોડી રાખવા માટે વિધાર્થીઓને શૈક્ષણિક પ્રોજેક્ટ અને અસાઈનમેન્ટ આપવામાં આવે છે. (યોગેશભાઈ મહેતા - જી. કચ્છ, શ્રીકાંતભાઈ દેથરીયા - જી. મોરબી, સંદીપ પંડયા - જી. વડોદરા)

૫) શાળામાં વેકેશન પહેલા દરેક વિધાર્થીઓને એક ખાલી નોટબુક આપવામાં આવે છે અને આ નોટબુકમાં વિધાર્થીઓને પોતાના મનપસંદ વિષયનું ગૃહકાર્ય કરવાનું કહેવામાં આવે છે. (વિવેકભાઈ જોશી - જી. પોરબંદર)

૬) વેકેશન દરમ્યાન બાળકોને શિક્ષણ સાથે જોડી રાખવા વેકેશન પહેલા શાળામાં પુસ્તક પ્રદર્શન રાખેલ હતું અને દરેક વિદ્યાર્થીઓને ગમતું પુસ્તક વેકેશન દરમ્યાન ઘરે વાંચવા લઈ જવા માટે આપ્યું અને વેકેશન દરમ્યાન વાંચી તેનું રિવ્યુ લખી લાવવાનું કહ્યું. (દેવાંગીબેન બારૈયા - જી. જામનગર)

૭) વેકેશન દરમ્યાન વિદ્યાર્થીઓને શિક્ષણમાં જોડી રાખવા માટે એક પ્રશ્ન બેંક બનાવી જવાબ તૈયાર કરી લાવવા જણાવવામાં આવે છે. વેકેશન બાદ તે પ્રશ્ન બેંકની પરીક્ષા લેવામાં આવે છે. (ભાવેશભાઈ બાબુભાઈ - જી. સુરત)

૮) વેકેશન દરમિયાન  વિષય ગણિત અને વિજ્ઞાનના ૧ કલાક માટેના ધોરણ પ્રમાણે વારાફરતી વેકેશન તાસ લેવામાં આવે છે. (સંદિપકુમાર ચૌધરી  - જી. મહેસાણા)

## (૮) પ્રશ્ન:  આપના મતે બિનઆંકડાકીય માહિતીની આપ - લે ક્યા માધ્યમ દ્વારા થવી જોઈએ?

**તારણ:** શિક્ષકોના મત મુજબ બિનઆંકડાકીય માહિતીની આપ - લે નીચે દર્શાવેલ માધ્યમો દ્વારા થવી જોઈએ.

૧) ઈ-મેલ, વ્હોટસએપ, કોઈ એપ્લીકેશન બનાવીને, ફેસબુક, બ્લોગ, કોન્ફરન્સ, BISAG દ્વારા

૨) તાલુકા કક્ષાએ સંદેશા વ્યવહારના માધ્યમ તરીકે એક વ્યક્તિની નિમણુક કરવી.

3) ટપાલ દ્વારા રાજ્ય કક્ષાએ સીધો સંપર્ક થાય અને ત્યાંથીં તુરંત ઉત્તર મળે તેવી વ્યવસ્થા હોય

૪) એક સોફ્ટવેર અથવા વેબસાઇટ હોય અને તેમાં દરેક શાળાનું એકાઉન્ટ હોય અને માહિતી શાળા દ્વારા અપલોડ કરવામાં આવે તે સીધી એક જગ્યાએ એકત્રિત થાય અને ત્યાંથી શાળાને જોઈતી માહિતી મળી રહે અને મુશ્કેલીઓ ના ઉકેલ પણ મળી રહે.
૫) બિન આંકડાકિય માહિતી મોકલવા તથા અન્ય સહાયતા માટે હેલ્પ સેંટરની વ્યવસ્થા હોવી જોઇએ.
૬) ટોલ ફ્રી નંબર દ્વારા ટેલી કોન્ફરંસના માધ્યમથી અને પ્રશ્નોતરી દ્વારા માહિતીની આપ - લે કરવી જોઇએ.
૭) વેબસાઈટ બનાવવામાં આવે જ્યાં સરકાર બધી માહિતી ઉપલોડ કરે અને G. R પણ ત્યાં જ મુકવામાં આવે અને શાળા ઓ ત્યાંજ પોતાના મંતવ્યો રજુ કરી શકે.
૮) બુક અથવા મેગેઝીન માં પણ માહિતીની આપલે થઇ શકે અને માહિતીમાં સૂચનો નો પણ સમાવેશ થવો જોઈએ.

## (૯) પ્રશ્ન: પાઠના આયોજનનમાં વિદ્યાર્થીઓની રૂચીને ધ્યાનમાં લઈને તેનો સમાવેશ કરવા આપે કરેલ નવતર પ્રવૃત્તિ અને તેનું પરિણામ ટૂંકમાં જણાવો.

**તારણ:** શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે.જવાબ આપવાની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ અને મોબાઈલ નંબર આપેલ છે.
૧) પાઠના આયોજનમાં વિવિધ પ્રવૃતિઓનો સમાવેશ કરવાથી વિદ્યાર્થીઓને પાઠમાં રસ રહે છે. પર્યાવરણને લગતા પાઠ માટે બાળકોને શાળાના પર્યાવરણમાં લઇ જઈને અભ્યાસ કરવામાં આવે છે. જેમ કે વૃક્ષનું મહત્વ સમજાવવા માટે શાળા પરિસરમાં આવેલ વૃક્ષની ઉછેરની જવાબદારી બાળકોને આપવામાં આવે છે જવાબદારી સાથે અભ્યાસ કરે તે માટે અંગ્રેજીમાં સ્પેલિંગ, ઉચ્ચાર અને તેનો અર્થ લખેલા નાના બેનર લગાડે છે જેના દ્વારા રીસેસમાં રમતા રમતા સ્પેલિંગ પણ પાકા કરે છે. (પટેલ પ્રવીણકુમાર એસ. - મોરબી - 9427067574, પટેલ નરેશકુમાર બી. - મહેસાણા - 8980913082, મકવાણા ભરતભાઈ બી. - કચ્છ - 9429281448)
૨) પાઠના આયોજનમાં વિદ્યાર્થીઓની રૂચી ધ્યાનમાં લઈને પાઠ વધુ આનંદમય બની ર્તાહે તે માટે જુદાં-જુદાં કારીગરોને મળવા અને તેઓનું કામ જાણીને વિદ્યાર્થીને પ્રોજેક્ટ આપવામાં આવે છે વિદ્યાર્થીઓ આ પ્રોજેક્ટ જાતે અને પોતાના અનુભવને આધારે બનાવે છે. (ભાટિયા રાકેશકુમાર - વડોદરા - 7874511711)
3) પાઠ આયોજન સમયે બાળકોને પાઠને લગતી પ્રવૃત્તિ કરાવવામાં આવે છે. જેમ કે, વાર્તા, નાટક, પાત્ર અભિનય, ચિત્ર અને મુદ્દાઓ પરથી વાર્તા, શબ્દ કાર્ડ, મુલ્યનિષ્ઠ સવાલો, નિબંધ, ચલચિત્રો, પ્રોજેક્ટ ચર્ચા, રમતગમત, ફ્લેશકાર્ડ, અંગ્રેજી શબ્દ, મુલાકાત, ગાયન - વાદન, બાલગીત, ઉખાણાં, વકતૃત્વ, વગેરે. આ બધી ક્રિયા બાળકો કરે છે. આ કાર્યથી બાળકોમાં ઉત્સાહ અને નિયમિતતાનું પરિણામ મળ્યું છે તેમજ અધ્યાપન કાર્ય વધારે અસરકારક બન્યું છે. (જોશી પ્રજ્ઞાબેન - પોરબંદર - 9737904660, સોલંકી ભરતભાઈ જે. - સુરત - 98244710132, મોરી કરણસિંહ ડી. - ભાવનગર -

9727807621, ખાંટ રણજીતસિંહ સોમાજી - પંચમહાલ - 9409560094, જીજ્ઞાબેન કે. ઠક્કર - અમરેલી - 9456852504, સોલંકી અશ્વિનસિંહ એલ. - ખેડ - 9979782719)

૪) પાઠના આયોજનમાં વિદ્યાર્થીઓની રુચીને ધ્યાનમાં લઈને આયોજન કરવામાં આવે તો વિદ્યાર્થીઓ ચોક્કસ પણે ધ્યાનપૂર્વક પાઠ સમજે છે.અને પ્રવૃતિની સાથે - સાથે મુદાઓ વિશે સમજ કેળવી સરળતાથી વિષયવસ્તુને ગ્રહણ કરે છે. જેમ કે, વિદ્યાર્થીઓને પાચનક્રિયા પધ્ધતિ શીખવી જેમાં તેને અનુરૂપ એનીમેશન વિડીઓ બનાવવાની વિદ્યાર્થીઓ મુદાને સરળતાથી સમજી શકે છે અને તેનું અર્થગ્રહણ કરે છે. (શાહ સંકેતકુમાર એસ. - છોટાઉદેપુર - 9624250072)

૫) બાળકોનો સ્વભાવ રમતિયાળ હોય છે. જેના લીધે બાળકોને રમવાનું ગમે છે. જેને ધ્યાનમાં રાખી મૂળાક્ષરો શીખાવવા માટે રમતના મેદાનમાં બેસાડી આંગળીઓની મદદથી મૂળાક્ષરો લખાવીને શીખવવા માટે આયોજન કરવામાં આવે છે. (શબ્બીરહુસેન એ. વોરા - સુરેન્દ્રનગર - 9714211243)

૬) કાગળનું કટિંગ કરી ગણિતના આકારો શીખે છે. (પટેલ જીગરકુમાર ચીમનલાલ - પાટણ - 9662514720)

૮) સામાજિક વિજ્ઞાનના અમુક પ્રકરણમાં લાઇવ એક્ટીવીટી કરવાની જેમ કે, ચુંટણીની માહિતી માટે ક્લાસમાં ચુંટણી કરવી હાઈકોર્ટને સુપ્રીમ કોર્ટની માહિતી માટે કોર્ટ બનાવે છે. બજારમાં ગ્રાહક માટે નાટક કરવામાં આવવાથી બાળકોમાં રસ, રૂચી વધે છે. (ડો. જયદીપ એ. જોશી - જુનાગઢ - 9537977789)

## (૧૦) પ્રશ્ન: જો આપને શાળામાં આવતી મુશ્કેલીઓ વિષે કે કોઈ અન્ય શિક્ષણ ને લગતી બાબતો અંગે બિન આંકડાકીય માહિતી સંચાર કરવો હોય તો આપ કોની સાથે કરવા ઈચ્છશો?

**તારણ:** શિક્ષકોએ આપેલા જવાબ પરથી જાણવા મળે છે કે તેઓ શાળામાં આવતી મુશ્કેલીઓ વિષે કે કોઈ અન્ય શિક્ષણ ને લગતી બાબતો અંગે બિન આંકડાકીય માહિતી સંચાર નીચેની સંસ્થાઓ કે વ્યક્તિઓ સાથે કરવા ઈચ્છે છે.

૧) GCERT, SSA, DIET, TPO, DPO, CRC અને BRC, આચાર્ય, વિષય નિષ્ણાત, શિક્ષકો, IIM સાથે

૨) સ્થાનિકપ્રશ્નોનાઉકેલમાટેSMC સભ્યોની સાથે

3) શૈક્ષણિક બાબતોના નિરાકરણ માટે કેળવણી નિરિક્ષક અથવા તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી સાથે

૪) માર્ગદર્શન માટે તાલુકા કક્ષાએ સી.આર.સી, બી.આર.સી. તેમજ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી અનેજિલ્લા કક્ષાએ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી તેમજ રાજ્ય કક્ષાએ માર્ગદર્શન મેળવવા માટે રાજ્યના શૈક્ષણિક અધિકારીઓ સાથે ટેકનોલોજીના માધ્યમથી ઇન્ટરનેટ દ્વારા ઇ-મેઈલ ની મદદથી તેમજ અન્ય એપ્લીકેશન દ્વારા દ્વિ-પક્ષીય માહિતી તેમજ પ્રશ્નોની આપ-લે કરીને સાચુ માર્ગદર્શન મેળવી શકાય.

૫) વિષયવસ્તુ માટે જીસીઈઆરટી ના વિષય કન્વીનરશ્રીઓ અને સ્ટેટ રિસોર્સ ગ્રુપના સભ્યો સાથે

૬) વહીવટી સમસ્યા માટે જિલ્લા શિક્ષણ સમિતિના સભ્યો સાથે

૭) અનુભવીશિક્ષકસભ્યોસાથેકેમકેતેમનેશાળાતથાવર્ગખંડનેલગતીસમસ્યાઓનોવધુઅનુભવહોયછે.

૮) દરેક ૧૦ શાળા માટે એક મોડરેટર હોય તેની સાથે એક શિક્ષણના નિષ્ણાત વ્યક્તિ હોય જે ફક્ત મુશ્કેલી ઉકેલવાનું જ કામ કરે અને તેને બીજી કોઈજ વહીવટી કામગીરી સોપવામાં આવે નહિ.
૯) આ બાબત બહુ સંવેદનશીલ કહેવાય એટલે કોઈ શિક્ષણવિદ, શિક્ષણમાં રસ ધરાવતા વ્યક્તિઓ અને નિષ્ણાત વ્યક્તિઓની એક કમિટી બનાવી અને તેમની સલાહ લેવી જોઈએ.
૧૦) જીલ્લાપ્રમાણે માહિતી સંચાર માટેઅલગઅલગવિભાગહોવા જોઈએ.

**(૧૧) પ્રશ્ન: વર્ગમાં ભણાવતી વખતે વિદ્યાર્થીઓ અને શિક્ષકના અનુભવો/રોજીંદા અનુભવોને વિષયવસ્તુ સાથે જોડીને કેવી રીતે સમજાવી શકાય? તે માટે આપે કરેલ નવતર પ્રવૃત્તિ અને પરિણામ ટૂંકમાં જણાવો.**

**તારણ:** શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે.જવાબ આપવાની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ અને મોબાઈલ નંબર આપેલ છે.

(૧) ગણિતમાં વિદ્યાર્થીઓને ક્ષેત્રફળ અને ઘનફળ સમજાવવા માટે વર્ગમા રહેલી વસ્તુના માપન લઇ કઇ રિતે ક્ષેત્રફળ માપી શકાય તેં સમજાવ્યું. ઘનફળ માટે શાળાની લંબચોરસ ટાંકી મા કેટલું પાણી સમાય તેનુ પ્રત્યક્ષ માપંન કરાવ્યું. તેમજ બાળકોને ઘરેથી તેમની પાણીની ટાંકીનું માપ લેવા માટે કહ્યુ. જેમા 70% વિદ્યાર્થીઓ પોતાની જાતે ક્ષેત્રફળ, ત્રિજ્યા અને એરીયા શોધતા થયા. (દીપકભાઈ ધારવિયા - જામનગર - 9898296367, આનંદકુમાર ભુવા - મોરબી - 8905175962)

(૨) વિદ્યાર્થી પોતે જે વિચાર્યું અને અનુભવ્યું તે સારી રીતે લખી શકે એ માટે વિદ્યાર્થીને ઘરેથી શાળામાં આવતા રસ્તામાં જે કોઈ મળે અથવા જે પણ જોયું હોય તેનું પોતાની બુકમાં નામ અને તેનું વર્ણન લખાવનું કહેવામાં આવે છે. (કમલેશભાઈ લીલા - રાજકોટ - 9601840333)

(૩) ધોરણ ૬ થી ૮ માં સામાજિકવિજ્ઞાન વિષયમાં ભૂકંપ, પુર, વાવાઝોડું જેવી સંરચના શીખવાડવા માટે શિક્ષક તરીકે જે-તે સમયે પ્રત્યક્ષ રીતે અનુભવ્યું તે બાળકોને કીધું તેમજ તેના ઓનલાઈન વીડિઓ પણ બતાવ્યો. આ પ્રવૃત્તિ બાદ વિદ્યાર્થીઓએ પણ કહ્યું કે સાહેબ આ વર્ષે બનાસકાંઠામાં બહુ વરસાદ આવ્યો એટલે જાન-માલ ને બહુ નુકશાન થયું છે અમે આ માહિતી ટીવી માં જોઇ આમ દરેક વિદ્યાર્થી પોતે જે અનુભવ્યું તે બીજાને કહેતા થયા. (કૌશલકુમાર સુથાર - મહેસાણા - 9724202229)

(૪) આજુબાજુમાં આવેલ બેંક, પોસ્ટ ઓફીસ, બરફની ફેક્ટરી, બ્લોક બનાવતી કંપની, ગ્રામ પંચાયત, બસ સ્ટેશન, રેલ્વે સ્ટેશન, ખેતર અને ઈંટરનેશનલ સંસ્થા વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન વગેરેની માહિતી આપવાની હોય ત્યારે તેમને બને તો પ્રત્યક્ષ મુલાકાત અથવા ઈન્ટરનેટ ના માધ્યમ દ્વારા યોગ્ય માહિતી આપવામાં આવે છે. (ભરતકુમાર સોલંકી - સુરત - 9824471012, ચેતન શાહ - અમદાવાદ - 9824011731, અલ્પેશભાઈ ચૌધરી - બનાસકાંઠા - 9429287953, અમીતાબેન પટેલ - પાટણ - 9879258137, લલિતભાઈ ગોહિલ - આણંદ - 9409060362)

(૫) વિદ્યાર્થીઓને ઉચ્ચાલન જેવા એકમ સરળતાથી ભણાવવા માટે જીવનમાં ઉપયોગી સાધનો જેવા જે પકડ, સાણસી, છપ્પુ, સાઈકલ, ચીપિયો, કાતર, કુહાડી, સ્ક્રુ, પૈડું વગેરેનો ઉપયોગ કરવામાં આવે છે. (જગદીશભાઈ વાળા - પાલીતાણા - 8238184236)

(૬) શાળામાં લગભગ બધાં જ શિક્ષક તેઓના અનુભવો બાળકો સાથે વર્ણન કરે અને આ સાથે એકમનુ અનુબંધ જોડી સમાજ આપવામાં આવે તો બાળક તેની સંકલ્પના વધુ સ્પષ્ટ કરી શકે છે. અંક ગણિતને રમત સાથે જોડીને હીંચકા કે લપસણી રમતા ઘડિયા કે એકડા બોલવાની પ્રથા અમારી શાળાના જાગૃતિબેને વિકસાવિ છે. (નિશીથભાઈ આચાર્ય - અમદાવાદ - 9662359321)
(૭) ઋણ અને ધન સંખ્યા ના સરવાળા અને બાદબાકી શીખવતી વખતે વિદ્યાર્થીઓ એ જાતે દુકાનથી કરેલી ખરીદીથી પોતે કારેલ લેવડ દેવડના અનુભવથી શીખવતા વિદ્યાર્થી ઝડપથી સરવાળા અને બાદબાકી સમજતા થયા છે. (દીપકકુમાર મેસરિયા - બનાસકાંઠા - 9033289851, નાગજીભાઈ દેસાઈ - બનાસકાંઠા - 8758363490)

## (૧૨) પ્રશ્ન: બાળકોને ગુણવતા સભર શિક્ષણ મળી રહે તે માટે આપે શાળામાં કોઈ પ્રયત્ન કરેલ છે? તેની ટૂંકી વિગત જણાવો અને તેનું શું પરિણામ જોવા મળ્યું?

**તારણ:** શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે.
૧) શિક્ષકે કમ્પ્યુટર દ્વારા વિજ્ઞાન અને અન્ય વિષયના એકમ શીખવ્યા અને ત્યારબાદ નબળા વિદ્યાર્થી ને હોશિયાર વિદ્યાર્થી ભણાવે તેવી વ્યવસ્થા કરવામાં આવી અને તેના પરિણામ રૂપે વિદ્યાર્થીઓની શાળામાં નિયમિતતા વધી, કમ્પ્યુટર દ્વારા સરળતાથી વિષયવસ્તુનું જ્ઞાન મળ્યું અને રિશેષ દરમિયાન પણ કમ્પ્યુટર પર બેસવા લાગ્યા.
૨) એક શિક્ષકએ સામાન્ય જ્ઞાનની સી.ડી. બનાવી અને વિદ્યાર્થીઓને એલ.સી.ડી. સ્ક્રીન પર બતાવી જેથી હવે શિક્ષકની ગેરહાજરીમાં પણ વિદ્યાર્થીઓ સી.ડી. દ્વારા ભણે છે અને તેમના સામાન્ય જ્ઞાન માં વધારો થયેલ જોવા મળેલ છે.
૩) ધોરણ ૧૨ વિજ્ઞાનના નબળા વિદ્યાર્થીઓ માટે શિક્ષકે ભૌતિક વિજ્ઞાનના વીડિઓ બનાવ્યા જેથી તેમના વિદ્યાર્થીઓ ઘરે અથવા શાળાની કોમ્પ્યુટર લેબમાં આ વીડિઓનો જાતે અભ્યાસ કરી શકે, જેથી વિદ્યાર્થીઓના ભૌતિકવિજ્ઞાનના પરિણામમાં સુધારો જોવા મળ્યો. આ જ શિક્ષકે જોયું કે ધોરણ ૧૧ ના બાયોલોજી ગૃપનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ગણિતનો અભ્યાસ કરતા નથી પરંતુ તેમને ભૌતિક વિજ્ઞાનમાં આવતા ગણિતના કેટલાંક મુદ્દા આવડવા જરૂરી છે.આ માટે તેમણે વિદ્યાર્થીઓને ગણિતના મુદ્દાઓના એનીમેશન કેવીરીતે બનાવવા તે માટેનો વીડિઓ ટ્યુટોરિઅલ Geogebra softwareના ઉપયોગ દ્વારા બનાવીને આપ્યો જેના ઉપયોગ દ્વારા વિદ્યાર્થીઓએ એનીમેશન બનાવ્યા. આ વિદ્યાર્થીઓને એનીમેશન આધારિત જ ગણિતની પ્રશ્ન બેંક આપવામાં આવી અને તેમણે બનાવેલ એનીમેશન પરથી આ પ્રશ્નબેંકના ઉત્તરો મેળવ્યા. આ પ્રયત્નના પરિણામે બાયોલોજીગૃપનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ગણિતના મુદ્દા સમજાયા અને ભૌતિકશાસ્ત્ર શીખવામાં સરળતા રહી.
૪) વિષય પ્રમાણે વર્ગખંડ અને સબ્જેક્ટ કોર્નર ગોઠવ્યા છે અને જેથી વિદ્યાર્થીને ટી.એલ.એમ. તરત મળી જાય છે. અને વિદ્યાર્થીઓને મોડેલ અને ચાર્ટ્સથી સમજાવ્યા જેથી તેમને અઘરા મુદ્દા સમજવામાં સરળતા રહે છે.

૫) ભારતના રાજ્યોના નામના પ્રથમ મુળાક્ષર પરથી સૂત્ર બનાવ્યુ જે નીચે મુજબ છે:
"આંમ તેમ કેઉઉ હિમ
ગો પંઝાબિ છત્રી
ઓ અમી દિપક
અમે ગુજરાત ના સિહ"
આ સૂત્રના ઉપયોગથી શાળાના ધોરણ ૬ થી ૮ ના બધા વિદ્યાર્થીઓને સરળ રીતે દરેક રાજ્યના નામ યાદ રહી જાય છે.
૬) નબળા બાળકો માટે અઘરા વિષય શીખવવા ઉપચારાત્મક વર્ગનું શાળા સમય બાદ ટ્યુશન દ્વારા આયોજન કરવામાં આવ્યું જેથી તેઓના વાર્ષિક પરિણામમાં સુધારો નોંધવામાં આવ્યો અને તેઓને અઘરા મુદ્દા સમજવામાં નડતી સમસ્યાનું વ્યક્તિગત રીતે નિરાકરણ લાવી શકાયું.
૭) ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીના કાવ્યગાન માટે ઑડિયો ક્લીપ એકઠી કરી તમામ ધોરણના બાળકોને સંભળાવવામાં આવી જેથી તેઓ દરેક ભાષામાં રાગ સાથે કાવ્ય ગાન કરતા થયા.
૮) રિશેષ દરમિયાન હોશિયાર વિદ્યાર્થી સાથે નબળા વિદ્યાર્થી કે જેને વાંચતા ન આવડતું હોય તેની જોડી બનાવી અને તેને શિખવાડવાનું આયોજન શિક્ષક દ્વારા કરવામાં આવ્યું અને જે જોડીને આવડી જાય તેને ઇનામ અપાયું જેથી મોટા ભાગના વિદ્યાર્થીને વાંચતા આવડી ગયું.
૯) વાલીસભાના આયોજન થકી તથા રૂબરૂ અથવા ટેલીફોનીક મુલાકાત દ્વારાબાળકને પડતી મુશ્કેલીઓથી અને બાળકોની વિવિધ પ્રવૃત્તિઓ અને પ્રગતિ માટે શિક્ષકે વાલીઓ સાથે ચર્ચા કરી તેમને માહિતગાર કર્યા તેના પરિણામ સ્વરૂપ આજે તે શિક્ષકની શાળામાં ખાનગી શાળાઓમાંથી પણ બાળકો પરત આવે છેઅને સમગ્ર વિસ્તારના ૫ થી વધુ ગામડાના બાળકો જંગલ વિસ્તારની અંતરિયાળ શાળા ગણાતી સરકારી શાળામાં પ્રવેશ મેળવવા લાગ્યા છે.આ શિક્ષકને વાલીઓનો પણ હકારાત્મક સહકાર અને પ્રતિભાવ મળ્યો છે.
૧૦) વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવા માટે શ્રેષ્ઠ વિદ્યાર્થી, નિયમિત વિદ્યાર્થી, શ્રેષ્ઠ વાંચક, શ્રેષ્ઠ રમતવીર વગેરે પુરસ્કારો આપવામાં આવ્યા જેથી અન્ય વિદ્યાર્થીઓ પણ પુરસ્કાર મેળવવા વધુ મહેનત કરવા લાગ્યા.
૧૧) અમુક વિદ્યાર્થી સામેથી વારમાં વિષયમાં મૂંઝવતા પ્રશ્ન પૂછી શકતા ન હતા જેથી વર્ગમાં પ્રશ્નપેટી મુકવામાં આવી જેમાં બાળકોને જે વિચાર આવે અથવા કોઇપણ વિષયને લગતા પ્રશ્ન હોય તે બાબતે લખી આ પેટીમાં નાખે અને દર શનિવારે પેટીમાં નાખેલ પ્રશ્નનો જવાબ તમામ બાળકોની સામે આપવામાં આવે છે.
આનુ પરિણામ જોવા મળ્યું કે શાળામાં શરમાળ બાળકો પણ પ્રશ્ન પૂછવા લાગ્યા અને બાળકોને નવા પ્રશ્નના જવાબ મળવા લાગ્યા જેથી તેના જ્ઞાનમાં વધારો થયો અને તેઓ અભ્યાસક્રમના વધુ પુસ્તકો વાંચવા લાગ્યા.
૧૨) શિક્ષકે દરેક યુનિટના અંતે પ્રથમ ઓપન બુક અને પછી બૂક વગર પરીક્ષા લીધી જેથી વિષયમાં વિદ્યાર્થીઓનો રસ વધ્યો.

૧૩) વર્ગમાં દરેક બાળકની પ્રોફાઈલ તૈયાર કરી જેથી તેના બેક ગ્રાઉન્ડ વિષે જાણવા મળ્યું અને તેમને રસ રૂચી પ્રમાણે શિક્ષણ આપવામાં આવ્યું
જેમકે ગણિતમાં રસ ઓછો હોય તેવા બાળકોને રમતા રમતા ગણિત ભણાવવું, જેથી તેમનો ગણિત પ્રત્યેનો રસ વધે તેમજ અંગ્રેજી જેવા વિષયો માટે સામાન્ય અંગ્રેજી શબ્દોનું વ્યવહારિક ઉપયોગમાં બોલવું તેવા પ્રયત્ન કરવામાં આવ્યા.
૧૪) ક્લસ્ટર પર શિક્ષકોની ચિંતન શિબિર કરી શિક્ષણ માં ગુણવતા લાવવા માટે ચર્ચા કરવામાં આવી જેથી તેઓની શાળામાં વિદ્યાર્થીઓને મળતા શિક્ષણમાં સુધારો જોવા મળ્યો.
૧૫) વ્યવહારુ શબ્દની ચિત્ર બુક શિક્ષક દ્વારા બનાવવામાં આવી જેથી હવે વિદ્યાર્થીઓ સ્પેલિંગ અને તેના અર્થ આસાનીથી યાદ રાખી શકે છે.
૧૬) વર્ગમાં ડીજીટલ ક્લાસરૂમ બનાવડાવ્યો જે માટે ધોરણ ૧ થી ૮ ના દરેક વિષયના મુદ્દા માટે સોફ્ટવેર વિકસાવ્યું જેથી બાળકો શાળામાં આવવા આકર્ષાયા અને સોફ્ટવેર દ્વારા ભણવાનું, પુનરાવર્તન અને શિક્ષક માટે પણ વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન સરળ બન્યું.
૧૭) એક શિક્ષક ૨ વર્ષથી અંગ્રેજી અને ગણિત શિક્ષણ નાટક અને ક્વીઝ દ્વારા કરાવે છે અને ૯૦% બાળકો અંગ્રેજી વાંચી શકે છે અને ગણિત ના દાખલા આસાનીથી ગણી શકે છે.

## (૧૩) પ્રશ્ન: ગુણવત્તાલક્ષી શિક્ષણ માટે વિદ્યાર્થીઓનાં આરોગ્યમાં સુધારો કરવા માટે કરેલ પ્રવૃત્તિ અને પરિણામ ટૂંકમાં જણાવો.

**તારણ:** શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે. જવાબ આપવાની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ અને મોબાઈલ નંબર આપેલ છે.
૧) શાળામાં અરડૂસી, મધુનાસીની, ગળો, સતાવરી, દામવેલ, ગરમાળો, સિંદુર, ગ્રીન ચા, એલોવેરા, પથ્થર કોઠી, અજમો, લીંડીપીપર, ફુદીનો, હજારીગલ, આદુ, લીંબુ, અશ્વગંધા, ડમરો, લીમડો અને વરીયાળી જેવા ઔષધીય છોડ શાળામાં જ ઉછેરવામાં આવ્યા છે જેથી કરીને બાળકોમાં ઔષધીય છોડ વિષે પરિચિત થાય અને તેના ઉપયોગ કરતા થાય, બાળકના ઘરે કોઈ બીમાર પડ્યું હોય ત્યારે ઔષધીય બાગમાં થી જરૂરિયાત પ્રમાણે ઔષધી ઘર ઉપયોગ માટે પણ લઇ જાય છે તથા આ ઔષધીય પોતાના ઘરની આજુબાજુ પણ વાવે છે.
(જસ્મીનભાઇ દરજી - પંચમહાલ - 7285840750, મેહુલભાઈ સુથાર - મહેસાણા - 7600984093, સેવકભાઈ ચૌધરી - વડોદરા - 7874063646, હર્ષાબેન જાદવ - તાપી - 9427472586, અશ્વિનકુમાર પટેલ - સુરેન્દ્રનગર - 9427665972, ગૌરવકુમાર જોશી - મેહસાણા - 9638635031, નીશીથભાઈ આચાર્ય - અમદાવાદ - 9662359321)
૨) શાળામાં અમુક બાળકોને પેટમાં દુખતું હોવાથી ગેરહાજર રહેતા હતા, આ સમસ્યાની જાણ થતા શિક્ષકે તેની પાછળનું મૂળ કારણ શોધતા જાણવા મળ્યું કે બાળકોના હાથ ગંદા તેમજ નખમાં મેલ ભરેલા હતો અને વાળ જુ વાળા તેમજ ખોડાથી ભરેલ હતા શિક્ષકે આ તમામ બાળકોને યોગ્ય શેમ્પુ અને અલોવેરા જેલ આપવામાં આવ્યું અને માથામાં લગાવવાનું કહેવામાં આવ્યું તેમજ હાથની યોગ્ય રીતે

સફાઈ રાખવા માટે સૂચવ્યું. થોડા સમય બાદ હાજરી પરથી જાણવા મળ્યું કે જે બાળકો પેટ દર્દના લીધે ગેરહાજર રહેતા હતા તે હાજર રહેતા થયા અને પેટમાં દુખતું બંધ થયું. (માધવીબેન ડોબરિયા - રાજકોટ - 7383826316)

૩) શિયાળાની ઋતુમાં બાળકો આખા વર્ષ માટે નીરોગી રહે તે હેતુથી આયુર્વેદિક હોસ્પિટલ, NGO તેમજ ઔશાડીયાના જાણકારની મદદ લઈ ત્યાંથી કાચી સામગ્રી (ઔષધિઓ) લઈ સ્ટાફ દ્વારા જ વિધાર્થીઓ માટે ઉકાળો તૈયાર કરવામાં આવતો અને દરેક વિધાર્થીઓને પીવડાવવામાં આવતો. આવું કરવાથી વિધાર્થીઓને એ રોગ સામે લડવામાં પ્રતિકારક શક્તિ મળી રહે છે. (અમિતભાઈ મોરી - સુરેન્દ્રનગર - 8866655861, વર્ષાબેન ત્રિવેદી - પોરબંદર - 7874482155, કમલેશભાઈ લીલા - રાજકોટ - 9601840333, ક્રિષ્નાબેન પંડ્યા - બનાસકાંઠા - 9724394721, અરવિંદભાઈ ભોજાણી - ભાવનગર - 9879970065)

૪) શિયાળાની ઋતુમાં શાળામાં વાવેલ લીમડામાં જયારે મોર(ફૂલ) આવે ત્યારે તે ફૂલ તેમજ કુણી કુપળો એકઠી કરીને તેનો રસ કરવામાં આવે છે અને શાળામાં બાળક પ્રાર્થનાખંડમાં બેસે ત્યારે તેમને તે રસ આપવામાં આવે છે. (મેલાભાઈ રાઠોડ - નર્મદા - 7698764098, લતાબેન અલેકાર - વડોદરા - 9099325981, શૈલેશભાઈ દુધાત્રા - રાજકોટ - 9409165913)

૫) બાળકોમાં સ્વચ્છતાની ટેવને કાયમી અનુસરે તે માટે વર્ગમાં સફાઈના સાધનો નો એક કોર્નર બનાવ્યો. જેમાં અરીસો, કાંસકો, નેલ કટર, તેલ, રૂમાલ વગેરે કાયમી વર્ગમાં રાખવામાં આવ્યું છે. (રામજીભાઈ રોટાતર - બનાસકાંઠા - 9726658508)

(૬) શાળાના વિદ્યાર્થી બહારનો નાસ્તાનો ઓછો ઉપયોગ કરે તે હેતુથી દરેક બાળકોને ઘરેથી પૈસા લાવવાની મનાઈ કરવામાં આવી અને ઘરનો જ નાસ્તો કે રોટલી - શાક, શાળામાંથી બનાવેલ નાસ્તો તેમજ ફણગાવેલ કઠોળ મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી તેમજ વાર મુજબ ભોજન કે નાસ્તો બાળકોને લખાવી ને સમજાવી દેવામાં આવ્યું કે કયા દિવસે કયો નાસ્તો લાવવો. (નીરવભાઈ ચૌહાણ - ભાવનગર - 9586116776, કોમલબેન જોશી - અમદાવાદ - 9427142905, ડો. કિશોરભાઈ શેલડીયા - રાજકોટ - 9429043627, જનકભાઈ માવાણી - ભાવનગર - 9510573055)

૭) શાળામાં એક ઔષધ પોથી બનાવી છે જેમાં વિવિધ રોગ ને નિવારવા કઈ ઔષધીનો ઉપયોગ કરવો તે લખેલું છે અને ક્યાંથી મળી શકે? તે પણ જણાવ્યું છે. (સાગર સખીયા - અમરેલી - 9099702449)

## (૧૪) પ્રશ્ન: વહીવટી કાર્ય ઓછામાં ઓછા સમયમાં કરી વધુમાં વધુ સમય વર્ગખંડમાં ફાળવી શકાય તે માટે આપે કરેલ નવતર પ્રવૃત્તિ જણાવો અને તેનાથી થયેલ ફાયદા ટૂંકમાં જણાવો.

તારણ: શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે. જવાબની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ અને મોબાઈલ નંબર આપેલ છે.

૧) કુલ જવાબ આપેલ શિક્ષકમાંથી ૮૦% શાળામાં હવે શાળાકીય કામગીરી તેમજ પરિપત્રો અને જરૂરી માહિતી કમ્પ્યુટરરાઈસ કરવામાં આવે છે જેથી કરીને શિક્ષક વધારે સમય પોતાના કલાસમાં કાઢી શકે

અને ફ્રી તાસમાં બાળકોને ઈત્તર પ્રવૃત્તિ કરાવે છે. તદુપરાંત જયારે પણ ગમેતે માહિતી ગમે તે શાખામાં જોઈતી હોય તેમને થોડા જ સમયમાં પહોચાડવામાં આવે છે.

૨) શાળાના કોઈ પણ વિદ્યાર્થીની માહિતી ફક્ત એક રજીસ્ટર નંબર નાખવાથી આવી જાય અને જયારે પણ શિષ્યવૃત્તિના ફોર્મ ભરવાના હોય, જન્મ તારીખનો દાખલો કાઢવાનો હોય,બેંક ડીટેલ તેમજ આધાર કાર્ડ નંબરની જરૂર હોય કે બીજી શૈક્ષણિક સ્પર્ધાત્મક પરીક્ષાના ફોર્મ ભરવા હોય ત્યારે આ માહિતી ઝડપથી મળે તે હેતુથી શાળાના વિદ્યાર્થીનો તમામ ડેટા કોમ્પુટરમાં નાખવામાં આવ્યો છે, શરૂઆતમાં થોડા સમય ડેટા નાખતા સમય લાગ્યો પરંતુ ફળ સ્વરૂપે ગમે તે શાખામાં મોકવાની માહિતી બહુ ઓછા સમયમાં મોકલવામાં આવે છે. (કેતનભાઈ ઢોલરીયા - સુરત - 9913006983, ચતુરભાઈ ઝાપડિયા - બોટાદ - 9898574295, વિમલભાઈ પટેલ - ભરૂચ - 9824325044, સચીનભાઈ - સુરેન્દ્રનગર - 9879307356)

૩) પહેલાં શાળાકીય વહીવટી કાર્ય હાથ વડે લખીને અને રૂબરૂમાં ટપાલ કે પરિપત્ર અને પત્રકો પહોંચાડી ને કરવામાં આવતું હતું અને આ બધામાં સમય વધુ વેડફાતો હતો. આથી શાળા દ્વારા પે સેન્ટર શાળા, સી.આર.સી. સેન્ટર અને બી.આર.સી. ભવન સાથે પત્રકો અને પરિપત્રો ની આપ લે ઈ-મેઈલ તેમજ વોટ્સએપ દ્વારા કરવામાં આવે છે. (પ્રજ્ઞેશભાઈ પટેલ - નવસારી - 9879620460, ભાવેશભાઈ પંડ્યા - મહેસાણા - 9824613969)

૪) શાળાની હાજરી, મધ્યાહન ભોજનની સંખ્યા કોમ્પુટરમાં MS Excel માં નાખી ફોર્મુલા અપ્લાય કરીને તેની એવરેજ તેમજ માસિક પરિપત્ર બનાવવામાં સરળતા રહે છે. (શૈલેષકુમાર દુધાત્રા - રાજકોટ - 9409165913)

૫) સરકાર તરફથી જે પત્રકો મંગાવવામ આવે છે તેની પહેલેથી જ એક સમયપત્રક મુજબ ડ્રાફ્ટ તૈયાર કરવામાં આવે છે કે કયા મહિનામાં કયો પત્રક મોકલવાનો થશે? જેથી કરીને જયારે પત્રકો આપવાના થાય ત્યારે તેમાં જરૂરી સુધારા કરીને સરકારી શાખામાં મોકલી આપવામાં આવે છે. (મીનેશકુમાર પટેલ - સુરત - 9428845675, નીમેશકુમાર પટેલ - વડોદરા - 9427056305, સુરેશકુમાર નાગલા - અમરેલી - 9925943358, રાયસિંહ પરમાર - ગીર - સોમનાથ - 9275117976, કિરિટભાઈ પટેલ - ખેડા - 9974012198, નિધીબેન સુતરીયા - અમરેલી - 9825542629)

(૬) પ્રાથમિક શાળના વહીવટી કાર્યમા સુગમતા માટે માટે એસ.એમ.સી. ને વિશ્વાસમા લઈ તમામ પ્રકારના વહીવટી કાર્ય માટે, શાળાને મળતી વહીવટી ગ્રાન્ટ માથી એક ક્લાર્ક (કમ્પ્યુટર) ની હંગામી નિમણુક કરી તેને તમામ પ્રકારનુ કાર્ય કરાવી,શિક્ષકોને તેમાથી મુક્તિ અપાવી,તે સમયનો શૈક્ષણિક કાર્યપાછળ ઊપયોગ કરવામાં આવે છે. (પંકજકુમાર દરજી - પંચમહાલ - 9624256037)

(૭) ગામના લોકોને જન્મનો દાખલો તેમજ વિદ્યાર્થીના એલ.સી. કાઢવાના હોય ત્યારે બહુ સમય લાગતો પણ કોમ્પુટરમાં બધો ડેટા એક વાર નાખ્યા બાદ ઝડપથી કામ થવા લાગ્યું, જયારે લાઈટ ના હોય અથવા શિક્ષક શાળાએ ના હોય તેવા સમયમાં જો આવા ડોકયુમેન્ટની જરૂર હોય ત્યારે શિક્ષક પોતાના મોબાઈલમાં રાખેલ શાળાના ડેટા માંથી મોકલી આપે છે. (વિજયભાઈ કણઝારીયા - બોટાદ - 9924036038, યુવરાજભાઈ વાઘેલા - ભાવનગર - 9825590790, રાકેશભાઈ પટેલ - સુરત - 9879860601)

## (૧૫) પ્રશ્ન: આપ દરેક વિષયના અભ્યાસક્રમને વધુ રસપ્રદ બનાવવા કઈ પ્રવૃત્તિ કરો છો?

**તારણ:** શિક્ષકો દ્વારા અભ્યાસક્રમને રસપ્રદ બનાવવા વિદ્યાર્થીઓ પાસેથી નીચે મુજબની પ્રવૃતિઓ કરાવવામાં આવે છે.

૧) દરેક જૂથ વચ્ચે વિષય પ્રમાણે પ્રોજેક્ટ આપવામાં આવે છે અને તેનું પ્રદર્શન પ્રાર્થના સભામાં કરવામાં આવે છે જેથી અન્ય વિદ્યાર્થીઓ પણ તેના વિશે જાણે.

૨) ઐતિહાસિક અને પાઠ્યપુસ્તકમાં આવતા સ્થળોની શક્ય તેટલી મુલાકાત કરાવવામાં આવે છે અને તજજ્ઞો દ્વારા સેમીનાર પણ ગોઠવવામાં આવે છે.

૩) વિષય પ્રમાણે પી.પી.ટી. દ્વારા પ્રેઝેન્ટેશન કરવામાં આવે છે અને વિડિયો પણ બતાવવામાં આવે છે.

૪) શિક્ષક સામાજિક વિજ્ઞાન શીખવતી વખતે ઐતહાસિક પ્રસંગો ને લગતા પુસ્તકો અને ચિત્રો બતાવે છે અને વિદ્યાર્થીઓને કહેવામાં આવે છે કે તેઓ એવા પ્રસંગ વર્ગખંડ માં કહે અને તે પરથી પ્રોજેક્ટ પણ બનાવે.

૫) વિજ્ઞાનમાં દરેક પ્રકરણના અંતે MICROSOFT MOUSE MISCHIEF SOFTWAREની મદદથી શાળાના મલ્ટીમીડિયા હોલમાં LCD projector અને Mouseની મદદથી ક્વીઝ રમાડવામાં આવે છે જેથી વિદ્યાર્થીઓને ગમ્મત સાથે જ્ઞાન મળે અને તેની પ્રગતિનો તુરંત ખ્યાલ પણ શિક્ષકોને આવે.

૬) ધોરણ ૮ ન એક એકમ ધાર્મિક - સામાજિક જાગૃતિ મા વહેમ - અને અંધશ્રદ્ધા ની વાત કરવામાં આવી છે જેમા વર્તમાન સમયમા પણ સમાજમાં રહેલી વિવિધ અંધશ્રદ્ધાઓની માહિતી વર્તમાન પત્ર દ્વારા તથા તે અંગેના વિવિધ કટીંગ્સ એકત્ર કરી તેનો અંક તૈયાર કરી તેની સમજ આપવામાં આવે છે. એ જ રીતે વિવિધ પ્રાકૃતિક આપત્તિઓ જેવી  કે પૂર, સૂનામી, ભૂકંપ વગેરેના પેપર કટીંગ્સ દ્વારા અંક તૈયાર કરી બતાવવામાં આવે છે. તે મુજબ ક્રાંતિકારીઓના ચિત્રોના અંક તૈયાર કરાવવા વગેરે જેવા પ્રોજેક્ટ, પ્રવૃત્તિઓ બાળકો પાસે કરાવવામાં આવે છે અને જેમા બાળકો રસપૂર્વક ભાગ લે છે.

૭) કવિતાઓ માટે શિક્ષક પ્રાર્થનાસભામાં વિદ્યાર્થીઓને સંગીતના વાદ્ય સાથે અભિનય ગીત કરાવડાવે છે. વાર્તાઓ માટે વિદ્યાર્થીઓ પાસે નાટક અને પત્ર અભિનય કરાવાય છે જેથી તેઓની અભિનય કળા વિકસે તેમજ ગમ્મત સાથે તેઓ પાઠના કાવ્ય તેમજ વાર્તાઓ સમજી શકે. આ તમામ પ્રવૃતિઓ રેકોર્ડ કરીને વિદ્યાર્થીઓને ટી. વી. પર બતાવાય છે જેથી તેઓ પોતાના અને અન્ય વિદ્યાર્થીઓના કૌશલ્યને જોવે અને પ્રોત્સાહન પણ મળે.

૮) વિવિધ પ્રવૃતિઓ જેવી કે ચિત્રકામ,પશુ, પક્ષી, વ્યવસાયકારો, ફળ - ફૂલ, શાકભાજી, અનાજના ચિત્રો લગાડવા. સંગ્રહ: જુદા જુદા અનાજના નમુના, કઠોળ, તેલીબીયા, જોવાલાયક શહેર સ્થળોના ચિત્રો ચોટાડવા.

૯) જુદાજુદા વિષયોને લગતા સંગ્રહો જેમ કે જોડકણાના અંક, બાળગીતોનો અંક, પક્ષીઓનો, પ્રાણીઓનો સચિત્ર અંક બનાવેલ છે.

૧૦) માટીકામ: માટીની પ્રવૃત્તિ જેવી કે મણકા રમકડા બનાવવા જેવી પ્રવૃતિઓ કરાવવામાં આવે છે. સારી પ્રવૃત્તિની  બિરદાવી ડિસ્પ્લે ઉપર મુકાય છે જેથી બીજા બાળકને સારી પ્રવૃત્તિ કરવાની પ્રેરણા મળે.

**(૧૬) પ્રશ્ન: આપના મતે ગુણવત્તાલક્ષી શિક્ષણની વ્યાખ્યા/પરિભાષા શું છે?**

**તારણ:** શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે

૧) પુસ્તકના જ્ઞાન સિવાય સામાન્ય જ્ઞાન પણ પુરતું મળી રહે

૨) વિદ્યાર્થીની અંદર રહેલી કુશળતાને ખીલવવી, સર્વાંગી વિકાસ કરવો

૩) પ્રવૃત્તિ આધારિત શિક્ષણ



# મૂલ્ય શિક્ષણ

**(૧) પ્રશ્ન: શાળામાં કોઈ સમસ્યાના સમાધાનના રૂપે પ્રોજેક્ટના રૂપમાં બાળકો પાસે કોઈ કાર્ય કરાવેલ છે? ટૂંકમાં માહિતી આપો.**

**તારણ:** શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે.જવાબની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ પણ આપેલ છે.

૧) ૩૧૫ શાળા પૈકી ૨૦૦ શાળાઓમાં "બચત બેંક" નામનો પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. જેમાં વિદ્યાર્થી પોતાને મળતા ખીસાખર્ચ માંથી જે પૈસા બચાવે તે શાળામાં ચાલતી બેંકમાં જમા કરાવે અને જયારે આ નાણા ની જરૂર હોય અથવા તો જયારે શાળા માંથી પ્રવાસ જવાનો હોય ત્યારે આ નાણાનો ઉપયોગ કરતા હતા અને તેઓ જયારે શાળા છોડીને જતા હોય ત્યારે ખાતામાં જમા નાણા તેમને પાછા આપવામાં આવતા હતા. બેંક ચલાવવાની તથા સંભાળવાની બધી જવાબદારી શાળાના બાળકોને જ સોપવામાં આવી છે. શાળા દ્વારા ચાલતી બેંકમાં વિદ્યાર્થી, એસ.એમ.સી. સભ્ય તથા વાલીઓના ખાતા પણ છે.

૨) ૩૧૫ શાળા પૈકી ૨૪૦ શાળાઓમાં "રામહાટ" નામનો પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. શાળામાં બાળકોને જરૂરી એવી સ્ટેશનરી વસ્તુ શાળામાં જ મળી રહે તે હેતુ થી "રામહાટ" શરુ કરવામાં આવ્યું છે જેમાં તેનું બધું સંચાલન ધોરણ પ્રમાણે બાળકની નિયુક્તિ કરીને કરવામાં આવે છે.

૩) એક શાળામાં બાળકોમાં વાંચન, લેખન અને ગણન ક્ષમતા વિકસાવવા માટે પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો.આ પ્રોજેક્ટમાં શાળાના જે પ્રિય વિદ્યાર્થી છે તેઓને ધોરણ ૧ થી ૪ અને ૫ થી ૮ એમ બે જુથમાં વહેચવામાં આવ્યા અને તે જુથમાં ૨-૩ હોશિયાર વિદ્યાર્થી નીમવામાં આવ્યા. આ હોશિયાર વિદ્યાર્થી માટે શિક્ષક દ્વારા ૩૦ દિવસ માટે ફ્રેમ તૈયાર કરવામાં આવી આ ફ્રેમમાં બાળકોને શું વંચાવવું, ગણાવવું અને લખાવવું જેવા મુદ્દા આવરી લેવામાં આવ્યા.આ પ્રવૃત્તિ દરરોજ ૩૦ મિનિટ કરવામાં આવે છે. આ પ્રવૃત્તિનું એવું પરિણામ જોવા મળ્યું કે ૭૦ થી ૮૦% બાળકો લખતા, વાંચતા, ગણતા શીખી ગયા જેમ કે ધોરણ ૧ માં ૮૦% બાળકોને વાંચતા આવડે છે. (અશ્વિનભાઈ પ્રજાપતિ - ગાંધીનગર)

૪) એક શાળામાં "મારો મિત્ર" નામનો પ્રોજેક્ટ વૃક્ષોનું જતન કરવા માટે હાથ ધરેલ છે. આ પ્રોજેક્ટમાં શાળાને એક નવું બિલ્ડીંગ ગામથી દુર મળ્યું છે. આ શાળાના નવા બિલ્ડીંગ ની આસપાસ બહુ ઓછા પ્રમાણમાં વૃક્ષો હતા. આ વૃક્ષોનું પ્રમાણ તો વૃક્ષો વાવીને વધારી દીધુ પણ હવે તેનું જતન કેમ કરવું એ બાબત ની ચિંતા હતી કારણ કે શાળામાં વૃક્ષોને પાણી પીવડાવવાની કોઈ સુવિધા જ ન હતી. આથી બાળક પ્રમાણે એક એક વૃક્ષ સોપવામાં આવ્યું, બાળકો ઘરેથી જે પાણી પીવા માટે લાવ્યા હોય તેમાંથી વધતું પાણી પોતાને સોપેલ વૃક્ષને પીવડાવવાની જવાબદારી આપવામાં આવી. આ પ્રવૃત્તિ ના પરિણામે આજે શાળાનું મેદાન વૃક્ષોથી ભરેલું લાગે છે. (વાસુદેવભાઈ રાઠોડ - સુરેન્દ્રનગર, દેવાંગીબેન બારૈયા - જામનગર)

૫) શાળામાં વર્ગ સ્વચ્છ રહે તે હેતુ થી "સ્વચ્છતા" પ્રોજેક્ટ ચાલુ કરવામાં આવ્યો.આ પ્રોજેક્ટમાં ૧ સફાઈ મંત્રી અને ૧ નાયબ મંત્રી બનાવવામાં આવ્યા. આ બંને મંત્રી શાળાના વર્ગખંડમાં સફાઈ કરતા વિદ્યાર્થીઓ પૈકી જે વિદ્યાર્થી સારી રીતે સફાઈ કરતો હોય અને સ્વચ્છતા રાખતો હોય તેનું નામ મંત્રી પોતાની બૂક માં લખે અને મહિનાને અંતે જે બાળકને વધુ પોઈન્ટ મળ્યા હોય તેને આવતા મહિના માટે

મંત્રી બનાવવામાં આવે છે. આ પ્રોજેક્ટ થી બાળકો સ્વચ્છતાના આગ્રહી થયા છે અને વર્ગખંડ પણ સ્વચ્છ રાખતા થયા છે. (ઉપાધ્યાય પ્રતિકભાઈ - મહેસાણા)

## (૨) પ્રશ્ન: શું આપે શાળામાં વિધાર્થીઓને પ્રથાનાસભામાં કોઈ એવી પ્રવુતિ કરાવેલ છે જેનાથી મૂલ્ય શિક્ષણ મળી રહે? ટૂંકમાં વિગત જણાવો.

**તારણ:** શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે. જવાબ આપવાની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ અને મોબાઈલ નંબર પણ આપેલ છે.

૧) "આજનું મદદરૂપ કાર્ય પ્રોજેક્ટ" અંતર્ગત જેમા બાળકો દ્વારા કોઈ ને મદદ કરવામા આવી હોય તેની વાત પ્રથાનાસભામાં કરવામાં આવે છે. (વિક્રમભાઈ ગઢવી - પોરબંદર - 9723867000, હાર્દિકકુમાર શર્મા - ખેડા - 8140745121, શિવાભાઈ સોંલકી - પાટણ - 9727484519, નિધિબેન સુતરીયા - અમરેલી - 9825542629)

૨) "સ્ટોરી કાફે પ્રોજેક્ટ" અંતર્ગત દર શનિવારે શાળાના શિક્ષક,ગામના કોઈ વડીલ દાદા કે શિક્ષણવિદ પાસે શૈક્ષણિક મુલ્ય વાળી વાર્તા કહેવડાવવામાં આવે છે. (અમિતકુમાર સોની - મહેસાણા - 9510209616, વિઠ્ઠલભાઈ વણકર - મહીસાગર - 9574152255)

૩) "દત્તક કમ્પ્યુટર" યોજના અંતર્ગત શાળાના કમ્પ્યુટર બાળકોને દત્તક આપવામાં આવે છે. આ યોજના અનુસાર બાળકને મળેલ દત્તક કમ્પ્યુટરની જાળવણી કરવાનું કાર્ય આપવામાં આવે છે. (મનીષકુમાર વાઢીયા - ગીર સોમનાથ - 9737376983)

૪) શાળામા પ્રાર્થનામા શિક્ષકો દ્વારા રોજ એક પ્રેરક વાર્તા કહેવામા આવતી અને બીજા દિવસે બાળક દ્વારા તેનુ સ્વતંત્ર લેખન કરી લાવવા કહેવામાં આવતું અને કોઈ એક બાળકે લખેલ વાર્તાનું પ્રથાનાસભામાં વાંચન કરવામાં આવતું. (પ્રતિકકુમાર અરવિંદભાઈ - અમરેલી - 9429559308)

૫) શાળામાં "મુલ્ય શિક્ષણ મંત્રાલય" અંતર્ગત પ્રમાણિકતા,નિષ્ઠાવાન અને જવાબદાર નાગરિક બને તે માટે કોઈ બાળકે સારું કાર્ય કર્યું હોય તેને સમાજના પ્રતિષ્ઠિત વ્યકતિ દ્વારા સન્માનવામાં આવે છે. (પ્રવિણભાઈ ભુરાભાઈ - કચ્છ - 9909505011)

૬) "કર ભલા હોગા ભલા" અને "વધેલું પાણી છોડવાને આપવું" પ્રોજેક્ટ અંતર્ગત દરોરજ શાળા છોડતી વખતે વધેલું પાણી વૃક્ષોને પાવામાં આવે છે. (બહેચરભાઈ પ્રજાપતિ - કચ્છ - 9426136964)

૭) શાળાના બાળકે કરેલ મુલ્ય શિક્ષણની પ્રવુતિઓનું સી.આર.સી. દ્વારા મેગેઝીન બહાર પાડવામાં આવે છે. મેગેઝીન બાળકે કરેલ પ્રવુતિ તેના ફોટા સાથે છાપવામાં આવે છે તેથી બાળક આવી પ્રવુતિ કરવા પ્રોત્સાહિત થાય છે. (દીપિકાબેન વિજયભાઈ - કચ્છ - 9913984889)

૮) "ચાલો પ્રયત્ન કરીએ" થીમ અંતર્ગત ૨૫ જેટલી કૃતિઓ મૂકવામાં આવી છે જેમાં વિષયવસ્તુ, માહિતી અને જ્ઞાન, અભિનય - કલા અને મુલ્યલક્ષી શિક્ષણ મળે તેવી કૃતિઓ મૂકવામાં આવી છે. બાળવાર્તા અંતર્ગત - બે બાળકો વાર્તાની રજૂઆત કરે છે. ઈતરપ્રવૃત્તિ અંતર્ગત નાનાં નાટક, નાટિકા, સંવાદ, વાર્તાનું નાટ્યકરણ વગેરે દર બુધવારે રજૂ થાય છે. આ બધી જ પ્રવૃત્તિ મુલ્યલક્ષી શિક્ષણનો

સંદેશો આપે છે. (રમેશચંદ્રભાઈ પટેલ - ભરૂચ - 9426859056)

**(3) પ્રશ્ન: આપે આપની શાળાને સ્વચ્છ રાખવા માટે કોઈ પગલા લીધેલ હોય તો તે ટૂંકમાં જણાવો.**

**તારણ** : શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે. જવાબની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ પણ આપેલ છે.

૧) દર મહીને શાળામાં સ્વચ્છ વર્ગખંડ ની સ્પર્ધા રાખવામાં આવે છે અને આ સ્પર્ધામાં જીતનાર વર્ગખંડને ૨ હેન્ડવોશ કરવાની બોટલ આપવામાં આવે છે અને સ્ટાર નો બિલ્લો યુનિફોર્મ પર લગાવવામાં આવે છે. (શિવાંગીબેન શાસ્ત્રી - દાહોદ)

૨) શાળામાં ગંદકી કરતા બાળકોને અટકાવવા માટે શાળામાં "સ્વચ્છતા કોર્ટ" નું આયોજન કર્યું છે. દર શનિવારે આ કોર્ટ ભરાય છે અને આ કોર્ટમાં ફરિયાદી, બચાવપક્ષના વકીલ, જજ અને સંભાળનારા પ્રેક્ષકો ની વચ્ચે આરોપીને પ્રશ્નોતરી કરીને કબુલ કરાવ્યા બાદ તેમને શિક્ષામાં સફાઈ,વાંચન,લેખન આપવામાં આવે છે જેના થાકી બાળકો કચરો કચરા પેટીમાં નાખતા થયા છે. (હસમુખભાઈ પ્રજાપતિ - પેટલાદ)

૩) શાળામાં સ્વચ્છતા માટે વિદ્યાર્થીઓના ગ્રુપ બનાવ્યા છે અને તેમનો ગ્રુપ પ્રમાણે એક લીડર પસંદ કર્યો છે અને તેમને અમુક વિસ્તારની સફાઈની જવાબદારી સોપવામાં આવી છે તથા ગ્રુપ પ્રમાણે એક શિક્ષક ની પણ નિયુક્તિ કરી છે જે તેના વિસ્તારની સફાઈ વિશે ધ્યાન રાખી શાળાને સ્વચ્છ રાખી શકે. (વિજયભાઈ દેવમુરારી - ગઢડા)

૪) પ્લાસ્ટિકનો ઉપયોગ રોકવા માટે એક શાળામાં "નો પ્લાસ્ટિક સેના"ની નિમણુક કરી છે જે શાળા શરુ થવાની પહેલા વિદ્યાર્થીઓ નાસ્તો લાવે તે પ્લાસ્ટિક બેગ માં હોય કે પેકેટમાં હોય તે વિધાર્થીને રોકીને નાસ્તો નાસ્તાના ડબ્બામાં નાખીને અને પ્લાસ્ટિક કચરાટોપલીમાં નાખ્યા બાદ જ વર્ગખંડ માં પ્રવેશવા દેવામાં આવે છે. (નીલેશભાઈ રાજા - બોટાદ)

૫) એક શાળાના મેદાનમાં વૃક્ષ દીઠ એક થેલી લગાડવામાં આવી છે આ થેલી નો ઉપયોગ બાળકો જયારે મેદાન માં રમતા હોય ત્યારે કચરો નાખવા માટે કરે છે અને સમયાંતરે તે ખાલી કરવામાં આવે છે. (ધનશ્યામભાઈક્ષ પટેલ - ધ્રાંગધ્રા)

**(૪) પ્રશ્ન: શાળાના બાળકો અને વાલીઓમાં સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત્તિ વધે તે માટે આપે કરેલ નવતર પ્રયોગ અને તેનું પરિણામ ટૂંકમાં જણાવો.**

**તારણ:** શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે.જવાબ આપવાની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ અને મોબાઈલ નંબર આપેલ છે.

૧) ગામમાં ફળિયા પ્રમાણે ૫-૫ વિદ્યાર્થીની ટુકડી બનાવી અને તેમને સ્વચ્છતા અંગે જાણકારી આપતું ફોર્મ આપવામાં આવ્યું આ બાળકોએ ઘરે ઘરે જઈને આ ફોર્મ ભરાવ્યું જેમાં ઘરની આજુબાજુની સફાઈ,

ગંદા પાણીનો નિકાલ,તેમજ ફળિયાની સફાઈ, છેલ્લા ૩ મહિનામાં કોઈ બીમાર પડ્યું છે કે નહિ વગેરે બાબતનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. આ સર્વેનો સારાંશ ૨૬ મી જાન્યુઆરીના દિવસે શાળાના કાર્યક્રમમાં ગામલોકોની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યો જેથી તેમને સમજાવી શકાય કે સ્વચ્છતાનો સ્વાસ્થ્ય સાથે કેવી રીતે સબંધ છે. (દીપકભાઈ ધારવૈયા - જામનગર - 9898296367)

૨) શિયાળાની શરૂઆતમાં સ્વાઈન ફ્લુ અને મેલેરિયા જેવા રોગોનો ફેલાવ ખુબ હતો, જેનું મુખ્ય કારણ મચ્છર હતા. આ રોગો અટકાવવા લોકોમાં જાગૃતિ ફેલાવવા મહિનાના કોઈ એક બુધવારે સાંજે ગામ લોકોની મીટીંગ ભરીને માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું તેમજ બીમારીથી કેવી રીતે બચવું તેના પેમ્પલેટ પણ આપવામાં આવ્યા. બીજા દિવસે ધોરણ ૮ ના વિદ્યાર્થીની એક બાળદાકતરી સમિતિ બનાવી જેને ઘરે ઘરે જઈને જ્યાં પાણી ભરાય છે તે જગ્યાની માહિતી જે-તે ઘર વાળાને આપી અને તેને ચોખ્ખી કરવા જણાવ્યું. લગભગ એકાદ અઠવાડિયામાં પુરા ગામના ઘરની વિઝીટ આ સમિતિએ કરી શાળાને રીપોર્ટ આપ્યો. આમ ગામલોકોમાં મમચ્છરથી થતા રોગો વિષે જાગૃત થયા છે. (ફીચડીયા શૈલેશભાઈ - રાજકોટ - 9824831771)

૩) ગીતાપુર ગામના પિવાના પાણીમાં ક્ષારનું પ્રમાણ વધારે હોવાના કારણે બાળકોના દાંતની બિમારી વધારે જોવા મળી. આના ઉપચાર માટે સૌ પ્રથમ શાળામાં દાંતની સફાઈ બાબતે જાગ્રતી આવે તે માટે દાંતની નિયમિત સફાઈ ના સૂચનો આપ્યા.અઠવાડીયામાં એક વાર સામુહિક દંત મંજન કાર્યક્રમ રાખવામાં આવતો. હાલમાં શાળામાં દરરોજ મધ્યાહ્ન ભોજન બાદ ૨:૪૫ સમયે દરેક બાળકને શાળા તરફથી બ્રશ તથા ટુથપેસ્ટ દ્વારા દાંતની નિયમિત સફાઈ કરાવવામાં આવે છે.બાળકોની દાંતની તકલીફ ઓછી થઈ. દાંત પ્રત્યે જાગ્રતી આવી.શાળા કક્ષાએ આ પ્રયોગ હાલમાં નિયમિત ચાલે છે. (રસિકભાઈ પટેલ - અમદાવાદ - 9687835010)




૪) શાળામાં રિશેષ દરમિયાન બાળકો ન્યુટ્રીશયન વાળો નાસ્તો ખાય તે માટે દર શનિવારે વેંજીટેબલ સલાડ ડે, ફ્રુટ સલાડ ડે, કઠોળ ડે, ભેળ ડે,... જેવા અનેક ડે ઉજવવાનું શરુ કરવામાં આવ્યું છે, બાળકો હોશે હોશે ઘરેથી સલાડ નાસ્તામાં લાવે છે અને સમુહમાં આરોગે છે. (શ્રધ્ધાબેન રાવલ - ભાવનગર - 9638304001)

૫) ગામના લોકો સ્વાસ્થ્યમય જીવન જીવે તે માટે શાળાના ધોરણ ૬ અને ૭ બાળકોનું ગ્રુપ પાડીને આ બાળકોને શનિવારે સાંજના સમયે અને રવિવારે સવારે ગામના દરેક ફળિયામાં વહેંચવામાં આવ્યા. બાળકો ધ્વારા ફળિયામાં રહેલો કચરો, પથ્થરો, વગેરે સફાઈ કરવામાં આવી. આમ બાળકો દ્વારા દર

અઠવાડિયે આ પ્રવૃત્તિ કરવામાં આવી. બાળકોને જોઈ આજે ફળિયાના લોકો દરરોજ જાતે સફાઈ કરે છે અને બાળકો તથા ગામલોકોને સ્વાસ્થ્ય નું મહત્વ પણ સમજાયું. (નરેશકુમાર પટેલ - મહેસાણા - 8980913082)

૬) સ્વાસ્થ્ય સારું રાખવા માટે જરૂરી સ્વચ્છતા બરાબર જળવાય રહે તે માટે વ્યક્તિગત સ્વચ્છતાનું કાર્ડ બનાવ્યું છે તેમજ ગામમાં ઘર પ્રમાણે કાર્ડ બનાવ્યું છે. જ્યાં મૂલ્યાંકન દરમિયાન સ્વચ્છતા જોવા મળે તેના નામ મુજબ તેને પોઈન્ટ આપવામાં આવે છે અમુક સમયના નાતે જેના વધુ પોઈન્ટ હોય તેમને એસ.એમ.સી. તેમજ ગામલોકોની હાજરીમાં ઇનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવે છે. (સંજયભાઈ પટેલ - 8238406080 - વડોદરા)

## (૫) પ્રશ્ન: શાળામાં તમે વર્ગખંડનો મહત્તમ ઉપયોગ કરીને વિષય વસ્તુ સમજાવવા માટે કોઈ નવીન પ્રવૃત્તિ કરી હોય તો ટૂંકમાં જણાવો.

**તારણ:** શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે.જવાબની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ પણ આપેલ છે.

૧) ૨૯૧ શાળા પૈકી ૨૨૦ શાળાના વર્ગખંડમાં વિષયવસ્તુ ને અનુરૂપ ટી.અએલ.એમ. ચાર્ટ, વિવિધ રાજ્યના તથા દેશના નકશાઓ, પક્ષીના ચિત્ર, ઋતુ અને હવામાન અંગે જાણકારી, માણસના વિવિધ અંગ, ચારેય દિશા અને ખૂણા નું ચિત્ર, વિવિધ ફૂલો તથા શાકભાજીના ચિત્ર, વિવિધ દેશના નામ સાથે રાષ્ટ્રધ્વજ, ભૂમિતિના આકારો, કાર્ટૂન ચિત્ર, વાર અને મહિનાની સમજ આપતા પોસ્ટર વગેરે લગાડવામાં આવે છે.

૨) એક શાળામાં પ્રજ્ઞાવર્ગ ધોરણ ૧ અને ૨ ના બાળકો પોતાની ચોપડી સરળતાથી ઓળખી શકે તે હેતુથી વર્ગખંડની અંદર જ એક નાનો કબાટ બનાવેલ છે જેમાં બાળકોની ચોપડીઓ પર જે બાળકની ચોપડી હોય તેનો કમ્પ્યુટરમાં બનાવેલ ફોટો લગાવવામાં આવ્યો છે. જેથી બાળક પોતાની જાતે ફોટો ઓળખીને પોતાની ચોપડી લે છે અને ઉપયોગ કાર્ય પછી પોતાની જાતે કબાટમાં મુકે છે. (દરજી કિરણભાઈ - કચ્છ)

૩) ધોરણ ૧ થી ૪  બાળકો અંગ્રેજીના સ્પેલિંગ સરળતાથી શીખે તે હેતુથી શાળાના વર્ગખંડમાં આવેલી જેટલી પણ વસ્તુ છે તેની બાજુમાં તેનો સ્પેલિંગ, ઉચ્ચારણ અને તેનો અર્થ લખવામાં આવ્યો છે. બાળક સતત આ સ્પેલિંગ, ઉચ્ચાર અને અર્થ જોતો હોવાથી સરળતાથી યાદ રાખતા થયા છે. (નાયી નીરજકુમાર - સાબરકાંઠા, સેવકભાઈ ચૌધરી - વડોદરા)

૪) બાળકોને કાર્ટૂન બહુ ગમતા હોય છે આથી એક શાળામાં કાર્ટુન થીમ સાથે લગાવેલ ચાર્ટ ક્રાફ્ટમાં મૂળાક્ષરો, અંકો, ગાણિતિક સુત્રો, અંગ્રેજીના સ્પેલિંગ વગેરે લખવામાં આવે છે અને બાળકો દ્વારા સતત આ પુનરાવર્તન થવાથી સરળતાથી યાદ રાખતા થયા છે. (સુતરીયા નિધીબેન - અમરેલી, પટેલ ગૌરવભાઈ - રાજુલા, વ્યાસ કિરણભાઈ - મોરબી)

૫) સુરતની એક શાળામાં બાળકો ટેકનોલોજીનો વાંચનમાં ભરપુર ઉપયોગ કરે તે હેતુથી શિક્ષકે લાયબ્રેરીની ડીજિટલ સ્વરૂપ આપ્યું છે. બાળકોને જરૂરી એવું વાંચન મટીરીઅલ જેમ કે સફારી,

બાળવાર્તા, પાઠ્યપુસ્તકો, પ્રેરણાત્મક પુસ્તકો, જાણવા જેવું વગેરેનું પી.ડી.એફ. ફોર્મેટ તથા નોટપેડ અને વર્ડપેડ ફોર્મેટમાં રૂપાંતરિત કરીને કમ્પ્યુટરમાં ઇન્સ્ટોલ કરવામાં આવ્યું છે. શાળામાં રીશેષના સમયે તથા દર શાળા સમય સિવાયના ફ્રી સમયમાં તેનો ઉપયોગ કરે છે. (રાખોલિયા હિતેશભાઈ - સુરત)

૬) બાળકોમાં વાંચન ક્ષમતા વિકસે તે હેતુ થી એક શાળામાં વર્ગખંડોમાં જ ભાષા કોર્નર બનાવી દીધો. આ કોર્નેરમાં બાળકોને આકર્ષિત કરતા વાર્તાની ચોપડીઓ તથા કાર્ટૂનની ચોપડીઓ અંગ્રેજી, ગુજરાતી અને હિન્દી ભાષામાં મુકવામાં આવી બાળકો આ કોર્નરમાંથી પોતાની જાતે જ જે પુસ્તક જોઇતું હોય તે લઈને વાંચતા હતા. આમ લાયબ્રેરીનો ઉપયોગ વર્ગખંડ માં થવા લાગ્યો અને બાળકો વાંચનમાં રૂચી દાખવવા લાગ્યા. (જાની નીતિનભાઈ - અમરેલી, પાવની વિઠ્ઠલદાસ - કચ્છ)

## (૬) પ્રશ્ન: વિદ્યાર્થીઓમાં શારીરિક સ્વસ્થતા વધારવા તેમજ કુપોષણ દુર કરવા આપે ક્યાં પ્રયત્ન કરેલ છે?

**તારણ:** વિદ્યાર્થીઓમાં શારીરિક સ્વસ્થતા વધારવા તેમજ કુપોષણ દુર કરવા શિક્ષકોએ નીચે મુજબના પ્રયત્નો કરેલ છે.

૧) મધ્યાહ્ન ભોજન અને કિચન ગાર્ડનમાં સીઝન પ્રમાણે લીલા શાકભાજી નો ઉપયોગ કર્યો.

૨) વિદ્યાર્થીઓની આરોગ્ય અધિકારી સાથે મુલાકાત ગોઠવી અને તેમને કુપોષણ વિષે માહિતી આપી.

૩) કુપોષણ અને આહારના જરૂરી ઘટકો આધારિત ચાર્ટ્સ, વિડીયો / સ્લાઈડ શો દેખાડીને સમતોલ આહારનું મહત્વ સમજાવ્યું.

૪) કન્યાઓને હિમોગ્લોબીનની તપાસ કરી તેની ગોળી આપવામાં આવી અને શરીરમાં તેના યોગ્ય પ્રમાણ વિષે માહિતી આપી.

૫) વાલીઓને બાળકો ઘરે પૌષ્ટિક આહાર લે તે માટે સમજ આપી અને મેડીકલ ચેક અપ કેમ્પ શાળા માં રાખવામાં આવ્યો.

૬) એન.જી.ઓ. દ્વારા શારીરિક તપાસ કરવામાં આવેલ અને તારવેલ ખામી પ્રમાણે જરૂરી ખોરાક વિષે માહિતી આપવામાં આવી.

૭) શાળામાં વિદ્યાર્થી અઠવાડિયામાં એક વાર મનગમતું શાક લાવે અને તેના વિષે લેખિતમાં નોંધ રાખે જેમાં સારો સહકાર મળ્યો અને તેઓ અલગ શાકના ફાયદા જાણતા થયા.

૮) વિજ્ઞાન મેળામાં વિદ્યાર્થીઓ દ્વારા કુપોષણ ને લગતી કૃતિઓ રજૂ કરવામાં આવી અને તેઓએ વિટામીન અને પ્રોટીન યુક્ત આહારના પ્રયોગો રજુ કર્યા.

૯) મધ્યાહ્ન ભોજનની ગુણવતા પ્રથમ શિક્ષકો તપાસે છે , કોઈ સમસ્યા જણાય તો મધ્યાહ્ન ભોજન ઓર્ગેનાઇઝર ને વાત કરે છે અને ભોજન પહેલા વિદ્યાર્થીઓ પાસે હાથ ધોવડાવાય છે.

૧૦) સરકારી આયુર્વેદિક હોસ્પિટલની મુલાકાત કરવી અને ડોકટરે વિદ્યાર્થીઓને સ્વાસ્થ્ય અંગે વિસ્તૃત સમજણ આપી.

૧૧) દૂધ સંજીવની યોજના અંતર્ગત વિદ્યાર્થીઓ દૂધ પીવે તે ધ્યાન રખાય છે.

૧૨) પ્રાર્થના માં એક દિવસ ખોરાકના મહત્વ વિષે ચર્ચા કરવામાં આવે છે જેથી વિદ્યાર્થીઓ ખોરાક વિષે કાળજી લે.

૧૩) વિદ્યાર્થીઓને વિવિધ પ્રકારની કઠોળની સ્વાદિષ્ટ વાનગી બનાવતા શિક્ષકોએ શીખવાડી.

૧૪) શિક્ષકશ્રી દિલીપભાઈના નવતર પ્રયોગની વિડીયો ક્લીપ બતાવી કઠોળનું મહત્વ વિદ્યાર્થીઓને સમજાવવામાં આવ્યું.

૧૫) વિદ્યાર્થીઓ પાસે અનાજ કઠોળ મંગાવી રસોઈ સ્પર્ધા રખી અને તે જ ભોજન તેમને આપ્યું.

૧૬) વિદ્યાર્થીઓના સહકારથી તેમને ભાવે તેવુ અને પોષણ યુકત આહાર અને નાસ્તો શિક્ષકો બનાવે છે.

૧૭) વિદ્યાર્થીઓને દર ગુરુવારે ૧ કેળું આપવામાં આવ્યું.

૧૮) અઠવાડિયામાં એક વાર સરકાર તરફથી આપવામાં આવતી આયર્નની દવા આપી અને બાળકો તે લે તેનું ધ્યાન રાખવામાં આવ્યું.

૧૯) તુલસીના પાનનું સેવન અને તુલસીના ઉકાળાનું પાન વિદ્યાર્થીઓને કરાવ્યું.

૨૦) વિદ્યાર્થીઓ પાસે વ્યાયામ અને પ્રાણાયામ કરાવ્યું અને આજના ગુલાબમાં સ્વચ્છ વિદ્યાર્થીનું સન્માન કર્યું.

૨૧) આંખોની નબળાઈ દુર કરવા માટે લીલા શાકભાજીનો નિયમિત ઉપયોગ કરવા હેતુ શાળામા મેથી, કોથમીર, મુળા, લીલીડુંગળી, ધાણાનુ વાવેતર કર્યુ.

૨૨) દરરોજ ૧ ગ્લાસ દૂધ વિદ્યાર્થીઓને આપવામાં આવ્યું.

૨૩) વિદ્યાર્થીઓના બોડી માસ ઇન્ડેક્ષ માપ્યા અને તે અનુરૂપ ભોજનની સલાહ આપી.

૨૪) સ્વાસ્થ્ય દિવસ, હેન્ડ વોશિંગ ડે, સ્વચ્છતા દિવસ ઉજવવામાં આવ્યા.

૨૫) શિક્ષક અઠવાડિયામાં એક વાર ફળનું વિતરણ કરે છે અને કઠોળ માં વિવિધ વસ્તુ ઉમેરી બાળકોને ખવડાવામાં આવે છે.

૨૬) ગામલોકો પાસેથી દાતા તૈયાર કરી વિના મુલ્યે બાળકોને દૂધ આપ્યું.

૨૭) કન્યાઓને રૂબેલા રસી આપવામાં આવી.

૨૮) બાળકોને ફાસ્ટ ફૂડ ખાતા બંધ કર્યા અને સિંગ ચણા અથવા ઘરનો નાસ્તો જ લેવાની સુચના આપી. ટામેટા, ગાજર ખુબ ખવડાવ્યા જેથી બાળકોમાં બીમારીનું પ્રમાણ નહિવત થયું.

૨૯) બાળકો દ્વારા અઠવાડિયામાં એક વાર કઠોળનો નાસ્તો કરવ્યો અને તેમાં સાથે ગાજર, બીટ, સલાડ, ગોળ, ખજુર, બનાવે તેની નોંધ પણ તેઓ જ રાખે તેવું આયોજન કર્યું.

૩૦) સલાડ, નાસ્તા  સ્પર્ધા, હેલ્ધી ફૂડ માય ચોઈસએવી સ્પર્ધાઓ ગોઠવી અને ડો. અનુબેન શાહ ના સેમીનાર ની ગોઠવણ કરી જે વિદ્યાર્થીઓ સાથે દર મહીને તેમના સ્વાસ્થ્ય ને લગતા મુદ્દા પર ચર્ચા કરે છે.

૩૧) બાળકોના આંખ ની ખામી ડોક્ટર દ્વારા તપાસી અને તેમને ચશ્માં આપવામાં આવ્યા.

૩૨) દર શિયાળાની પ્રારંભે આમળા,તુલસી, ફુદીનો, લીલી હળદર અને આદુના રસનું તમામ વિદ્યાર્થીઓને સેવન કરાવાયું જેથી વિદ્યાર્થીઓમાં બિમારીનું પ્રમાણ ઘટ્યું, અભ્યાસમાં એકાગ્રતા વધી અને તેઓ શાળામાં નિયમિત આવતા થયા.

૩૩) વિદ્યાર્થીઓ સ્વચ્છ યુનિફોર્મ પહેરે તેમજ તેમનું શરીર સ્વચ્છ રાખે તે માટે શિક્ષકો ખાસ ધ્યાન રાખે છે.

## (૭) પ્રશ્ન: જો આપે શાળાનું વાતાવરણ શિસ્તમય અને આનંદમય બની રેહ તે માટે કોઈ પ્રવુતિ કરી હોય તો ટૂંકમાં જણાવો.

**તારણ:** શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે. જવાબ આપવાની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ અને મોબાઈલ નંબર પણ આપેલ છે.

૧) "વિકાસ પેટી" અંતર્ગત બાળકોને શાળામાં કઈ વસ્તુની જરૂરિયાત છે અને તે વસ્તુ કઈ રીતે મેળવી શકાય. બીજું શાળામાં કઈ સમસ્યા છે અને તેને કઈ રીતે દુર કરી શકાય તેની વિગત લખી ચીઠી વિકાસ પેટીમાં નાખવામાં આવે છે. નક્કી કરેલા સમયે વિકાસ પેટી ખોલી બાળકોની સમસ્યાનું સમાધાન અને જરૂરિયાતનો વિચાર કરવામાં આવે છે. (પ્રવિણભાઈ વણકર - અમદાવાદ - 9925483938)

૨) "વિષય મંડળ" અંતર્ગત શાળામાં દરેક વિષયના મંડળ બનાવવામાં આવ્યા છે. તેમાં શાળાના દરેક બાળકે કરેલ વિષય અનુસાર પ્રવુતિ વિષય મંડળમાં ફોટા સાથે મુકવામાં આવે છે. (જીતેન્દ્રભાઈ વાજા - ભાવનગર - 9909398636)

૩) "દત્તક વૃક્ષ" અંતર્ગત શાળાના બાળકોના ગ્રુપમાં વૃક્ષની સારસંભાળની જવાબદારી સોપવામાં આવે છે. (તેજસભાઈ મહેતા - ગીર સોમનાથ - 9429321524, કેતનકુમાર જોશી - વડોદરા - 9909533950)

૪) "વિચાર વૃક્ષ" કાર્યક્રમ અંતર્ગત શાળામાં બાળક અભિવ્યક્ત થાય એ હેતુથી બાળકના જીવનના કોઇપણ સારા નરસા અનુભવ થોડા શબ્દોમાં લખીને વિચાર વૃક્ષ પર લગાડે છે. ( જયદેવસિંહ ડોડિયા - બોટાદ - 9879796545)

૫) "મારી શાળા સુંદર શાળા" પ્રોજેક્ટ અંતર્ગત બાળકો પોતાના બુટ - ચંપલ વર્ગની બહાર વ્યવસ્થિત મુકે અને શાળાનું વાતાવરણ શિસ્તમય અને આનંદમય બની રહે તે માટે બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવે છે. (અરવિંદભાઈ ભેડા - પોરબંદર - 9725625147)

૬) શાળાના દરેક વર્ગમાં ફરિયાદ પેટી (ફરિયાદ સમિતિ) મુકવામાં આવી છે.દર શનિવારે બાળકોએ કરેલ ફરિયાદ ઉકેલવામાં આવે છે. (હિમાંશુભાઈ પોરિયા - પોરબંદર - 9909954454, ખ્યાતિબેન રાવળ - ગાંધીનગર - 9904480702)

૭) શાળાના મેદાનમાં નાના બાળકોને લઇ જઈ બાળકોની સંખ્યા પ્રમાણેના ગ્રુપ બનાવી ત્યારબાદ ગ્રુપમાં રહેલા દરેક બાળકોને મેદાનમાં પડેલા નાના પત્થર કે કાંકરા વીણી લાવાનું કહેવું.મેદાનમાં જ મોટા અક્ષરે અંકો કે મૂળાક્ષરો લખી આપવા.દરેક બાળકોના ગ્રુપ લખેલા એક એક મૂળાંક્ષરો કે અંકો પાસે બેસી જશે ને પોતે વીણેલા કાંકરા કે પથ્થરો તેના પર ગોઠવશે. આ રીતે બાળકો ગ્રુપમાં અને શિસ્તમય રીતે કામ કરતાં શીખે છે. (નિધિબેન સુતરીય - અમરેલી - 9825542629)

૮) શાળામાં ફુટબોલની રમતની જેમ બાળક જયારે ભુલ કરે ત્યારે યેલ્લો કે રેડ કાર્ડ આપી તેના આધારે તેને હકારાત્મક સજા કરવામાં આવે. (વિક્રમભાઈ ગઢવી - પોરબંદર - 9723867000)

**(૮) પ્રશ્ન: વર્ગખંડ વ્યવસ્થાપન એટલે કે શાળામાં વિદ્યાર્થીઓ સાથેનો સમય વધુ અસરકારક બનાવવા માટે આપ ક્યા પ્રકારના પગલા લ્યો છો?**

**તારણ:** શિક્ષકો નીચે પ્રમાણેના નવીન કાર્ય કરીને વર્ગખંડ વ્યવસ્થાપન વધુ અસરકારક બનાવવા પ્રયત્ન કરે છે.

૧) વર્ગમાં શિક્ષક દ્વારા અઠવાડિયામાં ૧ તાસ પ્રવૃતિનો રાખવામાં આવે છે જેમાં દરેક પ્રવૃતિનો સમાવેશ થાય અને દરેક વિદ્યાર્થી તેમાં ભાગ લે તેનું ખાસ ધ્યાન પ્રોત્સાહન આપીને રાખવામાં આવ્યું જેથી તેઓ સર્જનાત્મક પ્રવૃત્તિ સાથે શિક્ષણ પ્રાપ્ત કરે છે.

૨) ઈતિહાસ જેવા વિષયમાં નાટક દ્વારા શિક્ષણ, ભાષાના વિષય માં કવિતા ઓડિયો દ્વારા સંભળાવાય છે. ૩ કઠીન મુદ્દા સમજાવ્યા પછી વિદ્યાર્થીને ટુચકા મજાક સંભળાવાય છે જેથી તેઓને ગમ્મત સાથે જ્ઞાન મળી રહે છે.

૩) એક શિક્ષક તેમનો મહત્તમ સમય વિદ્યાર્થી સાથે પસાર કરી તેમના સ્વભાવ, અને તેમની કુશળતા જાણવા પ્રયત્ન કરે છે જેથી તેમની સાથે વાર્તાલાપ સરળ બની શકે અને મોટા ભાગની તમામ પ્રવૃતિઓ જૂથ કાર્ય દ્વારા વિદ્યાર્થીઓ પાસે કરાવે છે.

૪) કોઇપણ અભ્યાસના મુદ્દા પર વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરવામાં આવે છે અને તેમને વર્ગમાં વધુ વ્યક્ત કરવાની તક આપવામાં આવે છે જેથી તેમને મુંજવતી સમસ્યા કે સવાલનો સરળતાથી ઉકેલ લાવી તેમની સમજશક્તિ નો વિકાસ કરાય છે.

૫) ચાલુ તાસ દરમિયાન શિક્ષક દ્વારા વિદ્યાર્થીઓને પ્રશ્નોત્તરી કરવામાં આવે છે જેથી તેમનું ધ્યાન કેન્દ્રિત રહે.

૬) વર્ગની તમામ પ્રવૃતિઓના આયોજન માટે તમામ વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવે છે અને શિક્ષકની ગેરહાજરીમાં વર્ગનું આયોજન કરતા વિદ્યાર્થીઓને શિખવેલ છે જેથી વર્ગમાં વ્યવસ્થાપન જળવાઈ રહે.

૭) દરરોજ અલગ વિદ્યાર્થીઓને બેંચની પ્રથમ હરોળમાં બેસાડવામાં આવ્યા જેથી તેમનું ધ્યાન કેન્દ્રિત રહે.

૮) શાળામાં ડીજીટલ વર્ગખંડ બનાવવામાં આવ્યો જેમાં શિક્ષકો ધોરણ ૧ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે વિડીયો, ક્વીઝ બનાવી બતાવે છે અને નાટક, પ્રોજેક્ટ, પ્રદર્શન જેવી પ્રવૃતિઓ કરાવીને વિદ્યાર્થીઓ સાથેનો સમય વર્ગખંડમાં જ અસરકારક બનાવવામાં આવે છે.

૯) રિશેષ દરમિયાન સર્જનાત્મક પ્રવૃત્તિ કરાવવામાં આવે છે જેથી વિદ્યાર્થીઓ વર્ગમાં અભ્યાસ સિવાય પણ પ્રવૃત્તિથી જોડાયેલ રહે અને તેમને નવીન કાર્ય કરવાનો ઉત્સાહ રહે તેમજ વર્ગમાં યુનિફોર્મ સમિતિ, સુવિચાર સમિતિ, અભ્યાસ સમિતિ જેવી સમિતિઓની રચના કરવામાં આવેલ છે જેથી દરેક પોતાના કાર્યમાં વ્યસ્ત રહે અને સ્વયંસંચાલિત કાર્યથી વર્ગમાં વ્યવસ્થા પણ જળવાઈ રહે છે.

૧૦) મોબાઈલ કે કમ્પ્યુટર પર એકમ ને લગતી માહિતી બતાવવામાં આવે છે જેથી તેમનો અભ્યાસ પ્રત્યેનો રસ જળવાઈ રહે અને પુસ્તક સિવાય ટેકનોલોજી દ્વારા જ્ઞાન મળતું રહે.

૧૧) તાસની શરૂઆતમાં વિદ્યાર્થીઓ પાસે અમુક સમયે શૈક્ષણિક રમત રમાડવામાં આવે છે અથવા અન્ય શાળામાં થયેલ નવીન કાર્ય અંગે કહેવામાં આવે છે જેથી તેઓને પ્રેરણા મળે અને ત્યારબાદ બાકી રહેલ સમયમાં શિક્ષણ અપાય છે પરિણામે તેઓ જીજ્ઞાસાપુર્વક ભણે છે.

**)૯) પ્રશ્ન: તારીખ ૨૫ જૂન ૨૦૧૬ ના રોજ શાળાને લગતી સમસ્યાઓનો પ્રશ્ન પુછવામાં આવેલ હતો. તે અંતર્ગત શિક્ષકો દ્વારા જણાવવામાં આવેલ સમસ્યાઓમાંથી મુખ્ય અને સૌથી વધુ શાળામાં જોવા મળતી સમસ્યા છે કે, બાળકોની શિક્ષણ પ્રત્યે અરૂચી,ગૃહકાર્યમાં અનિયમિતતા અને અઘરા મુદ્દા લાંબા સમય સુધી યાદ રાખવામાં મુશ્કેલી અનુભવે છે.**
**આપના અનુભવના આધારે જણાવો આ સમસ્યાનું નિવારણ કઈ પ્રવુતિ દ્વારા કરી શકાય?**

**તારણ:** શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે. જવાબ આપવાની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ અને મોબાઈલ નંબર પણ આપેલ છે.
૧) વિધાર્થીના ગ્રુપ બનાવી શૈક્ષણિક મુદ્દા પર ચર્ચા - વિચારણા કરવાથી બાળકોને લાંબા સમય સુધી યાદ રહે અને શિક્ષણ પ્રત્યે રૂચી જળવાય રહે છે. (અલ્પેશભાઈ ચોહાણ - ભાવનગર - 9714885579, કિશોરભાઈ શેલડીયા - રાજકોટ - 9429043627)
૨) "સહાય જૂથ" અંતર્ગત વર્ગના શૈક્ષણિક આધાર પર હોશિયાર અને નબળા સહાય જૂથોની રચના કરી. હોશિયાર બાળકોને નબળા બાળકોની જવાબદારી સોપી બાળકોની શિક્ષણ પ્રત્યે અરૂચી દુર કરી. (જયેશભાઈ પટેલ - અરવલ્લી - 9638649495)
3) "બાળકોને ઓછુ લખો પણ સારું લખો" અંતર્ગત થોડુ ગૃહકાર્ય આપવામાં આવતુ હોવાથી બાળકો હોંશભેર ગૃહકાર્ય લાવતા.અને સારુ લખાણ લખનારની બુકમાં ખુબ સરસ, સરસ,સારું લખી અને હસતો ડાગલો દોરી આપતા હોવાથી તેમાં પણ સ્પર્ધા જોવા મળે છે. (વિજયભાઈ ગોંડલીયા - અમરેલી - 9725571955, નિધિ મહેશભાઈ સુતરીયા - અમરેલી - 9825542629)
૪) શાળામાં બાળકોની શૈક્ષણિક ક્ષમતાને આધારે A,B,C ગ્રેડ આપ્યા. રોજ બાળકો ને ગ્રેડ ની ક્ષમતાને આધારે ગૃહકાર્ય આપવાની શરૂઆત કરી તેથી મોટાભાગના બાળકો ગૃહકાર્ય લાવતા થયા. (લખનભાઈ જોષી - ભાવનગર - 9428182365, રાજેન્દ્રકુમાર પંડ્યા - ભાવનગર - 9427560503)
૫) શાળામાં શિક્ષક દ્વારા ભણાવતી વખતે સ્થાનિક ઉદાહરણો આવરીને તેનું મહત્વ સમજાવ્યું. સ્થાનિક વિસ્તારનાં ઉદાહરણો બળકોએ જાતે જોઇ અનુભવેલાં હોવાથી વધુ અસરકારક નિવડે છે. (હાર્દિકભાઈ શર્મા - ખેડા - 8140745121)
૬) શાળામાં કાર્ડ પેપર ઉપર દરેક વિધાર્થીના નામ,તારીખ અને વાર મુજબ ખાના પાડી લેશનનો ચાર્ટ બનાવાવવામાં આવ્યો.ગૃહકાર્ય લાવનાર વિધાર્થીના ચાર્ટ પર લાલ ચાંદલો લગાડવામાં આવતો. જે બાળક ને વધું ચાંદલા થયા હોય તેમને હસતા બાળકનો મોટો બિલ્લો શર્ટ પર લગાવી તેમનું સન્માન કરવામાં આવતું.બાળકો વચ્ચે સ્પર્ધા થઇ અને નિયમિત ગૃહકાર્ય લાવતા થયા. (અતુલકુમાર રામાનુજ - સુરેન્દ્રનગર - 9979497014)

૭) “મારી નોંધ” અંતર્ગત શૈક્ષણિક મુદ્દા આવરીને સુપર સેવન પોઈન્ટ બાળકોને લખાવવામાં આવે છે. આ પોઈન્ટ ના આધારે દર અઠવાડિયે કસોટી લેવામાં આવે છે.નંબર લાવનાર વિધાર્થીને પ્રોત્સાહિત કરવામાં આવે છે.બાળકો વચ્ચે સ્પર્ધા થતા બાળકો શિક્ષણ પ્રત્યે રસ લેતા થયા. (પારસભાઈ દવે - કચ્છ - 9099926324)

**(૧૦) પ્રશ્ન: શાળાના વિદ્યાર્થીઓ શાળામાં અને ઘરમાં ઉર્જા (વીજળી) બચત કરવ પ્રેરાય અને ઉર્જા (વીજળી) બચત કરવા જાગૃત થાય તે માટે કરેલ નવતર પ્રવૃત્તિ અને પરિણામ ટૂંકમાં જણાવો.**

**તારણ:** શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે.જવાબ આપવાની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ અને મોબાઈલ નંબર આપેલ છે.

૧) કુલ જે શિક્ષકોએ તેમના જવાબ મોકલ્યા છે તે માંથી ૭૦% શાળામાં વીજળી બચાવવા, (અ) વર્ગખંડમાં ઉર્જા મોનીટર (બ) શાળામાં ઉર્જાટીમ, વીજ ગ્રુપ, બાળ ઉર્જા રક્ષક દળ, વીજળી દૂત, ઉર્જા સેના વગેરે નામની ટીમ બનાવવામાં આવે છે, આ ટીમ ની કામગીરી એટલે શાળામાં રીશેષના સમયે તેમજ શાળા છુટતી વખતે તમામ વિજ ઉપકરણો બંધ કરવાની તેમજ બિન જરૂરી વીજળીનો ઉપયોગ ટાળવાનો.જે ગ્રુપે વર્ષ દરમિયાન સારી કામગીરી કરી હોય તેને શાળાના કાર્યક્રમમાં તેમનું બહુમાન કરવામાં આવતું, આ પ્રવૃત્તિ થકી શાળાના લાઈટબીલમાં ફરક તો પડ્યો પણ સાથે સાથે બાળકોમાં ઉર્જાની મહત્વતા વિષે પણ ખ્યાલ પેદા થયો.

૨) શાળામાં ઉર્જા દિવસ ઉજવવામાં આવે છે, સાથે સાથે બાળકોને સોલાર ઉર્જાના રોજીંદા જીવનમાં ઉપયોગી એવા વિવિધ મોડેલ બનાવતા શીખવાડવામાં આવે છે. જેમ કે સોલાર વોટર પ્યોરીફાયર બાળકો આ પ્રયોગ ઘરે પણ કરે છે. (કુમારપાલ ભાઈ પટેલ - સાબરકાંઠા - 9725433666)

૩) શાળામાં ઉપયોગી જુદા જુદા વીજળીના ઉપકરણોની તેમજ તેના વોલ્ટેજ વિષે માહિતી આપવામાં આવી, તેમજ તેમને ઇલેક્ટ્રિક જૂની વસ્તુ અને નવી વસ્તુનાં ઉપયોગથી પાવર બીલમાં પડતો ફર્ક વિષે સમજ આપી, શાળામાં જૂની ટ્યુબ લાઈટની જગ્યાએ નવી એલ.ઈ.ડી. લાઈટ ફીટ કરીને લાઈટબીલમાં જે તફાવત મળ્યો તે બાળકો સાથે ચર્ચા કરવામાં આવી. બાળકોએ શાળા તેમજ ઘરે વીજળી (ઊર્જા) પ્રત્યે માહિતગાર થયા. (નરેશભાઈ પ્રજાપતિ - પાટણ - 9879763758, રાયસિંહ પરમાર - ગીરસોમનાથ - 9275117976, હિતેન્દ્રસિંહ ગોહિલ - લાઠી - 9428284079 )

૪) બાળકોને લોક વિજ્ઞાન કેન્દ્ર વિદ્યાનગરની એકવાર મુલાકાત લેવડાવી ત્યાંથી ઉર્જા બચત માટેની માહિતી પૂરી પાડતા પોસ્ટર અને સાધનોના વપરાશની સમજ આપી પોતાના ઘરે તેવું થાય તે માટે વારંવાર યાદ પણ કરાવવામાં આવે છે. આમ બાળકો પોતાના ઘરે સી.એફ.એલ. લેમ્પ લગાવવાનો સંકલ્પ કર્યો છે. (ભુપેન્દ્રભાઈ પંચાલ - આણંદ - 9737229670)

૫) બાળકોને ઉર્જા વિશે વકતૃત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધાનું આયોજન, સ્લોગન સ્પર્ધા, ઉર્જા બચત માટેના YouTube વીડિયો બતાવવા, ફોટોગ્રાફ દ્વારા સમજણ, પ્રોજેક્ટર દ્વારા વીજળીની મહાન શોધો વિશે બાળકોને સમયાંતરે માહિતી આપવામાં આવે છે. (નીરવભાઈ ચૌહાણ - ભાવનગર - 9586116776,

કિરણબેન પટેલ - વડોદરા - 9974937165, ગૌરવભાઈ પટેલ - અમરેલી - 9727571009, હિરેનભાઈ સંઘાણી - બોટાદ - 9904994294)

૬) શાળામાં કોઈ વળી મિટિંગ હોય અથવા જયારે ગામના લોકો શાળાના કાર્યક્રમમાં ભેગા થાય ત્યારે "ઉર્જા બચાવો" થીમ પર નાટક ભજવવામાં આવે છે અને વીજળી કેવી રીતે બચાવી શકાય તેના સરળ રસ્તા વિષે માહિતગાર કરવામાં આવે છે. (જગદીશભાઈ ચૌહાણ - જુનાગઢ - 9824493809)

## (૧૧) પ્રશ્ન: બાળકોમાં નવું વિચારવાની ક્ષમતા અને એકબીજામાં પૂછપરછની ભાવનાનો વિકાસ થાય તે માટે શાળામાં અને શાળાની બહાર કેવા પ્રકારની પ્રવૃત્તિઓ દ્વારા બાળકોની અભિવૃદ્ધિમાં વધારો કરી શકાય?

**તારણો**: શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે.

૧) બાળકોના જૂથ બનાવી અલગ અલગ પ્રોજેક્ટ તૈયાર કરવા માટેની કામગીરી સોંપવી.

૨) બાળકોને અલગ અલગ મુદ્દાને ધ્યાનમાં લઈને સર્વે કરવાની કામગીરી સોંપવી.

૩) બાળકોના જૂથ વચ્ચે અલગ અલગ વિષયો પર જૂથ ચર્ચાનું આયોજન કરવું.

૪) ક્વીઝ નું આયોજન કરવું.

૫) ગામમાં એસ.એમ.સી ના સભ્યોની મદદથી એક જગ્યા નક્કી કરી ત્યાં દરેક વિષયની ઝુંપડી તૈયાર કરવી. બાળકોના જૂથને આ માટે અલગ અલગ પ્રકારની કામગીરી સોંપવી.

૬) બાળકોને અલગ અલગ વિષય લખી ચિત્રો અને વિડીઓ બતાવવા અને તે પછી પ્રશ્નો પૂછવા.

૭) પ્રવૃત્તિ આધારિત શિક્ષણ પૂરું પાડવું.

૮) વાંચન કોર્નર ઉભા કરવા.

## (૧૨) પ્રશ્ન: આપ વર્ગખંડમાં વિદ્યાર્થીના સારા વર્તનને કઈ રીતે ઓળખો છો અને બિરદાવો છો?

**તારણ**: શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે. જવાબ આપવાની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ અને મોબાઈલ નંબર આપેલ છે.

૧) આ પ્રશ્નના જવાબ આપનાર શિક્ષકમિત્રો માંથી ૭૦% શિક્ષકમિત્રો વર્ગખંડ તેમજ શાળામાંથી સારા વર્તન કરતા વિદ્યાર્થીને ઓળખવા માટે આ મુજબ પ્રયાસ કરે છે. જયારે વિદ્યાર્થી શાળામાં થી કોઈની ખોવાયેલ વસ્તુ શિક્ષક અથવાતો જે વ્યક્તિની હોય તેને પહોચાડે, બીજા વિદ્યાર્થી તેમજ શિક્ષકને મદદ કરે, વડીલોનું આદર કરે, પશુ પંખીની સેવા કરે, સાથીમીત્રોની શૈક્ષણિક બાબતમાં મદદ કરે તેમજ તેની સાથેનો વાર્તાલાપ કરે તેવા વિદ્યાર્થીની નોંધ લઈને જાહેરમાં તેને શિક્ષણ માં ઉપયોગી વસ્તુ જેમ કે પેન્સિલ, રબર, નોટબુક, કંપાસ, ચોકલેટ, વોટર બોટલ તેમજ બૂટ, ચંપલ કે કપડાં આપી સન્માનિત કરવામાં આવે છે.

૨) એમની નોંધ બૂક માં સારા કાર્યો બદલ તેમને ગમતું કાર્ટૂન દોરી, વ્યક્તિગત કાર્યો બદલ આભાર માની ફૂલ આપીને, શૈક્ષણિક કાર્ય માટે શૈક્ષણિક સાધનો બક્ષીસ માં આપીને બિરદાવું છું. લખાણ કે મૌલિક અભિવ્યક્તિ માટે સ્ટાર કાર્ડ આપું છું. (કૃણાલ મારવણીયા - જુનાગઢ - 8141368808)

૩) વ્યક્તિ વિકાસ પત્ર માં આપેલ ૪૦ મુદ્દા માંથી વર્તન અને મુલ્યશિક્ષણ ને લગતા ૨૦ મુદ્દા લઈને તેનો ચાર્ટ બનાવ્યો છે મહિના પ્રમાણે અને વિદ્યાર્થી પ્રમાણે એક ટેબલ પણ બનાવ્યું છે જે વિદ્યાર્થીનું સારું વર્તન હોય તેના ખાનામાં એક સ્ટાર મુકવામાં આવે છે મહિનાના અંતે જે વિદ્યાર્થીના સ્ટાર વધુ હોય તેને "સ્ટાર અચીવર" ઘોષિત કરી ઇનામ આપી બિરદાવવામાં આવે છે. (રુજુતાબેન મેહતા - જુનાગઢ - 7572843940)

૪) શાળામાં કરાવવામાં આવતી પ્રવૃતિમાં વિદ્યાર્થીનું જોડાણ તેમજ તેની સારૂ વર્તનને પ્રોત્સાહિત કરવા માટે અઠવાડિયામાં કોઈ એક દીવસે પ્રોત્સાહિત થનાર વિદ્યાર્થીના વાલીને શાળા સમય બાદ બોલાવી શાળા પરિવાર વચ્ચે વિના હાથે ઇનામ આપી તે બાળકને સન્માનિત કરવામાં આવે છે. (સુરેશભાઈ નાગલા - અમરેલી - 9925943358)

૫) વર્ગમાં બેઠેલા વિદ્યાર્થી માંથી જે વિદ્યાર્થી સારું વર્તન કરતો હોય તેનું દ્રષ્ટાંત બીજા વિદ્યાર્થીઓને આપી તેમને સમજ આપવામાં આવે છે જેમકે સાહિલ જુવો કેવો સરસ રીતે બેઠો છે બધા વિદ્યાર્થી સાહિલ તરફ જોશે અને તેનું અનુકરણ કરે છે. આમ વર્ગના બીજા વિદ્યાર્થી પણ જે વિદ્યાર્થી સારું વર્તન કરે છે તેનું નિરાકરણ કરશે. (મહંમદસાહેબ સોઢા - કચ્છ - 9979522899)

૬) વર્ગમાં જે વિદ્યાર્થીએ અઠવાડિયા દરમિયાન સારું વર્તન કર્યું હોય તેને વર્ગના નોટીસ બોર્ડ પર ફોટો અને નામ લખવામાં આવે છે જેથી બીજા વિદ્યાર્થી તે જોઇને પોતાનો ફોટો પણ નોટીસ બોર્ડ પર લાગે તેવી મહેચ્છા રાખતા થાય છે. (પ્રકાશભાઈ સોલંકી - અમરેલી - 8460221825)

## (૧૩) પ્રશ્ન: વર્ગખંડમાં વિદ્યાર્થીના ખરાબ વર્તનને સુધારવા માટે આપ કયા પગલા લો છો? તે ટૂંકમાં જણાવો.

**તારણ:** શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે.જવાબ આપવાની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ અને મોબાઈલ નંબર આપેલ છે.

૧) જે બાળકોનું વર્તન બીજા બાળકો પ્રત્યે નુકશાનકારક, ભવિષ્ય બગડતું લાગે તેવું હોય અને આવા બાળકો ની મુશ્કેલી જાણીને તેમને પ્રેમપૂર્વક અને એમને ગમતા કામ, પ્રોજેક્ટ માટે એમનું નામ,પ્રવૃત્તિઓ દ્વારા, શાળાને લગતા વિવિધ કામ ઉજવણી/સફાઈ, ઈકો કલબ, ગણિત-વિજ્ઞાન મંડળની પ્રવૃત્તિઓ, મોડેલ્સ બનાવવા પ્રેરણા આપીને સુધારવાના પ્રયત્નો કરવામાં આવે છે. (નીરવભાઈ ચૌહાણ - ભાવનગર - 9586116776, સતીશકુમાર - પંચમહાલ - 9978779260, સેવકભાઈ ચૌધરી - વડોદરા - 7874063646, હંસાબેન પરમાર - ભરૂચ - 9429671069)

૨) ખરાબ વર્તન કરતા બાળકને અટકાવવા માટે સારું વર્તન કરતા બાળકને વર્ગમાં અથવા પ્રાર્થનાખંડમાં તેની પ્રસંશા કરી બિરદાવવામાં આવે છે. (રાજેશકુમાર પ્રજાપતિ - અમરેલી - 9427970216, નીલેશભાઈ પટેલ - બનાસકાંઠા - 7646563928, પ્રજ્ઞાબેન જોશી - પોરબંદર - 9737904660, સાગરભાઈ સખીયા - અમરેલી - 9099702449)

૩) ખરાબ વર્તન કરનાર બાળકને સારું વર્તન કરનાર બાળક સાથે બેસાડવામાં આવે છે જેથી ખરાબ વર્તન કરતો બાળક પોતાની કુટેવો ભૂલીને સુટેવો વિકસાવે. (અંબાલાલ - પ્રિયદાસ - જામનગર - 9913691216)

૪) ખરાબ વર્તન કરનાર બાળકને સુધારવા શિક્ષક દ્વારા યોગ્ય પસંદ કરેલ પુસ્તકો વાંચન માટે આપવામાં આવે છે. (પ્રકાશકુમાર સોલંકી - અમરેલી - 8460221825)

૫) શાળામાં "ચાલો આદર્શ બનીએ" પ્રોજેક્ટ અંતર્ગત દર ચોથા શનિવારે સારી ટેવોની CD બતાવવામાં આવે છે જેમાં લાઈનમાં જમવું, બીજા વિદ્યાર્થી શિક્ષક અને વડીલ સાથે કેવું વર્તન કરવું, ચંપલ લાઈનમાં રાખવા, જમતા પહેલા હાથ ધોવા વગેરે (રમેશભાઈ ચૌહાણ - ભાવનગર - 9714303470)

6) બાળક આમ તો ખરાબ વર્તન કરતું જ નથી, પરંતુ કોઈ કારણસર તેનું વર્તન ખરાબ લાગે તો પહેલાં તો શા કારણ થી આવું કર્યું તેની તપાસ કરવામાં આવે છે, અને તે મુજબ આવું ન કરાય તેવી સમજ આપવામાં આવે છે અને તેના કારણે થતાં નુકસાન ની સમજ આપવામાં આવે છે. (ગાયત્રીબેન શાહ - વડોદરા - 9429825026)

૭) વિદ્યાર્થીને જે પ્રવૃત્તિમાં રસ હોય તે પ્રવૃત્તિમાં તેને સામેલ કરવામાં આવે છે જેથી તે સતત ત્યાં માનસિક રીતે હાજર રહેશે જેના પરિણામે તેનામાં જે ખરાબ વર્તન છે તે ઓછું થશે. (ખ્યાતીબેન રાવલ - ગાંધીનગર - 9904480702, અનિલકુમાર મકવાણા - સુરેન્દ્રનગર - 9979002002, પ્રવીણસિંહ ઝાલા - જામનગર - 9974060933, વલ્લભભાઈ રોજસરા - લીંબડી - 8141686623, મેહુલભાઈ સુથાર - મહેસાણા - 7600984093)

૮) ખરાબ વર્તન કરનાર વિદ્યાર્થીને સુધારવા ટોકીને નહિ પણ મિત્રતા બાંધીને તેને મિત્રની રીતે સમજાવીને સુધારવામાં આવે છે. (રાજેશભાઈ માછી - ગોધરા - 9909457365)

**(૧૪) પ્રશ્ન: આપની શાળાના વિદ્યાર્થીઓ જયારે ઉચ્ચ અભ્યાસ કરવા માટે શાળા છોડીને જતા હોય છે ત્યારે વિદ્યાર્થી દ્વારા શાળામાં આપવામાં આવતી "સ્મૃતિ ભેટ" માટે તમે કોઈ નવીન પ્રવૃત્તિ કરવામાં આવે છે? ટૂંકમાં જણાવો?**

**તારણ:** શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે. જવાબની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ પણ આપેલ છે.

૧) એક શાળામાં ધોરણ ૮ ના બાળકો વિદાય લેતી સમયે બાળકોના હાથે વૃક્ષારોપણ કરવામાં આવે છે. આ પ્રવૃત્તિમાં એક બાળક દીઠ એક વૃક્ષ શાળાના મેદાનમાં તથા ગામની આસપાસ રોપવામાં આવે છે અને તેની પછીના નાના ધોરણ ના બાળકો તે વૃક્ષનું જતન કરવા માટેની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવે છે. (અમિતભાઈ સોની - મહેસાણા, મુકેશભાઈ ચૌધરી - ડાંગ)

૨) ધોરણ ૮ ના વિદાય સંભારંભ વખતે બાળકો વર્ગખંડ માંથી શાળા માટે ફંડ ભેગો કરીને શાળાને વિજ્ઞાનની કીટ, મ્યુઝીક ની કીટ, ટેબલ, તિજોરી વગેરે ભેટ આપે છે. (રજનીકાંતભાઈ પટેલ - બનાસકાંઠા, હરિસિંહ ચાવડા - ખેડા)

૩) એક શાળામાં નાના ધોરણમાં અભ્યાસ કરતા આર્થિક સ્થિતિ સારી ના હોય તેવા વિદ્યાર્થીને અભ્યાસમાં મદદરૂપ થવા માટે શાળામાંથી વિદાય લેતા વિદ્યાર્થીઓ ફંડ ભેગો કરીને તેમાંથી નોટબૂક, પેન્સિલ, રબર, કંપાસ વગેરે લઇને નબળી સ્થિતિવાળા વિદ્યાર્થીને આપવામાં આવે છે. (ઋષિતકુમાર ધુલશિયા - જુનાગઢ, ભાવેશભાઈ પંડ્યા મહેસાણા)

૪) એક શાળામાં ત્રણ પેટી મુકવામાં આવી છે જેમાં અ) મારે કંઇક કહેવું છે. બ) મારે કંઇક જોઈએ છે. ક)મારે કંઇક આપવું છે. આમ જે વિદ્યાર્થીની જે પ્રમાણેની જરૂરિયાત હોય અથવાતો આપવાની ઈચ્છા હોય તે વિદ્યાર્થી ચિઠ્ઠીમાં લખીને પેટીમાં નાખી દે અને દર શનિવારે આ પેટી ખોલવા આવે અને જે વિદ્યાર્થીની જે જરૂરિયાત હોય એ સંતોષવામાં આવે. આ ઉપરાંત ધોરણ ૧૦ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ કે જેમને પોતાના ચોપડા, પાઠ્યપુસ્તક તથા પોતાનો ડ્રેસ આપવાનો હોય તે શાળામાં જમા કરાવે અને આ વસ્તુ શાળામાં જે વિદ્યાર્થી નબળી આર્થિક પરિસ્થિતિમાં થી આવતો હોય તેને આપવામાં આવે છે. (લક્ષ્મણભાઈ ચૌહાણ - પાટણ)

૫) એક શાળામાં ધોરણ ૮ માંથી ઉચ્ચ અભ્યાસ બીજી શાળામાં કરતા હોય પણ ગામમાં જ રહીને કરતા હોય તેવા વિદ્યાર્થીઓ નાના ધોરણના અભ્યાસમાં નબળા બાળકોને દત્તક લે છે અને તેમને શાળા સમયબાદ અભ્યાસ કરાવે છે. (કમલેશભાઈ લીલા - રાજકોટ)

## (૧૫) પ્રશ્ન: ગણિતમાં આવતાં ગણ - પરિચય તથા યુગ્મકોણ, અનુકોણ કે અંત: કોણ શીખવવા માટે આપે કરેલ નવત્તર પ્રવુતિ અને તેનું પરિણામ ટૂંકમાં જણાવો.

**તારણ:** શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે. જવાબ આપવાની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ અને મોબાઈલ નંબર આપેલ છે.

૧) ગણિતમાં આવતા ગણ પરિચય તથા યુગમાં કોણ, અનુકોણ કે અંત:કોણ શીખવવા માટે વાયરના ટુકડા કે દોરડાંના ટુકડા વડે આકુતિ બનાવી, કાગળ માંથી જુદા જુદા આકાર બનાવીને, દીવાસળી, દોરાની મદદથી અંને વાલ્વ ટ્યુબમાંથી મોડેલ બનાવીને તેમજ અનાજ મંગાવીને ગણ વિશેની સમજુતી આપવામાં આવે છે. આમ ગમ્મતની સાથે ભણતરની રીત આપનાવી જેથી બાળકોને શીખવામાં મજા આવી અને યાદ રાખવામાં સરળતા રહી. (દીપકભાઈ ધારવૈયા - જામનગર - 9898296367, પ્રવીણસિંહ જે. ઝાલા - ખેડા - 9904364971, અક્ષયકુમાર જાદવ - પંચમહાલ - 9712096225)



૨) જેટલા યુગ્મકોણ, અનુકોણ અંતઃકોણનાં ખૂણા બને તે ને અનુરૂપ વિદ્યાર્થીઓના મિત્રોની જોડીઓ બનાવી ઝેડ અને ઉલ્ટા ઝેડ આકારની શાળા મેદાનમાં ગોઠવણ કરી યુગ્મકોણ ત્યારબાદ યુ આકારથી અનુકોણ અને છેદિકાથી બનતા અંતકોણની સમજ મેળવે છે. (મેહુલકુમાર જોશી - ગીરસોમનાથ - 9898985003, માલવભાઈ સોલંકી - જુનાગઢ - 9714329193)

૩) મેદાનમાં વર્તુળમાં બાળકોને બેસાડીને આજ રીતે પ્રવૃત્તિ કરાવેલ છે...ઉપરાંત બાળકોને વર્ગખંડમા સમાંતર રેખાઓ મોડેલ દ્વારા, રંગીન ચોક દ્વારા જુદી જુદી રેખાઓ દર્શાવીને બાળકો જાતે તમામ ખૂણાઓ, છેદ બિંદુ, આકારો યાદ રાખે છેબાળકો પણ આજ રીતે પોતાની જાતે નોટબુકમાં આકૃતિઓ દોરીને સમજણ મેળવે છે. (નીરવભાઈ ચૌહાણ - ભાવનગર - 9586116776)

૩) ગણિત કોર્નર બનાવ્યું છે ધોરણ ૫ થી ૮ માં આવતા ગણિત વિષય ના પ્રકરણને લગતા કોયડા, સુત્રો, ચાર્ટ, પુસ્તક, TLM, પઝલ, જે બાળકો પોતાની જાતે શોધે અને બીજા બાળકોને પૂછીને જવાબ આપે છે. (બાબુભાઈ મોર - કચ્છ - 9925640338)



૫) મલ્ટીમીડિયા સાધન તેમજ લર્નવીટા સોફ્ટવેર વડે દ્રશ્ય શ્રાવ્ય પધ્ધતિથી અભ્યાસ કરાવવામાં આવે છે જેથી બાળકો સરળતાથી શીખતા થયા છે. (હિતેશભાઈસોલંકી - જુનાગઢ - 9638631431, રાજેશકુમાર માછી - ગોધરા - 9909457365)

૬) બાળકોને ગણ, યુગ્મકોણ, અનુકોણ અને અંતઃકોણની સમજ આપવા માટે હાર્ડબોર્ડ પર સમાંતર રેખાઓ અને તેને જોડતી LED લાઈટ ગોઠવી તેમજ તેને શરુ-બંધ કરવા ૫ સ્વીચ ગોઠવી એક TLM બનાવ્યું જેના વડે બાળકો સરતાથી સમજતા થયા છે. (રામજીભાઈ રોટાતર - બનાસકાંઠા - 9726658508, પીયુશભાઇ પંડયા - ભાવનગર - 9924654220, કીન્જલ્બેન જાંબુચા - તાલાલા - 7622836747)



## (૧૬) પ્રશ્ન: વર્ગખંડમાં શીખવા - શીખવવાની પદ્ધતિમાં કયા પ્રકારના ફેરફાર કરવાની જરૂર છે?

**તારણ**: શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે.જવાબ આપવાની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ પણ આપેલ છે.

૧) શાળામાં વિધાર્થી વર્ગમાં પ્રેઝન્ટેશન અને દરેક વિષયમાં પ્રવુતિ સાથે ભણી કરી શકે તેવા ડિજિટલ વર્ગખંડ હોય તેવી વ્યવસ્થા કરી. (નાથાભાઈ ચાવડા - ભાવનગર, ઇન્દ્રજીતસિંહગોહિલ - અમદાવાદ, દીપકકુમાર પંચાલ - સાબરકાંઠા, કેતનકુમાર જોશી - વડોદરા, બિજલબેન લિમ્બચીયા - ભાવનગર, કેતનભાઈ ઢોલરીયા - સુરત, મેહુલકુમાર પટેલ - પાટણ)

૨) વર્ગખંડમાં વિધાર્થીને કોઈ પણ વિષયનો મુદો સમજાવતી વખતે જીવંત ઉદાહરણ અથવા તેનો વિડીઓ ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા કરી. (પ્રકાશકુમાર પટેલ - સાબરકાંઠા, અમિતકુમાર સોની - મહેસાણા)

૩) શાળાના વર્ગમાં ૬ વિધાર્થીઓ ની એક એવી ૬ ટીમ બનાવેલી છે.તેમાં દરેક ટીમમાં એક નેતા છે.જે પોતાની ટીમ ના લેશન થી લઈને દરેક કાર્ય માં સારા દેખાવ માટે પ્રયત્નશીલ રહે છે. આમ વર્ગમાં સ્વસ્થ હરિફાઈ થાય તેવું વાતાવરણ ઉભું કરવામાં આવ્યું છે. (જાનકીબેન કુંભાણી - જુનાગઢ, જયશ્રીબેન મકવાણા - રાજકોટ)

૪) શાળાના વર્ગખંડની દરેક દીવાલ વિધાર્થી દ્વારા બનાવેલ ગણિતના સુત્રો, વિજ્ઞાનના પ્રયોગની રીત, મહાન વ્યક્તિના જીવન ચરિત્ર અને જાણવા જેવું પર લગાડવામાં આવ્યું. (આશિષકુમાર અશોકભાઈ - રાજકોટ)

૫) વર્ગખંડમાં શિક્ષકે દરેક વિષયના અલગ - અલગ કોર્નર બનાવ્યા છે.દરેક કોર્નરમાં તે વિષયને લગતું સાહિત્ય, પુસ્તકો અને વિધાર્થીએ કરેલ પ્રવુતિ રાખવામાં આવી. (સોનલબેન ભગોરા - વડોદરા)

૬) શાળામાં ગણિત અને વિજ્ઞાન વિષય માટે લેબ બનાવવામાં આવી છે.આ લેબમાં વિજ્ઞાન તમામ પ્રયોગ અને ગણિતના સરવાળા, બાદબાકી, ગણિતના વિવિધ અભિગમો શીખી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. (ચિતંનકુમાર પટેલ - નવસારી)

૭) વર્ગખંડમાં દરેક વિષય ભણાવતી વખતે વર્ગના વિધાર્થીઓને જૂથમાં વહેચવામાં આવે છે. દરેક જૂથ વચ્ચે ચર્ચા કરી ભણાવવામાં આવે છે. આ રીતે બાળકો સરળતાથી વર્ગમાં શીખતા થયા. (મનાલીબેન દેસાઇ - સુરત)

## (૧૭) પ્રશ્ન: શું આપે શિક્ષકોની અછત પૂરી કરવા માટે કોઈ પ્રવૃત્તિ કરેલ છે? તેની ટૂંકી વિગત જણાવો.

**તારણ**: શિક્ષકો શાળામાં અન્ય શિક્ષકો ની અછત પૂરી કરવા નીચે મુજબ ની પ્રવૃત્તિઓ કરે છે.

૧) એક શિક્ષકે લર્નિંગ મટીરીયલ તૈયાર કર્યું જે વિદ્યાર્થીઓ શિક્ષકની ગેરહાજરીમાં વાંચી અને શીખી શકે. તેમણે સી.ડી. ના ઉપયોગ દ્વારા પણ વિદ્યાર્થીઓને શિક્ષકની ગેરહાજરીમાં ભણતા રાખ્યા. જેથી તેઓ કમ્પ્યુટર દ્વારા શિક્ષણ મેળવી શકે.

૨) જયારે શાળામાં શિક્ષકોની અછત હોય અથવા કોઇ શિક્ષક લાંબી રજાઓ ઉપર હોય સંયુક્ત વર્ગખંડો (જોડિયા વર્ગો) લેવાના થતા હોય છે.તે સમયે શિક્ષકે બંને વર્ગને અનુરૂપ એકમ અને વિષય વસ્તુ અનુસાર જુદા જુદા ટી.એલ.એમ નિર્માણ કર્યા, વેસ્ટ વસ્તુઓના ઉપયોગથી શૈક્ષણિક સામગ્રીનુ નિર્માણ કર્યું. જુદા જુદા વિષયોના એકમ અનુરૂપ કોમ્પ્યુટર દ્વારા એકમ અનુરૂપ પ્રેઝન્ટેશન તૈયાર કર્યા, તદ્ઉપરાંત ઇન્ટરનેટના માધ્યમથી એકમ અનુરૂપ વિડિયો, ચિત્રો, વાર્તાઓ, કવિતાઓ તેમજ અન્ય જરૂરી શૈક્ષણિક સામગ્રી ડાઉનલોડ કરી વિદ્યાર્થીઓને બતાવી જેથી એક વર્ગનુ શૈક્ષણિક કાર્ય ચાલતુ હોય ત્યારે બીજા વર્ગના વિદ્યાર્થીઓ ઉપરોક્ત માધ્યમ દ્વારા તેમજ શૈક્ષણિક રમતો દ્વારા, મૂર્ત-અમૂર્ત વસ્તુઓના ઉપયોગથી અસરકારક શૈક્ષણિક કાર્ય કરતા.

૩) એક શિક્ષક દ્વારા અંગ્રેજીના સ્પેલિંગની અને વિજ્ઞાનના યુનિટમાંથી પ્રશ્ન પૂછવાની ક્વિઝ રમાડવામાં આવે છે જે વિદ્યાર્થીઓ શિક્ષકની ગેરહાજરીમાં પણ રમે છે અને તેમના સામાન્ય જ્ઞાનમાં પણ વધારો થાય છે.

૪) અંગ્રેજી કોર્નર વિકસાવવામાં આવ્યો જેમાં ડીક્ષનરીની મદદથી અલગ શબ્દો અને ચિત્રની મદદથી વાર્તાઓ મુકવામાં આવી જેનો ઉપયોગ વિદ્યાર્થીઓ કરીને તેમના શબ્દ ભંડોળ માં વધારો કરી શકે છે અને આ પ્રયોગ દ્વારા વિદ્યાર્થીઓની વર્ગમાં ૧૦૦% હાજરી પણ થઇ.

૫) એક શિક્ષકે દરેક વિષય પ્રમાણે 100 જેટલા ટૂંકા પ્રશ્નો તૈયાર કર્યા અને શિક્ષકની ગેરહાજરીમાં વિધાર્થીઓ એકબીજાને પ્રશ્નોતરી દ્વારા વિષયની તૈયારી કરી શકે તે વ્યવસ્થા કરી.

૬) શિક્ષકની અછત પૂરી કરવામાં ગામના શિક્ષિત યુવાનોની મદદ લેવામાં આવી જેથી વિદ્યાર્થીઓ શાળામાં સમયની બરબાદી વગર ભણી શકે છે.

૭) શાળામાં શિક્ષકની અવેજીમાં પિયરગૃપ સિસ્ટમ અમલમાં મૂકી.આ સિસ્ટમમાં ધોરણ ૬ થી ૮ના બાળકોનું વર્ગ પ્રમાણે જુથ બનાવવામાં આવ્યું. એક જુથમાં ૧૦ બાળકો એમ એક વર્ગમાં ૪-૫ જુથ પાડવામાં આવ્યા. દરેક ગૃપના જુથનેતા ગૃપનું સંચાલન કરે. બાળકોનું આ ગૃપ અછત શિક્ષકના વિષયનું વિષયકાર્ય કરાવે. જરુરી સુચના આયોજન શિક્ષક દ્વારા મળતું. દરેક બાળકનો પ્રોગ્રેસ રિપોર્ટ નેતા નોંધે.આ રીતે વર્ગમાં શિક્ષકની ગેરહાજરમાં કામ થતું.

૮) કમ્પ્યુટરમાં એન્ડ્રોઇડ ગેમ્સ ઇન્સ્ટોલ કરવામાં આવી જેથી વિદ્યાર્થીઓ શિક્ષકની ગેરહાજરીમાં પણ રમત દ્વારા શિક્ષણ મેળવી શકે.

૯) શિક્ષકે અન્ય શિક્ષક ની શાળામાં ઘટ પૂરી કરવા માટે અલગ મુદ્દાનો વીડિયો "Office Mix" સોફટવેરની મદદથી બનાવ્યો જેમાં ઇંટરનેટની મદદથી ચિત્રો, વિડીયો અને ઓનલાઈન ક્વિઝનો પણ સમાવેશ કર્યો. ટેબ્લેટ પેનથી તેમાં લખી પણ શકાય છે. "Office Mix" એ પાવરપોઈન્ટનું Add-On છે. તેની મદદથી કોઈ પણ શિક્ષક ઘણીજ સરળતાથી પોતાનો શૈક્ષણિક વીડિયો બનાવી શકે છે.

૧૦) શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી કે જેઓ પોતાની કારકિર્દી બનાવી રહ્યા છે તેમની મદદ દ્વારા ગ્રુપ બનાવવામાં આવ્યું અને સેવાભાવે તેઓ શાળામાં શિક્ષણ પૂરું પાડે છે.

૧૧) ઉચ્ચ ધોરણના વિદ્યાર્થીઓની મદદથી અલગ વિષયના મુદ્દા પ્રમાણે ઓડિયો-વિડીયો બનાવવામાં આવ્યા જે વિદ્યાર્થીઓ શિક્ષકની ગેરહાજરીમાં સરળતાથી શીખે છે.

**(૧૮) પ્રશ્ન: આપને શાળામાં ક્યાં ક્યાં પ્રશ્નો નડે છે જેનું નિરાકરણ આપ અત્યાર સુધી નથી લાવી શક્યા? કોઈ પણ પ્રકારનો પ્રશ્ન હોય આપ અહી લખીને જણાવો.**

**તારણ**: ૩૬૭ શિક્ષકે આપેલ જવાબ અનુસાર શાળામાં નીચે મુજબના પ્રશ્નો છે.

૧) ૩૬૭ શિક્ષકે આપેલ જવાબ માંથી ૮૬ શિક્ષકોના મતે શાળામાં એ પ્રશ્ન છે કે બાળકોના માતા-પિતા કામ સ્થળાંતર કરવાને કારણે, બાળકોના ઘરથી શાળા દુર હોવાને કારણે, બાળકોની આર્થિક સ્થિતિ નબળી હોવાને કારણે, વાલીઓમાં શિક્ષણ પ્રત્યે જાગૃતતા ન હોવાને કારણે મોટી સંખ્યામાં બાળકો શાળા અનિયમિત અથવા સતત ગેરહાજર રહે છે.

૨) ૩૬૭ શિક્ષકે આપેલ જવાબમાંથી ૬૪ શિક્ષકોના મતે શાળામાં એ પ્રશ્ન છે કે વાલીઓ શિક્ષણ પ્રત્યે જાગૃત નથી, વાલીઓની આર્થિક સ્થિતિ સારી ન હોવાને કારણે બાળકોને પણ કામ કરવા જવું પડે છે, વાલીઓ નવી ટેકનોલોજી સાથે જોડાઈ શાળાના સંપર્કમાં નથી રહેતા અને વાલીઓ બાળકોના શિક્ષણ પાછળ સમય નથી આપતા.

૩) ૩૬૭ શિક્ષકે આપેલ જવાબમાંથી ૬૩ શિક્ષકોના મતે શાળામાં એ પ્રશ્ન છે કે બાળક શિક્ષણ પ્રત્યે જાગૃત નથી, બાળકો હોમવર્ક કરતાં નથી, બાળકો શાળામાં શિસ્તનું પાલન કરતાં નથી, બાળકો વ્યસન કરે છે, બાળકોના મૂળાક્ષર સારા નથી, બાળકો મૌખિક અભિવ્યક્તિ કરી શકતા નથી, બાળકો રીશેષ બાદ શાળાએ આવતા નથી અને બાળકોને યાદ રહેતું નથી.

૪) ૩૬૭ શિક્ષકે આપેલ જવાબમાંથી ૪૧ શિક્ષકોના મતે શાળામાં એ પ્રશ્ન છે કે શાળામાં વિવિધ દિવસ અને ઉત્સવોની ઉજવણી, શિક્ષકોને વધારે તાલીમ અને શૈક્ષણિક સિવાયની કામગીરી, બાળકોને ફરજીયાત પાસ કરવા, સરકાર તરફી મળતી સહાયમાં વિલંબ આ કારણે શિક્ષકને બાળકોને ભણાવવા માટે સમય મળતો નથી.

૫) ૩૬૭ શિક્ષકે આપેલ જવાબમાંથી ૨૮ શિક્ષકોના મતે શાળામાં એ પ્રશ્ન છે કે વાલીઓ કન્યા શિક્ષણ પ્રત્યે જાગૃત નથી, વાલી કન્યાને પ્રાથમિક શિક્ષણ બાદ ભણાવતા નથી, અમુક સમાજની કન્યાઓને પ્રાથમિક શિક્ષણ પણ મળતું નથી.

૬) ૩૬૭ શિક્ષકે આપેલ જવાબમાંથી ૨૩ શિક્ષકોના મતે શાળામાં એ પ્રશ્ન છે કે શાળામાં ભૌતિક સુવિધામાં પીવાનું પાણી, શાળામાં રમવાનું મેદાન, શાળાના મેદાન ફરતે દીવાલ, વર્ગખંડની અછત, શાળામાં કમ્પ્યુટર લેબ અને સાયન્સ લેબનો અભાવ છે.

૭) ૩૬૭ શિક્ષકે આપેલ જવાબમાંથી ૧૯ શિક્ષકોના મતે શાળામાં એ પ્રશ્ન છે કે શાળાની આજુબાજુના વિસ્તારના લોકોનો અસહકાર, શાળાની એસ.એમ.સી. જાગૃત નથી અને શાળાને લોક અથવા વાલી સહકાર મળતો નથી.

૮) ૩૬૭ શિક્ષકે આપેલ જવાબમાંથી ૧૭ શિક્ષકોના મતે શાળામાં એ પ્રશ્ન છે કે શાળામાં શિક્ષકોની ઘટ, શિક્ષકનો નવી ટેકનોલોજી પ્રત્યે અને શિક્ષણ પ્રત્યે અરૂચી, આચાર્ય અને શિક્ષકો વચ્ચે સંકલન નથી, શાળા અને એસ.એમ.સી. વચ્ચે સંકલન નથી.

૯) ૩૬૭ શિક્ષકે આપેલ જવાબમાંથી ૧૬ શિક્ષક જણાવે છે તેમની શાળા કોઈ પ્રશ્ન નથી અથવા તેમણે શાળામાં નડતા પ્રશ્નનોનું સમાધાન મેળવેલ છે.

૧૦) ૩૬૭ શિક્ષકે આપેલ જવાબમાંથી ૮ શિક્ષકોના મતે શાળામાં એ પ્રશ્ન છે કે બાળકોને અંગ્રેજી, ગણિત અને વિજ્ઞાન વિષય સમજવામાં અઘરા પડે છે.
૧૧) ૩૬૭ શિક્ષકે આપેલ જવાબમાંથી ૪ શિક્ષકોના મતે શાળામાં એ પ્રશ્ન છે કે બાળકો મધ્યાહન ભોજન જમતા નથી.

**(૧૯) પ્રશ્ન: તારીખ ૨૫ જૂન ૨૦૧૬ ના રોજ શાળાને લગતી સમસ્યાઓનો પ્રશ્ન પુછવામાં આવેલ હતો. તે અંતર્ગત શિક્ષકો દ્વારા જણાવવામાં આવેલ સમસ્યાઓમાંથી આઠમાં ક્રમની મુખ્ય અને સૌથી વધુ શાળામાં જોવા મળતી સમસ્યા છે કે શાળામાં શિક્ષકોની ઘટ, શિક્ષકની નવી ટેકનોલોજી પ્રત્યે અને શિક્ષણ પ્રત્યે અરુચિ, આચાર્ય અને શિક્ષકો અને શાળા અને એસ.એમ.સી.વચ્ચે સંકલન નથી.**
**સમસ્યા નિવારવા માટે આપે કરેલ પ્રવૃત્તિ અને તેનું પરિણામ ટૂંકમાં જણાવો?**

**તારણ:** શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે. જવાબ આપવાની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ અને મોબાઈલ નંબર પણ આપેલ છે.
૧) શાળા અને એસ.એમ.સી. સભ્યો વચ્ચે સંકલન મજબુત કરવા માટે શાળામાં દર મહિનાની પહેલી તારીખે એસ.એમ.સી. મીટીંગ નું આયોજન કરવામાં આવે છે તથા એક મહિના ની અંદર શાળા અને બાળકો દ્વારા કરેલ કામો તથા પ્રગતિ અને જરૂરિયાત વિષે ચર્ચા કરવામાં આવે છે.સાથે સાથે શાળા દ્વારા એક વ્હોટસએપ (WhatsApp), ફેસબુક (Facebook) જેવા સોશિયલ માધ્યમમાં ગ્રુપ તથા પેજ બનાવીને શાળાની માહિતી ગામના લોકો તથા એસ.એમ.સી. સભ્ય સુધી પહોચાડવામાં આવે છે. તથા શાળામાં મળતી સરકારી ગ્રાન્ટ ક્યાં વાપરવી તે બાબતની ચર્ચામાં એસ.એમ.સી. સભ્યોની મદદ લેવામાં આવે છે. (દેસાઈ નાગજીભાઈ - બનાસકાંઠા - 8758363490, વણકર પ્રકાશભાઈ - સાબરકાંઠા - 9427884557, સુથાર મનીષભાઈ - ખેડા - 9099172177, વાઘેલા ડુંગરસિંહ - કચ્છ - 8128438232, વેકરીયા દીપકભાઈ - રાજકોટ - 9228165407, વણકર પ્રવીણભાઈ - અમદાવાદ - 9925483938, વ્યાસ સીમાબેન - અમરેલી - 9426425542, ભેસાણીયા પ્રવીણભાઈ - જુનાગઢ - 9426775635)
૨) શાળામાં શિક્ષકોની ઘટ હોવાથી બાળકો પોતાનો અભ્યાસ કરવામાં મુશ્કેલી થતી હતી પણ આ સમસ્યા દુર કરવા માટે ગામના જ ભણેલ - ગણેલ દીકરા-દીકરીને માનદ વેતન આપીને શાળામાં દાખલ કર્યા. (મચ્છોયા પ્રવીણભાઈ - ભરૂચ - 9909505011, દવે તેજસભાઈ - ગાંધીનગર - 9824553668, પરમાર અશોકભાઈ - કચ્છ - 9427249362, પટેલ રાહુલભાઈ - અરવલ્લી - 9429209542)
3) શિક્ષકોને નવી ટેકનોલોજી વર્ગખંડ સુધી કઈ રીતે લઇ જવી તેની CRC અને BRC કક્ષાએ તાલીમ દ્વારા તથા શાળાની અંદર વિષય મુજબ જે સહાયક સામગ્રી ઓન-લાઈન (INTERNET) માં છે તેને ડાઉનલોડ કરીને વર્ગખંડમાં બતાવીને બાળકોના પરિણામમાં આવેલ સુધારા અંગે માહિતી બીજા શિક્ષકોને આપી અને તેઓ પણ પોતાના વર્ગખંડમાં આ પ્રવૃત્તિ શરુ કરે તે માટે પ્રોત્સાહિત કર્યા. (વોરા માર્મિકકુમાર - અરવલ્લી - 9427470078, સુથાર નીનાબેન - સાબરકાંઠા - 9016124311, મોગલ ઈમરાનભાઈ - પાલનપુર - 9624831196, વાઢેર ભવદીપભાઈ - જુનાગઢ - 9727069993, પટેલ

પ્રગ્નેશભાઈ - નવસારી - 9879620460, જોશી કેતનભાઈ - વડોદરા - 9909533950, પટેલ અશ્વિનભાઈ - બનાસકાંઠા - 9925318410)

## (૨૦) પ્રશ્ન: આપની શાળામાં વિધાર્થીઓને પ્રવૃત્તિમય રાખવા અને તેમના જ્ઞાનમાં વધારો કરવા કઈ પ્રવુતિ થાય છે? ટૂંકમાં જણાવો.

**તારણ:** શિક્ષકો દ્વાર આપવામાં આવેલ ઉત્તર માંથી અમુક પ્રવૃત્તિઓ કે જે આપ પણ આપની શાળામાં અ મલી કરી શકો છો તે અહી જણાવેલ છે.

૧) શાળામાં વાંચન માટે અલગ તાસ ફાળવેલ છે અને વિદ્યાર્થીઓ વાંચેલા પુસ્તક વિષે પ્રાર્થનામાં કહે છે. શાળામાં વાલીઓ પણ પુસ્તકો લઇ જઈ શકે છે અને શાળામાં વિદ્યાર્થીઓ અને વાલી સાથે એક ક્વિઝ રાખવામાં આવે છે જેનાથી તેઓ વાંચવા માટે વધુ પ્રોત્સાહિત થાય છે.

૨) અઠવાડિયામાં નક્કી કરેલા અથવા રજાના દિવસે શાળામાં નિબંધલેખન, ગીત-સંગીત સ્પર્ધા, ક્વીઝનું આયોજન, વકૃત્વસ્પર્ધા, બાલસભા, ચિત્રસ્પર્ધા, ઇત્તર વાંચન, રમત-ગમત, ટેકનોલોજીના ઉપયોગ દ્વારા વિડીયો બતાવવા જેવી પ્રવુંતિઓ શાળામાં કરાવવામાં આવે છે. આ પ્રવૃત્તિમાં એસ.એમ.સી.સભ્યો અને ગામલોકો પણ ભાગ લે છે. અને વિજેતા વિધાર્થીઓને ઇનામ પણ આપવામાં આવે છે.

૩) શાળામાં વાંચન કોર્નર અને શાળાની લાઈબ્રેરી વિધાર્થી સારી રીતે ઉપયોગ કરી શકે તેવી વ્યસ્થા કરી છે. વિધાર્થીઓ પાસે છાપામાં આવેલા લેખો મંગાવવામાં આવે છે અને તેનું પ્રાથનાસભામાં વાંચન કરવામાં આવે છે.

૪) એક શિક્ષકે શાળામાં વાંચન ચબુતરો બનવ્યો. જેમાં ૨૫ વિધાર્થીઓ એક સાથે શાળાની લાઈબ્રેરીના પુસ્તકોનું વાંચન કરી શકે છે. વિધાર્થીઓના જન્મદિવસે તેમને પુસ્તક પણ ભેટ આપવામાં આવે છે.

૫) શાળામાં વિદ્યાર્થીઓને પ્રવૃત્તિમય રાખવા સાથે વિદ્યાર્થીઓના બાહ્ય જ્ઞાનમાં વધારો થાય, વિદ્યાર્થીઓનું વાંચન વધુ પરિપક્વ બને તે હેતુથી શાળામાં કુદરતી વેલાઓનો ઉપયોગ કરી ખુલ્લા વાતાવરણમાં અલગથી વાચનકુટીર બનાવેલ. આ વાચન કુટિરમાં આચાર્ય-શિક્ષકો અને ધોરણ ૬ થી ૮ ના બાળકો સાથે પરામર્શ કરી દર બુધવારે ક્રમશઃ એક કલાક વાચન પ્રવૃત્તિનો લાભ બાળકો લે તે પ્રમાણેનું આયોજન કરેલ છે. બાળકો સાથે જે તે ધોરણના શિક્ષક પણ વાચન કરે તે રીતની વ્યવસ્થા છે.

૬) વર્ગખંડમાં વિદ્યાર્થીઓના ગૃપ પાડવામાં આવે છે. દરેક ગ્રુપમાં ચારથી પાંચ વિદ્યાર્થીઓ હોય જેમાં એક હોશિયાર વિદ્યાર્થી હોય જેને માર્ગદર્શક (Mentor) કહેવાય. ફ્રી તાસ કે રિસેસમાં કે શાળા સમય બાદ ગ્રુપના વિદ્યાર્થીઓને ન આવડતો એકમની ચર્ચા માર્ગદર્શક (Mentor) દ્વારા થાય અને પોતાને આ આવડતા પ્રશ્નોનો ઉકેલ પોતાના ગ્રુપમાંથી મેળવે. માર્ગદર્શક (Mentor) ને ન આવડતા પ્રશ્નોનો ઉકેલ જેતે વિષય શિક્ષક પાસેથી મેળવે.

૭) "રોજબરોજની વાંચન યાત્રા" શિર્ષકથી એક પુસ્તક રાખવાનું સ્ટેન્ડ બનાવેલ છે. જેમાં વાર્તાના અને બીજા પુસ્તકો રાખવામા આવે છે. જેનો વિદ્યાર્થીઓ શાળામાં વહેલા આવે ત્યારે, રીશેષનાં સમયમાં કે

અન્ય નવરાશનાં સમયમાં જાતે લઇ વાંચે છે અને જાતે જ મુકી દે છે. આ સ્ટેન્ડ શાળા સમય પહેલા રૂમની બહાર મુકાવામાં આવે છે, અને શાળા સમય પુરો થતા અંદર રૂમમાં વિદ્યાર્થીઓ જાતે જ મુકી દે છે. વિદ્યાર્થીઓ જાતે જ તેમા મુકવાનાં પુસ્તકો, સામયિકો બદલાવે છે.

૮) શાળાના શિક્ષક દ્વારા બનાવવામાં આવેલા છાપાની પસ્તી માંથી જુદા જુદા અંકો બનાવેલા છે. જેવા કે વાર્તા સંગ્રહ, સામાન્યજ્ઞાન સંગ્રહ, સુવિચાર સંગ્રહ, સ્થાનિક વનસ્પતિ સંગ્રહ, વગેરે જ્ઞાન પરબ કોર્નર બનાવી ત્યાં મુકવામાં આવ્યા છે. જેનો ઉપયોગ વિદ્યાર્થીઓ તથા શાળાના શિક્ષક ભાઈ બહેનો પોતાની અનુકુળતાએ વાંચી શકે છે. વિદ્યાર્થીઓ તેમાંથી જાણવા જેવું વગેરે લઇ પ્રાર્થનામાં રજુ કરે છે. શિક્ષકો પોતાની ગુરુ વાણીમાં વાંચેલી વાર્તાઓ અને સુવિચારો રજુ કરે છે.

૯) શાળામાં વાંચન અને ઈત્તર પ્રવુંતિઓના કાર્યક્રમનું સંચાલન શાળાના વિધાર્થીઓ પાસે કરાવવામાં આવે છે તે માટે પુસ્તક મંડળ સમિતિ, બાલસભા સંચાલન સમિતિ, શાળા વિકાસ વિધાર્થી સમિતિ જેવી સમિતિઓ બનાવવામાં આવી છે.

## (૨૧) પ્રશ્ન: શું આપની શાળા દ્વારા પણ આવી મુલાકાતનું આયોજન કરવામાં આવેલ છે? જો હા તો મુલાકાત દરમિયાન આપ જે જોવો છો તે આપની શાળામાં પણ થાય તેનું આયોજન કઈ રીતે કરો છો?

**તારણ:** શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે. જવાબની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ પણ આપેલ છે.

૧) બીજી શાળાના કિચન ગાર્ડનની મુલાકાત લીધી હતી અને તેઓ કઇ રીતે સાર સંભાળ રાખે છે, સાચવે છે તે બાબતે જાણકારી મેળવી હતી. .તે પ્રમાણે અમે પણ શાળા સમય બાદ એક વ્યક્તિને ગાર્ડન સાચવવાની જવાબદારી સોંપેલ છે.બાળકોને પણ વ્યકિતગત છોડ માવજત કરવાની જવાબદારી સોપેલ છે. (વર્ષાબેન સોલંકી - જી. ખેડા)

૨) શાળાના શિક્ષકો અને એસ.એમ.સી. સભ્યો દ્વારા ગણીત અને વિજ્ઞાન વિષયને લગતું શિક્ષણના રંગો નામનું સામાયિક બહાર પાડવામાં આવે છે.નજીકની શાળામાં આ સામાયિક મોકલવામાં આવે છે. (પિયુષભાઈ પંડયા - જી. ભાવનગર)

૩) આ શિક્ષકે “મંથન અસંજો” નામનું ૧૦ શિક્ષકોનું ગ્રુપ બનાવીને શાળામાં આર્થિક રીતે નબળા વિધાર્થીઓને પુસ્તકો,કપડાં અને શિક્ષણમાં ઉપયોગી વસ્તુઓની સહાય કરે છે. (શૈલેષભાઈ ચૌધરી - જી. તાપી)

૪) કલસ્ટર સ્તરે નબળી શાળાઓને સારી શાળાઓને દતક આપવામાં આવે છે સારી શાળા એસ.એમ.સી ના સહકારથી વિજ્ઞાનમેળો, કવીઝ સ્પર્ધા વગેરેનું આયોજન કરવામાં આવે છે. (કેતનકુમાર જોષી - જી. વડોદરા)

૫) બીજી શાળાની મુલાકાત બાદ શાળામાં ભાષા કોર્નર, ઇતિહાસ કોર્નર, ગણિત-વિજ્ઞાન મંડળની રચના દ્વારા દ્વારા શાળાના વિધાર્થીઓની ગુણવતા વધારવામાં આવી છે. (મધુસુદનભાઈ ઠકકર - જી. પાટણ)

૬) શાળાના શિક્ષકો અને એસ.એમ.સી. સભ્યો દ્વારા વોટ્સએપ પર ગ્રુપ બનાવીને શાળામાં થતી પ્રવુતિનું આદાનપ્રદાન કરવામાં આવે છે છે. (રાજેશભાઈ રબારી - જી. અમદાવાદ, નીનાબેન સુથાર - જી. સાબરકાંઠા)
૭) મુલાકાત દરમિયાન બોલતી દીવાલ જોએલી તેના અનુસાર અમારી શાળાની અને વર્ગખંડની દીવાલ પર ચિત્ર સાથે શૈક્ષણિક માહિતી લખવામાં આવી. (પ્રવીણકુમાર ભુરાભાઈ - જી. કચ્છ)

## (૨૨) પ્રશ્ન: જો આપને આઈ.આઈ.એમ. તરફી મળતા પત્રો શાળાની કોઈ પ્રવુતિમાં ઉપયોગી થયા હોય તો તેની ટૂંકમાં માહિતી આપો.

**તારણ:** શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે. જવાબની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ પણ આપેલ છે.
૧) શાળામાં શિક્ષક આઈ.આઈ.એમ. તરફી મળતા પત્રોની શાળાના શિક્ષક અને એસ.એમ.સી. સભ્યો સાથે મળીને ચર્ચા કરે છે. અને શાળાની સમસ્યાનો નવતર પ્રયોગની મદદથી હાલ કરે છે. (વિનોદસિંહ ચૌહાણ - જી. ભાવનગર, મનીષકુમાર પરમાર- જી. ભાવનગર, કેયુરભાઈ પટેલ - જી. પંચમહાલ, યોગેશભાઈ મહેતા - જી. કચ્છ, સતીષભાઈ પરમાર - જી. રાજકોટ, અશ્વિનભાઈ નકુમ - જી. ગીર સોમનાથ, અશોકભાઈ જાટીયા - જી. કચ્છ, અશ્વિનભાઈ પ્રજાપતિ - જી. ગાંધીનગર)
૨) શિક્ષકે શાળામાં ધોરણ ૮ માં પહેલો પાઠ પત્રલેખન શીખવવા માટે આઈ.આઈ.એમ. તરફી મળતા પત્રોનો ઉપયોગ કરેલ છે. (કાર્તિકકુમાર સિંગલ - જી. ભાવનગર)
૩) આઈ.આઈ.એમ. તરફી મળતા પત્રો દ્વારા વાલીઓ ને પણ લાઈબ્રેરીના પુસ્તક ઉપયોગની નવતર પ્રવુતિ જાણી શાળામાં પણ તેનો અમલ કર્યો. (નિશિતાબેન ભટ્ટ - જી. કચ્છ, સંજયભાઈ મોરડિયા - જી. સુરત)
૪) શાળામાં બાળકોની અઠવાડિક વિષયવાર પરીક્ષા લઈ પરીક્ષાનું મૂલ્યાંકન કરી બાળકના વાલીઓને મોકલવામાં આવે છે. આ નવતર પ્રયોગ માટે આઈ.આઈ.એમ. તરફી મળતા પત્રોનો ઉપયોગ કર્યો. (રસિકભાઈ પટેલ - જી. અમદાવાદ, મનોજભાઈ પટેલ - જી. વલસાડ)
૫) શિક્ષકે બનાવેલ નવતર પ્રવુતિ શેર કરવા માટેના તાલુકા અને જીલ્લા સ્તર સુધીના વોટ્સઅપ ગ્રુપમાં આઈ.આઈ.એમ. તરફી મળતા પત્રોના ફોટા શેર કરવામાં આવે છે.અને નવતર પ્રયોગ જાણકારી શિક્ષકોને આપવામાં આવે છે. (શ્રીકાંતભાઈ દેથરીયા - જી. મોરબી)
૬) આઈ.આઈ.એમ. તરફથી મને મળેલ પત્રના ઉપયોગ દ્વારા વર્ગમાં બાળકોની હાજરી પુરતી વખતે યશ સર કહેવાના બદલે સ્પેલિંગ બોલવાનુ ચાલુ કર્યું. તેથી બાળકોમાં અંગ્રેજી પ્રત્યેનો ડર દુર થયો. (મનોજભાઈ સુથાર - જી. બનાસકાંઠા)
૭) આઈ .આઈ.એમ તરફથી મને મળેલ પત્રના ઉપયોગથી શાળામાં નવતર પ્રવુતિ કરવામાં આવે છે. દરેક વર્ગખંડમાં એક પ્રવૃત્તિ બોર્ડ રાખેલ છે જેમાં વર્ગના બાળકો તેમની સર્જનાત્મક પ્રવૃત્તિ પ્રદર્શિત કરી શકે. ( લક્ષ્મણભાઈ ચૌધરી - જી. પાટણ)

૮) આઈ.આઈ.એમ. તરફથી મને મળેલ પત્રના બાળકોના વાંચન માટે નોટીસબોર્ડ પર મૂકવામાં આવે. કોઇ વર્ગમાં થયેલ વિશિષ્ટ પ્રવૃતિ કે પ્રયોગ માટે દરેક બાળક તથા શિક્ષકને S.M.C મારફતે આવા અભિનંદન પત્રો આપી સન્માનવામાં આવે છે. (શીવાભાઈ સોલંકી - જી. પાટણ)

## (૨૩) પ્રશ્ન: કઈ પ્રવૃત્તિઓ દ્વારા બાળકોમાં સહકારના કૌશલ્યનો અને નેતૃત્વના ગુણોનો વિકાસ કરી શકાય છે?

**તારણ**: શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે.
૧) હોશિયાર અને નબળા બાળકોના જૂથ બનાવીને, જુથમાં એક નેતાની નિમણુક કરવી અને વિષય પ્રમાણે પ્રોજેક્ટ બનાવવા આપવા.
૨) બાળકોને જુદી જુદી પ્રવૃત્તિ ઓ સોપીને જેમકે વર્ગખંડનું મોનિટરીંગ કરવું, પ્રાથના સભાનું આયોજન કરવું, વાર્ષિક દિવસના આયોજનની પ્રવૃત્તિઓ, તહેવારોની ઉજવણીનું આયોજન વગેરે.
૩) ચૂંટણી દ્વારા બાળકોની જુદી જુદી સમિતિ બનાવવી અને દરેક સમિતિને પ્રવૃત્તિ અનુસાર કર્યો સોંપવા, સમિતિમાં નેતાની નિમણુક કરવી.
૪) જૂથ ચર્ચા ગોઠવવાથી અને સતત સર્વગ્રાહી મૂલ્યાંકન કરવું.
૫) પ્રોજેક્ટ વર્ક આપીને T.L.M બનાવાવની પ્રવૃત્તિ સોંપીને.
૬) જૂથ પાડીને ક્વિઝ સ્પર્ધા, અંગ્રેજીમાં સ્પેલિંગોની રમત, કોમ્પ્યુટરમાં પ્રેઝન્ટેશન બનાવવા આપવા વગેરે.
૭) વાંચન, લેખન, ગણનમાં પણ સારા, મધ્યમ, નબળા બાળકોના જૂથ પાડી તેમની પ્રગતિ કરી શકાય.




# પરીક્ષા અને મૂલ્યાંકન

(૧) પ્રશ્ન: શાળા સર્વગ્રાહી મૂલ્યાંકન પદ્ધતિ હેઠળ આપ બાળકોનું મુલ્યાંકન કઈ રીતે કરોછો? આપ આ પદ્ધતિથી કેટલા સંતુષ્ટ છો?

તારણ: શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે.

હકારાત્મક પાસાઓ:

૧) આ મુલ્યાંકન પદ્ધતિ બહુજ અસરકારક છે આ પદ્ધતિ દ્વારા મુલ્યાંકનમાં દરેક એકમના હેતુઓ દ્વારા કસોટી બનાવીને ક્રિયાત્મક મૌખિક અને લેખિત રીતે બાળકોનું મુલ્યાંકન થાય છે.

૨) મુલ્યાંકન માટે જયારે કોઈ ટોપિક પતી જાય ત્યારે તેને લગતા પ્રશ્ન પૂછી ને કે લખાવીને તેનું મુલ્યાંકન કરવામાં આવે છે.

3) શાળામાં બાળકોના જુદા જુદા જૂથ બનાવીને તેમની આવડત મુજબ લેખન, વાચન અને જ્ઞાનનું મુલ્યાંકન રોજ ૩૦ મિનીટ સુધી ચલાવવામાં આવે છે જેથી અભ્યાસક્રમમાં પાછળ રહી ગયેલ બાળકો તેમની ક્ષમતા વધારી શકે.

૪) શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન દ્વારા શાળાના બાળકોનું સતત અને સર્વગાહી મૂલ્યાંકન કરવામાં આવે છે. જેમાં જે તે ધોરણના તમામ વિષયોને ધ્યાનમાં રાખીને મૂલ્યાંકન કરવા માટે ટેસ્ટ લેવામાં આવે છે પણ તેમાં જો યોગ્ય પરિણામ ના મળે તો તેની મુશ્કેલી સોધીને ફરીથી પ્રયત્ન કરવામાં આવે છે. અને વારંવાર પ્રયત્ન કરી બાળકોમાં તે હેતુ સિધ્ધ થાય તે માટે શૈક્ષણિક ટેકનોલોજી જેમાં કોમ્પ્યુટર અને ઇન્ટરનેટની મદદથી વિવિધ સોફ્ટવેર દ્વારા સર્વગ્રાહી મૂલ્યાંકન માટેના ક્વિઝ તૈયાર કરી બાળકોમા રસ અને રુચી ઉત્પન્ન થાય તે મુજબની પદ્ધતિથી મુલ્યાંકન કરીએ છીએ.

૫) રચનાત્મક મુલ્યાંકન: ૪૦ ગુણ, સતર્ક મુલ્યાંકન ૪૦ગુણ, સ્વધ્યયન મુલ્યાંકન ૨૦ગુણ ટોટલ ૧૦૦ ગુણ દ્વારા બાળકોનું મૂલ્યાંકન કરવામાં આવે છે.

આ પદ્ધતિથી જ વિદ્યાર્થીનો સર્વાંગી વિકાસ કરી શકાય. પરંતુ નીચેના કારણોસર આ પદ્ધતિમાં જરૂરી સફળતા મળતી નથી:

૧) વર્ગમાં વિદ્યાર્થી સંખ્યા ૪૦ થી વધુ ન હોવી જોઈએ. અમુક શાળામાના વર્ગમાં ૮૦ વિદ્યાર્થી છે.

૨) મોટા ભાગના શિક્ષકોને સહેજ પણ સર્જનાત્મક કે વધારાનું કામ કરવું નથી. તેથી તેઓ સાચું મુલ્યાંકન કરતા નથી. અમુકવાર શિક્ષકો બાળકોના મુખને જોઈને જ મૂલ્યાંકન કરી નાખે છે જે યોગ્ય મુલ્યાંકન નથી.

3) મોટા ભાગના વાલી હજુ પણ ગુણને મહત્વ આપે છે.તેના લીધે શિક્ષક સાચું મુલ્યાંકન કરેતો વિદ્યાર્થીને ઓછા ગુણ આવે જયારે નોન ગ્રાન્ટેડ શાળાઓ કોઇપણ પ્રકારનું મુલ્યાંકન કર્યા સિવાય પૂરે પુરા ગુણ વિદ્યાર્થીને આપે છે. વાલીઓ આ બાબતની સરખામણી કરીને ગ્રાન્ટેડ શાળાના શિક્ષક પર દબાણ કરે છે પરિણામે ગ્રાન્ટેડ શાળાનો શિક્ષક પણ છેવટે અંદાજે મુલ્યાંકન કરે છે.

૪) શાળાનો સમય અપૂરતો છે.

૫) કોચિંગ ક્લાસને વિદ્યાર્થી મહત્વ આપતો હોવાથી વાલી અને વિદ્યાર્થી સહ અભ્યાસિક પ્રવૃતિને મહત્વ આપતો નથી.

નકારાત્મક અભિગમ:

૧) જો કોઈ બાળકને લેખિત કસોટીમાં શૂન્ય ગુણ આવ્યા હોય તો તેને પણ બઢતી આપવામાં આવે છે જેનાથી બાળકમાં કસોટીનું મહત્વ ઘટી જાય છે અને અભ્યાસમાં યોગ્ય ધ્યાન આપી સકતો નથી.

૨) શાળામાં આ મુલ્યાંકન અમુક શિક્ષકો જ કરે છે.

3) આ પદ્ધતિમાં ફક્ત બાળકોની યાદશક્તિની જ કસોટી લેવામાં આવે છે જેથી બાળકોને કઈ પ્રવૃતિમાં રૂચી વધારે છે તે જાણવું શિક્ષક માટે થોડું મુશ્કેલી ભર્યું છે.

૪) બાળકોની પ્રાથના સભા, શાળામાં થતી સહભ્યાસિક પ્રવૃત્તિ, અભ્યાસક્રમ આધારિત પ્રવૃત્તિ, વર્ગખંડમાં નિયમિતતા, વ્યક્તિગત સ્વચ્છતા, રમતગમત ક્ષેત્રમાં કુશળતા, અભિનય ગીતો વાર્તાઓ કહેવી, બાળમેળા યોજવા, લેખન, વાચન, ગણન અને વકતૃત્વ સ્પર્ધા વગેરે દ્વારા થતું મુલ્યાંકન એ શાળા સર્વગ્રાહી મુલ્યાંકન પદ્ધતિથી વધુ શ્રેષ્ઠ છે.

૫) સમયસર મુલ્યાંકન થતું નથી ખાસ કરીને અંગ્રેજી જેવા વિષયોમાં પુરતું ધ્યાન આપવામાં આવતું નથી.

૬) શાળાકીય સર્વગ્રાહી મુલ્યાંકનમાં બાળકોમાં રહેલી વિવિધ પ્રકારની ક્ષમતાને આધારે મુલ્યાંકન થાય છે જે એક સારી બાબત છે પરંતુ વિવિધ પ્રકારના અને અનેક પ્રકારના પત્રકો ગૂંચવડ ઊભી કરે છે. પરિણામને ખૂબ લાંબી પ્રક્રિયા બનાવી દીધી છે.

શિક્ષકોને અવરોધરૂપ બનતા કારણો:

૧) બાળકોની શાળામાં અનિયમિતતા, શાળામાં મોડા આવવું, ઘરકામ અંગે ઘરે વહેલા જવું.

૨) શિક્ષકોની અગવડતાને કારણે એક શિક્ષકે બે ધોરણો સાચવવા પડે છે.

3) આ પદ્ધતિના પત્રકો ચકાસવામાં ખુબ જ સમય જાય છે જેના લીધે સમયસર કામ થતું નથી.

## (૨) પ્રશ્ન: શાળામાં કોઈ સ્પર્ધા દ્વારા બાળકોમાં કોઈપણ વિષય પ્રત્યે રૂચી વધારવાની પ્રવૃત્તિ કરી હોય તો ટૂંકમાં જણાવો.

તારણ: શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે.જવાબની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ પણ આપેલ છે.

૧) શાળામાં દર બુધવારે ધોરણ ૬ થી ૮ના વિદ્યાર્થીઓની વિષય પ્રમાણે ક્વીઝનું આયોજન વિદ્યાર્થીને જુથમાં વહેચીને કરવામાં આવે છે.એક મહિના ના અંતે જે જૂથના વધારે પોઈન્ટ હોય તેને એસ.એમ.સી. સભ્ય દ્વારા ઇનામ આપવામાં આવે છે. (ભાવેશભાઈ પંચાલ - પાટણ, કનુભાઈ સોલંકી - ગીરસોમનાથ, પ્રકાશભાઈ પંડ્યા - ભાવનગર)

૨) શાળામાં તમામ ધોરણના વિષયના એકમ પ્રમાણે કોમ્પુટરમાં “કોન બનેગા કલેવર ક્વીઝ - KBC QUIZ” તૈયાર કરીને બાળકોને આપવામાં આવે છે આ માધ્યમ થી બાળકો સરળતાથી અને હોશભેર ક્વીઝ આપે છે તથા ક્વીઝના અંતે જે પ્રશ્ન ના સમજાયો હોય અથવા ના આવડ્યો હોય તે શિક્ષકો ફરી વાર સમજાવે છે. (કનુભાઈ સોલંકી - કચ્છ, વિશાલપૂરી ગોસ્વામી - પોરબંદર)

૩) શાળામાં બાળકોને અંગ્રેજી વિષયમાં શબ્દભંડોળ વિકસે તે હેતુથી શિક્ષક દ્વારા અંગ્રેજી સ્પેલિંગ ની અંતાક્ષરી અઠવાડીએ કોઈપણ ૩ દિવસ અડધો કલાક વર્ગમાં વિદ્યાર્થીને બે જુથમાં વહેચ્યા પછી રમાડવાની પણ આ ગેમમાં જે ગ્રુપનો વિદ્યાર્થી સ્પેલિંગ બોલે તેને અંગ્રેજી શબ્દનો અર્થ અને ઉચ્ચાર આવડવું ફરજીયાત છે આથી બાળકો નું શબ્દભંડોળ વધે અને સ્પેલિંગ યાદ રાખવાની સાથે સાથે સરળતાથી બોલવા લાગ્યા.(ગિરીશકુમાર વાળંદ - પંચમહાલ, જયશ્રીબેન લોખંડે - સુરત)

૪) એક શાળામાં બાળકોમાં જનરલ નોલેજ ખુબ ઓછું હતું આ સમસ્યા દુર કરવા માટે એક શિક્ષકે દરરોજ થતી પ્રાર્થનાની શરૂઆતમાં ૫ સવાલ-જવાબ સામાન્યજ્ઞાન ને લગતા કહેવામાં આવતા હતા આ સવાલ-જવાબ ધોરણ ૫ થી ૮ સુધીના વિદ્યાર્થી પોતાના બુક લખે અને મહિનાને અંતે એક ક્વીઝ નું આયોજન કરવામાં આવે અને તેમાંથી ૧ થી ૩ નંબર મેળવનાર વિદ્યાર્થીને ઈનામ આપવામાં આવે છે. (દેવાંગીબેન બારૈયા - જામનગર)

૫) બાળકો ઘરે પણ પોતે શાળામાં કરાવેલ એકમનું પુનરાવર્તન જાતે કરી શકે તે હેતુથી એક શિક્ષકે એન્ડ્રોઈડ મોબાઈલમાં ઓફલાઈન ચાલી શકે એવી એપ્લીકેશન બનાવી અને બાળકોને આપી બાળકો પોતાની જાતે તે એપ્લીકેશનમાં આપેલ ક્વીઝ્નો જવાબ આપે છે અને ત્યારબાદ મેળવેલ પરિણામ પણ મેળવી શેક છે. (રમેશભાઈ ઓડેદરા - પોરબંદર)

6) બાળકોમાં લખાણ શક્તિ વધે તે હેતુથી એક શિક્ષકે ધોરણ ૫ થી ૮ ના બાળકોને કોઈ પણ વિષય ઉપર નિબંધ ગુજરાતી,અંગ્રેજી તથા હિન્દીમાં લખવા આપે અને ત્યારબાદ શિક્ષક તપાસે અને ત્યારબાદ તેમાંથી ૧, ૨, ૩ નંબર લાવનારને પ્રાર્થનામાં બહુમાન કરે, આ પ્રવૃતિથી બાળકો સારી રીતે ભાષાકીય નિબંધ લખતા થયા છે અને લેખનક્ષમતા વધી છે. (રચનાબેન પટેલ - સાબરકાંઠા).

**(૩) પ્રશ્ન: શું આપ પણ ઈચ્છો છો કે આપના જીલ્લા આ પ્રકારની ક્વીઝનું આયોજન કરવામાં આવે? શું આપની શાળાના બાળકો માટે જીલ્લા, તાલુકા કે શાળા કક્ષાએ આ પ્રકારની કોઈ સ્પર્ધાત્મક પ્રવુતિ/ પરીક્ષાનું આયોજન કરવામાં આવેલ છે? ટૂંકમાં જાણકારી આપો.**

**તારણ:** શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે. જવાબની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ પણ આપેલ છે.

૧) ૯૭% શિક્ષકો ઈચ્છે છે કે તેમના જીલ્લામાં ક્વીઝનું આયોજન કરવામાં આવે.

૨) શાળામાં “વન્ડરશેર ક્વીઝ ક્રિએટર” નામના પ્રોગ્રામની મદદથી ધોરણ ૬ થી ૮ ના બાળકો માટે વિષય અનુસાર કે.બી.સી. જેવી ક્વીઝ બનાવવામાં આવી છે અને શાળામાં સ્પર્ધા પણ ગોઠવવામાં આવે છે. (નિલેશભાઈ રાજગોર - જી. કચ્છ, અલ્પેશકુમાર દવે - જી. ખેડા, અમિતભાઈ મોરી - જી. સુરેન્દ્રનગર)

૩) શાળા કક્ષાએ વિશેષ દિન (વિજ્ઞાન-ગણિત, જ્ઞાન સપ્તાહ જેવા દિવસ), મહાપુરુષની જન્મ જયંતિ જેવા દિવસને અંતંગત કવીઝનુ આયોજન કરવામા આવે છે. (રૂષિતકુમાર ધુલશીયા - જી. જુનાગઢ, મનોજભાઈ પટેલ - જી. વલસાડ)

૪) ગોકરણ પે સેન્ટર ની તમામ શાળાઓ વચ્ચે સામાન્ય જ્ઞાન અને ધોરણ ૬ થી ૮ ના સંપૂર્ણ અભ્યાસક્રમની ક્વીઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું.વિધાર્થીઓ ખુબ ઉત્સાહ સાથે સ્પર્ધામાં ભાગ લીધો.વિજેતા ટીમ નંબર ૧,૨ અને ૩ ને સી.આર.સી. અને આચાર્ય દ્વારા પ્રોત્સાહિત કર્યા. (અરવિંદભાઈ ભેડા - જી. પોરબંદર)

૫) શાળાના બુલેટીનબોર્ડ પર દર શુક્રવારે ૧૦૦ પ્રશ્ન મુકવામાં આવે છે. અને બીજા દિવસે શાળામાં ૧૦૦ પ્રશ્નમાંથી ૧૦ પ્રશ્ન પુછવામાં આવે છે. (પ્રવિણભાઈ વણકર - જી. અમદાવાદ)

૬) શાળામાં દરોરજ વિષય અનુસાર સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે. સ્પર્ધામાં ભાગ લેનાર વિધાર્થીઓને વિજ્ઞાન મન, જૈવિકવિજ્ઞાન મન, ગણિત મન અને ભાષા મન નામના કાર્ડ પહેરાવવામાં આવે છે. (અશોકભાઈ જાટીયા - જી. કચ્છ)

૭) અમારી શાળામાં અઠવાડીયામાં એક વખત સાંજના દરેક બાળક વારાફરતી એક એક પ્રશ્ન પુછે બાકીના બાળકો જવાબ આપે. (બાબુભાઈ મોર - જી. કચ્છ)

૮) શિક્ષકે મહુવા તાલુકા કક્ષાએ પર્યાવરણ બચાવો, ભષ્ટ્રાચાર હટાવો, બેટી બચાવો અને રક્તદાન જેવા મુદાઓનો સમાવેશ કરી પોસ્ટર સ્પર્ધા યોજી હતી.સ્પર્ધામાં એકઠા થયેલા ૪૨૪ પોસ્ટરનું પ્રદશન પણ ગોઠવવામાં આવ્યું.(રમેશભાઈ સેંતા - જી. ભાવનગર)

૯) શાળાની કમ્પ્યુટર લેબમાં દરેક કમ્પ્યુટરમાં Ubuntu Operating system દ્વારા Kword Quiz નામના સોફ્ટવેર મદદથી વિષય અનુસાર ક્વીઝ બનાવેલ છે અને વિદ્યાર્થીઓને જયારે ફ્રી તાસ હોય ત્યારે વિધાર્થીઓ ક્વીઝ રમે છે. (લક્ષ્મણભાઈ ચૌધરી - જી. પાટણ)

**(૪) પ્રશ્ન: SCE ના અમલીકરણમાં આવતી મુશ્કેલીઓ જણાવો.**

**તારણ**: શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે.જવાબ આપવાની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ અને મોબાઈલ નંબર આપેલ છે.

૧) જયારે નવો પાઠ શરૂ કરીએ અથવા નવો મુદ્દો ચાલુ કરીએ ત્યારે અમુક વિદ્યાર્થીઓ ગેરહાજર રહે છે જેથી તેમને વર્ગમાં શીખવાડેલું નથી આવડતું. આવા વિદ્યાર્થીઓને શીખવાડવા માટે શિક્ષક દ્વારા સ્પેશિયલ સમય આપી શકાતા નથી. જેથી SCE માં મુંજવણ થાય છે. (પટેલ નિયંતાબેન જે - ગાંધીનગર - 7600031823, વાળા જગદીશ પાલીતાણા - 8238184236, ખંત રણજીતસિંહ એસ. - પંચમહાલ - 9409560094)

૨) વિદ્યાર્થીઓ સમયસર દ્રઢીકરણ કરી શકતા નથી જેના પરિણામે તેમની સિધ્ધી અને ક્ષમતા સમયની સાથે થઈ શકતી નથી. આ કારણે આગળના ધોરણના હેતુ સિદ્ધ કરવામાં વિદ્યાર્થીઓને તકલીફ પડે છે. (પંચક નીતીનકુમાર બી - સુરેન્દ્રનગર - 8238914355, પ્રજાપતિ મનુભાઈ - અમદાવાદ - 9429525746, પટેલ ભારતી - પાટણ - 9428123007, સિસોડીયા જયશ્રીબેન - ગાંધીનગર - 9824515651)

૩) વિદ્યાર્થીઓ નું સમય પર મુલ્યાંકન કરી માહિતી પૂરી કરવામાં સમય વધારે જાય છે. તેથી પુસ્તકોનું અભ્યાસ અધુરો રહેવાની શક્યતા રહે છે. (પંડયા શિવમકુમાર બી - ભાવનગર - 9427559228, માનસેતા નિમિષાબેન - કચ્છ - 9429426938)

૪) પત્રકોમાં દરેકના મત અલગ અલગ છે અમુક વિદ્યાર્થીઓની ક્ષમતા ચકાસવી મુશ્કેલ બને છે. ઘણા વિદ્યાર્થીઓને લખતા, વાંચતા નથી આવડતું જેના પરિણામે મુલ્યાંકન કરવું મુશ્કેલ પડે છે અથવા મુલ્યાંકન શક્ય બનતું નથી. (કોરિયા ભાવિનકુમાર કે. - પોરબંદર - 9586620719)

## (૫) પ્રશ્ન: SCE ના અમલીકરણમાં આવતી મુશ્કેલીઓ દુર કરવા આપે કરેલ નવતર પ્રવૃત્તિ અને તેનું પરિણામ ટૂંકમાં જણાવો.

**તારણ**: શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે.જવાબ આપવાની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ અને મોબાઈલ નંબર આપેલ છે.

૧) વિદ્યાર્થીઓની સિધ્ધી પ્રમાણે ટેસ્ટ લેવામાં આવે છે. અને તેના પ્રમાણે SCE પત્રક વિદ્યાર્થીઓ દ્વારા જ ભરાવવામાં આવે છે જેથી વિદ્યાર્થીઓ ને પ્રગતિ કરવાની પ્રેરણા મળે છે. (પટેલ નિયંતાબેન જે - ગાંધીનગર - 7600031823)

૨) જ્ઞાનકુંજ પ્રોજેક્ટમાં એકમને અંતે મુલ્યાંકન અને પ્રવૃત્તિ આપવામાં આવે છે. અને **કૌન બનેગા કરોડપતિ જેવી** રમતના આધારે વિદ્યાર્થીઓ દ્વારા આપવામાં આવતા જવાબો વિદ્યાર્થીઓ ને જે-તે બાબતમાં પુરતી સમજ ના હોય તેમાં ખ્યાલ આવી જાય છે તેમજ SCE પત્રક ભરવામાં સરળતા રહે છે. (ચૌધરી સેવકભાઈ એચ - વડોદરા - 7874063646)

૩) SCE ની મુશ્કેલીઓ દુર કરવા સૌપ્રથમ તો વિદ્યાર્થીઓના વાલીનો સંપર્ક કરી અનિયમિતતા દુર કરવા પ્રયત્ન કરવામાં આવ્યો. તેમજ જે તે ક્ષમતા સિદ્ધ થતા જ તેની નોંધ SCE પત્રકમાં કરવામાં આવે છે, પત્રક B માં પણ ક્રમમાં ન લેતા જે ક્ષમતા સિદ્ધ થાય તેની સામેના ખાનામાં તેની નોંધ કરે છે. (વાળા જગદીશ પાલીતાણા - 8238184636)

૪) પત્રકો બનાવવા માટે શિક્ષક દ્વારા અઠવાડિયામાં એક કલાક એમ મહિનામાં કુલ ૩ કલાક નું યોગદાન આપવાનું શરુ કર્યું. શરૂઆતના સમયમાં તકલીફ પડી પરંતુ ૧ વર્ષ સુધી આ મુજબ પ્રવૃત્તિ કરતા પત્રકો ભરવામાં સરળતા રહી. દરેક એકમ પછી નાની ટેસ્ટ એટલે કે ૧ ચેપ્ટરમાં ૨ થી ૩ ટેસ્ટ લેવામાં આવે છે. ટેસ્ટ દ્વારા વિદ્યાર્થીઓને ચેપ્ટરનું વ્યવસ્થિત પુનરાવર્તન થવાથી સારું પરિણામ મળતું થયું છે. વિદ્યાર્થીઓ ને કેટલું આવડે તેના પરથી SCE પત્રક ભરવાની મુશ્કેલી દુર થવા પામી છે. (પંચાલ સુનીલકુમાર - બારડોલી - 898081317, પટેલ ભારતી પી. - પાટણ - 9428123007, પંચાલ મિહિરકુમાર એમ - મહીસાગર - 9574844414)

૫) શાળામાં આધુનિક કક્ષાનું વાતાવરણ બનાવવામાં આવે છે. વિદ્યાર્થીઓને ટેસ્ટ, પ્રોજેક્ટ કાર્ય દ્વારા, ચાર્ટ મુજબ ટુકડી પાડીને, ઉપરાંત વર્ગની શરૂઆતમાં પહેલી ૫ મિનીટ વિદ્યાર્થીઓ ને આગળના દિવસમાં વર્ગખંડમાં જે કર્યું તે પૂછીને વિદ્યાર્થીઓનું મુલ્યાંકન કરવાથી વિદ્યાર્થીઓનું પરિણામ જાણી શકાય છે. પત્રક A દ્વારા વિદ્યાર્થીઓ નું ઉપચારાત્મક નિદાન કાર્ય કરવામાં સરળતા રહે છે. (ખંત

રણજીતસિંહ એસ. - પંચમહાલ - 9409560094, નિમિષા માનસેતા - કચ્છ - 9429426938, ઉપાધ્યાય મુકેશ - વડોદરા - 9925799846)

૬) વિદ્યાર્થીઓની શિક્ષણકાર્યની સાથે કસોટી લેવામાં આવે છે. વિદ્યાર્થીઓ કસોટી સમયે હાજર રહે તેવા પ્રયત્નો કરવા માટે ઈનામ વિતરણ, ન આવડતો એકમ વારંવાર સમજાવવામાં આવે છે. તમામ પત્રકો કમ્પુટરાઈઝ્ડ કરવામાં આવે છે. વિદ્યાર્થીઓ ને તમામ એકમો સિદ્ધ થાય તે માટે જૂથ ચર્ચા કરાવવામાં આવે છે. (સોલંકી માલવ વી. - જુનાગઢ - 9714329193, સંઘાણી હિરેનકુમાર પી. - બોટાદ - 9904994294)

**૬) પ્રશ્ન: શાળામાં એકમ પૂર્ણ થયા બાદ એકમ કસોટી માટે આપે કરેલ નવતર પ્રવૃત્તિ અને તેનું પરિણામ ટૂંકમાં જણાવો.**

**તારણ:** શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે. જવાબ આપવાની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ અને મોબાઈલ નંબર આપેલ છે.

૧) યુનિટ પૂર્ણ થતા ઓનલાઈન અથવા તો યુનિટમાંથી પ્રશ્નો કાઢીને તેની ઝેરોક્ષ કાઢીને બાળકોની ટેસ્ટ લેવામાં આવે છે. જેથી બાળકો સરળતાથી એકમનું પુનરાવર્તન કરે છે. (દેસાઈ જીગરભાઈ - બનાસકાંઠા - 7383911647, વણકર પ્રકાશભાઈ - સાબરકાંઠા - 9427884557, મુનિયા રાજેશભાઈ - દાહોદ - 9726768616, બોલણીયા વિજયભાઈ - સુરેન્દ્રનગર - 9979703541)

૨) યુનિટ ટેસ્ટનું મૂલ્યાંકન ઝડપથી અને ઓછા સમયમાં થાય તે હેતુથી ટેસ્ટ OMR ના સ્વરૂપે લેવામાં આવે છે. (ધોસીયા આશાબેન - પોરબંદર - 9924902635)

૩) વર્ગખંડમાં એકમ પત્યા બાદ તેનું પુનરાવર્તન બાળકો રમતગમત ની સાથે કરી શકે તે હેતુ સહ તેમને ગ્રુપ પાડીને પ્રશ્નોતરી, KBC, બોલો કોણ, પ્રશ્નચિઠ્ઠી પેટી જેવી રમત રમાડીને તેનું મૂલ્યાંકન કરવામાં આવે છે. (પટેલ આયેશાબેન - અમદાવાદ - 8000233268, આચાર્ય નિશીથભાઈ - અમદાવાદ - 9662359321, વાઘેલા ગીતાબેન - ગાંધીનગર - 9979769560, અમીતભાઈ મોરી - સુરેન્દ્રનગર - 8866655861, મનસુરી આકીબહુસેન - અમદાવાદ - 7878711192, રસિકભાઈ પટેલ - અમદાવાદ - 9687835010)

૪) સ્પર્ધાત્મક પરીક્ષાના યુગમાં બાળકો તેનાથી અવગત થાય તે માટે યુનિટ ટેસ્ટ કોમ્પ્યુટર પર E - LEARNING, લર્નિંગ ડિલાઇટ, ફ્લેશ કવિઝ ક્રિએટર વગેરે સોફ્ટવેર ની મદદથી ટેસ્ટ અને મૂલ્યાંકન કરવામાં આવે છે. (દીપકભાઈ - જામનગર - 9898296367, કારેલીયા પ્રેમજીભાઈ - જામનગર - 9898791013, પ્રવીણભાઈ મકવાણા - ભાવનગર - 9428619809, પટેલ મિતુલભાઇ - પાટણ - 9724641090, રમેશભાઈ જાદવ - રાજકોટ - 8866606379

૫) યુનિટ ટેસ્ટ બુક_જેમા દરેક બાળકો ની ટેસ્ટ લેવાય છે જેમા દરેક વિધાથી ને માર્ક આપવામાં આવે છે માર્ક અપાયા બાદ વાલી ની સહી પણ લેવામા આવે છે જેથી વાલીઓ પણ બાળકો ની સ્થિતિ જાણી શકે. (તોરલબેન - ભુજ - 9879424976)

૬) બાળકો પોતાની જાતે એકમ કસોટીનું મૂલ્યાંકન ઘરે બેઠા બેઠા કરી શકે તે હેતુથી શિક્ષક તરફથી જેના વાલી પાસે એન્ડ્રોઇડ મોબાઈલ છે તેમને “UKC app” ઇન્સ્ટોલ કરી આપવામાં આવે છે અને જે વિદ્યાર્થી પાસે મોબાઈલ ના હોય તે શાળામાં આવીને કોમ્પ્યુટર પર ઉપયોગ કરી શકે છે. (ચૌહાણ નીરવભાઈ - ભાવનગર - 9586116776)

**(૭) પ્રશ્ન: આપના દ્વારા ગુણોત્સવની માહિતી સરળતાથી સાચવવા અને માહિતીનો ઉપયોગ કરવા કરેલ પ્રવુતિ અને પરિણામ ટૂંકમાં જણાવો.**

**તારણ:** શિક્ષકે આપેલ શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે.

૧) ગુણોત્સવના પરીણામ આધારિત ધોરણ 6 થી 8ના વિદ્યાર્થીઓને વાંચન અને વિષય પ્રમાણે જે ગુણ મળે છે, તેનો અભ્યાસ કરી ને ક્યાં બાળકને ક્યાં વિષયમાં મહેનત કરવાની થાય છે .તે શોધવામાં આવે છે અને તે પ્રમાણે તે વિદ્યાર્થીઓનું ઉપચારાત્મક શિક્ષણ આપવામાં આવે છે. વિષય પ્રમાણે મળેલ પરીણાનું વિશ્લેષણ કરી ને ક્યાં વિષયમાં વિદ્યાર્થીઓની સિદ્ધિ ઓછી છે તે વિષયના શિક્ષક દ્વારા મહેનત કરી ગુણવત્તા સુધારવા પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. વિદ્યાર્થીઓની પ્રેક્ટીસ માટે ઉપરોક્ત પરિણામના આધારે પ્રેક્ટીસ પ્રશ્નો દ્વારા શૈક્ષણિક સિદ્ધિ તપાસવામાં આવી રહ્યું છે. આ રીતે શાળાના શૈક્ષણિક રીતે ઓછી સિદ્ધિ હાંસલ કરેલ વિદ્યાર્થીઓ ધીમે ધીમે સારી સિદ્ધિ તરફ જઇ શક્યા છે. (મનોજભાઈ સુથાર - 9099206800 - જી. બનાસકાંઠા, ઉત્પલકુમાર કુલકર્ણી - 9898365955 - જી. બનાસકાંઠા, પરમાર અશોક મોહનલાલ - 9427249362 - જી. કચ્છ)

૨) શાળામાં ચાલતી વિવિધ અભ્યાસ ને અનુલક્ષીને પ્રવૃતિઓ જેવી કે ક્વિઝ સ્પર્ધા દ્વારા, વિજ્ઞાન ને સરળતા સમજવા માટે બાળકો જાતે પ્રયોગો કરીને અવલોકન, તારણ મેળવે અને ગણિત જેવા અઘરા લાગતા વિષય ને રસપ્રદ બનાવવા ગણિત ને વ્યવહારુ ઉપયોગી બનાવીને સમજણ આપવું, ગણિતની ટૂંકી રીતો દ્વારા બાળકોને સમજણ અને ગમ્મત સાથે સમજાવવું. દરરોજ પ્રાર્થના સભામાં અભ્યાસને લાગતું જ્ઞાન પીરસવું, દિન વિશેષ ની માહિતી પુરી પાડવી, આજનો શબ્દ દરરોજ લખીને બાળકોને ઉત્સાહ પૂરો પાડવો અને ભયમુક્ત વાતાવરણ પૂરું પાડીને કસોટી લેવામાં આવે. વૈજ્ઞાનિકો ની માહિતી, જીવન પરિચય વિશે ખ્યાલ આપવો. આ બધી માહિતી શાળાના બ્લોગ અને youtube પર અપલોડ કરેલ છે. (નિરવભાઈ ગૌતમભાઈ ચૌહાણ - 9586116776 - જી. ભાવનગર)

3) ગુણોત્સવ કાર્યક્રમમાં થયેલ મૂલ્યાંકનની માહિતીની સંપૂર્ણ વિગતોનો રેકોર્ડ શાળામાં તથા દરેક વર્ગશિક્ષક પોતાની ફાઇલ પણ રાખે છે. જેથી જે તે વર્ગ અન્ય શિક્ષક પાસે આવે ત્યારે તે વર્ગની તમામ માહિતી તેમજ બાળકોની સિદ્ધિઓ, મૂલ્યાંકનોની નોંધ, ઉપચારાત્મક કાર્યની વિગતો તે વર્ગ સાંભળનાર શિક્ષકને ખ્યાલ આવે. દરેક બાળક જે પ્રગતિ કરે તેની નોંધ તે બાળકોની પ્રોફાઇલમાં કરવામાં આવે છે. સંપૂર્ણ પોર્ટફોલિયો તૈયાર થતાં બાળકોની સારી નરસી બાબતો જાણી શકાય છે. (લક્ષ્મીનારાયણ જયંતીલાલ પટેલ - 9714455702, સોહામકુમાર ઠાકોર - 8000962233 જી. પાટણ, સુતરીયા નિધિ મહેશભાઈ - 9825542629 - જી. અમરેલી)

૪) ગુણોત્સવ ની માહિતી સરળતાથી મળે તે માટે ધોરણ મુજબ ના ડેટાની હાર્ડ કોપી ને સોફ્ટકોપી તૈયાર કરી વર્ગશિક્ષક ને આપવામા આવી છે. SMC ના સભ્યો તેમજ વાલીઓ ને આની વેબસાઇટ ની માહિતી તેમજ ઊપયોગ કરવાની રીત સમજાવવામાં આવી. ગુણોત્સવનું પરીણામ દરેક બાળકોને આપવામાં આવે છે. (જયેશભાઈ પટેલ - 9638649495 - જી. અરવલ્લી)

૫) અમે ગુણોત્સવની માહિતી સાચવવા માટે અમે શાળામાં દરેક કમ્પ્યુટર માં ગુણોત્સવ નું હોમ પેજ બનાવવામાં આવેલ છે. જેમાં એક કમ્પ્યુટરમાં ગુણોત્સવના પરિપત્રો અને ડીટેઈલ રાખવામાં આવે છે. બીજા દરેક કમ્પ્યુટર માં સ્ટડીઝ મટીરીયલ રાખવામાં આવે છે. જેમાં બાળકોને જયારે જરૂર પડે ત્યારે ઉપયોગ કરે છે. દરેક બાળકની નોટમાં પ્રશ્નબેંક બનાવવામાં આવી છે. દરેક બાળકનોં ડેટા સાચવવા તેમના નામની ફાઈલ બનાવી છે. તેમના ટેસ્ટ પેપર ના ફોટા પાડી વોટ્સએપ ગૃપમાં મુકાય છે. બધા ડેટાની માસ્ટર કમ્પ્યુટર માં પણ સાચવણી કરાય છે. (હિરેનકુમાર સંઘાણી - 9904994294 - જી. બોટાદ)

૬) એક સૉફ્ટવેર બનાવ્યું છે જેમા બાળક ની મહિતી નાખવાથી બાળક ની અલગ અલગ માહિતી મળે છે. ટેસ્ટ ની પ્રિન્ટ નીકળતા તેમાં બાળક ની ટોટલ માહિતી આવે છે જેથી બાળક ને તેના પર નામ કે રોલ નંબર, આધાર ડાયસ ,આધાર કાર્ડ લખે આવે છે. (અલ્પેશભાઈ ચૌધરી - 9429287953 - જી. બનાસકાંઠા)

૭) પ્રજ્ઞાવર્ગમાં ગુણોત્સવની માહિતી સાચવવા કરેલ આયોજન પ્રજ્ઞાવર્ગમાં ગુણોત્સવની માહિતી સાચવવા માટે સોફટવેરનો ઉપયોગ કર્યો. સાથે સાથે ગુણોત્સવની સંપૂર્ણ માહિતી ની એક ફાઇલ બનાવેલ છે. ગુણોત્સવ સંદર્ભે તમામ ડોકયુમેન્ટ આ ફાઇલમાં રાખેલ છે. ડોકયુમેન્ટ્રી ફાઇલ મા રાખેલ માહિતી.

- વાંચન લેખન ગણન ની આંકડાકીય માહિતી
- ઉપચારાત્મક બાળકોની યાદી
- ૦/૫ ગુણ મેળવેલ બાળકોની યાદી અને ૬/૧૦ ગુણ મેળવેલ બાળકોની યાદી
- ઉપચારાત્મક કાર્ય માટે ઉપયોગ કરેલ ટી.એલ.એમ. ની યાદી
- વાંચન લેખન ગણન માટેની તમામ ફ્રેમો
- ગણન માટેના પેપર અને લેખન માટેની નોટબુક
- વાંચન માટે તૈયાર કરેલ તમામ ફ્રેમોનો સમાવેશ થાય તેવી લેમીનેશન કરેલ કાર્ડ
- ઉપચારાત્મક કાર્ય માટે નુ મોડયુલ
- ઉપચારાત્મક કાર્ય માટેની નોધપોથી..જેમાં અહેવાલ
- દર અઠવાડિયે પ્રીટેસ્ટ લીધેલ પેપરનો સંગ્રહ
- ઉપચારાત્મક કાર્ય ના ટી એલ એમ નો અલગ કોર્નર
- ઉપચારાત્મક કાર્ય માટેનું હાજરીપત્રક
- જુલાઈ/ઓગસ્ટ ની ઉપચારાત્મક બાળકોની સ્થિતિ ની યાદી
- ઉપચારાત્મક કાર્ય ના વર્ગખંડના ફોટા

આમ આવુ ઘણું બધું ભેગુ કરી એક ડોકયુમેન્ટ ફાઇલ બનાવેલ છે. શાળાના કોમ્પ્યુટરમા આ તમામ નિભાવેલ માહિતીનું ઉપચારાત્મક પ્રજ્ઞા વર્ગ નામનું ફોલ્ડર બનાવી સેવ કરેલ છે. (પટેલ પિન્ટુબેન બાપુજીભાઈ - 8980590917 - જી. પંચમહાલ)

**(૮) પ્રશ્ન: દરેકવિદ્યાર્થીની પ્રગતિ માટે ચોક્કસ આયોજન, દરેક વિદ્યાર્થીની વ્યક્તિગત જરૂરિયાતમુજબ શિક્ષણ આપવા અને વિદ્યાર્થીની પ્રગતિનું યોગ્ય મૂલ્યાંકન કરવા માટે આપશાળામાં કેવા પ્રકારનું આયોજન કરો છો?**

**તારણ** : શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે.

૧) વિદ્યાર્થીની પ્રોફાઇલ બનાવવી જેમાં વિદ્યાર્થીના રસના વિષયો, તેની નિયમિતતા, તેનું સામાન્ય જ્ઞાન, શારીરિક સ્વાસ્થ્ય, વિદ્યાર્થીની વિશિષ્ટતાઓ, નબળાઈઓ, ગત વર્ષની હાજરી, ઈતર પ્રવૃતિમાં લીધેલ ભાગ, મળેલ પ્રોત્સાહન વગેરે. જેવી તમામ બાબતોનો સમાવેશ કરવો.

૨) વિદ્યાર્થીની ક્ષમતા પ્રમાણે જૂથ બનાવવા અને તેને મનપસંદ પ્રવૃત્તિઓ કરાવી તેનું અવલોકન કરીને વિદ્યાર્થીનું મૂલ્યાંકન કરી શકાય

૩) પ્રગતિપત્રક, પ્રવૃત્તિ આધારિત પત્રક, રમત આધરિત પત્રક તથા અભ્યાસ આધારિત પત્રક તૈયાર કરીને શાળાના તમામ વિદ્યાર્થીની માહિતી અને તેનું મુલ્યાંકન સહેલાઈથી કરી શકાય.

૪) શાળામાં  સાપ્તાહિક તથા માસિક આયોજન તૈયાર કરવું અને તેન અનુસાર કાર્ય કરવા.

૫) આ ઉપરાંત, (૧) શાળામાં શાળા જૂથ ચર્ચા, (૨) પ્રોજેક્ટ વર્કશોપ યોજવા, શાળામાં બાળકોને શબ્દોની અને વાક્યોની અંતાક્ષરી, શબ્દ શોધ, સ્પેલિંગ, કમ્પ્યુટર, ચિત્રકામ, મહેંદી, સીવણકામ, બાગકામ, અભિનયગીતો, સફાઈ, સંગીત સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા, નિબંધ લેખન, મૌખિક તથા લેખિત કસોટી, મનોવૈજ્ઞાનિક કસોટી કે પ્રશ્નોતરી વગેરે. પ્રવૃતિઓ દ્વારા વિદ્યાર્થીની પ્રગતિનું યોગ્ય મૂલ્યાંકન કરી શકાય.



# ICT

## (Information and Communication Technology)

**(૧) પ્રશ્ન: ટેકનોલોજીના ઉપયોગથી શાળામાં થતી પ્રવૃતિને સમાજ સુધી પહોંચાડવા અને શૈક્ષણિક સંદર્ભ સાહિત્ય મેળવવા માટે ટેકનોલોજીનો ઉપયોગ તે માટે કરેલ પ્રવૃત્તિ અને પરિણામ ટૂંકમાં જણાવો.**

**તારણ:** શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે.જવાબ આપવાની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ અને મોબાઈલ નંબર આપેલ છે.

૧) આજનો યુગ એટલે ટેકનોલોજીથી ભરેલો અને સોશિયલ નેટવર્કિંગથી જોડાઈ રહેવાનો છે. કુલ ૧૪૮ શિક્ષક કે જેમને જવાબ આપ્યો છે તેમાંથી ૧૦૫ શાળાઓના શિક્ષકમિત્રોએ શાળામાં ચાલતી ઇનોવેટીવ વિવિધ એકટીવીટી તેમજ શૈક્ષણિક સંદર્ભ મટીરિયલ બીજા લોકો સુધી પહોંચાડવા અને કંઇક નવું શીખવા અને મેળવવા માટે પોતાની જાતે અથવા તો અન્ય મિત્રોની મદદ વડે પોતાની શાળાના નામનું ફેસબુક પર પેજ અને ગ્રુપ બનાવ્યું છે તથા વોટ્સેપ (WHATSAPP) પર ઇનોવેટીવ શિક્ષકમિત્રોએ બીજા શિક્ષકમિત્રોના, વાલીઓ અને એસ.એમ.સી.સભ્યોના ગ્રુપ બનાવ્યા છે અને સતત કોન્ટેક્ટમાં રહેતા થયા. જેમાં શાળામાં ચાલતી વિવિધ પ્રવૃતિઓને ફેસબુક, વોટ્સેપ (WHATSAPP), SCHOOL WEBSITE, BLOG વગેરે બનાવીને દેશના ખૂણે ખૂણે શેર કરી રહ્યા છે. (દા.ત. www.crckalol.blogspot.in, www.vijaybolaniya@blogspot.com.in, www.facebook.com/nesdaschool/, www.kavyanshsuthar.blogspot.in)

(૨) શાળામાં ઉપયોગી એવું વિવિધ સંદર્ભ મટેરિયલ જેવું કે PDF ફાઈલ, ફોટો, વીડિયો, વાર્તાઓ, નાટક, કાવ્ય સંગ્રહો, લેખક પરિચય વગેરે શિક્ષક પોતાની જાતે ઈન્ટરનેટના માધ્યમ દ્વારા અલગ અલગ વેબસાઈટ, YOUTUBE, પેજ તેમજ બ્લોગ પરથી ડાઉનલોડ કરીને બાળકોને દ્રશ્ય - શ્રાવ્ય સાધન વડે અભ્યાસ કરાવવામાં આવે છે. (રાવલ ખ્યાતીબેન - ગાંધીનગર - 9979703541, છુછાર દિલીપભાઈ - દેવભૂમિ દ્વારકા - 9924155108, આચાર્ય નિશિથભાઈ - અમદાવાદ - 9879242828, શાહ રીનાબેન - આણંદ - 8200901324)

(૩) શાળાના કોમ્પુટર અને ટેબ્લેટમાં શૈક્ષણિક સોફ્ટવેર,CD - DVD વગેરે સામગ્રી ઇન્સ્ટોલ કરીને બાળકોને શૈક્ષણિક ડીજીટલ મટીરીયલ પીરસવામાં આવે છે અને બાળકોની યુનિટ મુજબની ટેસ્ટ પણ કોમ્પુટર પર લેવામાં આવે છે. (નાઈ અલ્પેશભાઈ - ઇડર - 9879796545, સાંગાણી હિરેનભાઈ - બોટાદ - 9909910362, ડો. મિનેશભાઇ પટેલ - બનાસકાંઠા - 9510137377, રાઠોડ જીગ્નેશભાઈ - સુરત - 9879620460, પ્રજાપતિ તેજાભાઈ - બનાસકાંઠા 8238970456, ચાવડા સંદીપભાઈ - જુનાગઢ - 9913693687)

(૪ ) બાળકોનું પરિણામની જાણકારી તેમજ ગેરહાજરીની જાણકારી શાળાની વેબસાઈટ પર મુકવામાં આવે છે અને જે બાળકના વાલીને ઈન્ટરનેટનો ઉપયોગ નથી કરતા તે વાલીને આ પરિણામની જાણકારી તેમજ ગેરહાજરીની જાણકારી તેમના મોબાઈલ નંબર પર એસ.એમ.એસ. દ્વારા મોકલવામાં આવે છે.(રૂડાણી પ્રતિકભાઈ - અમરેલી - 9558554560, તરસરિયા મનસુખભાઈ - 9429061430, ડોડીયા કેયુરભાઈ - રાજકોટ - 9429730401, કે. વાય. ત્રિવેદી - ગાંધીનગર - 9428086079, મચ્છોયા પ્રવીણભાઈ - કચ્છ - 8238184236)

(૫) શાળામાં થતી વિવિધ એકટીવીટી, કાર્યક્રમો, મહેમાન મુલાકાત, ભવિષ્યના પ્રોગ્રામ વગેરેની જાણકારી આપતું શાળાનું માસિક, ત્રિમાસિક, છમાસિક અને વાર્ષિક ઇ-મેગેઝીન ગામના લોકો, આજુબાજુના સરકારી અધિકારીઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થીમિત્રો અને બીજા શિક્ષકમિત્રો સાથે શેર કરવામાં આવે છે. (બોલણીયા વિજયભાઈ - સુરેન્દ્રનગર - 9099657596, નાગલા સુરેશભાઈ - અમરેલી - 9427472586)
(૬) શાળામાં થતી વિવિધ એકટીવીટી, કાર્યક્રમો, મહેમાન મુલાકાત, ભવિષ્યના પ્રોગ્રામ વગેરેની જાણકારી લોકલ ટીવી ચેનલ પર જાહેરાત કરવામાં આવે છે. (મોરી કરશનભાઈ - ભાવનગર - 9824819656)

**(૨) પ્રશ્ન: શ્રી વંડી પ્રાથમિક શાળાના શિક્ષક કૈલાશકુમાર નાટડાએ e-class નવતર પ્રયોગ દ્વારા ગેરહાજરીનું પ્રમાણ ઘટાડ્યું. આપ શિક્ષક દ્વારા e-class નવતર પ્રયોગ કરેલ છે.જો હા તે તેની વિગત અને પરિણામ ટૂંકમાં જણાવો.**

**તારણ:** શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે. જવાબ આપવાની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ અને મોબાઈલ નંબર આપેલ છે.
૧) ધોરણ ૬ થી ૮ ના બાળકો ગુજરાતી, અંગ્રેજી અને હિન્દીમાં વાર્તાથી રસ લેતા થાય તે હેતુથી શાળામાં એક જુનો ફોન રાખવામાં આવ્યો છે જેના મેમરીકાર્ડમાં ઓડિયો વાર્તા (e-story) રાખવામાં આવી છે બાળકો જયારે પણ ફ્રી હોય ત્યારે સાંભળે છે. આ વર્ષથી બાળક પોતાના ઘરે પણ આ ઓડિયો વાર્તા (e-story) પોતાના ઘરે ફોનમાં સાભળે તે હેતુથી વિદ્યાર્થી પાસે મેમરીકાર્ડ મંગાવવામાં આવશે અને તેમાં શિક્ષક તરફથી ડેટા નાખી દેવામાં આવશે. (ધવલભાઈ ભગત - અમદાવાદ - 9879811712)






૨) જે શાળામાં e-class નથી એવી શાળામાં શિક્ષક દ્વારા લેપટોપ, કોમ્પ્યુટર, સ્માર્ટફોન, પ્રોજેક્ટર, TV જેવા દ્રશ્યશ્રાવ્ય માધ્યમમાં DVD, CD તેમજ યુટ્યુબના સહારે શૈક્ષણીક વીડિઓ તેમજ ઓડિયો - વીડિઓ સાહિત્ય ડાઉનલોડ કરીને બાળકોને તેમાંથી અભ્યાસ કરાવવામાં આવે છે. આ પદ્ધતિથી શાળામાં હાજરી, બાળકોની વર્ગખંડમાં એકાગ્રતા વધે છે. (સતીશભાઈ પરમાર - રાજકોટ - 9558554560, પ્રિયંકાબેન મહેતા - પોરબંદર - 7575834793, મુકેશભાઈ ઉપાધ્યાય - વડોદરા - 9925799846, ધર્મેશકુમાર પરમાર - આણંદ - 9824379606, અશ્વિનભાઈ પટેલ - સુરેન્દ્રનગર - 9427665972, તપનકુમાર - ગીરસોમનાથ - 8866162565, શ્રદ્ધાબેન રાવલ - ભાવનગર - 9106609899, મહેમદસોહેબ સોઢા - કચ્છ - 9979522899, રમેશચંદ્ર પટેલ - ભરૂચ - 9426859056,

ગીરીશભાઈ ચૌધરી - દાહોદ - 9726765229, પ્રતિકભાઈ દરજી - દાહોદ - 9909215144, વિરલભાઈ શર્મા - આણંદ - 9979230760)

૩) બાળકોને પુસ્તકમાંથી અભ્યાસ કરવામાં ક્યારેક કંટાળો આવતો હોય છે, આ પ્રકારના પ્રકરણને પાવર પોઈન્ટ પ્રેઝેન્ટેશન (PPT) બનાવીને અભ્યાસ કરાવવામાં આવે છે. (જ્યોતિબેન ઓઝા - જુનાગઢ - 9408949439, મિતુલકુમાર પટેલ - પાટણ - 9724641090)

૪) બાળકોને લેખિત ટેસ્ટ આપવામાં કંટાળો આવે છે , આ સમસ્યાના હલ માટે આ કોમ્પ્યુટર પર ટેસ્ટ લેવાની ચાલુ કરી તેમજ તેમાં સાઉન્ડની પણ ઈફેક્ટ આપી જેથી બાળકોને ગમે સાથે સાથે બાળકોને ગૂગલ 3D મેપ નો ઉપયોગ પણ શીખવાડ્યો. આ સાથે આ પ્રવૃતિથી બાળકો નિયમિત રૂપે ટેસ્ટ આપતા થયા સાથે સાથે બાળકોનો ટેસ્ટ પ્રત્યે જે ડર હતો તે દુર થયો તેમજ ગૂગલ મેપ નો ઉપયોગ કરતા થયા. (મિહિરભાઈ સોલંકી - મહેસાણા - 9510137377, નીરવભાઈ ચૌહાણ - ભાવનગર - 9586116776)

૫) ધોરણ ૧ ના બાળકો શરૂઆતના દિવસોમાં શાળામાં આવતા ડરતા હતા આ ડર દુર કરવા માટે તેમને મનગમતી વાર્તાની ઓડિયો-વીડિઓ કલીપ બતાવવામાં આવે છે અને તેમનો ડર દુર કરવામાં આવે છે. તેમજ પ્રજ્ઞા ક્લાસના બીજા કામમાં આ પ્રવૃત્તિથી કરવામાં આવે છે. (શાંતીબેન પરમાર - જુનાગઢ - 9825193809)

## (૩) પ્રશ્ન: શું આપે ટેકનોલોજીના ઉપયોગ દ્વારા કોઈ નવીનતમ પ્રયોગ કરેલ છે. તેની ટૂંકી વિગતો આપો.

**તારણ:** શિક્ષકોએ ટેકનોલોજીના ઉપયોગ દ્વારા નીચે મુજબના નવીનતમ પ્રયોગ કરેલ છે.

૧) શિક્ષકે વિજ્ઞાન અને ગણિતના અઘરા ટોપિક ની સી.ડી. બનાવી વિદ્યાર્થીઓને બતાવી અઘરા મુદ્દાઓ સરળતાથી સમજાવ્યા.

૨) સોશીયલ સાઈટ ફેસબુક પર શાળાનું પેજ બનાવી વિદ્યાર્થીઓ અને શાળા દ્વારા થતી તમામ પ્રવૃતિઓના ફોટા સાથે માહિતી અપલોડ કરી શાળા વિશે વાલીઓ તથા અન્યને માહિતગાર કર્યા.

૩) માઉસ મીસીફ નામનો સોફ્ટવેર ડાઉનલોડ કરી તેમાં યુનિટ ટેસ્ટ તૈયાર કરી મલ્ટી માઉસના ઉપયોગ દ્વારા વિદ્યાર્થીઓ સરળતાથી ટેસ્ટ આપતા થયા.

૪) શિક્ષકે કવિતાઓ ડાઉનલોડ કરી વિદ્યાર્થીઓને સંભળાવી અને સાથે સમજાવી.

૫) એન્ડ્રોઈડ ફોનમાં ચાલે તેવી શિક્ષણને લગતી એપ ડાઉનલોડ કરી શિક્ષકે વિદ્યાર્થીઓને તેના દ્વારા ભણાવ્યા.

૬) શિક્ષણને લગતા વીડિઓ યુટ્યુબ પરથી મેળવી વિદ્યાર્થીઓને બતાવ્યા અને સમજાવ્યા.

૭) શિક્ષકે વોટ્સએપ પર ગ્રુપ બનાવી વિદ્યાર્થીઓને શિક્ષણને લગતી સમસ્યાનું ઘરેથી નિરાકરણ મેળવી શકે તેવી વ્યવસ્થા કરી.

૮) ટેક્નોલોજીના ઉપયોગ દ્વારા સ્માર્ટ કલાસરૂમ ની વ્યવસ્થા કરી વિદ્યાર્થી ઓમાં શિક્ષણ પ્રત્યે રસ વધાર્યો.

૯) શિક્ષણમાં ઉપયોગી વિવિધ વેબસાઈટની સમજ વિદ્યાર્થી ઓને આપી.
૧૦) ઈન્ટરનેટ પરથી રસપ્રદ પઝલ, ડીક્ષનરી, શિક્ષણને લગતી ગેમ વગેરના ઉપયોગ દ્વારા વિદ્યાર્થી ઓને સમજાવ્યા.
૧૧) ઈન્ટરનેટ પરથી ઈતિહાસના ,વિજ્ઞાનના પ્રયોગના અને ણિતના વીડિયો દ્વારા વિદ્યાર્થી ઓને ભણાવ્યા.
૧૨) શાળાના એલ.સી.ડી. પર અથવા પ્રોજેકટર દ્વારા તમામ વિષયોના મુદ્દાઓનો વીડિયો મેળવી વિદ્યાર્થીઓને સમજાવ્યા.
સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકો દ્વારા બનાવેલ વેબસાઈટ/બ્લોગ નીચે પ્રમાણે છે. જે આપને આપના શિક્ષણકાર્યમા ઉપયોગી થઇ શકે છે:

- www.edusafar.com
- www.bhaveshsuthar.com
- www.bhaveshpandya.org
- www.dabhirajesh.blogspot.in
- www.nvndsr.blogspot.in
- www.manishsuthar2013.blogspot.com

**(૪) પ્રશ્ન: શું આપના કે આપની શાળા દ્વારા શાળાની પ્રવૃતિઓનો ફેલાવો કરવા માટે કોઈ નવીનતમ પ્રવૃત્તિ કરવામાં આવે છે? તેની ટૂંકી વિગત જણાવો.**

તારણ: શિક્ષકોએ ટેકનોલોજીના ઉપયોગ દ્વારા નીચે મુજબના નવીનતમ પ્રયોગ કરેલ છે.
૧) શિક્ષકો શાળાની તમામ પ્રવૃત્તિ વોટ્સ એપ પર શિક્ષકોના ગ્રુપમાં શેર કરે છે અને ફેસબુક પેજ પર પણ પ્રવૃતિઓના ફોટા તથા માહિતી શેર કરવામાં આવે છે.
૨) શાળાની તમામ પ્રવૃતિના ફોટાનું કલેક્શન શાળા પ્રોફાઈલમાં રખાય છે અને વાલી મીટીંગ કે અન્ય શાળા ઉત્સવમાં સૌને બતાવવામાં આવે છે.
3) ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલન, રેલીનું આયોજન કરવામાં આવે છે જેથી શાળા પ્રવૃતિનો પ્રચાર થાય છે.

| વેબસાઈટ | બ્લોગ | મુખપત્ર |
|---|---|---|
| www.timbineshprimaryschool.webs.com | www.shahpurschool.blogspot.in | પેરિસ્કોપ |
| | http://prerana2015.blogspot.in/ | રેવા ગુંજ |
| | http://tejasmehta4.blogspot.in/ | ઉડાન |
| | www.samadaraps.blogspot.in | કલરવ |

| | | |
|---|---|---|
| | www.mineshkumar81.blogspot.com | રમકડું |
| | www.liyaprimaryschool.blogspot.in | અક્ષરનું અજવાળું |
| | www.pragnaabhigamsafar.blogspot.com | દર્પણ |
| | www.khaparvadaschool.blogspot.in | સ્પાર્કલ |
| | www.timbaprimaryschool.blogspot.com | |
| | www.shrisukhparkanya2.blogspot.com | |
| | www.kjparmar.in | |
| | www.teachkidzee.blogspot.com | |
| | www.icdabhi.blogs.in | |
| | www.lakhnakaschool.blogspot.in | |
| | www.sarvatragnanm.blogspot.in | |
| | www.pankajsid34.blogspot.com | |

૪) નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના મુખપત્રમાં શાળાની સિદ્ધિ નો પ્રસાર કરવામાં આવે છે અને પ્રેસ નોટ પણ આપવામાં આવે છે.

૫) શાળામાં થયેલ કાર્યક્રમનું રેકોર્ડીંગ કરીને સીડી કે ડીવીડી સ્વરૂપે રાખી સમ્મેલનમાં બતાવાય છે અને સમાચારપત્રમાં નોંધ અપાય છે.

૬) શાળાના તમામ કાર્યક્રમના ફોટા લીધા બાદ પેન ડ્રાઈવ દ્વારા દરેક ફોટા આસપાસની શાળામાં શિક્ષકોને અપાય છે.

૭) એક શાળાની પ્રવૃતિના ફોટોગ્રાફનું ફોલ્ડર બનાવી એક પાવર પોઈન્ટ પ્રેઝેન્ટેશન સ્વરૂપે તેમને બી.આર.સી. ભવનમાં સબમિટ કરવામાં આવ્યા.

૮) શાળાની માસીક વાલી મીટીંગમાં તમામ પ્રવૃત્તિ પ્રોજેક્ટર ઉપર બતાવવામાં આવે છે.

૯) શાળાએ પોતાનું સમાચારપત્ર Activity Times શરૂ કર્યું જેમાં તેઓ ચાલુ માસની તમામ પ્રવૃતિઓ છપાવે છે અને તમામ ક્લસ્ટરની શાળામાં તેમજ પંચાયત અને ગામના લોકોમાં તે વહેંચવામાં આવે છે.

૧૦) શાળામાં બુલેટીન બોર્ડ ચાલુ કર્યું છે અને યુ ટ્યુબમાં શાળાની એક ચેનલ બનાવવામાં આવી છે. આ સિવાય ટેકનોલોજીનો સદ્દુપયોગ કરવા શિક્ષકોએ બ્લોગ, વેબસાઈટ બનાવે છે અને શાળા દ્વારા મુખપત્ર પણ બહાર પાડવામાં આવે છે જેના નામ આ પ્રમાણે છે.

**(૫) પ્રશ્ન: શું આપ વિદ્યાર્થીઓને ટેકનોલોજી ના ઉપયોગ દ્વારા ભણાવો છો? જો હા તો શેના દ્વારા? બાળકોમાં શું ફેરફાર જોવા મળ્યો?**

**તારણ:** ૯૪% શિક્ષકો વિદ્યાર્થીઓને ટેકનોલોજી ના ઉપયોગ દ્વારા ભણાવે છે અને તેઓ નીચે મુજબની પદ્ધતિનો ઉપયોગ કરે છે:

૧) શાળામાં ઈ લર્નિંગ મોડ્યુલ બનાવેલ છે જેમાં દરેક પ્રકરણના પાવર પોઈન્ટ સ્લાઈડ શો અને મલ્ટીપલ ચોઈસના જવાબની ક્વીઝ બનાવેલ છે જેના દ્વારા વિદ્યાર્થીઓએ શીખેલ પાઠનું મૂલ્યાંકન સરળતા થી થાય છે. આ પૈકી અમુક ફાઈલ www.nikeshajani.blogspot.in બ્લોગ પર મુકેલ છે. આ તમામ ઉપયોગ દ્વારા વિદ્યાર્થીઓની હાજરીમાં અને તેમના વાર્ષિક પરિણામમાં સુધારો જોવા મળ્યો છે.

૨) ધોરણ ૮ ના વિદ્યાર્થીઓના માટે તમામ વિષય માટેની એન્ડ્રોઇડ ક્વીઝ એપ ડાઉનલોડ કરીને વિદ્યાર્થીઓ પાસે જ રમાડાય છે.

૩) શિક્ષકોએ ડીજીટલ સોફ્ટવેર શાળા માટે ખરીદેલ છે અને તેઓ અન્ય શિક્ષકોને પણ એમ.એસ. ઓફીસ શીખવા માટે પ્રોત્સાહન આપે છે વિદ્યાર્થીઓ વિવિધ પાઠ માટેના પ્રેઝેન્ટેશન .પણ બનાવે છે. જેથી તેઓ જાતે પ્રેઝેન્ટેશન બનાવતા અને આપતા શીખે અને તેઓ આશાનીથી સહાધ્યાયીઓને પણ શીખવી શકે.

૪) શિક્ષકે બ્લોગ બનાવેલ છે www.kjparmar.in તેઓ જાતે પાવર પોઈન્ટ પ્રેઝેન્ટેશન પર યુનિટ ટેસ્ટ તૈયાર કરે છે.

૫) શિક્ષક પોતે એક ગણિત-વિજ્ઞાન અને કમ્પ્યુટરનું શિક્ષણ આપતી સંપૂર્ણ ગુજરાતી ભાષામાં જ વેબસાઈટ ચલાવે છે. જેનું નામ છે: http://www.vishalvigyan.in તેના પર કમ્પ્યુટરમાં ચાલે તેવી ધોરણ ૬-૮ની ગેમ મુકેલ છે. સાથે તેમણે જ બનાવેલ એન્ડ્રોઈડ એપ્સ પણ છે. સાથે તેમણે મોબાઈલમાંથી જ એનિમેશન વિડીયો બનાવી અને YouTube અને વેબસાઈટ પર મુકેલ છે. જેનાથી વિદ્યાર્થીઓ ખૂબ પ્રભાવિત થઈ અને શીખી રહ્યા છે.

૬) શિક્ષક દ્વારા વિદ્યાર્થીઓને ભણાવતા પ્રકરણનું વર્ગખંડમાં જ વિડીયો શૂટિંગ કરવામાં આવ્યું છે અને શિક્ષકો તે વિદ્યાર્થીઓને ટી.વી. પર બતાવે છે જેથી વિદ્યાર્થીઓને આસાનીથી દરેક પ્રકરણનું પુનરાવર્તન થાય છે.

૭) શાળાની પ્રાર્થનામાં કમ્પ્યૂટરની મદદથી વાર્તા સંભળાવવામાં આવે છે , જેનાથી વિદ્યાર્થીઓમા શુદ્ધ ઉચ્ચારણનો ગુણ કેળવી શકાયો છે.

૮) શિક્ષક નીચે મુજબના બ્લોગ પણ ચલાવે છે જેમાં તેઓ વિદ્યાર્થી માટે વિડીયો, પાવર પોઈન્ટ પ્રેઝેન્ટેશન વગેરે અપલોડ કરે છે જેથી અન્ય શિક્ષકો પણ તેઓ ઉપયોગ શાળામાં કરે.

www.vasaninaresh.blogspot.in, www.rameshsenta7.blogspot.in,

www.timbineshprimaryschool.webs.com, www.mineshkumarblogspot.com

૯) એક શિક્ષક નીચેના સોફ્ટવેરનો ઉપયોગ વિદ્યાર્થીઓને વિજ્ઞાન અને ગણિતના મુદ્દા સમજાવવા માટે કરે છે:

- Satellitium

- Geogebra
- Microsoft Mouse Mischief
- Kword Quiz

Stellarium ના ઉપયોગથી વિદ્યાર્થીઓનો ખગોળશાસ્ત્રમાં રસ જાગ્યો. વિદ્યાર્થીઓ સૌર મંડળ, તારામંડળ, આકાશગંગા, સૂર્ય અને ચંદ્ર ગ્રહણ વગેરે સમજતા થયા. Geogebra ના ઉપયોગથી ત્રિકોણમિતિ અને તેના અલગ સુત્રો સમજતા થયા.
૧૦) સામાજીક વિજ્ઞાનનાં શિક્ષણમાં જ્યારે નકશાની સમજ આપવાની થાય છે, ત્યારે શાળામાં કમ્પ્યૂટરમાં GOOGLE MAP ની APPLICATION ની મદદથી અક્ષાંશ - રેખાંશ ની સમજ રસપ્રદ રીતે આપવામાં આવે છે.

## (૬) પ્રશ્ન: આપે શાળામાં ડીજીટલ લાયબ્રેરીના નિર્માણ અને તેના ઉપયોગ માટે કરેલ પ્રવૃત્તિ અને તેનું પરિણામ ટૂંકમાં જણાવો.

**તારણ:** શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે. જવાબ આપવાની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ અને મોબાઈલ નંબર આપેલ છે.
૧) લાયબ્રેરી માંથી કોને કયું પુસ્તક લીધું તે સરળતાથી નોંધવા અને રેકોર્ડમાં રાખવા માટે લાયબ્રેરીનું રજીસ્ટર કોમ્પ્યુટરમાં બનાવવામાં આવ્યું છે. આ રજીસ્ટર થકી લાયબ્રેરીના ડેડ સ્ટોકની પણ માહિતી મળી રહે છે. (અભિષેક સીંઘ - ખેડા - 9998340117, જીતેન્દ્રકુમાર પરમાર - બનાસકાંઠા - 9913586241, પ્રેમજી કારેલીયા - જામનગર - 9898791013, સંજયભાઈ પટેલ - પાટણ - 9998194404, મિતુલભાઇ પટેલ - પાટણ - 9724641090)
૨) બાળકો શાળાનું પુસ્તકાલય ઘરે લઇ જઈને વાંચે તે માટે કાપડની થેલી અથવાતો પતરાની પેટી રાખવામાં આવી છે જેની અંદર ચોપડીના સેટ બનાવી રાખવામાં આવે છે વારાફરતી બાળકો આ પેટી થવા થેલી લઈને ઘરે લઇ જાય છે અને આ ચોપડી પોતે, માતા-પિતા તેમજ આજુબાજુના સાહિત્યપ્રેમી વાંચે છે. (સંજયકુમાર પટેલ - ગાંધીનગર - 9979664643)
૩) શાળાની લાયબ્રેરીના પુસ્તકોના મુખ્ય પુષ્ઠને સ્કેન કરીને પ્રાર્થનાખંડમાં ધોરણને અનુરૂપ પુસ્તકોના મુખ્ય પુષ્ઠ બતાવવામાં આવે છે બાળકોને જે પુષ્ઠ ગમે તે બુકનું નામ લખે છે અને લાયબ્રેરીમાંથી પોતાની જાતે શોધીને લઇ લે છે. (પ્રવીણસિંહ ઝાલા - જામનગર - 9974060933)
૪) ડીજીટલ લાયબ્રેરી માટે લાયબ્રેરીના પુસ્તકોની મળે તેટલી સીડી ભેગી કરી છે બાળકો તે સીડી માંથી પોતાની જાતે પ્લે કરીને શીખે છે. (ઈશ્વરભાઈ ડાભી - ડીસા - 9879465315)
૫) જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અંતર્ગત શાળા મળેલ ૧૦૦ ટેબલેટ મળેલા હતા તેમાંથી ૨૫ ટેબલેટમાં ૨૩૦-૨૫૦ જેટલી વાર્તા અને વાર્તાની એપ્લીકેશના નાખવામાં આવે છે જેનો ધોરણ ૫ ના વિદ્યાર્થી ઉપયોગ કરે છે. (અશ્વિનભાઈ પ્રજાપતિ - ગાંધીનગર - 9724089181)
૬) શાળાના કોમ્પ્યુટરમાં વાર્તા, રમુજી ચોપડી, શૈક્ષણિક પુસ્તકો તેમજ સચિત્ર વાર્તાની સોફ્ટ કોપી ઓનલાઈન અથવા બીજા શિક્ષકો પાસેથી સોશિયલ મીડિયાના માધ્યમ થકી PDF સ્વરૂપે મેળવી તેને

ડાઉનલોડ કરીને શાળાના  કોમ્પ્યુટરમાં ઇન્સ્ટોલ કરવામાં આવી છે તેમજ બાળકોને જે ચોપડી પોતાની જાતે ઈન્ટરનેટ પર ના મળે તે શિક્ષકને કહે છે શિક્ષક પોતાની જાતે ઈન્ટરનેટ ની મદદ વડે શોધીને સોફ્ટ કોપી શોધીને આપે છે અથવા જો વિદ્યાર્થીને વીડિયો વાળી વાર્તા જોઈતી હોય તે કોમ્પ્યુટરમાં ઈન્ટરનેટના માધ્યમ થકી યુટ્યુબ પરથી પોતાની જાતે સર્ચ કરીને વીડિઓ વાળી વાર્તા સંભાળે છે. જેથી બાળકો ફ્રી તાસમાં તેનો ઉપયોગ કરી શકે. (લક્ષ્મીનારાયણ પટેલ - ઇડર - 9714455702, ગૌતમભાઈ ગોહિલ - બોરસદ - 9974395404, બાબુભાઈ મોર - કચ્છ - 9925640338, પ્રિયદર્શી અંબાલાલ - જામનગર - 9913691216, પ્રજ્ઞાબેન જોશી - પોરબંદર - 9737904660, દીપકભાઈ ધરાવિયા - જામનગર - 9898296367, જગતસિંહ મકવાણા - સાબરકાંઠા - 9687664068, નીશીથભાઈ આચાર્ય - અમદાવાદ - 9662359321, ભાવીનભાઈ કોરિયા - પોરબંદર - 9586620719, દીપલીબેન મહીડા - આણંદ - 9408865196, પંકજભાઈ પ્રજાપતિ - બનાસકાંઠા - 9428557463)



# ઈતર પ્રવૃત્તિ દ્વારા વિકાસ

## (૧) પ્રશ્ન: અવોર્ડ દ્વારા બાળકોના આત્મવિશ્વાસ, ઉત્સાહ અને શિક્ષણમાં રસ રહે છે. તે માટે આપે કરેલ નવતર પ્રવૃત્તિ અને તેનું પરિણામ ટૂંકમાં જણાવો.

**તારણ:** શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે.જવાબ આપવાની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ અને મોબાઈલ નંબર આપેલ છે.

૧) શાળામાં બાળકો હાજર રહે તે માટે મહિનામાં જે બાળકની સરેરાશ હાજરી વધુ હોય તેને સ્ટાર આપવામાં આવે છે. (નાકરાણી ભાવેશભાઈ - અમરેલી - 9974005480, મલયભાઇ જોશી - ભાવનગર - 9426624442)

૨) બાળકોને શાળા લેવલે, તાલુકા અને જીલ્લ્લા લેવલે યોજાયેલ રમત-ગમત તેમજ બીજી સ્પર્ધામાં વિજેતા બાળકને મળેલ અવોર્ડનું પ્રદર્શન ગોઠવવામાં આવે છે જેથી બીજા બાળકો તે અવોર્ડ મેળવવા માટે પ્રોત્સાહિત થાય. (દિલીપભાઈ વિહોલ - મહેસાણા - 9725871658)

૩) શાળામાં બાળકોને સાક્ષરી વિષયો પ્રત્યે નહીં પરંતુ સ્વચ્છતા વિશે થોડી રુચિની જરૂર હતી.આ સમસ્યા નિવારવા શાળામાં "સ્વચ્છ વર્ગખંડ એવોર્ડ" આપવાનું વિચાર્યું.જે વર્ગની સફાઈ,સાધનોની ગોઠવણી,બાળકોની સ્વચ્છતા સૌથી સારી તે વર્ગને સ્વચ્છ વર્ગ જાહેર કરીતે આખો દિવસ ટ્રોફી તે વર્ગમાં મુકવામાં આવતી. (સુતરીયા નિધીબેન - અમરેલી - 9825542629)

૪) શાળામાં દરમિયાન શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક બાબતમાં આગળ હોય તે વિદ્યાર્થીને “સ્ટુડન્ટ ઓફ યર” આપવામાં આવે છે. (મીરાબેન ડોડીયા - રાજકોટ - 8490822998, નીરવભાઈ ચૌહાણ - ભાવનગર - 9586116776)

૫) ઘડિયા કવિતા વિકલ્પ આધારિત પ્રશ્નો ની નાની લેખિત સ્વરૂપની કસોટી ગણિત મા ઝડપ અને ચોક્કસાઈથી ગણતરી કરતા દાખલાઓ અને ખાસ દરરોજ અંગ્રેજી મા એક નવો શબ્દ (New Word) શોધી લાવનાર ને ઇનામ આપી પ્રોત્સાહન આપવામા આવે છે. (હિરેનભાઈ જાની - ભાવનગર - 9737690179)

૬) વાર્ષિક પરિણામમાં જે વિદ્યાર્થીને ૬૦%, ૭૦%, ૮૦% અને ૯૦% ઉપર હોય તેવા વિદ્યાર્થીને દાતા શ્રી તરફથી આર્થિક ઇનામ આપવામાં આવે છે, બીજા બાળકો આ તક નો લાભ લેવા વધુ મહેનત કરતા થયા છે. સુરેશભાઈ નાગલા - અમરેલી - 9925943358)

૭) બાળકમાં માનવીય મૂલ્યોનું ઘડતર થાય તે હેતુ સહ શાળામાં દિવ્યાંગ બાળકની જરૂરિયાત જે બાળક પૂર્ણ કરે તે બાળકને "સેવા અવોર્ડ" દર મહીને આપવામાં આવે છે.(રામાનુજ અતુલકુમાર - વઢવાણ - 9979497014)

૮) શાળામાં બાળકોનો રસ રૂચી બન્યા રહે તે હેતુથી અલગ અલગ કેટેગરી મુજબ અવોર્ડ નીચે મુજબ આપવામાં આવે છે.

- શ્રેષ્ઠ વિદ્યાર્થી એવોર્ડ : બાળકો વાંચનમાં રસ લે અને પરીક્ષામાં ધ્યાન કેન્દ્રિત કરી વાંચન કરે તે માટે
- નિયમિત વિદ્યાર્થી એવોર્ડ : નિયમિતપણે આવે તે માટે
- સફાઈ એવોર્ડ : સાફ સફાઈ રોજ રાખે અને કરે તે માટે

- સરદાર પટેલ એવોર્ડ : બીજા બાળકોને શિક્ષણમાં મદદ કરે તે માટે
- સાંસ્કૃતિક એવોર્ડ : સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લે, રસ લે તે માટે અને ઉત્સાહથી કામ કરે છે તે માટે
- અબ્દુલ કલામ એવોર્ડ : વિજ્ઞાન માં રસ લે તે માટે
- ઈતિહાસકાર એવોર્ડ : સામાજિક વિજ્ઞાન વિષય પ્રત્યે રસ કેળવે

(હિરેનભાઈ સંઘાણી - બોટાદ - 9904994294)

**(૨) પ્રશ્ન: આપ આપના વિદ્યાર્થીઓની કળા જેવી કે રમત, હસ્તકલા, વકતૃત્વ અને લખાણશક્તિને વિકસાવવા અને પ્રોત્સાહન આપવા કયા પગલા લ્યો છો? ટૂંકમાં વિગત જણાવો.**

**તારણ:** શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓની કળાને વિકસાવવા માટે કરવામાં આવેલ પ્રોત્સાહનની વિગત નીચે પ્રમાણે છે.

૧) લખાણશક્તિ વધારવા વિદ્યાર્થીઓ પાસે સૌપ્રથમ નાના વાક્યો લખાવવામાં આવે છે ત્યારબાદ સ્વતંત્ર લખાણ અને ત્યારબાદ તેઓને નિબંધ લેખન, પત્રલખાણ અને વાર્તા લખતા કરવામાં આવ્યા અને તેમાંથી જેણે શ્રેષ્ઠ લખાણ લખ્યું હોય તે વિદ્યાર્થીને શાળામાં શનિવારની બાલસભામાં ઇનામ આપીને બહુમાન આપવામાં આવ્યું.

૨) હસ્તકલા માટે વિદ્યાર્થીઓ પાસે વર્ગસુશોભન, શાળાસુશોભન, મેહંદીસ્પર્ધા, ચિત્રસ્પર્ધા, મીણબત્તી તથા અગરબત્તી જેવી કૃતિઓ બનાવવામાં આવી, આ ઉપરાંત વેસ્ટમાંથી બેસ્ટ વસ્તુ અને માટીમાંથી બનતા રમકડાંની સ્પર્ધા કરી તેના એક પ્રદર્શનનું આયોજન પણ કરવામાં આવ્યું.

3) શાળાના મેદાનમાં વૃક્ષો પર વાંચનપોથી રાખવામાં આવેલ છે જેથી રીસેશના સમયમાં વિદ્યાર્થી વૃક્ષ પાસે બેસીને વાચી શકે.

૪) શાળાના નોટીસબોર્ડ પર વિદ્યાર્થી દ્વારા સમાચારપત્ર માંથી જાણવા જેવું, વિજ્ઞાનની નવી શોધો, રેતી ચિત્રો અને અન્ય રંગીન ચિત્રો મુકવામાં આવે છે અને તેમાંથી જે વિદ્યાર્થી દ્વારા શ્રેષ્ઠ પ્રદર્શન કરવામાં આવ્યું હોય તેનું બહુમાન કરીને તેના સંગ્રહ તરીકે ફાઈલ બનાવી પુસ્તકાલયમાં રાખવામાં આવે છે.

૫) શાળાની પ્રાર્થનામાં હાજરી પ્રમાણે બે વિદ્યાર્થીઓ ઉખાણા, વાર્તા, સમાચાર, જાણવા જેવું અને પોતાને જે વિષય ગમતો હોય તેના પર થોડી વાર માટે બોલે જેથી તેમનો સૌની સામે બોલવાનો ડર દૂર થાય છે.

૬) શાળામાં દરેક વર્ગ વચ્ચે અવનવી સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે જેથી વિદ્યાર્થીને દર વખતે નવું કરવાની ઉત્સુકતા રહે છે અને જે વિદ્યાર્થી શ્રેષ્ઠ હોય તેમને તાલુકા કક્ષા અને જીલ્લાએ સંબંધિત સ્પર્ધા માટે જવા માટે શાળા દ્વારા મોકલવામાં આવે છે.

૭) વિદ્યાર્થીઓને ચિત્ર બતાવવામાં આવે છે અને તેના પરથી તેઓ વાર્તા બનાવે છે જેથી તેમનામાં વિચારવાની શક્તિ વિકસે છે અને તેનું મૂલ્યાંકન શિક્ષક અને તેમના દ્વારા નિયુક્ત વિદ્યાર્થીઓ કરે છે તથા તેમની ભૂલ સુધારે છે.

**(૩) પ્રશ્ન: વેસ્ટ માંથી બેસ્ટ બનાવવા ના નવતર પ્રયોગ ને બીજી શાળામાં અમલી બનાવી શકાય? આપની શાળામાં પ્રકારની કોઈ પ્રવૃત્તિ કરવામાં આવી હોય તો તેની ટૂંકી વિગત જણાવો.**

**તારણ:** મળેલ ઉત્તર પરથી જાણવા મળે છે કે બધાજ શિક્ષકોના મત મુજબ આ પ્રવૃત્તિ દરેક શાળામાં કરાવી શકાય છે.

૧) પેપર વેસ્ટ માંથી ટી.એલ.એમ બનાવવામાં આવે છે.
૨) શાળામાં ૩ કચરા પેટી રાખી છે ૧ માં પ્લાસ્ટિક અને લોખંડ ૨જી માં પેપરનો કચરો ૩ જીમાં વનસ્પતીજન્ય કચરો ભરવામાં અવે છે. અને આ કચરાને જુદી જુદી વસ્તુઓ બનાવવામાં ફરી ઉપયોગમાં લેવામાં આવે છે.
૩) પ્લાસ્ટીકની બોટલ કાપી તેમાં છોડ ઉગાડવામાં આવે છે.
૪) નકામા ટાયરમાંથી હિંચકા બનાવવામાં આવ્યા છે. ગ્લુકોઝની બોટલમાંથી ઝુમ્મર બનવવામાં આવ્યા છે.
૫) પેન્સિલના છોલનો ચિત્ર દોરવામાં તથા સુશોભન કરવામાં ઉપયોગ કરવામાં આવે છે.
૬) પ્લાસ્ટિક ઓગળી અને તેમાંથી બીબા બનાવી અને ટાઈલ્સ બનાવી છે
૭) પ્લાસ્ટિકની થેલીમાંથી તોરણ બનાવવામાં આવ્યું છે
૮) શાળામાં એક ખાડો બનાવવામાં આવ્યો છે જેમાં કચરાનો નિકાલ કરવામાં આવે છે અને સેન્દ્રીય ખાતર બનવવામાં આવે છે.
૯) અમુક પૂર્તિઓમાંથી મળતી માહિતીના કટિંગ સાચવી તેનું આખુ કલેક્શન તૈયાર કરીએ છીએ. જે બાળકોને જ ઉપયોગી નિવડે.
૧૦) ચોકના ટુકડામાથી રંગોલીનો પાવડર બનાવ્યો.
૧૧) પ્લાસ્ટિકમાંથી પગ લુછણીયા, થર્મોકોલમાંથી રોબોટ બનાવવામાં આવે છે.
૧૨) પ્લાસ્ટિકની બોટલ માંથી પેન સ્ટેન્ડ અને ફ્લાવર પોટ બનાવવામાં આવ્યું.
૧૩) દૂધ સંજીવની યોજના, ગામમાંથી બધી દૂધની થેલી એકઠી કરી તેને માર્કેટમાં વેચી જે પૈસા આવે તેનો બાળકોના વિકાસ પાછળ ઉપયોગ થાય છે.
૧૪) નકામી બોલપેનને ઓગાળી તેમાંથી બ્રશ બનાવવામાં આવે છે.
૧૫) લગ્નની કંકોત્રી માંથી ફોટો ફ્રેમ બનાવી અને તેની કોપી માંથી જુમર બનાવ્યા.
૧૬) નકામી પ્લાસ્ટીકની બોટલમાંથી થર્મોસની બોટલ બનાવી જેથી તેમાં પાણી ઠંડુ રહી શકે.
૧૭) આ ઉપરાંત શિક્ષકોનું સૂચન છે કે આવા વેસ્ટ માંથી બેસ્ટ વસ્તુઓ બનાવવા માટેના વર્કશોપ શાળામાં થવા જોઈએ જેથી બાળકોમાં સર્જનાત્મકતાનો વિકાસ થાય.

**(૪) પ્રશ્ન: “શરદોત્સવ” (દિવાળી કેમ્પ) જોધપુર પ્રાથમિક શાળા નંબર ૧, અમદાવાદ માં દિવાળી વેકેશન દરમિયાન તારીખ ૭ નવેમ્બર થી ૧૭ નવેમ્બર સુધી શાળાના મુખ્ય શિક્ષક પ્રતાપભાઈ ગેડિયા અને સાથી શિક્ષકોના સહકારથી શરદોત્સવનું આયોજન કરવામાં આવ્યું.**

**શરદોત્સવ દરમિયાન બાળકો શાળાએ આવી સવારમાં યોગ - પ્રાણાયામ કરે છે.ત્યાબાદ સર્જનાત્મક પ્રવુતિમાં વેસ્ટ માંથી બેસ્ટ,કોડિયા શણગાર, ગિફ્ટ કાર્ડ જેવી વગેરે પ્રવુતિ સાથે મુલ્ય શિક્ષણ મળી રહે તેવી પ્રવુતિ કરાવવામાં આવે છે. શાળામાં બાળકોને ક્રિકેટ, ટેનિસ, વોલીબોલ અને ફુટબોલ જેવી રમતો પણ રમાડવા આવે છે. આ રીતે શાળા બાળકો વેકેશનના સમયમાં શાળા અને શિક્ષણ સાથે જોડાયેલા રહે તેવી પ્રવુતિ કરવામાં આવે છે.**
**આપના દ્વારા બાળકો વેકેશનના સમયમાં શાળા અને શિક્ષણ સાથે જોડાયેલા રહે તે માટે કરેલ પ્રવુતિ અને તેનું પરિણામ ટૂંકમાં જણાવો.**

તારણ: શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે. જવાબની સાથે શિક્ષકનું નામ અને મોબાઈલ નંબર પણ આપેલ છે.

૧) શાળાના ધોરણ ૮ ના બાળકોના જુથ પાડી વેકેશન દરમ્યાન શાળાના આસપાસના વિસ્તારના લોકોમાં પાન - મસાલા અને તમાકુથી થતા રોગોની જાણકારી આપી તેનાથી દુર રહે અને તેનુ સેવન ન કરે તેની સમજુતી આપવામાં આવી. જેનાથી બાળકોમાં સામાજિક સમરસતા કેળવાય. પોતાની વાત અભિવ્યક્ત કરવાની ક્ષમતા કેળવાય. બાળક પોતે પણ ભવિષ્યમાં તેનો ઉપયોગ કે સેવન ન કરે. (મનાલીબેન પટેલ - જામનગર - 9428667469)

૨) "મારી ડાયરી મારા હાથે" અંતર્ગત વેકેશન દરમ્યાન બાળકે કરેલ પ્રવૃત્તિ અને દિનચર્યા લખવા આપવામાં આવી.જેથી બાળકો વેકેશન દરમિયાન શિક્ષણ સાથે જોડાયેલ રહે. (રમેશચંદ્ર પટેલ - ભરૂચ - 9426859056)

૩) “દિવાળી કેમ્પ” અંતર્ગત શાસ્ત્રી શિક્ષક મહાસંઘના સહકારથી પાંચ દિવસના દિવાળી કેમ્પનું આયોજન  કરવામાં આવ્યું. આ દિવાળી કેમ્પમાં સંગીતસ્પર્ધા, ચિત્રસ્પર્ધા, રમોત્સવ, લેખનસ્પર્ધા, વકૃત્વસ્પર્ધા અને સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરેનું આયોજન કરી બાળકોને શિક્ષણ સાથે જોડી રાખવામાં આવ્યા. (સુરેશકુમાર ઠક્કર - પાટણ - 9825504972)

૪) “કબડ્ડી કેમ્પ” અંતર્ગત વેકેશન દરમિયાન શાળામાં કબડ્ડીસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. આ કબડ્ડી કેમ્પમાં શાળાના બાળકોએ અને કન્યાઓએ વધુ પડતો ભાગ લીધો. વિજેતા ટીમને લોકસહકાર દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવ્યા.આ રીતે બાળકોના આત્મવિશ્વાસમાં વધારો કરવામાં આવ્યો. (ઉત્પાલકુમાર કુલકર્ણી - બનાસકાંઠ - 9898365955)

૫) શાળામાં ગ્રીષ્મોત્સવનું આયોજન કરવામાં આવ્યું. તે અંતર્ગત શાળામાં બાળકોને ટેકનોલોજી ના ઉપયોગ દ્વારા શિક્ષણ આપી કોમ્પ્યુટરની ટ્રેનીગ આપવામાં આવી. (શિવાંગીબેન શાસ્ત્રી - દાહોદ - 9409163860)

**(૫) પ્રશ્ન: બાળકોમાં બહારનું જ્ઞાન અને સામાન્ય જ્ઞાન માં વધારા માટે કયા પ્રકારની પ્રવૃત્તિઓ કરી શકાય?**

**તારણો**: શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે. જવાબની સાથે શિક્ષકનું નામ અને મોબાઈલ નંબર પણ આપેલ છે.

૧) શાળાનું સામાયિક શરુ કરવું. આ સામાયિક બનાવવાનું કામ બાળકોને જ સોપવું. આ સામાયિક આજુબાજુની શાળાઓમાં પણ મોકલવું.

૨) દરરોજ બનતી ઘટનાઓની ચર્ચા શાળામાં પ્રાર્થનાસભામાં કરવી અને પછી પ્રશ્નોત્તરીનું આયોજન કરવું.

૩) અલગ અલગ સ્થળની મુલાકાતે બાળકોને લઇ જવા અને તેના પર પોજેક્ટ બનાવવા આપવા.

૪) શાળાના બાળકો દ્વારા વિજ્ઞાનના પ્રયોગો કરવા તથા બીજી શાળાઓમાં જઈને પ્રયોગો કરવા, અને બાળકોને પ્રશ્નોત્તરી સ્પર્ધા રમાડવી.

૫) શાળાના પુસ્તકાલયમાં સામાન્ય જ્ઞાનના પુસ્તકો લાવીને બાળકોને વાંચવા માટે આપવા, શાળામાં સમાચારપત્રો અને સામાયિકો પણ ખાસ બાળકોને વાંચવા માટે આપવા. બની શકે તો બાળકોને ઈંટરનેટ સાથે જોડીને બાળકોને જ્ઞાનનો ભંડાર આપવો.

૬) સમાચાર પત્રમાં આવતા સમાચાર પરથી બાળકોને પ્રોજેક્ટ તૈયાર કરવા આપવા.

૭) કોન બનેગા કરોડપતિ જેવી રમત રમાડીને સામાન્ય જ્ઞાન માં વધારો કરવો.

૮) શાળામાં ઈંટરનેટ મારફતે ફેસબુક, વ્હોટસ એપ જેવા માધ્યમો દ્વારા માહિતી મેળવવા અને તેના પરથી પ્રોજેક્ટ બનાવવા આપવા.

૯) વર્ગમાં જેટલા બાળકો હોય તેટલા સામાન્ય જ્ઞાનનાં પ્રશ્નોની ચિઠ્ઠીઓ બનાવવી બાળકોને એક એક ચિઠ્ઠી ઉપાડવા કહેવું અને પછી જે પ્રશ્ન હોય તેનો જવાબ બીજા દિવસે શોધીને લાવવા અને પોતાનો પ્રશ્ન બીજાને પૂછવો અને વર્ગમાં ચર્ચા કરવી.

૧૦) પંચાયતની મીટીંગમાં બાળકોને લઇ જવા અને શક્ય હોય તો બાળકોને રીસેસના સમયમાં દુરદર્શન પર સમાચાર બતાવવા.

**(૬) પ્રશ્ન: શું તમે તમારી શાળામાં, શિક્ષણની દિશામાં પ્રથમ પગલી લેતા બાળક માટે રમતની સાથે શિક્ષણ આપવા માટે રમતની સાથે શિક્ષણ આપવા માટે કોઈ નવીન પ્રવૃત્તિ કરેલ હોય તો તેની ટૂંકમાં માહિતી આપો.**

**તારણ**: શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે. જવાબની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ પણ આપેલ છે.

૧) એક શિક્ષકે બાળકોને અંગ્રેજી વિષય શીખવવા માટે તેઓ એ લાકડાના નાના ટુકડા કર્યા અને તેની ઉપર અંગ્રેજીના મૂળાક્ષરો કેપિટલ અને સ્મોલમાં લખવામાં આવ્યા વર્ગમાં શિક્ષક જે મૂળાક્ષર બ્લેકબોર્ડ પર લખે અને બોલે તે બાળકો લાકડાના ટુકડા માંથી શોધે અને બોલી બતાવે. આ પ્રવૃત્તિ દ્વારા શિક્ષક બારાક્ષરી અને સ્પેલિંગ ની ગેમ પણ શીખવાડી. ( વિનોદભાઈ હીરાણી - બોટાદ)

૨) ૧-૨ ધોરણમાં બાળકોને ગાણિતિક સંખ્યા સરળતાથી આવડે તે હેતુથી બાળકોને શાળાના મેદાનમાં વૃક્ષ નીચે લખોટી,પથ્થર,બંગડીના તૂટેલા કાચ, કચૂકા અને સરોઠીના બી ની મદદ લઇ બાળકોને જૂથ બનાવવાનું શીખવાડીને બાળકોને સંખ્યા સરળતાથી શીખવાડી શક્યા. (ભરતભાઈ જોષી - રાણાવાવ)

૩) બાળકોને દિશા વિશે માહિતગાર થાય તે હેતુથી એક શિક્ષકે ઓરડાના આઠે દિશાના ખૂણામાં કઇંક ને કઇંક વસ્તુ છુપાવી તે ગોતવાની રમત બાળકોને રમાડી. આ રમતમાં બાળકોને ખાલી દિશાના નામ આપી વસ્તુ ગોતવાનું કહેવામાં આવ્યું અને બાળકો દિશા પ્રમાણે વસ્તુ ગોતીને શિક્ષકને આપે છે અને દિશા વિશે માહિતગાર થાય છે. (નિશિતાબેન ભટ્ટ - કચ્છ)

૪) એક શિક્ષકે ધોરણ ૧ ના બાળકોને અંક સંખ્યા શીખવાડવા માટે અંકના કાર્ડ બનાવ્યા આ કાર્ડ બાળકો પોતાના ગાળામાં આખો દિવસ પહેરી રાખે છે ,શિક્ષક બાળકોને જે કાર્ડ આપે છે તેનાથી બાળકો ક્રમશ  બેસવા, રમત રમવા, પાણી પીવા અને રિશેષમાં રજા મેળવવા બાબત સુધી ઉપયોગ કરે છે તથા આ કાર્ડ બીજા દિવસે બીજા બાળક સાથે બદલી નાખવામાં આવે છે. (ધનશ્યામભાઈ પટેલ - સુરેન્દ્રનગર, જીગ્નેશભાઈ શ્રીમાળી  - અમદાવાદ)

૫) શાળામાં નવા આવતા બાળકોને સરળતાથી શાળાના વાતાવરણમાં હળીભળી શકે અને સાથે સાથે ગણિત વિષયમાં અંક શીખવાડવા માટે એક શિક્ષક દ્વારા પ્રવૃત્તિ કરી જેમાં જે બાળકને જેટલા અંક આવડે એટલા હીંચકા ખાવાના. આ પ્રવૃતિથી વધુ હીંચકા ખાવાના મોહમાં બાળકો વધુ ઝડપથી અંક શીખ્યા. (સુનીલભાઈ બારોટ - નડિયાદ)

૬) ધોરણ ૧ અને ૨ ના નવા બાળકોને શાળામાં રસ પૂર્વક આવતા થાય તે માટે શિક્ષક દ્વારા બાળકોને ગમતી રમતો જેવીકે સાપસીડી, ગીલીદંડો, પકડદાવ, બરફ-પાણી જેવી રમતો તથા બાળકોને ગમતા બાળગીતો જુથમાં ગવડાવે છે જેથી બાળકો ગીત દ્વારા શબ્દનો ઉચ્ચારણ બરાબર કરી શકે. (ચંદુલાલ રાઠોડ - જામખંભાળીયા)

૭) બાળકોને આકાર આવડે તે માટે વર્ગખંડ ના ફ્લોર પર ચોરસ, લંબચોરસ, ત્રિકોણ, ગોળ સર્કલ વગેરે આકાર દોરવામાં આવ્યા છે, બાળકોને નાના નાના રંગીન પથ્થર આપીને આકાર દોર્યો હોય એ પ્રમાણે ગોઠવવા માટે કહેવામાં આવે છે રંગીન પથ્થર હોવાથી બાળકો હોશભેર પથ્થર ગોઠવવાનીઆ પ્રવૃત્તિ કરે છે. (જયેશભાઈ માંડવીયા - અમરેલી)

**(૭) પ્રશ્ન: શાળામાં શું લાવવું, નવી વસ્તુ ક્યાં બનાવવી, ઉજવણી કેવી રીતે કરવી, શાળામાં થતી અમુક પ્રવૃત્તિ ચાલુ રાખવી કે બંધ કરવી જેવી બાબતોની ચર્ચામાં વિદ્યાર્થીઓ ભાગીદાર થાય અને શાળામાં બાળકોને ગમતા વાતાવરણનું નિર્માણ થાય તે માટે કરેલ પ્રવૃત્તિ અને તેનું પરિણામ ટૂંકમાં જણાવો.**

**તારણ:** શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે. જવાબ આપવાની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ અને મોબાઈલ નંબર આપેલ છે.

૧) શાળામાં બગીચો નહોતો. તેથી પ્રાર્થનાખંડમાં વિદ્યાર્થી સમક્ષ આ વાતની રજૂઆત કરી બાળકો આ વાત સાથે સહમત થયા કે ગામની નજીક આવેલ નર્સરી, ઘર તેમજ ખેતરની આજુબાજુ ઉગતા છોડ

શાળામાં લાવીને પાલક તરીકે જવાબદારી સંભાળવી. આમ શાળા તેમજ બાળકોના સહયોગ વડે એક સુંદર બગીચાનું નિર્માણ કર્યું. (કેળવણી રાઠોડ - નર્મદા - 7698764098, વિજયભાઈ કણઝારીયા - બોટાદ - 9924036038, રામજીભાઈ રોટાતર - બનાસકાંઠા - 9726658508)

૨) બાળકો ને કેવી પ્રશ્નોત્તરી ગમે? એ જાણકારી બાળકો પાસેથી મેળવી ક્વિઝ નું આયોજન કરવામાં આવ્યુ, અને દરેક બાળકો સહભાગી બને એ માટે બાળકોના લેવલ મુજબ ગ્રુપ પાડી, દરેક ગ્રુપ માટે અલગ પોઇન્ટ સિસ્ટમ રાખવામાં આવી, આથી દરેક પાઠ ને અંતે આવી રસપ્રદ ક્વિઝ રાખવામાં આવે છે, અને તેનુ સફળ પરિણામ પ્રાપ્ત થયું છે. (કીશોરભાઈ પરમાર - ભાવનગર - 9016172676)

૩) શાળામાં ગમે તે શૈક્ષણિક વસ્તુ તેમજ શાળાના મેદાનમાં ખૂટતી વસ્તુ જોઈતી હોય તેની ચર્ચા-વિચારણા સમિતિના મુખ્ય સભ્ય અને શાળાના બાળકો વચ્ચે કરવામાં આવે છે અને બધાની સહમત લઇને વસ્તુ ફાઈનલ કરવામાં આવે છે. સમિતિના મુખ્ય સભ્ય દર શનિવારે શિક્ષકો સાથેની મીટીંગમાં પોતાની જરૂરિયાત શાલોઅના બાળકો વતી રાખે છે અને શિક્ષક તે વસ્તુ શાળામાં ઉપલબદ્ધ કરાવે છે.
(વંદનાબેન જાની - જામનગર - 9426711060, નરેન્દ્રભાઈ ચૌહાણ - સુરેન્દ્રનગર - 9428002930, કુણાલ મારવણીયા - જુનાગઢ - 8141368808)

૪) પુસ્તકાલય, શાળા વર્ગખંડની જવાબદારી, વિવિધ કાર્યક્રમોનો આયોજન અને તેનું સંચાલન શાળાના વિદ્યાર્થીઓ દ્વારા થાય તે હેતુથી વિદ્યાર્થીના વિવિધ ગ્રુપ જેમકે તેજસ્વી ગ્રુપ, યશસ્વી ગ્રુપ, પડકાર ગ્રુપ, પુરુષાર્થ ગ્રુપ, ચિરંજીવી ગ્રુપ અને ભગીરથ ગ્રુપ એમ જુદા જુદા ગ્રુપને જુદી જુદી જવાબદારી સોપવામાં આવી. પરિણામે બાળકો પોતાની સમિતિના ભાગે આવતું કામ જો બાકી હોય તો તેને પૂર્ણ કરવાની તાકેદમાં રહે અને એક બીજા વિદ્યાર્થીને મદદ કરે. (મેહુલભાઈ પ્રજાપતિ - મહેસાણા - 9428224326/ સતીશભાઈ પ્રજાપતિ - પંચમહાલ - 9978779260, અરવિંદભાઈ ભોજાણી - ભાવનગર - 9879970065, નિયતીબેન પટેલ - ગાંધીનગર - 7600031823)

૫) નોટીસબોર્ડ પર શાળાનો પ્રશ્ન લખવામાં આવે છે અથવાતો શાળામાં "સુચન પેટી" રાખવામાં આવે છે, સાથે સાથે બાળકો પાસે આ પ્રશ્નનો જવાબ માંગવામાં આવે છે. વિદ્યાર્થી પોતાનો જે અભિપ્રાય હોય તે લખીને બોક્ષમાં નાખે છે આ બોક્ષ પ્રાર્થનાખંડમાં ખોલવામાં આવે છે અને તેમાંથી બેસ્ટ જવાબ હોય તેનો અમલ કરવામાં આવે છે. (જયંતીભાઈ દુધાત - ગીર સોમનાથ - 9825522339, સતીષકુમાર પરમાર,રાજકોટ - 9558554560)




# કન્યા શિક્ષણ

## (૧) પ્રશ્ન: શું આપે આપની શાળામાં કન્યાઓનું ડ્રોપઆઉટ અટકાવવા માટે કોઈ નવીન પ્રવુતિ કરેલ છે? ટૂંકમાં જણાવો.

**તારણ:** શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે.જવાબ આપવાની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ પણ આપેલ છે.

૧) શાળામાં "કન્યાદાન પહેલા વિદ્યાદાન" અને "કન્યાઓને કરીયાવરમાં કરિયાવર નહિ શિક્ષણ આપો" પ્રોજેક્ટ અંતર્ગત દાતાઓ મેળવવામાં આવે છે તેઓ વિધાર્થીનીઓને દત્તક લઇ આર્થિક મદદ દ્વારા વિધાર્થીનીઓને ભણાવે છે. (શિવાંગીબેન શાસ્ત્રી - દાહોદ, 9409163860, વિનોદભાઈ રૈયાભાઈ - બોટાદ - 9824385290)

૨) વિધાર્થીનીઓને તેના નાના ભાઈ-બહેનને સંભાળવા હોય ત્યારે તેને સાથે શાળામાં લાવી શકે. નાના ભાઈ-બહેન બાલમંદિરમાં રમી શકે અને વિધાર્થીની અભ્યાસ કરી શકે તેવી વ્યવસ્થા શાળામાં કરવામાં આવી છે. (મીરાંબેન ડોડીયા - રાજકોટ - 8490822998)

૩) શિક્ષકે કન્યા શાળામાં ડ્રોપઆઉટ અને અનિયમિતતા અટકાવવા શાળા કક્ષાએ જ કોમ્પ્યુટરની મદદથી ઈ-લર્નિંગ મોડ્યુલ નું નિર્માણ કર્યું જેનો ઉપયોગ કન્યાઓના શિક્ષણકાર્ય, મૂલ્યાંકન અને તેમના દ્રઢીકરણ માટે કરવામાં આવે છે. (નિલેશભાઈ રાજગોર - કચ્છ - 9426789398)

૪) શાળામાં અભ્યાસ કરતી કન્યાઓની એક કમિટી બનાવવામાં આવી છે. આ કમિટી ગેરહાજર રહેલ કન્યાઓના વાલી સાથે રૂબરૂ મુલાકાત કરી વાલીઓને કન્યાશિક્ષણ પ્રત્યે જાગૃત કરે છે. અને શાળામાં નિયમિત રહેનાર કન્યાને શાળા દ્વારા પ્રમાણપત્ર આપવામાં આવે છે. (ઉદિતભાઈ મકવાણા - ગાંધીનગર - 9429183615)

૫) શાળામાં ગેરહાજર રહેલ વિધાર્થીનીઓને તેના નજીકના વિસ્તારમાં રહેતી હોશિયાર વિધાર્થીની દ્વારા તેના ઘરે જઈ ભણાવી શકે તવી વ્યવસ્થા શાળા દ્વારા કરવામાં આવી છે. (ભાવેશભાઈ મનસુખભાઈ - અમરેલી - 9724772469)

૬) શાળામાં અપડાઉન કરતી વિધાર્થીનીઓને દત્તક લઇ એસ.ટી. પાસ કઢાવી આપવામાં આવ્યા છે. (ભેમાભાઇ ચૌધરી - પાટણ - 9925587655)

૭) રવિવારની રંગત એક આવે બીજા સાથે બેન આવે ભાઈ સાથે કાર્યકર્મ અંતર્ગત રવિવારે બે કલાક શાળામાં ધોરણ ૧૦ ની પરીક્ષાની તૈયારી, વાંચન, ગણન, લેખન, રમત, યોગા અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. આ કાર્યક્રમ અંતર્ગત ૪૦ કન્યા અને મહિલાઓએ ધોરણ ૧૦ ની પરીક્ષા આપી છે. (જીતેન્દ્રકુમાર વાજા - ભાવનગર - 9909398636)

૮) ધરમપુર ગામમાં એક સમિતિ ની રચના કરવામાં આવી છે. આ સમિતિ દ્વારાઅભ્યાસ કરતી વિધાર્થીનીઓ આગળ ભણી શકે તે માટે વાલીઓને સમજાવવામાં આવે છે અને આર્થિક સહાય કરવામાં આવે છે. (પુજાબેન પ્રવિણભાઈ - રાજકોટ - 9825424661)

**(૨) પ્રશ્ન: શિક્ષકો દ્વારા જણાવવામાં આવેલ સમસ્યાઓ માંથી પાંચમા ક્રમની મુખ્ય અને સૌથી વધુ શાળામાં જોવા મળતી સમસ્યા છે કે, વાલીઓ કન્યા શિક્ષણ પ્રત્યે જાગૃત નથી. કન્યાઓને ફક્ત પ્રાથમિક શિક્ષણ મળે અથવા અમુક સમાજની કન્યાઓને પ્રાથમિક શિક્ષણ પણ મળતું નથી.આ સમસ્યાના નિવારણ માટે આપના દ્વારા કરવામાં આવેલ પ્રવૃત્તિ જણાવો.**

**તારણ:** શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે. જવાબ આપવાની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ અને મોબાઈલ નંબર પણ આપેલ છે.

૧) કન્યાઓ દ્વારા સાંજના સમયે ગામના ચોરે અથવા શાળામાં કન્યા શિક્ષણને મહત્વ આપતા નાટક તથા રેલીઓ કાઢવી અને કન્યાને ભવિષ્યમાં શું અભ્યાસ કરવો તેનું તજજ્ઞની મદદથી માર્ગદર્શન આપતા કાર્યક્રમો ગામજનોની હાજરીમાં કરવામાં આવે છે. (બીજલબેન લીંબાચીયા - ભાવનગર - 8153092336, જયેશભાઈ પંચારા - બોટાદ - 8140400489, હિતેશભાઈ સોલ્ય - ડાંગ - 9408190197, પ્રવીણભાઈ ખાચર - સુરેન્દ્રનગર - 7567299909, દિલીપસિંહ વાઘેલા - ખેડા - 8140008225, અરવિંદભાઈ ભોજાણી - ભાવનગર - 9879970065, મહેશકુમાર પ્રજાપતી - પાટણ - 9099026960, અત્તામોહંમદ પરસરા - મોરબી - 9974693538, જીગ્નેશભાઈ રાઠોડ - સુરત - 9033565586)

૨) શાળામાં જે કન્યાઓ કોઈ કારણસર ગેરહાજર રહેતી હતી તેમના વાલીને વર્ગશિક્ષક દ્વારા રીસેશના સમયમાં વાલી મુલાકાત રાખવામાં આવતી હતી અને તેમનું ગેરહાજરી અંગે ચર્ચા કરીને કન્યા શિક્ષણનું મહત્વ સમજાવવામાં આવે છે તથા શાળા દ્વારા માતૃસંમેલન, બેટી પઢાવો અને માતા - દીકરી સંમેલન યોજવામાં આવે છે. (ચિરાગભાઈ ઝાલા - અમદાવાદ - 9913771188, ભુપતભાઈ દલવાડી - બનાસકાંઠા - 8140702549, રમેશભાઈ સેંતા - ભાવનગર - 9824819656, હીરાભાઈ ભરવાડ - સુરત - 9925137702)

3) કન્યા શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે સરકારશ્રી તરફથી મળતી સહાય વિષે તેમના વાલીને માહિતગાર કરવા માટે સાંજના સમયે મિટિંગ રાખવામાં આવે છે અને કોઈ વાલી કન્યા શિક્ષણ ને આર્થિક રીતે પહોચી શકતા ના હોય તે કન્યાની ભલામણ ગામના જ કોઈ મોટા દાતા જોડે કરાવવામાં આવતી હતી જેથી તેમનો ખર્ચ દાતા આપી શકે. (વિઠ્ઠલભાઈ પટેલ - મહીસાગર - 7575808855, પીયુશભાઇ વિરડીયા - અમરેલી - 9925223987, લાલજીભાઈ ઠક્કર - કચ્છ - 9913437363, કમલેશભાઈ ભટ્ટ - ભાવનગર - 8141671778, અલ્પેશભાઈ નાયી - સાબરકાંઠા - 9426563040)

૪) કિરણ બેદી, સુનીતા વિલિયમ્સ અને સાનિયા મિર્જા અને પી.ટી. ઉષા જેવી મહાન સ્ત્રી વિષે વાત વિદ્યાર્થીનીઓ અને તેમના વાલી જોડે કરવામાં આવે છે અને શિક્ષણ બાબત ચર્ચા-વિચારણા કરવામાં આવે છે. (મનીષભાઈ સુથાર - ખેડા - 9099172177, પ્રવીણભાઈ સુથાર - બનાસકાંઠા - 9428980023, અમિતભાઈ ડાભી - રાજકોટ - 9426269209, પંકજભાઈ પ્રજાપતિ - દાંતીવાડા - 9428557463, રીનાબેન શાહ - આણંદ - 9924250545)

૫) શાળામાં એક શિક્ષિકા બેન હોવા જોઈએ જેથી વિદ્યાર્થીનીઓ પોતાની મુશ્કેલી તેમને કહી શકે. (રજનીકાંતભાઈ પટેલ - બનાસકાંઠા - 9974052199, પ્રવીણભાઈ સુથાર - બનાસકાંઠા)

**(૩) પ્રશ્ન: જો આપે આપની શાળામાં ભૌતિક સુવિધાઓ પૂરી પાડવામાં કોઈ કાર્ય કરેલ હોય અને વિધાર્થીઓને તેનાથી શું ફાયદો થઈ રહ્યો છે તો તે જણાવો.**

**તારણ:** શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે. જવાબ આપવાની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ અને મોબાઈલ નંબર પણ આપેલ છે.

૧) શાળાના વૃક્ષની નીચે લોક સહકારથી બાંકડાઓ મુક્યા. રીસેસના સમયે બાળકો લાઈબ્રેરીના પુસ્તકોનું વાંચન કરે છે તેથી તોફાનની ફરિયાદો ઘટી અને બાળકોમાં વાંચન પ્રત્યે રસ વધ્યો છે. (બળવંતકુમાર સોલંકી - બોટાદ - 9879398165)

૨) શાળાના આંગણમાં ૧૦૦થી વધારે વુક્ષો શાળા અને ગામલોકોના સહકારથી ઉગાડવા આવ્યા છે. વિધાર્થીઓને કુદરતી વાતાવરણ મળવાથી વિધાર્થીઓ રસપૂર્વક પ્રવુતિ સાથે શિક્ષણ મેળવે છે. (આકાશભાઈ દવે - અમરેલી - 9426732630)

3) “રુમઝુમ ૨૦૧૬” અંતર્ગત શાળામાં વાર્ષિક કાર્યક્રમમાં શાળાએ ગામલોકો અને દાતાઓ પાસેથી ૭૦,૦૦૦ નું દાન મેળવી શાળાને જરૂરી ભૈતિક સુવિધાઓ મેળવી. (નિકુંજભાઈ ભુત - ગીરસોમનાથ - 9714480964)

૪) શાળામાં હિન્દી દિવસ ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું.આ દિવસે શાળામાં હિન્દી ભાષામાં વાતચીત, ટુકા એક પાત્ર્ય અભિનય અને નાટક હિન્દીમાં ભજવવામાં આવ્યા. ધોરણ ૬ થી ૮ના બાળકોને ફરજીયાત સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેવાનું કહેવામાં આવ્યું. સાથે વાલીઓને પણ શાળામાં આવવા આમંત્રણ આપવામાં આવ્યું.આ રીતે લોકફાળો મેળવી શાળામાં બાળકોને ભૌતિક સુવિધા પૂરી પાડવામાં આવી. (અમિતકુમાર સોની - મહેસાણા - 9510209616)

૫) “દત્તક વુક્ષ” અંતર્ગત બાળકો,શિક્ષકો,એસ.એમ.સી. સભ્ય અને ગામલોકો દ્વારા શાળાના આંગણમાં રહેલા વુક્ષો દત્તક અલી તેની સારસંભાળ રાખવા આવે છે.આ રીતે શાળાના બાળકોને કુદરતી વાતાવરણ પૂરૂં પાડવામાં આવે છે. (મિતુલકુમાર પટેલ - પાટણ - 9724641090)

૬) શાળામાં વિષયવાઈઝ વર્ગ વ્યવસ્થા કરવામાં આવી જેમાં બાળકો વર્ગ બદલીને અભ્યાસ કરતા. જેમાં વિજ્ઞાનનો વર્ગ, ગણિતનો વર્ગ, સમાજીક વિજ્ઞાનનો વર્ગ, ભાષાનો વર્ગ વગરે વર્ગમાં રસ પૂર્વક આભ્યાસ કરતા. આ વર્ગ બનાવાવા માટે શાળા પુસ્તકાલય અને દાતાઓના દાનનો ઉપયોગ કરવામાં આવતો. (ભગુભાઈ દેસાઈ - સુરેન્દ્રનગર - 9737158303)

૭ ) "મારો કાગળ મારું ન્યૂઝ પેપર" અંતર્ગત દરેક વર્ગમાં એક બોક્ષ રાખવામાં જેમાં દરેક બાળક પોતાનો નકામો કાગળ ડૂચો વાળ્યા વગર આ બોક્ષમાં નાખે છે. જે વર્ગમાં ઓછામા ઓછા કાગળ હોય તેમને શ્રેષ્ઠ વર્ગ જાહેર કરવામાં આવે છે.આ કાગળમાથી શાળામાં નિયમિત ન્યુઝ પેપર આવે છે. (રમેશકુમાર ખંભાળિયા - બોટાદ - 9714486053)

૮) ગામમાં કોઈ લગ્ન પ્રસંગ દરમિયાન ગામલોકોને શાળાની જરુરિયાત કહી ભૌતિક સુવિધાઓ માટે દાન મેળવીએ છીએ. (જિતેન્દ્રભાઈ કનેજિયા - ભાવનગર - 9879356515)



# વિશેષ જરૂરીયાત વાળા બાળકો

**(૧) પ્રશ્ન: વિકલાંગ બાળકોને વ્યક્તિગત ટેકો અને પ્રોત્સાહન મળતા રહે અને તેમને પરિસ્થિતિ, વય, કક્ષા અને ક્ષમતા અનુસાર શિક્ષણ અને જરૂરી સહાયતા મળતી રહે તે માટે કેવા કર્યો કરી શકાય?**

**તારણો**: શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે.
૧) રમતો રમાડીને, સમુહમાં કર્યો સોંપીને, તેમને જેમાં રસ હોય તેવી પ્રવૃત્તિઓ કરાવીને તેમાં જ તેમને આગળ લાવવા પ્રયત્ન કરવા.
૨) આવ બાળકોના માતા પિતા સાથે સતત સંપર્કમાં રહેવું જેથી તેમને કઈ રીતે ભણાવવા અને તેમનો વિકાસ થાય છે કે નહિ તેનો ખ્યાલ આવે. આવા બાળકો માટે ખાસ બનાવવામાં આવેલી શાળાઓ તથા સરકારી સહાય વિષે માતા પિતાને માહિતગાર કરવા અને સહાય મેળવવા માટે મદદ કરવી.
૩) બાળકને દરેક કામ માટે પ્રોત્સાહિત કરવા અને તેમના આત્મવિશ્વાસમાં વધારો કરી નેતેના કામના વખાણ કરવા.બાળકોને પ્રોત્સાહિત વિડીઓ બતાવવા અને તેમને પણ બધા બાળકોની જેમ અલગ અલગ પ્રવૃત્તિઓ સોપવી.
૪) શાળાએ આવવા જવા માટે ખાસ વાહનની વ્યવસ્થા કરવી.
૫) જે બાળક શાળાએ ના આવી શકતા હોય તેમને તેમના સહપાઠી દ્વારા પ્રાથમિક શિક્ષણ આપી શકાય તેવી વ્યવસ્થા પૂરી પાડવી. બાળકોના જૂથ બનાવીને તેમને આવા બાળકોને શાળાએ લાવવા માટેની અને અભ્યાસમાં મદદ કરવા માટેની પ્રવૃત્તિ સોંપવી.
૬) એસ.એમ.સી. સભ્યોની મીટીંગ બોલાવી બાળકોને ખાસ જરૂરિયાતો સંતોષી શકાય અને તેમને મદદ કરી શકાય તે માટેના નિર્ણયો લેવા. અવ બાળકો માટે અલગ સમિતિનું નિર્માણ કરવું.એસ.એમ.સી. માં આવા બાળકોના વાલીને સભ્ય બનાવવા.
૭) તાલીમ મેળવેલ શિક્ષકો દ્વારા શિક્ષણ આપવામાં આવે તે બાબતનુ ધ્યાન રાખવું. તાલુકા કક્ષાએ એક રિસોર્સ પર્સનની નિમણુક કરેલ હોય છે તેના દ્વારા આવા બાળકો માટે વિવિધ કાર્યક્રમ ગોઠવવા.

**(૨) પ્રશ્ન: શાળા માટે આર્થિક સહાય મેળવવા અને શાળાની ભૌતિક સંપતિની જાળવણી માટે કરેલ પ્રવૃત્તિ અને પરિણામ ટૂંકમાં જણાવો.**

**તારણ**: શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે. જવાબ આપવાની સાથે જવાબ આપનારનું નામ અને મોબાઈલ નંબર પણ આપેલ છે.
આર્થિક સહાય મેળવવા માટે:
૧) લોક સહયોગથી ફંડ એકત્ર કરી ને ગરીબ વિદ્યાર્થીઓને પુસ્તક તેમજ અભ્યાસીક સહાય કરાય છે તેમજ દર વર્ષે વાર્ષિકોત્સવ મા અલગ અલગ સ્પર્ધોના વિજેતા ખેલાડીઓ ને ટેબલેટ થી માંડીને સાઇકલ જેવા ઘણા બધા ઇનામો આપવામાં આવે છે. (સતીષભાઈ પરમાર - રાજકોટ - 9558554560, વકતાભાઇ હડીયલ - બનાસકાંઠા - 9825277189)

૨) શાળામાં થતા શૈક્ષણિક પ્રવાસ તેમજ અન્ય જોઈતી આર્થિક સહાય મળી રહે તે હેતુથી શાળા દ્વારા ગામના લોકો જે શહેરમાં અથવાતો એન.આર.આઈ હોય તેમનો સંપર્ક સાધીને શાળાની જરૂરિયાત વિષે જાણકારી આપવામાં આવે છે અને આમ દાતા દ્વારા જોઈતી મદદ સમયસર મળી રહે છે. (કમલેશભાઈ ભટ્ટ - ભાવનગર - 8141671778, મુકેશભાઈ ઉપાધ્યાય - વડોદરા - 9925799846, સાયરાબેન - કચ્છ - 9825467223)

૩) શાળાના વિદ્યાર્થીઓને પીવાના પાણીની સમસ્યા હતી. આ સમસ્યાની વાત ગામના લોકો તેમજ ભૂતપૂર્વ વિદ્યાર્થીને કરવામાં આવી, વાત કાર્ય બાદ કોઈક શાળામાં અમુક વિદ્યાર્થી તરફથી દાન એકઠું કરીને અથવાતો ગામના સદ્ધર લોકો તેમજ ગામના લોકોનો ફાળો કરીને શાળામાં પીવાના પાણીની ટાંકી, આર.ઓ. પ્લાન્ટ અને વોટર કુલર મુકવામાં આવ્યું છે. (મયંકભાઈ ગોસાઈ - ભાવનગર - 9512951515, કેતન ઢોલરીયા - સુરત - 9913006983, સુભાષભાઈ વાળા - જુનાગઢ - 7405352667)

૪) શાળાની નજીકમાં રહેતા મોટા દાતા તેમજ કંપનીમાં શાળાની જરૂરિયાતની વાત કરી, વાત કાર્ય બાદ પરિણામ રૂપે મોટી રકમ દાન સ્વરૂપે મળી આ રકમ બેંકમાં ફીક્ષ્ડ ડીપોઝીટ (FD) કરાવી અને તેમના વ્યાજમાંથી બાળકોને બૂટ-મોજા, પેન-પેન્સિલ, નોટબૂક, ગણવેશ અને પ્રોત્સાહકરૂપે ઇનામ આપવામાં આવે છે. (ઉર્વીબેન દવે - અમદાવાદ - 9574000934, હસમુખભાઈ પ્રજાપતિ - આણંદ - 8128689504)

૫) જે શિક્ષક મિત્રોએ પોતાનો અભિપ્રાય આપ્યો છે તે પૈકી ૮૦% શિક્ષકો શાળામાં આર્થિક મદદ મળી રહે તે માટે ૨૬મી જાન્યુઆરી, ૧૫મી ઓગસ્ટ, વાર્ષિકોત્સવ, તથા બીજા શૈક્ષણિક કાર્યક્રમમાં ગામ લોકો, એસ.એમ.સી. સભ્યો, મોટા અધિકારીઓ, તેમજ અન્ય દાતાઓ ને કાર્યક્રમમાં મુખ્ય મહેમાન બનાવીને શાળાની જરૂરિયાત વિષે અવગત કરીને દાન લેવામાં આવે છે.

શાળાની ભૌતિક સંપતિ જાળવણી માટે:

૧) શાળાની ભૌતિક સંપતિની જાળવણી માટે પ્રાર્થનામાં વિદ્યાર્થીઓને સમજ આપી તેમજ વિદ્યાર્થીઓને જુદા જુદા સાધનોનું/મિલકતોની સારસંભાળનું સંચાલન સોંપ્યું.તેમજ એસ.એમ.સી. સભ્યો, ભૂતપૂર્વ વિદ્યાર્થી, શાળાની આજુબાજુ રહેતી મહિલાઓ અને ગામલોકોને પણ વારાફરતી શાળાની જાળવણી અંગે જવાબદારી સોપીને શાળાની જાળવણીમાં યોગદાન પૂરું પાડ્યું. (દુષ્યંતભાઈ મેહતા - ગીરસોમનાથ - 9033231202, શિવાંગી શાસ્ત્રી - દાહોદ - 9409163860, અમિતભાઈ સોની - મહેસાણા - 9510209616, લવભાઈ પટેલ - અમદાવાદ - 9998661665)

(૨) લોકસહયોગથી શાળાનું ગાર્ડન તેમજ અન્ય ભૌતિક સાધનોની બરાબર જાળવણી તે હેતુથી શાળામાં આધુનિક CCTV કેમેરા લગાવવામાં આવ્યા છે. (પ્રજ્ઞેશભાઈ પટેલ - નવસારી - 9879620460, કરશનભાઈ સોની - ભાવનગર - 9737807621)

**(3) પ્રશ્ન: લાંબા સમયથી બાળકોને જરૂરી સહાય મળે તેમજ કોઈ અડચણ વગર તેઓ પોતાનો અભ્યાસ ચાલુ રાખી શકે તે માટે શિક્ષક દ્વારા કરેલ પ્રવુતિની ટૂંકમાં માહિતી આપો.**

**તારણ:** શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે. જવાબની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ પણ આપેલ છે.

૧) શાળામાં આરોગ્ય કોર્નર રાખવામાં આવ્યું છે તેના દ્વારા બીમાર બાળકોની સારવાર કરવામાં આવે છે. (આંનદકુમાર ભુવા - જી. મોરબી)

૨) બીમાર અને કુપોષિત બાળકોની શાળામાં નિયમિત તપાસ થાય છે. (વિનોદકુમાર હિરાણી - જી. બોટાદ)

૩) આરોગ્ય શાખામાં બાળકો અને વાલીઓનો સંપર્ક કરાવી બીમાર બાળકોની સારવાર કરવામાં આવે છે. સારવાર બાદ બીમાર બાળકોના અભ્યાસ માટે તે વિસ્તારના એસ.એમ.સી. સભ્યો દ્વારા તે વિસ્તારના ભણેલા યુવક કે યુવતી દ્વારા અભ્યાસ કરવામાં આવે છે. (જૈલેશકુમાર સથવારા - જી. પાટણ)

૪) શિક્ષકે બીમાર બાળકો શિક્ષણ સાથે જોડાયેલા રહે તે માટે શિક્ષણને લગતું ઓડીયો મટીરીયલ તૈયાર કર્યું છે. અને શાળાના  હોશિયાર વિધાર્થીઓનું ગ્રુપ પણ બનાવેલ છે જે બીમાર બાળકને તેમના ઘરે જઈ ભણતરમાં મદદ કરે છે. (હિરલબેન ઠાકર - જી. ભાવનગર)

૫) શિક્ષકે બીમાર બાળકો શિક્ષણ સાથે જોડાયેલા રહે તે માટે શાળાના હોશિયાર વિધાર્થીને તેની જવાબદારી સોપી અને શિક્ષકની મદદથી બાળકને અભ્યાસ કરવામાં આવતો. (નરેન્દ્રભાઈ ઠાકર - જી. ડાંગ)

૬) શાળામાં બાળકોની નિયમિત આરોગ્ય ની ચકાસણી કરવામાં આવે છે. આયનની ગોળીઓ અઠવાડિયે એકવાર આપવામાં આવે છે તેમજ આખના નંબર ની તપાસ કરવામાં આવે છે. (વર્ષાબેન સોલંકી - જી. ખેડા)

૭) વાલી સંપર્ક દ્વારા બાળકની ખબર સમયાંતરે મેળવવી. પાઠયપુસ્તક, શિષ્યવૃત્તિ, તેમજ અન્ય સરકારી સહાય આપવી. શાળા આરોગ્ય કાર્યક્રમમાં બાળકની તપાસ તથા મળવા પાત્ર સહાય અપાવવામાં સહાય કરવામાં આવે છે. (સંદીપ પંડયા - જી. વડોદરા)

## (૪) પ્રશ્ન: લાંબા સમયથી બાળકોને જરૂરી સહાય મળે તેમજ કોઈ અડચણ વગર તેઓ પોતાનો અભ્યાસ ચાલુ રાખી શકે તે માટે શિક્ષક દ્વારા કરેલ પ્રવુતિની ટૂંકમાં માહિતી આપો.

**તારણ:** એસ.એમ.સી. સભ્યોએ આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે. જવાબની સાથે જવાબ આપનાર એસ.એમ.સી. સભ્યોનું નામ પણ આપેલ છે.

૧) બીમાર બાળક શાળામાં લાંબા સમયથી ગેરહાજર રહેતા કે શાળામાં અનિયમિત આવતા વિધાર્થીઓ ની જાણ એસ.એમ.સી સભ્યોને કરવામાં આવેછે અને શાળા ના શિક્ષક અને સભ્યો સાથે મળીને વાલીને જાણ કરી તેની સારવારમાં મદદરૂપ બને છે. (મેહુલકુમાર પ્રજાપતિ - જી. મહેસાણા)

૨) શિક્ષકે બીમાર બાળકો શિક્ષણ સાથે જોડાયેલા રહે તે માટે શાળાના હોશિયાર વિધાર્થીને તેની જવાબદારી સોપી અને શિક્ષકની મદદથી બાળકને અભ્યાસ કરવામાં આવતો. (ત્રિલોકભાઈ ગોહિલ - જી. જુનાગઢ)

૩) બીમાર બાળકના ઘરે શાળાના શિક્ષક તે વિસ્તારના એસ.એમ.સી સભ્ય સાથે બાળકના વાલી તેમજ બાળકની મુલાકાત લે છે.શાળામાંથી બાળકને મળતી જરૂરી સહાય સત્વરે બાળકના એકાઉન્ટમાં જમા થાય છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તથા કરમસદ મેડિકલ હોસ્પિટલ દ્વારા મદદ મળે તે માટે શાળા દ્વારા પ્રયત્ન થાય છે.

૪) શાળાની એક બાળકીને લાંબા સમયથી વાલની બીમારી હતી.તેને સરકારશ્રીના શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત  ઓપરેશન સુધીની સારવાર અપાવવામાં સફળતા મેળવી છે. (ભગવાનજી કટેશીયા - જી. જામનગર)

## (૫) પ્રશ્ન: જો આપે શાળામાં આર્થિક રીતે નબળા બાળકો પોતાનો અભ્યાસ પૂરો કરી શકે તે માટે કોઈ પ્રવુતિ કરી હોય તો તેની ટૂંકમાં માહિતી જણાવો.

**તારણ:** શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે. જવાબ આપવાની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ અને મોબાઈલ નંબર પણ આપેલ છે.

૧) "દત્તક બાળક" કાર્યક્રમ અંતર્ગત ધોરણ નવ અને દસમાં અભ્યાસ કરતાં બાળકોને દત્તક લઈ તેમના અભ્યાસને લગતી આર્થિક જવાબદારી શાળાના શિક્ષક અથવા સમાજના કોઈ વ્યક્તિ સ્વીકારે તેવા પ્રયત્નો કરવામાં આવે છે. (નાથાભાઈ ચાવડા - ભાવનગર - 9638466346)

૨) "અક્ષય દ્રવ્ય પાત્ર" પ્રોજેક્ટ અંતર્ગત શાળાના શિક્ષકો,બાળકો અને ગામલોકો પોતાના શુભ પ્રસંગે અક્ષય દ્રવ્ય પ્રોજેક્ટમાં આર્થિક સહાય કરે છે. આ પ્રોજેક્ટ અંતર્ગત શાળાના બાળકોની શૈક્ષણિક આર્થિક સહાય કરવામાં આવે છે. (ધનેશભાઈ શેઠ - સુરેન્દ્રનગર - 9714724300, સીમાબેન વ્યાસ - અમરેલી - 9426425542, પ્રજ્ઞેશભાઈ વ્યાસ - પાટણ - 9898436946, પ્રવિણભાઈ વણકર - મહેસાણા - 9925483938)

૩) "કન્યાદાન પહેલા વિદ્યાદાન" પ્રોજેક્ટ અંતર્ગત મહિલા મંડળ અને કિટ્ટી કલબની મહિલાઓ વિધાર્થીનીઓના સંપૂર્ણ અભ્યાસની આર્થિક જવાબદારી સ્વીકારી છે. (શિવાંગીબેન શાસ્ત્રી - દાહોદ - 9409163860)

૪) બીજા શિક્ષકોના જવાબ અનુસાર આર્થિક રીતે નબળા બાળકોને સહાય કરવા માટે લોકભાગીદારી અને બાળકોને આર્થિક મદદ સંસ્થા અને શાળામાં પતંગ, રાખડી અને ઘર સુશોભનની વસ્તુ, બાળકીઓને ભરતગુંથણ અને સીવણકામ જેવી વગેરે પ્રવુતિ દ્વારા મદદ કરવામાં આવે છે.

૫) દિવ્યાંગ બાળકોને તેમની અનુકુળતા મુજબ શાળામાં થતા કાર્યક્રમની જવાબદારી સોંપી બાળકોના ઉત્સાહમાં વધારો કરવામાં આવે છે. (મુકેશભાઈ પઢીયાર - બોટાદ - 9601288601)

૬) શાળાની 'બચત બેંક', 'બાળબેંક' માં બાળકો અને  શિક્ષકો  નક્કી રકમ જમા કરે છે. આ જમા થયેલ રકમ આર્થિક રીતે નબળા બાળકોના  શૈક્ષણિક હેતુ માટે ઉપયોગ કરવામાં આવે છે. (જૈલેશભાઈ સથવારા - પાટણ - 9909674744, કેતનકુમાર જોશી - વડોદરા - 9909533950, ઠાકરસિંહ ગાબુ - સુરેન્દ્રનગર - 9825005211)

**(૬) પ્રશ્ન: શાળા અને શાળાની આસપાસ રહેતા વિસ્તારના દિવ્યાંગ બાળકોને શાળાએ આવે અને શિક્ષણ લઇ શકે તે માટે કરેલ નવતર પ્રવૃત્તિ અને તેનું પરિણામ ટૂંકમાં જણાવો.**

**તારણ:** શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે.જવાબ આપવાની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ અને મોબાઈલ નંબર આપેલ છે.

૧) શાળામાં ગોહિલ હિતેષ ધીરૂભાઈ નામના એક વિદ્યાર્થી maskular disorder રોગથી અપંગ થયો હતો. જેમાં તે શાળામાં ચાલીને આવી શકતો નહોતો. શાળાના જ શિક્ષક દ્વારા આ બાળકને શાળામાં લઈ આવતા અને મૂકી આવતા હતા. (પ્રવીણભાઈ મકવાણા - ભાવનગર - 9428619809)

૨) દિવ્યાંગ બાળક ઠાકોર ખોડાજીને પગે અપંગ હતા, આ બાળકને શિક્ષક દ્વારા સિવિલ હોસ્પિટલ લઇ જઈને ઓપરેશન કરાવી કેલીપ્રેડ અને ટ્રાઈસીકલ આપવી સાથે સાથે ફિઝીયોથેરાપીના જાણકારને બોલાવીને બાળકને મદદ કરવામાં આવી. (જગદીશભાઈ રાણોદર - પાટણ - 9427395745)

૩) સન ૨૦૧૩માં આંગણવાડીમાં પટેલ પ્રણવ કરીને બાળક હતું આ બાળક નું નામ આંગણવાડીના રજીસ્ટરમાં બોલતું હતું પણ આવતું નહોતું, તેના ઘરે જાણે પૂછતા ખબર પડી તે MR છે અને તેના પપ્પા પણ તેને મોકલવા તૈયાર નહોતા, તેને ટોઇલેટ જવા સુધ્ધા ખબર નહોતી. પણ શિક્ષકે તેમની વાત નકારી અને શાળાના શિક્ષકને આ બાળકની અલગ અલગ કામ વહેચી લીધું કે કોણ તેને જમાડશે, કોણ તેને મૂકી આવશે, કોણ તેને ટોઇલેટ લઇ જશે. આ બાળક આજે ધોરણ ૬ માં અભ્યાસ કરે છે. (છાયાબેન ગોસ્વામી - ગાંધીનગર - 9408009897)

૪) સન ૨૦૦૫ની આસપાસ એક બહેરી મૂંગી દીકરીને ધોરણ ૧માં તેની મમ્મી પપ્પાની ના હોવા છતાં એને પ્રવેશ આપ્યો. પ્રવેશ આપ્યો તે પહેલાં તેને તેની દૈનિક ક્રિયાઓનું પણ ભાન નહોતું તેમજ ચાલુ વર્ગમાં તે બીજા વિદ્યાર્થીઓ ને હેરાન પરેશાન કરતી હતી. પણ થોડા સમય પછી ધીમે ધીમે તેનામાં સુધારો આવ્યો અને બીજા બાળકો સાથે હળીમળીને રહેવા લાગી. બે વર્ષ સુધી મેં મારી શાળામાં રાખી પછી નજીકના બહેરા મૂંગા ની શાળામાં પ્રવેશ અપાવ્યો અને આજે એ સારું શિક્ષણ મેળવી રહી છે. મને એનો આનંદ છે. (મહેશકુમાર પંચાલ - ખેડા - 9898131097)

(૫) ગામમાં એક બાળકને cerebalpalsi નામનો રોગ છે જેના કારણે તે પોતાની જાતે ચાલી શકતો ન હતો. કોઈ ની મદદ વગર બેસી પણ શકતો ન હતો, જેનાં કારણે તેને ગામની શાળામાં ૫ ધોરણ સુધી અભ્યાસ કર્યો પરંતુ આગળ અભ્યાસ કરવા બીજા ગામ જવાનું હોવાથી તેને અભ્યાસ બંધ કરી દીધો. આ વાત જાણ્યા પછી મેં The Phisycally Handycap સંસ્થા ના સહયોગથી તેને ટ્રાયસિકલ અને ગરગડી વાળા પાટલા ની સહાય પણ અપાવી જેની મદદથી તે બાજુની શાળામાં જાતે આવતો-જતો થયો.
(ગાયત્રીબેન શાહ - વડોદરા - 9429825026)

૬) દિવ્યાંગ બાળકને ઘરેથી શાળાએ અને શાળાથી ઘરે લાવવા-મુકવાની જવાબદારી તેની બાજુમાં રહેતા ધોરણ ૭-૮ ના બાળકને આપવામાં આવી. એસ.એમ.સી. સભ્ય તરફથી આ બાળકોને તમામ સ્ટેશનરી ભેટમાં આપવામાં આવે છે. (હિતેન્દ્રભાઈ પટેલ - વડોદરા - 9879722854)

૭) એક માનસિક એમ.આર. બાળક શાળામાં આવતું ન હતું આ બાળક અભ્યાસ માટે રેગ્યુલર આવે તે હેતુથી બાળકને રમકડાં, નાસ્તો, પાટી,દફતર આપી પ્રોત્સાહિત કર્યો તેમજ એક બાલમિત્ર વર્ગમાં

રમકડાં, ચિત્રો, પુસ્તકો, ચાર્ટ, મૉડેલ મૂકી આખો દિવસ ત્યાં બેસી ભણે અને રોજ શાળા માં આવે તે માટે ગીત-સંગીત ની રચના રમત રમાડી. ગામના દાતા દ્વારા ઈનામ વિતરણ કરવામાં આવ્યું. આમ આ બાળક રેગ્યુલર શાળાએ આવતું થયું. (હિરેનભાઈ સંઘાણી - બોટાદ - 9904994294)

૮) સરકાર તરફથી દિવ્યાંગ વ્યક્તિઓ માટે આપવામાં આવતી વિવિધ પ્રકારની સહાય તેમજ સરકારી ક્ષેત્રે આવા વ્યક્તિઓ માટે રિઝર્વ જગ્યાઓ ની માહિતી આપી તેઓ અભ્યાસ માટે પ્રેરિત થાય અને શિક્ષણનું મહત્વ સમજે તે માટે જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવે છે. (સતીશભાઈ પરમાર - રાજકોટ - 9558554560, કરશનભાઈ મોરી - ભાવનગર - 9737807621)

૯) શાળા અને શાળાની આસપાસ રહેતા તેમજ ગામના અને અન્ય પાંચ શાળાના દિવ્યાંગ બાળકો અભ્યાસ મેળવે તે માટે મધ્યપ્રદેશ ભોજ ઓપન યુનીવર્સીટી દ્વારા તેમજ એસ.એસ.એ.એમ. કચેરી બનાસકાંઠા પાલનપુર દ્વારા તાલીમ આપવામાં આવી.

- દિવ્યાંગ બાળકોને તાલુકાના રમતોત્સવમાં તેમજ હરીફાઈમાં ભાગ લેવડાવ્યો.
- પ્રિન્ટેડ(લાર્જ) પુસ્તકો , ગણવેશ , દિવ્યાંગોને લગતા પરીપત્રો (જેવા કે તેમના પરીક્ષા બાબતે) વગેરે શાળામાં તેમજ અન્ય શાળામાં પણ આપી માહિતગાર કર્યા.

(રામજીભાઈ રોટાતર - પાલનપુર - 9726658508)



# શાળા અને વર્ગખંડ વ્યવસ્થાપન

**(૧) પ્રશ્ન: શિક્ષકો દ્વારા જણાવવામાં આવેલ સમસ્યાઓ માંથી ચોથા ક્રમની મુખ્ય અને સૌથી વધુ શાળામાં જોવા મળતી સમસ્યા છે કે, શિક્ષકોને શૈક્ષણિક કાર્ય ઉપરાંત વધારાની કામગીરી સોપવામાં આવે છે. આ કારણે શિક્ષણ પાછળ પુરતો સમય મળતો નથી.**
**આપના અનુભવ આધારે જણાવો આ સમસ્યાનું નિવારણ કઈ રીતે કરી શકાય?**

**તારણ:** શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે. જવાબ આપવાની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ અને મોબાઈલ નંબર પણ આપેલ છે.
૧) શિક્ષકોએ શાળામાં શિક્ષણ સિવાયની કામગીરીનું ભારણ ઘટાડવા માટે ટેકનોલોજી ઉપયોગ કરી બાળકોની માહિતી કમ્પ્યુટરમાં દાખલ કરી દેવાથી વારંવાર મગાવવામાં આવે તો સરળતાથી આપી શકાય. (કુલદીપભાઈ નટવરલાલ - ગીર સોમનાથ - 9924445044)
૨) શિક્ષકોએ શાળામાં શિક્ષણ સિવાયની કામગીરી રિશેષ અથવા શાળા સમય બાદ કરવી.શાળામાં થતાં સિવિલ વર્કમાં એસ.એમ.સી, સહ અભ્યાસિક પ્રવૃત્તિમાં શિક્ષણવિદ, ટીમવર્ક, નિવૃત્ત શિક્ષકોની મદદ લેવી. (રોહિતકુમાર રાવળ - મહેસાણા - 9998002868, સંદીપકુમાર પ્રજાપતિ - ખેડા - 9537336070, વિનોદભાઈ હિરાણી - બોટાદ - 9879242828, ફાલ્ગુનીબેન શાહ - સાબરકાંઠા - 9714924406, નિધિબેન સુતરીય - અમરેલી - 9825542629)
3) શાળામાં શિક્ષક શિક્ષણ સિવાયની કામગીરી માટે સમય મળી રહે માટે વર્ગના બાળકોને એ.બી.સી. કેટેગરીમાં વિભાજીત કરવામાં આવ્યા છે.જયારે શિક્ષક વહીવટી કામ માટે બહાર જાય ત્યારે એ કેટેગરીના બાળકો વર્ગના બીજા બાળકોને શિક્ષકે ભણાવેલા પાઠનું પુનરાવર્તન કરાવે અને નવા પાઠની થોડી માહિતી પણ આપે છે. (સંગીતાબેન ભૂંગળીયા - ભાવનગર - 9409443409, ભરતકુમાર પરમાર - અમરેલી - 9925943358, શિલ્પાબેન મકવાણા - જુનાગઢ - 9624069789, કનૈયાલાલ સોલંકી - બનાસકાંઠા - 9974574892)
૪) શાળામાં ૪:૦૦ થી ૫:૦૦ સમયગાળો રમત-ગમ્મત નો તાસ હોય છે. આ દરમિયાન શિક્ષકે સાથી શિક્ષકની મદદ લઈ શિક્ષણ સિવાયની કામગીરી કરી શકાય. (ધનશ્યામભાઈ રાઠોડ - ભાવનગર - 9978135591)૫) શિક્ષક જે વિષય ભણાવતા હોય તે અનુરૂપ પ્રવુતિ બાળકોને કરવાનું કહેવામાં આવે.આ સમય દરમિયાન શિક્ષક શિક્ષણ સિવાયની કામગીરી કરવાનો સમય મળી રહે છે. (મહેશભાઈ ગોહિલ - ગીર સોમનાથ - 9157222678)
૬) શિક્ષકે શાળામાં શિક્ષણ સિવાયની કરેલ કામગીરીને પ્રોત્સાહિત કરવી જોઈએ. (ગોવિંદભાઇ કુકડીયા - સુરેન્દ્રનગર - 9426421033)



# શાળા વાતાવરણ

**(૧) પ્રશ્ન: આપની શાળાનું પુસ્તકાલય કઈ રીતે કાર્યરત છે? આપ તેને જીવંત રાખવા માટે અને વધુમાં વધુ બાળકોને તેનો લાભ મળે તે માટે ક્યા પ્રયત્ન કર્યા છે?**

**તારણ:** શિક્ષકો નીચે મુજબની પ્રવૃતિઓ શાળાના પુસ્તકાલયને કાર્યરત અને જીવંત રાખવા માટે અને વધુમાં વધુ બાળકોને તેનો લાભ મળે તે માટે કરે છે.

૧) શાળામાં બાળકો માટે પુસ્તકો ખુલ્લા બોક્સમાં મુકવામાં આવ્યા છે જેથી વિદ્યાર્થીઓ નવરાશના સમયમાં તે વાંચે છે.

૨) શાળામાં પુસ્તકોને વિભાગ જેવા કે બાળ સાહિત્ય, ચિત્ર કથા, ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી પ્રમાણે ગોઠવવામાં આવ્યા છે અને વિદ્યાર્થીઓને ૧૫ દિવસ માં ૧ વખત પુસ્તક બદલવાનો સમય અપાય છે.

૩) શાળામાં પુસ્તકોનું સંચાલન વિદ્યાર્થીઓ દ્વારા જ થાય છે અને મોનીટર વર્ગ પ્રમાણે પુસ્તકનું રજીસ્ટર પ્રમાણે ધ્યાન રાખે છે અને વાંચેલા પુસ્તકોની પ્રાર્થનાસભામાં રજૂઆત પણ થાય છે.

૪) વિદ્યાર્થીઓને પુસ્તક વાંચવા માટે પોઈન્ટ મળે છે અને જે વિદ્યાર્થીએ સૌથી વધુ પુસ્તક વાંચ્યું હોય તેને પોઈન્ટ પ્રમાણે ગીફ્ટ આપવામાં આવે છે જેથી અન્ય વિદ્યાર્થીઓ પણ પુસ્તક વાંચવા પ્રેરાય છે.

૫) ૧૭૦૦ જેટલા પુસ્તકને કોડ આપવામાં આવ્યા અને ધોરણ પ્રમાણે કમ્પ્યુટરમાં નાખેલ કોડ પ્રમાણે તેઓ આસાનીથી પુસ્તક પસંદ કરી શકે છે. કોડ લાઈબ્રેરીયન ને કહેવાથી તેઓ પુસ્તક આપે છે

૬) ઈ બુકને કમ્પ્યુટર લેબમાં ઇન્સ્ટોલ કરવામાં આવી છે જેથી વિદ્યાર્થીઓ ગમે તે સમયે કમ્પ્યુટર દ્વારા પણ પુસ્તકોનું વાંચન કરે છે.

૭) શાળામા ઓપન પુસ્તકાલય બનાવવામા આવ્યુ. જેમા પુસ્તકોને વર્ગખંડ, પ્રાર્થનાખંડ, શાળાની લોબીની દિવાલ પર દોરી બાંધી તે દોરી પર બાળકની કક્ષા મુજબ પુસ્તકો લટકાવવામા આવ્યા. બાળકો પોતાની જાતે પુસ્તક લઈ શકે તેવી વ્યવસ્થા કરવામા આવી. જેથી બાળકો પોતાની ઇચ્છા, રસ-રુચિ મુજબ પુસ્તક વાચતા થયા છે.

૮) પુસ્તકાલયમાં સુચના પેટી પણ રાખવામાં આવી છે જેમાં વિદ્યાર્થીઓ ક્યા પ્રકારના પુસ્તકો વાંચવા જોઈએ તે અંગે જણાવે છે.

૯) જે પુસ્તક વાંચવામાં આવે છે તેનો પરિચય લખીને બુલેટીન બોર્ડ પર મુકવામાં આવે છે.

૧૦) શિક્ષક પુસ્તકમાંથી પ્રશ્ન પૂછે છે જેના જવાબ વિદ્યાર્થીઓએ બીજે દિવસ આપવાના હોય છે જેથી તેઓ પુસ્તક વાંચવા પ્રેરાય છે.

૧૧) ગ્રામ્ય કક્ષાએ પુસ્તકાલયની સુવિધા ઘણી વાર ઉપલબ્ધ ન હોવાથી શિક્ષકે શાળાના પુસ્તકાલયને ગામલોકો માટે ખુલ્લું રાખ્યું છે જેથી વાલીઓ અને એસ.એમ.સી. સભ્યો પણ તે વાંચતા થયા છે.

**(૨) પ્રશ્ન: શાળાના પુસ્તકાલયના પુસ્તકનો વિદ્યાર્થી પોતાની શૈક્ષણિક ગુણવત્તા સુધારવા ઉપયોગ કરે તે માટે આપે કરેલ પ્રવૃત્તિ અને પરિણામ ટૂંકમાં જણાવો.**

**તારણ:** શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે.જવાબ આપવાની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ અને મોબાઈલ નંબર આપેલ છે.

૧) એસ.એસ.એ. તેમજ સરકાર તરફથી શાળામાં પુસ્તકો તો અપાય છે પરંતુ તેનો ઉપયોગ બાળકો દ્વારા બહુ ઓછા પ્રમાણમાં કરવામાં આવે છે. કુલ જવાબ આપેલ શિક્ષકમિત્રો માંથી ૨૬૦ જેટલા શિક્ષકો એ શાળાના પુસ્તકાલયને થોડું અલગ રીતે રજુ કર્યું જેમકે ખુલ્લી પુસ્તકાલય, વાંચન કોર્નર, પુસ્તકાલય ઓપન ફ્રોર ઓલ અને પુસ્તક પેટી વગેરેમાં વાર્તાના પુસ્તકો, વિષયવસ્તને લાગતું સાહિત્ય, સામાન્યજ્ઞાનની ચોપડીઓ તેમજ વિદ્યાર્થીઓએ બનાવેલ પ્રોજેક્ટ રાખીને બાળકોમાં વાંચનની ભૂખ જગાડી છે.

૨) બાળકો ને પુસ્તકો કબાટ કે ટેબલ પરથી લઈને પુસ્તકો ને બાળકોની વય, ધોરણ અને વિષયવસ્તુ મુજબ વર્ગીકરણ કરીને શાળાના જ ભાવાવરણમાં આવેલ શાળાના વર્ગખંડ, લોબીમાં (ઓસરી), મેદાનમાં અને રમતગમતના સાધનો તેમજ વૃક્ષો પર ટેબલ પર અથવા તો દોરી બાંધીને પુસ્તકો, લટકાવવામાં આવે છે જ્યાં બાળકો સરળતાથી પહોચીને વાંચી શકે આ પુસ્તકો દર અઠવાડિયે બદલવામાં આવે છે જેથી કરીને બાળકોમાં ઉત્સાહ અને કઈક નવું જાણવાની જીજ્ઞાશા જાળવાય, સાથે સાથે બાળકોમાં વાંચનનો પણ ગુણ કેળવાય છે. (મિરલભાઈ વિરાણી - અમરેલી - 9428187493, અરવિંદભાઈ - ભાવનગર - 9510183783, વિજયભાઈ ભોલણીયા - સુરેન્દ્રનગર - 9979703541, ડો.મિનેશભાઇ પટેલ - બનાસકાંઠા - 9428186534, શ્રદ્ધાબેન રાવલ - ભાવનગર - 9638304001, મુકેશભાઈ પઢીયાર - બોટાદ - 9601288601, મહેશભાઈ ઠક્કર - અમદાવાદ - 9427624123, પીયુશભાઇ પંડ્યા - ભાવનગર - 9924654220, ભાવેશભાઈ મેહતા - મહેસાણા - 9426536382, પ્રવીણભાઈ મકવાણા - મહુવા - 9428619808, ઋષિતકુમાર ધુલશિયા - જુનાગઢ - 9726999244)

૩) શાળામાં બનાવવામાં આવેલ લાયબ્રેરી રજીસ્ટર પરથી જે બાળક વર્ગખંડમાં રાખેલ પુસ્તકાલય કે શાળાના પુસ્તકાલયમાંથી સૌથી વધુ વખત પુસ્તક વાંચ્યા હોય તે વિદ્યાર્થીને પ્રોત્સાહન આપવા માટે તેમને એસ.એમ.સી. સભ્યની હાજરીમાં અથવાતો વાલીને પ્રાર્થનાસભામાં બોલાવીને બાળકને ઇનામ આપવામાં આવે છે, બીજા બાળકો આ જોઇને પ્રેરણા લઈને વાંચન તરફ વળ્યા છે. (દીપકભાઈ લકુમ - આણંદ - 9099584080)

૪) શાળામાં ઉજવાતા વિવિધ તહેવારો અને મહાન વ્યક્તિની યાદમાં ઉજવાતા દિવસ વખતે બાળકો પોતાનું વકૃત્વ આપવા માટે પુસ્તકાલયનો વધુમાં વધુ ઉપયોગ કેવી રીતે કરી શકે તે જણાવવામાં આવે છે અને બાળકોને પોતાનું વકૃત્વ આપવા માટે તૈયાર કરવામાં આવે છે. (અલ્કાબેન મકવાણા - ઉના - 9727309494)

૫) બાળકોને અઠવાડિયે એકવાર પ્રાર્થનાખંડમાં સામાન્ય જ્ઞાન તેમજ વિષયવસ્તુ અંતર્ગત ૧૦-૧૫ પ્રશ્ન આપવામાં આવે છે, બાળકોને આ પ્રશ્નોનો જવાબ શોધવા માટે ૨ દિવસનો સમય આપવામાં આવે છે તથા પુસ્તકાલય તેમજ મોટા વડીલોની મદદ લેવાની છૂટ આપવામાં આવે છે. (રાયસિંહ પરમાર - ગીરસોમનાથ - 9275117976, કૌમીક્ભાઈ પટેલ - મેહસાણા - 9427546775)

૬) શાળામાં જે ટોપિકનો અભ્યાસ ચાલતો હોય તેને અંતર્ગત લાગુ પડતા સંદર્ભ મટીરીયલ જે શાળાની પુસ્તકાલયમાં હોય તેના વિષે બાળકોને જણાવવામાં આવે છે. (કરશનસિંહ મોરી - ભાવનગર - 9737807621, નવાભાઇ કોળી - બનાસકાંઠા - 9909301929, અમિતભાઈ મોરી - સુરેન્દ્રનગર - 8866655861)

૭) પુસ્તકાલયના પુસ્તકો વાલીઓ તેમજ એસ.એમ.સી. સભ્ય વાંચવા પ્રેરાય તે હેતુથી બાળકને વાલી કે એસ.એમ.સી. મીટીંગમાં પુસ્તક પરિચય બોલાવવામાં આવે છે અને આ પુસ્તકો કેવી રીતે વધારવા તે માટે બાળકોના ઘરે જે વધારાના પુસ્તકો હોય તે શાળાના પુસ્તકાલયમાં અર્પણ કરવા સમજાવવામાં આવે છે, અને આમ "વેસ્ટ માંથી બેસ્ટ" નું સર્જન કરવામાં આવે છે. (યાસ્મીનબેન શૈખ - ભાવનગર - 9924793979, મુકેશભાઈ ઉપાધ્યાય - વડોદરા - 9925799846)

**(3) પ્રશ્ન: શા માટે બાળકો સરકારી શાળા છોડી ખાનગી શાળામાં જઈ રહ્યા છે?**

**તારણ**: જે શિક્ષક મિત્રોએ પોતાનો મંતવ્ય આપ્યો છે તેનું વિશ્લેષણ નીચે મુજબ છે.

૧) બાળકો સરકારી શાળા છોડી ખાનગી શાળામાં જઈ રહ્યા છે તેના નીચે મુજબના કારણો છે,

- સરકારી શાળામાં પુરતો સ્ટાફના હોવાથી.
- વાલીઓને પોતાના પુત્ર-પુત્રીને અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરાવવાની ઈચ્છા.
- ખાનગી શાળાનું ઇન્ફ્રાસ્ટ્રક્ચર (પ્રયોગ શાળા, કોમ્પ્યુટર લેબ, લાઈબ્રેરી, આધુનિક તકનીકથી આપતું શિક્ષણ) સરકારી શાળા કરતા સારું હોવાથી.
- સરકારી શાળામાં સરકારી કાગળ વર્ક, જુદા જુદા સરકારી તહેવારો તથા ઉત્સવો, બિન જરૂરી તાલીમો વગેરેમાં શિક્ષકો રોકાયેલ રહે છે તેથી બાળકોને જરૂરી સમય આપી નથી શકતા, આથી વાલીના મત મુજબ સરકારી શાળામાં અભ્યાસના કરાવતા હોવાથી ખાનગીમાં મુકે છે.
- સરકારી શાળામાં મોનીટરીંગ ફક્ત કાગળ પર જ છે, કોઈ પણ પ્રકારનું વ્યક્તિગત મોનીટરીંગ કરવામાં આવતું નથી જેથી કરીને કોઈને સારું અભ્યાસ પરોસવાની ઈચ્છા રહેતી નથી.

૨) શિક્ષકોએ જણાવેલ આંકડાકીય માહિતી આ મુજબ છે. જેના પરથી આપને સ્પષ્ઠ જોઈ શકીએ છીએ કે ખાનગી શાળામાં જનાર બાળકોની સંખ્યા સરકારી શાળામાં આવતા બાળકો કરતા ઘણી વધુ છે.

| વર્ષ | જાતિ | ગામમાં કુલ બાળકો | સરકારી શાળામાં આવતા બાળકો | ખાનગી શાળામાં જતા બાળકો |
|---|---|---|---|---|
| ૬ થી ૧૦ વર્ષ | છોકરાઓ | 42324 | 11745 | 26654 |
| | છોકરીઓ | 36968 | 11465 | 15479 |
| ૧૧ થી ૧૪ વર્ષ | છોકરાઓ | 31246 | 9617 | 20415 |
| | છોકરીઓ | 27538 | 19196 | 13133 |
| કુલ | - | 127704 | 52023 | 75681 |

**(૪) પ્રશ્ન: શાળામાં શૈક્ષણિક વાતાવરણ તૈયાર કરવા માટે SMC ની સક્રિય ભુમિકા માટે આપે કરેલ નવતર પ્રવૃત્તિ અને તેનું પરિણામ ટૂંકમાં જણાવો.**

**તારણ:** શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે.જવાબ આપવાની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ અને મોબાઈલ નંબર આપેલ છે.

૧) એસ.એમ.સી. સભ્યો પોતાના શિરે આવતી શાળાકીય જવાબદારી સમજે અને જાણે તેમજ શાળાકીય નિર્ણયમાં પોતાનું યોગદાન આપે તે માટે એસ.એમ.સી. સભ્ય અને શાળાનું જોડાણ મજબુત કરવા માટે શાળામાં આયોજિત થતા દરેક કાર્યક્રમમાં તેમને બોલવવામાં આવે છે. (કેયુરભાઈ ડોડીયા - રાજકોટ - 9725319802, દમયંતીબેન પટેલ - કચ્છ - 9408837250, મેહુલભાઈ પટેલ - પાટણ - 9978420305, વિલ્સન રાઠોડ - વડોદરા - 9638252569)

૨) એસ.એમ.સી. સભ્યો દ્વારા યોગ્ય દાતા શોધીને દાન એકત્ર કરીને શાળાને ડીજીટલ સાધનો જેવા કે CCTV કેમેરા, કોમ્પ્યુટર, પ્રોજેક્ટર વગેરે સાધનો વસાવવામાં તેમજ શાળામાં ભૌતિક સાધનો વસાવવામાં અને શાળાના નવીનીકરણના કામ માટે મદદરૂપ થયા છે. (નગીનકુમાર પંચાલ - બનાસકાંઠા - 9426336405, શ્રદ્ધાબેન રાવલ - ભાવનગર - 9638304001, કાનાભાઈ - સુરત - 7698076224, બ્રિજેશભાઈ નાગપરા - અમદાવાદ - 9725605783)

૩) નબળી આર્થિક પરિસ્થિતિ ધરાવતા વિદ્યાર્થી તેમજ અનાથ બાળકો માટે એસ.એમ.સી. સભ્યો દ્વારા "અનાથ નો નાથ " પ્રોજેક્ટનુ અમલીકરણ કરવામાં આવ્યું છે. (કલામભાઈ વસાવા - નર્મદા - 9687056072)

૪) શાળામાં જરૂરિયાત કરતા ઓછા શિક્ષક હોવાથી ગણિત-વિજ્ઞાનના શિક્ષકની ઘટ હતી જે એસ.એમ.સી. અધ્યક્ષ (B.A., B.Ed) દ્વારા દરરોજ ૧ કલાક વિદ્યાર્થીને અભ્યાસ કરાવતા હતા, આ પ્રવૃત્તિ ૬ માસ સુધી ચાલી જેના પરિણામરૂપે શિક્ષકની ઘટ દુર થઇ. (પ્રવીણભાઈ સરવૈયા - ભાવનગર - 9714420077)

૫) શાળાના નબળા વિદ્યાર્થી પણ હોશિયાર વિદ્યાર્થીની બાજુમાં ઉભા રહે તે માટે શાળાની ભૂતપૂર્વ વિદ્યાર્થીની દ્વારા શાળા સમય બાદ ૧ કલાક નબળા બાળકોને ભણાવવામાં આવે છે. (સુરેશભાઈ નાગલા - અમરેલી - 9925943358)

૬) શાળામાં આયોજિત થતી વિવિધ સ્પર્ધા, હરીફાઈ કે શૈક્ષણિક બાબતમાં જે વિદ્યાર્થીએ સારું પરફોર્મન્સ કર્યું હોય તેને પ્રોત્સાહન રૂપે ઇનામ અથવા કોઈ ગીફ્ટ આપવા માટે એસ.એમ.સી.સભ્યને બોલાવવામાં આવે છે. (જગતસિંહ મકવાણા - સાબરકાંઠા - 9687664068)

૭) સરકારશ્રી તરફથી શાળામાં આવતી વિવિધ ગ્રાન્ટ તેમજ ઓર્ડર ની ચર્ચા કરવા માટે દર મહીને એસ.એમ.સી. સભ્ય અને શિક્ષક વચ્ચે આચાર્ય દ્વારા મીટીંગનું આયોજન કરવામાં આવે છે જેમાં આવતા સમયે કેવી રીતે કામ કરવું તેની ચર્ચા કરવામાં આવે છે. (જીજ્ઞાબેન ઠકરાર - અમરેલી - 9426852504, પ્રજ્ઞાબેન જોશી - પોરબંદર - 9737904660, સંજયભાઈ મેહરા - ખેડા - 7567073661, અશ્વિનભાઈ સોલંકી - ખેડા - 9979782719)

૮) એસ.એમ.સી. સભ્ય શાળાકીય કાર્યોમાં પોતાનું યોગદાન આપે જેથી શિક્ષક + એસ.એમ.સી. વિદ્યાર્થીનું તેમજ શાળાનું યોગ્ય ઘડતર કરી શકે તે માટે માસિક તેમજ એકમ પ્રમાણે લેવાતી કસોટી અને ક્વીઝમાં એસ.એમ.સી.સભ્યને વારાફરતી કસોટી મોનીટરીંગ કરવાની જવાબદારી સોપવામાં આવી છે. (ભાવેશભાઈ મેહતા - ગીરસોમનાથ - 9426536382, પ્રવીણભાઈ મકવાણા - ભાવનગર -

9428619809, દીપાલીબેન મહીડા - આણંદ - 9408865196, નીરવભાઈ ચૌહાણ - ભાવનગર - 9586116776, પ્રતિમાબેન જોશી - કચ્છ - 9537027185, મેહુલભાઈ સોની - વિજાપુર - 9426520266)

૯) શાળામાં ગેરહાજર રહેતા વિદ્યાર્થીને હાજર કરવા માટે એસ.એમ.સી.સભ્ય પણ ભાગ લે તે માટે એસ.એમ.સી. સભ્યને જે-તે મહોલ્લા તેમજ એરિયા પ્રમાણે જવાબદારી સોપવામાં આવી છે, જેમાં ગેરહાજર રહેતા વિદ્યાર્થીના વાલીની રૂબરૂ મુલાકાત કરવી તેમજ વિદ્યાર્થીને શાળામાં હાજર કરવાનું સમાવેશ કરવામાં આવ્યું. શિક્ષક દ્વારા ગેરહાજર બાળકોની યાદી એસ.એમ.સી. સભ્યને વોટ્સએપ પર અને રૂબરૂ વિદ્યાર્થી દ્વારા પહોચાડવામાં આવે છે. (સુશીલકુમાર પંચાલ - સુરત - 8980813173, ગીરીશભાઈ વાળંદ - પંચમહાલ - 9624645047, સુરેશભાઈ ઠક્કર - પાટણ - 9825504972, માવજીભાઈ ચૌહાણ - ભાવનગર - 9879659750, મનન પ્રજાપતિ - મેહસાણા - 7574813425, કૃણાલભાઈ પંચાલ - પંચમહાલ - 8866813188)

## (૫) પ્રશ્ન: જો આપે આપની શાળામાં ભૌતિક સુવિધાઓ પૂરી પાડવામાં કોઈ કાર્ય કરેલ હોય અને વિધાર્થીઓને તેનાથી શું ફાયદો થઈ રહ્યો છે તો તે જણાવો.

**તારણ:** શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે. જવાબ આપવાની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ અને મોબાઈલ નંબર પણ આપેલ છે.

૧) શાળાના વૃક્ષની નીચે લોક સહકારથી બાંકડાઓ મુક્યા. રીસેસના સમયે બાળકો લાઈબ્રેરીના પુસ્તકોનું વાંચન કરે છે તેથી તોફાનની ફરિયાદો ઘટી અને બાળકોમાં વાંચન પ્રત્યે રસ વધ્યો છે. (બળવંતકુમાર સોલંકી - બોટાદ - 9879398165)

૨) શાળાના આંગણમાં ૧૦૦થી વધારે વૃક્ષો શાળા અને ગામલોકોના સહકારથી ઉગાડવા આવ્યા છે. વિધાર્થીઓને કુદરતી વાતાવરણ મળવાથી વિધાર્થીઓ રસપૂર્વક પ્રવુતિ સાથે શિક્ષણ મેળવે છે. (આકાશભાઈ દવે - અમરેલી - 9426732630)

3) "રુમઝુમ ૨૦૧૬" અંતર્ગત શાળામાં વાર્ષિક કાર્યક્રમમાં શાળાએ ગામલોકો અને દાતાઓ પાસેથી ૭0,000 નું દાન મેળવી શાળાને જરૂરી ભૈતિક સુવિધાઓ આપવી છે. (નિકુંજભાઈ ભુત - ગીરસોમનાથ - 9714480964)

૪) શાળામાં હિન્દી દિવસ ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું.આ દિવસે શાળામાં હિન્દી ભાષામાં વાતચીત,ટુકા એક પાત્ર અભિનય અને નાટક હિન્દીમાં ભજવવામાં આવ્યા. ધોરણ ૬ થી ૮ ના બાળકોને ફરજીયાત સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેવાનું કહેવામાં આવ્યું.સાથે વાલીઓને પણ શાળામાં આવવા આમંત્રણ આપવામાં આવ્યું.આ રીતે લોકફાળો મેળવી શાળામાં બાળકોને ભૌતિક સુવિધા પૂરી પાડવામાં આવી. (અમિતકુમાર સોની - મહેસાણા - 9510209616)

૫) "દત્તક વૃક્ષ" અંતર્ગત બાળકો,શિક્ષકો,એસ.એમ.સી. સભ્ય અને ગામલોકો દ્વારા શાળાના આંગણમાં રહેલા વૃક્ષો દત્તક લઈ તેની સારસંભાળ રાખવા આવે છે.આ રીતે શાળાના બાળકોને કુદરતી વાતાવરણ પૂરું પાડવામાં આવે છે.(મિતુલકુમાર પટેલ - પાટણ - 9724641090)

૬) શાળામાં વિષયપ્રમાણે વર્ગ વ્યવસ્થા કરવામાં આવી જેમાં બાળકો વર્ગ બદલીને અભ્યાસ કરતા.જેમાં વિજ્ઞાનનો વર્ગ,ગણિતનો વર્ગ,સમાજીક વિજ્ઞાનનો વર્ગ,ભાષાનો વર્ગ વગરે વર્ગમાં રસ પૂર્વક આભ્યાસ કરતા.આ વર્ગ બનાવાવા માટે શાળા પુસ્તકાલય અને દાતાઓના દાનનો ઉપયોગ કરવામાં આવતો.(ભગુભાઈ દેસાઈ - સુરેન્દ્રનગર - 9737158303)

૭) "મારો કાગળ મારું ન્યૂઝ પેપર" અંતર્ગત દરેક વર્ગમાં એક બોક્ષ રાખવામાં જેમાં દરેક બાળક પોતાનો નકામો કાગળ ડૂચો વાળ્યા વગર આ બોક્ષમાં નાખે છે. જે વર્ગમાં ઓછામા ઓછા કાગળ હોય તેમને શ્રેષ્ઠ વર્ગ જાહેર કરવામાં આવે છે.આ કાગળમાથી શાળામાં નિયમિત ન્યુઝ પેપર આવે છે. (રમેશકુમાર ખંભાળિયા - બોટાદ - 9714486053)

૮) ગામમાં કોઈ લગ્ન પ્રસંગ દરમિયાન ગામલોકોને શાળાની જરૂરિયાતની જાણ કરીને ભૌતિક સુવિધાઓ શાળામાં વસાવવા માટે દાન મેળવાવમાં આવે છે. (જિતેન્દ્રભાઈ કનેજિયા - ભાવનગર - 9879356515)




# શાળા વિકાસ આયોજન

**(૧) પ્રશ્ન: શાળામાં શિક્ષકોની ઘટ અથવા શિક્ષકમિત્રો મીટીંગમાં ગયા હોય ત્યારે બાળક શિક્ષણ સાથે સંકળાયેલા રહે તે માટે કરેલ પ્રવૃત્તિ અને તેનું પરિણામ ટૂંકમાં જણાવો.**

**તારણ:** શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે.જવાબ આપવાની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ અને મોબાઈલ નંબર આપેલ છે.

૧) જયારે શિક્ષકને તાલીમમાં જવાનું થાય કે રજા પર હોય ત્યારે શૈક્ષણિક પ્રવૃત્તિ ચાલુ રહે તે માટે ગામના વડીલ જેમને લખતા વાંચતા આવડતું હોય તેમને ૨ કલાક સ્વેચ્છાએ શાળાએ આવીને વિદ્યાર્થીને અભ્યાસ કરાવવા મદદ લેવામાં આવે છે. (નાગજીભાઈ દેસાઈ - બનાસકાંઠા - 8758363490)

૨) શિક્ષકો ની ઘટ હોય ત્યારે મારા મોબાઈલમાં કોઇપણ એક શૈક્ષણિક એકમનુ મારા અવાજમાં રેકોર્ડ કરી હુ જે વર્ગમાં ન હોય ત્યાં બાળકો ને માઇક દ્વારા સંભળાવી શૈક્ષણિક કાર્ય ચાલુ રાખું છું. (રામાનુજ અતુલકુમાર - સુરેન્દ્રનગર - 9979497014)

૩) 'ચાલો શિક્ષક શિક્ષક રમીએ' અંતર્ગત જ્યારે શિક્ષક વ્યસ્ત હોય તયારે બાળકો એકબીજાને ગણિત નાં દાખલા ની ટેસ્ટ લે છે અને ચકસે છે. આનાથી વર્ગખંડ નાં બાળકો કામ મા વ્યસ્ત રહે છે અને દાખલા નો મહાવરો પણ થાય છે. (લખનભાઈ જોશી - ભાવનગર - 9428182365)

૪) બાળકોને વર્તમાનપત્રનું એક પેજ આપી બાળકોને એક એક મૂળાક્ષર આપવામાં આવે છે બાળકો પેપરમાંથી આ શબ્દ શોધીને પોતાની બુકમાં લખે છે. (દિલીપસિંહ વિહોલ - વિસનગર - 9725871658)

૫) શિક્ષકની ગેરહાજરી હોય ત્યારે કોમ્પ્યુટર લેબમાં એકમ કસોટીનું આયોજન કરવામાં આવે છે. (રમેશભાઈ જાદવ - રાજકોટ - 8866606370)

૬) વિદ્યાર્થીઓને શિક્ષક દ્વારા નેટનો ઉપયોગ કરીને કેવી રીતે સંદર્ભ સાહિત્ય મેળવી વાંચી શકાય તે શીખવાડ્યું છે જેના કારણે જયારે પણ શિક્ષક શાળામાં કોઈ કારણસર ગેરહાજર હોય અથવા મીટીંગમાં ગયા હોય ત્યારે બાળકો નેટ દ્વારા અભ્યાસ કરતા થયા છે. (સેવકભાઈ ચૌધરી - વડોદરા - 7874063646)

૭) શિક્ષકની ગેરહાજરીમાં વર્ગના બાળકોને જૂથ પાડીને વર્ગ લીડર દ્વારા મલ્ટીમીડીયા સાધનો દ્વારા બાળવાર્તા, કાવ્યો, જોડકણાં, કાર્ટૂન ફિલ્મો, બોધકથાઓ, શૈક્ષણિક વીડિઓ વગેરે બતાવવામાં આવે છે. જૂથ પાડીને પ્રવૃત્તિ પણ કરાવવામાં આવે છે જે જૂથ વિજેતા બને તેને શાળા પરિવાર તરફથી ઇનામ આપીને બહુમાન કરવામાં આવે છે. (નિધીબેન સુતરીયા - અમરેલી - 9825542629, પ્રતિકભાઈ રૂડાણી - અમરેલી - 9429559308, જીજ્ઞાબેન ઠકરાર - અમરેલી - 9426852504, ઉમેશભાઈ વણકર - હિંમતનગર - 9409346319, કુસુમબેન ભાલોડીયા - જુનાગઢ - 9409151212, પ્રવીણભાઈ મકવાણા - ભાવનગર - 9428619809)

૮) શાળામાં શિક્ષકની ગેરહાજરી હોય ત્યારે વિદ્યાર્થી વર્ગખંડની બહાર ના જતા રહે તે માટે વિદ્યાર્થીને ગમે તેવી પ્રવૃત્તિ જેવી કે વર્તમાનપત્રમાંથી કટિંગ કરીને નોટમાં લગાવવું, રમતારમતા અભ્યાસ કરવો, પ્રશ્નોતરી, મૂકવાચન, મૂખવાચન, કાવ્ય ગાન, ઘડીયાગાન, શ્રુતલેખન, સુલેખન, શબ્દ રમત, અંતાક્ષરી,

પઝલ અને કોયડા સોલ્વ કરવી, વિષયવાર ક્વિઝ અને એકમ કસોટી લેવી, ચિત્ર દોરવા, અંગ્રેજી સ્પેલિંગ તૈયાર કરવા, નિબંધ લેખન, ઈકોકલબની પ્રવૃત્તિઓ વગેરે વ્યક્તિગત રીતે અથવા તો જૂથમાં કરાવવામાં આવે છે. (બાબુભાઈ મોર - કચ્છ - 9925640338, ચિરાગભાઈ ભાવસાર - આણંદ - 9824366921, ભાનુપ્રસાદ પંચાલ - આણંદ - 9737229670, વિપુલકુમાર દુધાત - પોરબંદર - 9725819327, માલવભાઈ સોલંકી - જુનાગઢ - 9714329193, નિશીથભાઈ જાની - અમરેલી - 9426999923, શ્રધ્ધાબેન રાવલ - તળાજા - 9638304001)

## (૨) પ્રશ્ન : શાળાના વિકાસ માટેના આયોજનના અસરકારક અમલીકરણ, જવાબદારીની ચકાસણી અને મુલ્યાંકન કરવા માટે સી.આર.સી. કો - ઓર્ડીનેટર્સ, શાળાના આચાર્ય અને શિક્ષકોએ ક્યાં પ્રયાસો કરેલ છે?

**તારણો**: સી.આર.સી કો-ઓર્ડીનેટર દ્વારા શાળામાં કરવામાં આવેલા પ્રયાસો નીચે મુજબ છે.

૧) શાળાનો વિકાસ બે બાબતો પર આધાર રાખે છે ૧) વહીવટી, ૨) શૈક્ષણિક. વહીવટી કાર્યોને પુરા કરવા સી.આર.સી. અને આચાર્ય પોતાના સમયનો બને તેટલો વધુ ઉપયોગ કરી ગુણવત્તાલક્ષી કાર્યો પુરા કરે છે. શૈક્ષણિક કાર્યો માટે શાળામાં શાળા વિકાસ પ્લાન બનાવતી વખતે સી.આર.સી. કો-ઓર્ડીનેટર, એસ.એમ.સી., શાળાનો સ્ટાફ, દાતાઓ, શિક્ષણવિદો, નિવૃત શિક્ષકોની સામેલગીરી આ તમામના અભિપ્રાય તથા સલાહ સૂચનો ધ્યાનમાં લઇ યોગ્ય આયોજન તૈયાર કરી દરેકની જવાબદારી નક્કી કરી નિશ્ચિત સમયે તેનું મુલ્યાંકન કરે છે.

૨) સરકારશ્રી તરફથી આવતી ગ્રાન્ટનો વ્યવસ્થિત ઉપયોગ થાય છે કે નહી તેની કાળજી લે છે.

3) CRC કક્ષાએ વિવિધ પ્રકારની સ્પર્ધાઓ તેમજ શાળાની દરેક બાબતોની યાદી તેમજ તેના કાર્યોની નોંધ કરી તેના પર  નિયંત્રણ, દેખરેખ, અને સતત માર્ગદર્શન પૂરું પાડીને મૂલ્યાંકન કરી પત્રકોની ચકાસણી કરે છે.

૪) RTE મુજબ શાળાની જરૂરીયાતોની સુનિશ્ચિત કરીને સી.આર.સી. કો-ઓર્ડીનેટર દરેક માહિતીનો તરત જ અમલ કરે છે.

૫) સી.આર.સી. અઠવાડિયે કે મહીને શાળાની મુલાકાત લઈ નબળા બાળકોને મધ્યમ કક્ષામાં લાવવા માટેના જરૂરી સૂચનો પુરા પાડે છે.

શાળાના આચાર્ય અને શિક્ષકોએ નીચે મુજબના પ્રયાસો કરેલા છે:

૧) એસ.એમ.સી. સભ્યોની તથા સ્ટાફની નિયમિત મીટીંગનું આયોજન કરી મીટીંગમાં કરેલ કામની સમિક્ષાનું વિવરણ કરે છે.

૨) શાળાના આચાર્ય દ્વારા ૧) શાળામાં ભાષા કુટીર, બાળકો માટે વાંચન, લેખન, ગણનની વ્યવસ્થા, ૨) સતત ગેરહાજર રહેતા બાળકોની મુલાકાત, તથા વાલી સંપર્ક અને ગ્રામસભા, 3) મૂલ્યાંકનની નવી બદલાયેલી પધ્ધતિમાં માર્ગદર્શન, ૪) કન્યાકેળવણી માટેના પ્રયાસો, ૫) બાળકો પાસે અભ્યાસક્રમ અનુસાર પ્રવૃતિઓ કરાવવી અને જરૂરિયાત મુજબ ભણાવવાની પદ્ધતિમાં જરૂરી સુધારા તથા તેમનામાં શિસ્ત જેવા ઔપચારિક ગુણોનો વિકાસ, ૬) મધ્યાહન ભોજનની ગુણવત્તાની નિયમિત ચકાસણી, ૭)

કમ્પ્યુટર દ્વારા શિક્ષણ, આનંદદાયક પ્રાર્થનાસભા, બોલતી દીવાલો, વાર્ષિક રમતોત્સવ, લોકફાળો એકઠો કરવો, ૮) શાળામાં ભૌતિક સુવિધાઓ જેવી કે કન્યાઓ માટે અલગ શૌચાલય, પાણીની ગંદકી દુર કરવા ગટર વ્યવસ્થા, પુસ્તકાલય, ઇલેક્ટ્રિક રોબોટ સાથે દરેક વર્ગખંડમાં લાઈટ ફીટીંગ, મધ્યાહ્ન ભોજનના પૂરતા વાસણો અને તેની સફાઈની વ્યવસ્થા, ગણવેશ, પ્રાયોગિક સાધનો અને રમતગમતના સાધનોની વ્યવસ્થા, ૯) માનસિક રીતે વિકલાંગ બાળકોને યોગ્ય શિક્ષણ તથા અસરકારક વાતાવરણ પૂરું પાડવું. ૧૦) શાળાના વહીવટી હિસાબોનું દસ્તાવેજીકરણ તથા કમ્પ્યુટરમાં જાળવણી, ૧૧) શાળામાં બાળમેળો, ગણિત - વિજ્ઞાન પ્રદર્શન, વકતૃત્વ સ્પર્ધા, સફાઈ અભિયાન, સમિતિની રચના, ચિત્ર સ્પર્ધા, રંગકામ, કાગળકામ પ્રશ્નોતરીનું આયોજન, સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન વગેરે જેવા પ્રયત્નો કરેલ છે.

નકારાત્મક પાસાઓ:

૧) સી.આર.સી ને પોતાનો કાર્યભાર વધુ હોવાથી તે વર્ગનું યોગ્ય મૂલ્યાંકન કરી શકતા નથી.

૨) શાળાકીય અસમાનતાને લીધે શાળાના વિકાસ માટેના આયોજનનું અસરકારક અમલીકરણનું અને દરેક બાળકને પાસ કરવાનો હોવાથી મૂલ્યાંકનનું મહત્વ રહેતું નથી

3) આપના મંતવ્યો મુજબ થોડા અંશે તાલુકા કક્ષાએ સી.આર.સીની અને શાળામાં શાળાના આચાર્યની જવાબદારી પ્રત્યે નકારાત્મક વલણ જાણવા મળ્યું અને થોડા અંશે સી.આર.સી.અને શાળાના આચાર્ય જાગૃત છે પરંતુ તેઓની નાણાંકીય રીતે સવલતો મળતી ન હોવાથી કાર્ય કરી શકતા નથી.

સૂચનો:

૧) શાળાના વિકાસના આયોજનનું માહિતીપત્ર શાળાના આચાર્ય પાસે હોવું જોઈએ અને સમયાંતરે તેનું મૂલ્યાંકન એસ.એમ.સી તથા સી.આર.સી. વગેરે દ્વારા થવું જોઈએ જેથી યોગ્ય દિશા નક્કી થઈ શકે.

૨) આચાર્ય દ્વારા માર્ગદર્શન અને શાળાના અન્ય શિક્ષકો સાથે સુમેળભર્યા સબંધો, વિષય અનુસાર જવાબદારી આપવી અને તેનું યોગ્ય પાલન થાય તે માટેની બાંહેધરી આપવી.

3) મૂલ્યાંકન કોને કેટલું કરવું તે નક્કી નથી જેથી ક્યારેક એવું થાય છે કે અમુક યોગ્ય મુદ્દાઓનું મૂલ્યાંકન ગામલોકો કરે છે.અને તે તેના મુજબ નિર્ણય લઇ લે છે જે યોગ્ય નથી. તેને કરતા સી.આર.સી., આચાર્ય, તથા શિક્ષકો દરેકના મૂલ્યાંકનના અલગ અલગ વિભાગ હોવા જોઈએ

આમ સી.આર.સી. કો-ઓર્ડીનેટર શાળાના આચાર્ય તથા શિક્ષકો દ્વારા બાળકોમાં કર્તવ્ય ભાવના વિકસે તથા તમામ વિષયોમાં પારંગત થાય તેવા પ્રયત્નો કરવા જોઈએ.

### (3) પ્રશ્ન: શાળા નવસર્જન માટે કરેલ પ્રવૃત્તિ અને પરિણામ ટૂંકમાં જણાવો.

**તારણ:** શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે.જવાબ આપવાની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ અને મોબાઈલ નંબર આપેલ છે.

૧) સામાજિક વિજ્ઞાન વિષય લાંબા સમય સુધી બાળકોને યાદ રહે તે હેતુથી શાળાના કોમ્પ્યુટર તેમજ ઈન્ટરનેટ કનેક્શન થકી શીખવાડવામાં આવે છે. બાળકો દ્રશ્ય-શ્રાવ્ય સાધન થકી કરેલ અભ્યાસ લાંબા સમય સુધી યાદ રાખી શકે છે તે શાળામાં લેવાતી ટેસ્ટ પરથી ખ્યાલ પડ્યો. (કિશોરભાઈ - ભાવનગર - ૯૦૧૬૧૭૨૬૭૬)

૨) શાળામાં જરૂરી એવા બદલાવ, નવી યોજનાનો અમલ અને યોગ્ય નિર્ણય લેતા પહેલા શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વાલી, એસ.એમ.સી.સભ્ય તથા ગામના લોકોને સમયાંતરે મીટીંગ બોલાવીને ઉપરોક્ત બાબત ચર્ચા કરવામાં આવે છે તથા આ નિર્ણય બાળકોને કઈ રીતે અસર કરશે તેની પણ ચર્ચા કરવામાં આવે છે તેમજ શાળામાં જોઈતું ફંડ અને જરૂરી એવી મદદ પૂરી પાડવા સહમત થાય છે. (રોહનભાઈ પટેલ - મહેસાણા - ૮૧૫૩૦૮૧૦૧૧, ઉષાબેન દીક્ષીત - ભાવનગર - ૯૪૨૬૪૫૫૮૪૮, પ્રદીપભાઈ ભટ્ટ - ભાવનગર - ૯૪૦૮૨૦૫૯૫૯, વસંતદાન ગઢવી - ૯૫૮૬૦૦૬૬૯૯, દિપાલીબેન મહીડા - આણંદ - ૯૪૦૮૮૬૫૧૯૬)

૩) એક શાળાની બાજુમાં જ મોટી ખાડ (ખાડો) હતો, શાળામાં કોઈ દીવાલ ના હોવાથી બાળકો માટે જોખમી હતું આથી શિક્ષક દ્વારા વારંવાર ગ્રાન્ટ માટે પ્રક્રિયા કરેલી પણ નિષ્ફળતા મળેલી, શિક્ષકે ગામના લોકો તેમજ દાતાને આ બાબત ધ્યાન દોર્યું અને ગામ તેમજ દાતાના ફાળાના સહારે શાળામાં દીવાલ થઇ છે તેમજ બાળકોની ખાડામાં પડી જવાની શક્યતા ઓછી થઈ છે. (અનિલભાઈ મકવાણા - સુરેન્દ્રનગર - ૯૯૭૯૦૦૨૦૦૨)

૪) ગામમાં ZEROX મશીન હતું નહિ. આથી ગામના લોકોને ZEROX નું કામ હોય કે પછી શાળાના વહીવટી તેમજ શૈક્ષણિક પેપરનું ZEROX કાઢવાનું કામ હોય, બધું જ કામ પૂર્ણ કરવામાટે ગામ થી દુર આવેલ ગામમાં જવું પડતું.આ સમસ્યાનો અંત વાલીસંમેલનમાં ગામના લોકોને આ સમસ્યા અંગે જાણ કરવામાં આવી. વાલીસંમેલનના ફાળા થકી શાળામાં એક ZEROX મશીન લીધું જેનો ઉપયોગ શાળા તેમજ ગામના લોકો કરે છે. (અશ્વિનભાઈ નકુમ - ગીરસોમનાથ - ૭૮૭૪૦૭૮૭૬૨)

૫) શાળાના બાળકો પણ પ્રાઇવેટ શાળાના બાળકોની જેમ જ ડીજીટલ કલાસ રૂમ વડે ભણે તે હેતુથી ગામના લોકો તેમજ દાતા ના સહયોગ વડે શાળામાં એક ડીજીટલ ક્લાસનું નિર્માણ કરવામાં આવ્યું જેમાં કોમ્પ્યુટર, પ્રોજેક્ટર તેમજ જરૂરી એવી ઈ-શૈક્ષણિક મટીરીયલ (CD, DVD, Pen-Drive, Educational Software, etc.) ઉપલબ્ધ કરાવ્યું જેથી બાળકો ડીજીટલ પદ્ધતિથી અભ્યાસ કરી શકે. (સેવકભાઈ ચૌધરી - વડોદરા - ૭૮૭૪૦૬૩૬૪૬, કુલદીપભાઈ ચૌહાણ - ખેડા - ૯૪૨૮૩૧૪૯૦૪, સંજયભાઈ મેદપરા - અમરેલી - ૯૮૭૯૩૫૭૯૨૩, નીકુલભાઈ સથવારા - મહેસાણા - ૯૭૨૫૧૨૫૬૦૬, કાન્તિલાલ મકવાણા - જામનગર - ૯૭૨૪૭૫૪૦૫૪, જલાલુદીન વોહરા - અમદાવાદ - ૯૮૯૮૩૭૩૭૫૫)



# શાળા સમુદાય સબંધો

**(૧) પ્રશ્ન: આપે આપની શાળાના બાળકોના વાલીઓ સાથે સંપર્ક બનાવી રાખવા જો કોઈ પ્રવૃત્તિ કરી હોય તો ટૂંકમાં જણાવો.**

**તારણ:** શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે.જવાબ આપવાની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ પણ આપેલ છે.

૧) શાળામાં લેવાતી પ્રકરણ પ્રમાણેની કસોટીના માર્ક્સ (ગુણ) www.fullonsms.com નામની SMS WEBSITE નો ઉપયોગ કરીને બાળકે મેળવેલ ગુણનો મેસેજ વાલીના મોબાઈલમાં મોકલવામાં આવે છે. (ડોબરિયા શીતલબેન - સાવરકુંડલા)

૨) શાળામાં સમયાંતરે બાળકોના વાલી સાથે સરળતાથી સંપર્ક કરવા માટે શાળામાં બાળકોના વાલીઓના મોબાઈલ નંબરની ચોપડી (ડીક્ષનરી) બનાવવામાં આવી છે, જેના થકી શાળામાં ગેરહાજર રહેતા વિદ્યાર્થીની વાલી ને જાણકાર કરવામાં આવે છે અને તેને હાજર કરવામાં આવે છે તથા શાળાનું પરિણામ મેસેજ દ્વારા દ્વારા જાણ કરવામાં આવે છે. (બોડા સંદિપભાઈ - કચ્છ, રાવલ અલ્પેશભાઈ - સુરેન્દ્રનગર)

૩) શાળામાં દર ૧૫ દિવસે એક વાર વાલી મીટીંગ બોલાવવામાં આવે છે જેમાં તેમના બાળકે ૧૫ દિવસ દરમિયાન કરેલી પ્રગતિની જાણ કરવામાં આવે છે તથા પ્રગતિકાર્ડ માં વાલીના હસ્તાક્ષર લેવામાં આવે છે. (રીયાજલી ફેજલી - દાહોદ)

૪) શાળામાં ધોરણ પ્રમાણે બાળકોના વાલીઓના મોબાઈલ નંબરની ચોપડી જે તે ધોરણના શિક્ષકને આપેલ છે જે બાળક ગેરહાજર હોય તેના વાલીને તે ધોરણના શિક્ષક ફોન કરીને કારણ જાણે છે જો તે બાળક વગર કારણ ગેરહાજર રહ્યો હોય તો તેને શાળાએ હાજર કરવામાં આવે છે. (અરદેશણા બીપીનભાઈ - જુનાગઢ)

૫) શાળામાં એસ.એમ.સી. સભ્યોને ફળિયા પ્રમાણે ગેરહાજર રહેતા બાળકોને શાળામાં હાજર કરવા માટે ની જવાબદારી આપવામાં આવી છે. શાળામાં જે બાળક ગેરહાજર રહ્યા હોય તેની જાણ શિક્ષક ફોન દ્વારા એસ.એમ.સી.સભ્યને કરે છે અને એસ.એમ.સી. સભ્ય ગેરહાજર રહેનાર ના ઘરે જઈને તપાસ કરે છે અને બાળકને શાળાએ મોકલે છે. (સોની અમિતભાઈ - મહેસાણા)

**(૨) પ્રશ્ન : સમાજ સરકારી શાળામાં મળતું શિક્ષણ અને સુવિધા જાણે અને પોતાના બાળકોને સરકારી શાળામાં ભણાવે તે માટે કરેલ પ્રવૃત્તિ અને પરિણામ ટૂંકમાં જણાવો.**

**તારણ:** શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે.જવાબની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ પણ આપેલ છે.

૧) શાળામાં સમયાંતર વાલી મીટીંગનું આયોજન કરવામાં આવે છે, આ મીટીંગમાં શાળામાં કરવામાં આવેલ વિવિધ પ્રવૃતિઓ તથા હવે પછીના મહિનામાં શું કરવાનું છે તેની જાણ વાલી, એમ.એસ.સી. સભ્ય તેમજ ગામના લોકોને જણાવવામાં આવે છે. (માધવીબેન ડોબરિયા - રાજકોટ - 7383826316)

૨) ગામમાં જ સરકારી અને પ્રાઇવેટ શાળા એમ બંને હતી આ શાળા વચ્ચેનો તફાવત સમજાવવામાં શાળાના શિક્ષક તેમજ આચાર્ય વિદ્યાર્થીઓના વાલીને શાળામાં અથવાતો ગામમાં જ્યાં મળે ત્યાં તેમના બાળકને કઈ જગ્યાએ અભ્યાસ કરે તો સારું થશે તે સમજાવવામાં આવે છે. (નિયતીબેન પટેલ - ગાંધીનગર - 7600031823, સોહમભાઈ ઠાકોર - પાટણ - 8000962233)

૩) શાળામાં અભ્યાસ કરતાં બાળકોના સહારે શાળામાં ચાલતી પ્રવૃત્તિ તેમજ ઉપલબ્ધ સુવીધાઓ તમામ વિદ્યાર્થીની બુકમાં લખવામાં આવી અને તેમને સુચના આપવામાં આવી કે આ બુક ઘરની આજુબાજુ જે રહે તેને બતાવવાની જેથી કરીને પડોશીઓ શાળા વિશે પરિચિત થાય અને પોતાના બાળકને સરકારી શાળામાં મુકવા માટે પ્રેરાય. (પાયલબેન શાહ - આણંદ - 8128685940)

૪) ધોરણ ૧ થી ૫ ના બાળકોને સરકારી શાળામાં કેમ નામાંકરણ કરવું, સરકારી શાળામાં અપાતી વિવિધ સહાયો, કોમ્પ્યુટર શિક્ષણ, પ્રજ્ઞા અભિગમ, લાઈફ સ્કીલ, બાળમેળા, યોગ શિક્ષણ, પ્રવૃતિલક્ષી શિક્ષણ, વિજ્ઞાન મેળા, વ્યાયામ સંમેલન, વકૃત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, ક્વીઝ કોમ્પીટીશન વગેરેની વિસ્તૃત સમજ વાલીઓ, ગામના લોકો તેમજ એસ.એમ.સી.સભ્ય વગેરે ને ઉનાળાના વેકેશનમાં જ "સમર કેમ્પ", વાલી મીટીંગના માધ્યમ દ્વારા સમજાવવામાં આવ્યું. (રાકેશકુમાર લેઉવા - મહેસાણા - 9426234120, બાબુભાઈ પ્રણામી - સાબરકાંઠા - 9426142206, અલેકાર લતાબેન - વડોદરા - 9099325981, અશ્વિનભાઈ પટેલ - સુરેન્દ્રનગર - 9427665972,નટવરભાઈ વાઘેલા - મહેસાણા - 9427682687, રામજીભાઈ રોટાટર - બનાસકાંઠા - 9726658508)

૫) શાળામાં વર્ષ દરમિયાન ચાલતી શાળાકીય પ્રવૃત્તિ વિશે આજુબાજુના વિસ્તારમાં રહેતા લોકો અવગત થાય તે હેતુથી શાળા દ્વારા પત્રિકા તેમજ શાળા મુખપત્ર છપાવવામાં આવે છે અને તેને ગામના લોકો તેમજ વાલીના વ્હોટસએપ પર તેમજ વિદ્યાર્થી દ્વારા તેને ઘર ઘર સુધી પહોચાડવામાં આવે છે. (દીપકકુમાર લકુમ - આણંદ - 9099584080, ભામીનીબેન મિસ્ત્રી - બનાસકાંઠા - 9429310192, અજીતભાઈ ચાવડા - સુરેન્દ્રનગર - 9662297298)

૬) શાળામાં વર્ષ દરમિયાન ચાલતી શાળાકીય પ્રવૃત્તિ વિશે આજુબાજુના વિસ્તારમાં રહેતા લોકો અવગત થાય તે હેતુથી સમાચારપત્ર અને ન્યુઝ ચેનલ ના માધ્યમથી લોકલ એરિયામાં સમાચાર આપવામાં આવે છે. (કૌશિક પ્રજાપતિ - સુરેન્દ્રનગર - 9427711480, સતીષકુમાર પરમાર - રાજકોટ - 9558554560)

૭) શાળાની માહિતી સમાજ સાથે શેર કરવા માટે ફેસબુક પર પેજ બનાવેલ છે. (ગીરીશભાઈ ચૌધરી - દાહોદ - 9726765229, કરશનસિંહ મોરી - ભાવનાગર - 9737807621, નેહાબેન મહેતા - કચ્છ - 9825021610)

**(3) પ્રશ્ન:આપ શિક્ષક દ્વારા શાળાના ભૂતપૂર્વ વિધાર્થી કે શિક્ષિત ગામલોકોના સહકારથી વર્તમાન વિધાર્થીના શિક્ષણમાં સુધારો કરવા કરેલ પ્રવુતિ અને તેનું પરીણામ ટૂંકમાં જણાવો.**

**તારણ:** શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે. જવાબની સાથે શિક્ષકનું નામ અને મોબાઈલ નંબર પણ આપેલ છે.

૧) “વાલીશાળા” અંતર્ગત શાળા જેવી જ શાળા સાંજે 5:30 થી 7:30 દરમિયાન નક્કી થયેલ એક વાલીના ઘરે ૧ થી ૫ અને બીજા વાલી ઘરે ૬ થી ૮ ધોરણના વર્ગ ચાલે છે. વાલી શાળામાં શાળાના ભૂતપૂર્વ વિધાર્થીઓ, શાળા શિક્ષકો, વિશેષ કૌશલ્ય ધરાવતા વાલીઓ દ્વારા બાળકોને ભણાવવામાં આવે છે. દર મહિના બે વખત ગામના ચોરે મહાશાળાનું આયોજન કરવામાં આવે છે. આ મહાશાળામાં વાલીશાળામાં ૧૫ દિવસ દરમિયાન થયેલ કામગીરી, બાકીના ૧૫ દિવસની કામગીરીનું આયોજન અને વાલીશાળામાં નડતી મુશ્કેલીનું સમાધાન કરવામાં આવે છે. વાલી શાળા માટે જગ્યાનું સ્થળ (વાલીનું ઘર) દર ૧૫ દિવસે બદલવામાં આવે છે. આ રીતે ભૂતપૂર્વ વિધાર્થી કે શિક્ષિત ગામલોકોના સહકારથી વર્તમાન વિધાર્થીના શિક્ષણમાં સુધારો કરવામાં આવે છે. (પુજાબેન પ્રવીણભાઈ પૈજા - રાજકોટ - 9825424661, ગૌતમભાઈ જયશુખલાલ ઇન્દ્રોડીયા - રાજકોટ - 9426516945)

૨) શાળાના ભૂતપૂર્વ વિધાર્થી કે શિક્ષિત ગામલોકોના ખેતરનો ઉપયોગ શિક્ષણમાં કરવામાં આવે છે.આ ખેતરે બાળકોને લઈ જઈ પાકની વાવણી, કાપણી, ખાતર, ઋતુ અનુસાર પાકનું વાવેતર, ખેતીના ઓજારો, જમીનના પ્રકારો, પાકોની વિશેષતા અને પાકોમાં થતા રોગ અને પર્યાવરને લગતી શિક્ષણમાં ઉપયોગી માહિતી બાળકોને આપવામાં આવે છે. (રામજીભાઈ હેમરાજભાઈ રોટાતર - બનાસકાંઠા - 9726658508)

૩) શાળામાં ધોરણ ૮ પાસ કરી જનાર કન્યાઓનું લિસ્ટ બનાવવામાં આવે છે. જે કન્યા આર્થિક કારણોસર આગળ અભ્યાસ ન કરી શકે તેના વાલીને સમજાવી શાળાના ભૂતપૂર્વ વિધાર્થી, શિક્ષિત ગામલોકો કે શાળા પરિવાર દ્વારા આર્થિક મદદ કરવામાં આવે છે. (પ્રજ્ઞેશભાઈ પટેલ - સુરત - 7046741314)

૪) “ટોળીનાયક” અંતર્ગત ચાર ફળિયા વાઇઝ ટોળીનાયક બનાવેલ છે. તે ટોળીનાયક તેના ફળિયાના તમામ બાળકોને દરરવિવારે એક કલાક ભણાવે. ટોળીનાયકને શિક્ષક દ્વારા શું અને કેવી રીતે ભણાવવું તેની માહિતી આપવામાં આવે છે. આ પ્રવૃતિનુ મૂલ્યાંકન કરવા સપ્તાહમા એકવાર ટોળીનાયક દ્વારા ભણાવેલ મુદાને અનુલક્ષી કસોટી લેવામાં આવે છે. (પિન્ટુબેન બાપુજીભાઈ પટેલ - દાહોદ - 8980590917)

૫) “દત્તક યોજના” અંતર્ગત શાળાના ભણવામાં હોશિયાર બાળકો ભણવામાં નબળા બાળકોને દત્તક લે છે.દરરોજ નક્કી કરેલ એક શિક્ષકની હાજરી શાળા સમય પહેલા એક કલાક પહેલા આવી હોશિયાર બાળકો ભણવામાં નબળા બાળકોને ભણાવે છે. (આશાબેન કોટેચા - જામનગર - 9099459287)

૬) "શાળા મિત્ર મંડળ" અંતર્ગત શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, શિક્ષિત અને વિશેષ કૌશલ્ય ધરાવતા ગામલોકો અને શાળા પરિવારનું મંડળ બનાવવામાં આવ્યું છે. આ મંડળ આખ્યાન, ક્રિકેટ મેચ, પ્રસંગોપાત મળેલા દાન વગેરે આવકના સાધનો ઉભા કરીને શાળાની ઘટતી ભૌતિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવે છે.તેમજ જરૂરીયાતમંદ બાળકોને આર્થિક સહાય કરે છે. (કરણસિંહ મોરી - ભાવનગર - 9737807621)

**(૪) પ્રશ્ન: શું આ પ્રકારની પ્રવુતિ આપના જીલ્લામાં શરૂ થાય તેવું ઈચ્છો છો?શું આપે શાળા કક્ષા એ જ વિધાર્થીઓ દ્વારા શાળાની માહિતી ગામલોકો સુધી પહોચાડવા માટે કોઈ પ્રવુતિ કરેલ છે? પ્રવુતિની ટૂંકમાં વિગત જણાવો.**

**તારણ:** શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે. જવાબની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ પણ આપેલ છે.

૧) ૯૯% શિક્ષકો ઈચ્છે છે કે આ પ્રકારની પ્રવુતિ તેમના જીલ્લામાં શરુ થાય.

૨) શાળા દ્વારા પ્રકાશિત થતું સેતુ સાપ્તાહિક વિધાર્થીઓના ઘરે મોકલવામાં આવે છે. (વિનોદકુમાર હિરાણી - જી. બોટાદ)

૩) શાળાની થતી પ્રવુતિની જાહેરાત લોકલ ન્યુઝપેપર અને બ્રોસર દ્વારા ગામલોકો સુધી પહોચાડામાં આવે છે. (તુલસીભાઈ મકવાણા - દુધરેજ પ્રાથમિક શાળા - જી. સુરેન્દ્રનગર, કૌમિકકુમાર પટેલ - જી. મહેસાણા, રમેશચંદ્ર પટેલ - જી. ભરૂચ, અશોકભાઈ પરમાર - જી. કચ્છ, રોહિતકુમાર રાવળ - જી. મહેસાણા, દેવાંગીબેન બારૈયા - જી. જામનગર)

૪) બાળકના જન્મદિવસે ગુલાબના બદલે શાળામાં થતી પ્રવુતિઓની માહિતી વાળુ કાર્ડ આપવામાં આવે છે.આ કાર્ડ ગામલોકોને બતાવે છે. (દિનેશભાઈ પટેલ - જી. મહેસાણા, લાલજીભાઈ પંચાલ - જી. અમદાવાદ)

૫) શાળામાં થતી પ્રવુતિઓની માહિતી સાથે રેલી ગામમાં યોજી શાળાની પ્રવુતિની ગામલોકોને જાણ કરવામાં આવે છે. (મુનીબા શૈખ - જી. અમદાવાદ, મનાલીબેન દેસાઈ - જી. સુરત)

૬) શાળામાં થતી પ્રવુતિના ફોટો અને વિડીયોની સી.ડી.બનાવી,લોકલ ટી.વી.કેબલમાં અને ગામમાં બેનરો લગાવીને શાળામાં થતી પ્રવુતિના માહિતી ગામલોકોને આપવામાં આવે છે. (લહેરીકાંત ગરવા - જી. કચ્છ, અમિતકુમાર સોની - જી. મહેસાણા, દિપકકુમાર પંચાલ - જી. પાટણ)

૭) શાળાના દરેક વિધાર્થીને વ્યક્તિગત ફાઈલ આપેલ છે જેમા તેમણે કરેલી કૃતિ પર તેમના વાલીની સહી લેવાય છે આ રીતે ગામલોકોને માહીતગાર કરવામાં આવે છે. (જયદેવસિંહ ડોડિયા - જી. બોટાદ, રતિલાલ કણઝરિયા - જી. સુરેન્દ્રનગર)

૮) શાળામાં થતી પ્રવૃત્તિનો વીડિયો વિદ્યાર્થીઓ ઉતારે છે અને તેને શાળાની યુટ્યુબ ચેનલ પર અપલોડ કરવામાં આવે છે. આશરે ૩૦૦ થી વધુ વીડિયો યુટ્યુબ ચેનલ મુકેલ છે આ રીતે ગામલોકો ને શાળાની પ્રવુતિ જાણકારી આપવામાં આવે છે. (લક્ષ્મણભાઈ ચૌધરી - જી. પાટણ)

લિંક: http://www.youtube.com/watch?v=xy6yl3oW8pY

૯) દર રવિવારે શાળાની પ્રવુતિની માહિતી પ્રોજેકટર દ્વારા ગામલોકોને બતાવવામાં આવે છે. (જીજ્ઞેશકુમાર - જી. અમદાવાદ)

**(૫) પ્રશ્ન: મજુરીકામ માટે ૬ થી ૭ મહિના માટે ગામ બહારથી આવતા કુટુંબના બાળકોના અભ્યાસ માટે આપની શાળા દ્વારા કોઈ નવીન પ્રવૃત્તિ કરવામાં આવેલ છે? તેની ટૂંકમાં માહિતી આપો.**

**તારણ**: કુલ ૨૪૨ શિક્ષકે જવાબ આપેલ જેમાંથી ૧૮૫ શિક્ષક દ્વારા મજૂરીકામ માટે ૬ થી ૭ મહિના માટે બહાર ગામથી આવતા કુટુંબના બાળકોના અભ્યાસ માટે કંઇક ને કંઇક પ્રવૃત્તિ કરેલ છે.આ પ્રવૃતિ નીચે મુજબ છે.

૧) શિક્ષક દ્વારા બહારગામથી મજૂરીકામ માટે આવેલ કુટુંબની વ્યક્તિગત મુલાકાત કરવામાં આવે છે અને તેમના બાળકનું નામ શાળામાં અભ્યાસ માટે નોંધણી કરવા આવે છે.

૨) માતા-પિતા મજૂરીકામ માટે ઘરે થી સવારના ગયા હોય તેથી ઘરની જવાબદારી અને ઘરકામ વિદ્યાર્થીની ઉપર આવે. આવી વિદ્યાર્થીનીઓને શાળાના શિક્ષક વ્યક્તિગત મુલાકાત લઈને તેમને શાળાએ થોડું મોડું થાય તો પણ શાળા એ આવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે.જેથી ઘરકામ પણ પૂર્ણ થઈ જાય અને વિદ્યાર્થીનીનો અભ્યાસ અધુરો ના રહે.

૩) મંજૂર કુટુંબમાંથી આવતા બાળકના માતા-પિતા પાસે આર્થિક સ્થિતિ સારી ના હોવાથી તેઓ બાળકને શાળાએ જોઇતી વસ્તુ જેવી કે બેગ, ચોપડા, પેન, પેન્સિલ અને કપડા વગેરે આપી શકતા નથી.આ બાળકને શાળા પરિવાર તથા દાતા તરફથી તમામ સુવિધા આપવામાં આવે છે જેથી બાળક પોતાનો અભ્યાસ શરુ રાખી શકે.

૪) અમુક કુટુંબ ૬ થી ૭ મહિના અથવા તેના કરતા ઓછા સમય માટે મજૂરીકામ થી આવતા હોય છે, કામ પતી ગયા બાદ કોઈ બીજી જગ્યાએ સ્થળાંતર કરતા હોય છે. આ પરિસ્થિતિમાં બાળકનો અભ્યાસ ગુંચવાય ના જાય તે હેતુથી શાળાના શિક્ષક દ્વારા જ બાળકને "માઈગ્રેશન સર્ટિફીકેટ" આપવામાં આવે છે તથા તે કુટુંબ જે ગામ જઈ રહ્યું છે, તે ગામની શાળાના શિક્ષકનો સંપર્ક કરીને બાળકનો શાળામાં પ્રવેશ કરાવી આપે છે.

### (૬) પ્રશ્ન: આ પ્રવૃત્તિ કરાયા પછી તેનું પરિણામ શું આવ્યું?

**તારણ**: ૧૮૫ શિક્ષક કે જેઓએ નવીન પ્રવૃત્તિ કરીને નીચે મુજબ પરિણામ મેળવેલ છે.

૧) શાળામાં ઘરકામ કરીને આવવાની છૂટ આપવામાં આવતી જેથી બાળકો શાળાએ વિનાસંકોચે થોડા મોડા આવતા હતા પણ ગેરહાજર ન હોતા રહેતા.

૨) આ બાળકો બીજા શાળાના બાળકો સાથે રમત-ગમતની પ્રવૃત્તિ દ્વારા એક બીજાની નજીક આવતા હતા અને સરળતાથી હળીમળી જતા હતા.

૩) મજૂરી પૂરી થયા પછી બીજા ગામ ગયા પછી પણ અભ્યાસ ચાલુ રહેતો હોવાથી વિદ્યાર્થીનો ડ્રોપઆઉટ રેશિયો બહુ ઓછો થયો છે.

૪) શાળામાં બાળકોને જરૂરી સામગ્રી વિનામૂલ્યે આપવામાં આવતી હતી જેથી માતા-પિતા ને કોઈ નવો ખર્ચ કર્યા વગર બાળકને શાળાએ મોકલતા થયા છે.

### (૭) પ્રશ્ન: આપ તથા આપની શાળાના એસ.એમ.સી સભ્યોએ શાળામાં લોકભાગીદારી અને લોકોની શિક્ષણ પ્રત્યેની જાગૃતિ માટે કેવા પ્રયત્નો કરેલ છે? તેનું શું પરિણામ જોવા મળ્યું.

**તારણ:** શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે. જવાબ આપવાની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ અને મોબાઈલ નંબર પણ આપેલ છે.

૧) "લક્ષ્મી બાલિકા મંડળ" અંતર્ગત લોકભાગીદારી દ્વારા નાણા એકઠા કરી આર્થિક રીતે નબળા બાળકોને પ્રાથમિક પછી આગળ અભ્યાસ કરવા માટે આર્થિક સહાય કરવામાં આવે છે. (વિનોદભાઈ હિરાણી - બોટાદ - 9879242828)

૨) "શેરી પ્રાર્થના" અંતર્ગત ગેરહાજર અથવા અનિયમિત વિધાર્થીના ફળિયા અથવા શેરીમાં પ્રાર્થનાનું આયોજન કરવામાં આવે છે.વાલીઓને પણ પ્રાર્થનામાં આમંત્રણ આપી ગેરહાજર અથવા અનિયમિત વિધાર્થી ની સમસ્યાનું લોકભાગીદારી દ્વારા સમાધાન કરવામાં આવે છે. (મુકુંદભાઈ ઠાકર - અમરેલી - 9429223303)

3) "વાંચે ગુજરાત" અંતર્ગત 3000 પુસ્તકોનો ઝોલા પુસ્તકાલય દ્વારા શાળા સમય બાદ બે - મોટા થેલામાં વિવિધ વિષયોને લગતા પુસ્તકો ભરીને ગામ વચ્ચે પાથરણું પાથરી તેમાં પુસ્તકો પાથરી અને લોકોને રસ પડે તે વિષયનું પુસ્તક ગામલોકોને વિના મૂલ્યે વાંચવા આપવામાં આવે છે.વાંચકનું નામ ટેલિફોન નંબરની નોંધ કરી બીજા અઠવાડીએ તે વાચકના ઘરે પહોંચી વાંચવા આપેલું પુસ્તક પરત મેળવી અને બીજું પુસ્તક વાંચવા જોઇતું હોય તો તે આપવામાં આવે છે. આ પ્રવુતિ દ્વારા ગામલોકોની શિક્ષણ અને શાળા પ્રત્યે જાગૃતતામાં વધારો થયો. (અતુલકુમાર રામાનુજ - સુરેન્દ્રનગર - 9979497014)

૪) "આજ આનંદ મારે આંગણે રે લોલ" અંતર્ગત જે બાળક ના ઘરે આનંદ નો પ્રસંગ આવ્યો હોય ત્યારે તેમના વાલીને શાળામાં પ્રાર્થના સભામાં બોલવા માટે આમંત્રિત કરવામાં આવે છે.વાલી પોતાના અનુભવ અને આર્થિક યોગદાન આપી શાળામાં પોતાની ભાગીદારી નોધાવે. (લખનભાઈ જોશી - ભાવનગર - 9428182365)

૫) બાળ સૈનિક દળ, ગામના યુવાનો માટે યુવાકેન્દ્ર અને બાળકો માટે બાળકેન્દ્ર જેવી વિવિધ પ્રવુતિ દ્વારા ગામ લોકોની શાળામાં ભાગીદારી વધારી શાળા અને ગામમાં શિક્ષણ પ્રત્યે જાગૃતતા વધારી. (વિનોદસિંહ ચૌહાણ - ભાવનગર - 9586103995)

૬) લોકભાગીદારી દ્વારા શાળાના બાળકો માટે પ્રવાસ ફંડ અને રમતગમત ફંડ મેળવી બાળકોને શૈક્ષણિક પ્રવાસ અને બાળકો રમતગમત ક્ષેત્રે આગળ વધે તેવા પ્રયત્નો કરવામાં આવે છે. (મનસુખભાઈ પ્રજાપતિ - આંણદ - 8128689504)

૭) શાળામાં મહિનામાં એક દિવસ વાલીઓને બોલાવી તેમના બાળકોની શૈક્ષણિક પ્રગતિ અને શાળામાં થયેલ પ્રવુતિમાં બાળકોની ભાગીદારી જણાવી વાલીઓના અભિપ્રાય લેવામાં આવે છે. (કૌમિકકુમાર પટેલ - મહેસાણા - 9427546775)

**(૮) પ્રશ્ન: તારીખ ૨૫ જૂન ૨૦૧૬ ના રોજ શાળાને લગતી સમસ્યાઓનો પ્રશ્ન પુછવામાં આવેલ હતો. તે અંતર્ગત શિક્ષકો દ્વારા જણાવવામાં આવેલ સમસ્યાઓમાંથી સાતમાં ક્રમની મુખ્ય અને**

**સૌથી વધુ શાળામાં જોવા મળતી સમસ્યા છે કે, શાળાની એસ.એમ.સી. જાગૃત નથી અને શાળાને લોકસહકાર મળતો નથી.**
**શાળાની એસ.એમ.સી. જાગૃત થાય અને શાળાને લોકસહકાર મળે તે માટે કરેલ પ્રવુતિ અને તેનું પરિણામ ટૂંકમાં જણાવો.**

**તારણ**: શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે. જવાબ આપવાની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ અને મોબાઈલ નંબર પણ આપેલ છે.

૧) શાળાની એસ.એમ.સી. નિષ્ક્રિય રહે તો બાળકો, શાળા અને સમાજને થતું નુકશાન વિશે એસ.એમ.સી. સભ્યોને શાળાની આજુબાજુના વિસ્તારના પ્રતિષ્ઠિત વ્યક્તિ  દ્વારા સમજાવવામાં આવ્યા. (પરેશકુમાર ચૌહાણ - ભાવનગર - 9428221766)

૨) શાળાની એસ.એમ.સી. અને ગામલોક દ્વારા વર્ષથી ૨૦૦૪ એવો ઠરાવ કરવામાં આવ્યો છે કે ગામમાં કોઈ ધાર્મિક કાર્યક્રમ થાય તો તેની ૨૫ ટકા રકમ શાળાને આપવામાં આવે તેમાંથી શાળા પોતાની આર્થિક જરૂરિયાત પૂરી કરવામાં આવે છે. (કમલેશભાઈ લીલા - રાજકોટ - 9601840333)

3) સમૂહપ્રાથના કે અન્ય કોઈ કાર્યક્રમ દરમિયાન શાળાના ૪૦૦ બાળકો એક સાથે બેસી શકે તેવી કોઈ વ્યવસ્થા શાળા પાસે ન હતી. આ અંગે એસ.એમ.સી. સભ્યો અને ગામલોક સાથે ચર્ચા કરતાં તેમણે ચાર લાખ જેટલી રકમ એકઠી કરી ૧૮૦૦ ચોરસ ફૂટ ના ઇન્ડસ્ટ્રીયલ શેડ નું નિર્માણ કરવામાં આવ્યું. (અશ્વિનભાઈ પ્રજાપતિ - ગાંધીનગર - 9724089181)

૪) "ખાટલા બેઠક" અંતર્ગત શાળામાં એસ.એમ.સી. મીટીંગનું આંમત્રણ એસ.એમ.સી. સભ્યો તેમના બાળકો દ્વારા પોસ્ટકાર્ડ લખીને આપવામાં આવતું અને હાજર ન રહેનાર એસ.એમ.સી.સભ્યની ઘરે બીજા મહિનાની એસ.એમ.સી. મીટીંગનું આયોજન કરવામાં આવતું. (જયેશભાઈ પટેલ - અરવલ્લી - 9638649495)

૫) એસ.એમ.સી. ના સભ્યો કે  સ્થાનિક લોકોમાંથી શાળા માટે સારું કાર્ય કરનારને શાળા પરિવાર તેમજ ગામનાં લોકો દ્વારા બિરદાવવામાં આવે. તેઓએ કરેલ સારી કામગીરીનો તેમના બાળકો સામે, વર્તમાનપત્ર, ટેલિવિઝન કે અન્ય સામાજિક માધ્યમો દ્વારા પ્રચાર પ્રસાર કરવામાં આવે છે. (પંકજભાઈ પરમાર - જામનગર - 9978457656, ગોવિંદભાઈ ચૌધરી - કચ્છ - 7874065135)

૬) "એસએમએસ સેતુ" અંતર્ગત શાળાના તમામ બાળકોના શિક્ષણ રેકોર્ડ, શાળાની સમસ્યા, શાળાની જરૂરિયાત અને પોતે કઈ રીતે ઉપયોગી થઇ શકે તેનો એસએમએસ દરેક વાલી, એસ.એમ.સી. ના સભ્યો અને ગામની પ્રતિષ્ઠિત વ્યક્તિ મોકલી તેમને સહકાર આપવા જણાવવામાં આવે છે. (કરશનકુમાર કાળાભાઈ - કચ્છ - 9687835710)

**(૯) પ્રશ્ન: આપની શાળામાં એસ.એમ.સી. સભ્યો આપને નવીન પ્રવુતિઓ કરવા માટે મદદ કરે છે?**

**તારણ**: એસ.એમ.સી. સભ્યો શિક્ષકોને નીચેની નવીન પ્રવુતિઓ કરવામાં મદદ કરે છે:

૧) એસ.એમ.સી. સભ્યો શાળાની અવાર નવાર મુલાકાત લે તેમજ પ્રવૃતિઓનું નિરીક્ષણ કરી અને તેમાં સુધારા સૂચવે છે અને તેનું આયોજન કરી શિક્ષકોને જાણ કરે છે.

૨) શાળામાં સભ્યોએ મધ્યાહ્ન ભોજન રૂમ, પાણીની, પ્રાર્થના હોલ બાંધકામ ની સમસ્યા નિવારવામાં મદદ કરેલ છે.

૩) શાળા અમુક વિદ્યાર્થીઓ સતત ગેરહાજર રહેતા અને ધોરણ ૮ થી અમુક વિદ્યાર્થીનીઓ શાળામાં આવતી નહોતી. એસ.એમ.સી. સભ્યોએ તેમને અને તેના વાલીઓને શિક્ષણનું મહત્વ રૂબરૂ મુલાકાત દ્વારા સમજાવ્યું અને તેઓ શાળામાં આવતા થયા.

૪) એસ એમ સી ના સભ્યો શાળામાં સ્વચ્છતા અભિયાનમાં, વ્યસન મુક્તિ અભિયાન, ચિત્ર સ્પર્ધા અને વકતૃત્વ સ્પર્ધામાં, જ્ઞાન સપ્તાહ, વાલી સંમેલન જેવા કાર્યક્રમની ઉજવાણી કરવા અને લોકોને જાગૃત કરવામાં મદદ કરે છે.

૫) શાળામા સભ્યો દ્વારા બાળકોના બેન્ક એકાઉન્ટ ખોલાવવામા તેમજ શાળાના બગીચા માટે ફાળો એકત્રીત કરવો, બાળકોને આઇકાર્ડ આપવામાં, નબળા વર્ગના બાળકો માટે શુઝ તેમજ લેશનડાયરી માટે ફાળો અપાવવો જેવા કાર્યોમા સક્રિય ભાગીદારી પ્રાપ્ત થયેલ છે.

૬) મહિલા સશક્તિકરણ કાર્યક્રમની ઉજવણી બાબતે જ્યારે મિટિંગ રાખવામા આવી ત્યારે મહિલા સંમેલન માટે જે કાર્યક્રમ કરવાનો હતો તેનું આયોજન કરવામાં મદદ કરી અને ત્યાર પછી બહોળી સંખ્યામાં સ્ત્રીઓને શાળામાં આ કાર્યક્રમમાં હાજર રહેવા બાબતે અને કાર્યક્રમના પ્રચાર બાબતે એસ.એમ.સી. સભ્યોએ ખૂબ સહયોગ આપ્યો. સંમેલનમાં મહિલા સભ્યોએ વક્તવ્ય પણ આપ્યું અને શાળા પરીવારની માહિતી આપી.

૭) શાળામાં વિદ્યાર્થીઓને અંગ્રેજી શબ્દ બોલવામાં પડતી. આ સમસ્યા નિવારવા પહેલા શિક્ષક તરીકે રહેલ હાલના એસ.એમ.સી. સભ્યએ અઠવાડિયા એકથી બે વખત શાળાની મુલાકાત લઇ વિદ્યાર્થીઓને અંગ્રેજી બોલતા શીખવાડે છે.

૮) સભ્યોએ શાળામાં વિદ્યાર્થીઓને ચુંટણીની પ્રકિયાનું નિદર્શન, શાળામાં વર્ગો અને સી.સી.ટી.વી. કેમેરા લગાડવા જેવા કાર્યમાં મદદ કરેલ છે.

૯) સામાજિક વિજ્ઞાન વિષયને રસપ્રદ બનાવવા માટે શિક્ષકે કોમ્પ્યુટર અને ઇન્ટરનેટ જેવા ટેકનોલોજીનો ઉપયોગ કરી એકમ અનુરૂપ વિવિધ વિડિયો, ફોટા વગેરે ડાઉનલોડ કરી તેમને બતાવ્યા. અને તે અંગે શિક્ષકે S.M.C સભ્યો સમક્ષ ચર્ચા કરી કે આ બધી શૈક્ષણિક સામગ્રી નાના ૧૭ ઇંચના મોનીટર ઉપર બધાજ બાળકોને જોવામાં તકલીફ પડે છે. અને દૂરથી શબ્દો અને વાક્યો વાંચવામાં અને ચિત્રો જોવામાં તકલીફ પડે છે. આ માટે S.M.C કમીટીના અધ્યક્ષે રૂ.૫૦૦૦ આપ્યા અને અન્ય ૫ સભ્યો અને ગ્રામજનોએ રૂ.૨૫૦૦ આપ્યા બાકીની રકમ શિક્ષકો અને સભ્યોએએ ગામમાં ઘરે ફરી વ્યક્તિગત સંપર્ક કરીને તેમને યથા શક્તિ પોતાનો ફાળો આપવા જણાવ્યું જેમાં કોઇ રૂ.૫૦, રૂ.૧૦૦ અને રૂ.૫૦૦ સુધીનો લોક ફાળો મળ્યો. આમ છેલ્લે S.M.C સભ્યો તથા ગ્રામજનોના સહકારથી રૂ.૩૫૦૦૦ ભેગા કર્યા, પ્રોજેક્ટર કિંમત રૂ.૨૫૦૦૦ માં શાળામાં લાવવામાં આવ્યું ત્યારબાદ બાકીના રૂ.૧૦૦૦૦ રકમમાંથી સ્પીકર સેટ, વર્ગખંડમાં કલરકામ અને પડદાની તૈયારી, સ્ટેબીલાઇઝર અને બેટરી બેકઅપ રૂ.૭૦૦૦ માં મેળવ્યું અને સંપૂર્ણ મલ્ટીમીડીયા રૂમ તૈયાર કર્યો.

**(૧૦) પ્રશ્ન:શું આપે શાળામાં વિદ્યાર્થીઓ અને વાલીઓ ને શિક્ષણ અને શાળાકીય કાર્યક્રમો અંગે સજાગ કરવા માટે કોઈ પ્રવૃત્તિ કરેલ છે? ટૂંક માં માહિતી આપો.**

**તારણ:** શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે. જવાબની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ પણ આપેલ છે.

૧) શાળાની પ્રવુતિઓનો અહેવાલ વિધાર્થીઓ દ્વારા વાલીને બતાવવા મોકલવામાં આવે છે.ત્યારબાદ શાળાના નોટીશબોર્ડ પર મુકવામાં આવે છે અને વાલીઓને મહિનામાં બે વખત શાળાની પ્રવુતિનો જાણ કરતો પત્ર વાલીને મોકલવા,વાલીઓને ફોન પણ કરવવા,રૂબરૂ મુલાકાત દ્વારા વાલીને શાળાની પ્રવુતીની જાણ કરવામાં આવે છે. (પ્રવિણભાઈ મકવાણા - જી. ભાવનગર, પીયુષકુમાર વિરડીયા - ધામેલ પે સેન્ટર શાળા - જી. અમરેલી, તરુણકુમાર પટેલ - જી. મહેસાણા, નિકેતાબેન વ્યાસ - જી. અમદાવાદ)

૨) એસ.એમ.સી. સભ્યો દ્વારા શાળાની આસપાસના શિક્ષિત લોકો જે પોતાનો સમય આપી શાળાના વિધાર્થીઓને ભણાવવા માટે તૈયાર હોય તેનું મિત્રમંડળ બનાવી તેના દ્વારા શૈક્ષણિક પ્રવુતિ કરાવવામાં આવે છે. (ભરતભાઈ જોશી - જી. પોરબંદર)

૩) શાળાને સરકાર દ્વારા મળેલ પરીપત્ર ગામના નોટીસબોર્ડ પર મુકવામાં આવે છે.વલીમીટીંગ,મહિલા સંમેલન,યુવા કેન્દ્રિત કાર્યકમો, સાંસ્કૃતિક કાર્યક્રમોની ઉજવણી અને રેલી દ્વારા ગામલોકોને જાણ કરી તેઓ સહભાગી થાય તેવો પ્રયત્ન કરવામાં આવે છે. (ચિરાગભાઈ - જી. કોડીનાર, વિનોદસિંહ ચૌહાણ - જી. ભાવનગર, બારૈયા દેવાંગીબેન - હડીયાણા કન્યા શાળા - જી. જામનગર)

૪) ગામની ડેરીની મીટીંગમાં દૂધ વધારવા માટેની માહિતી સાથે શાળાની તમામ માહિતી આપવામાં આવે છે અને પ્રશ્ન પેટી બોક્ષ બનાવવીને વિધાર્થીઓના તમામ પ્રશોના ઉકેલ આપવામાં આવે છે. (મિનેષકુમાર પ્રજાપતિ - જી. ખેડા)

૫) વાલી મીટીગ, એસ.એમ.સી. સભ્યો મીટીંગ, શાળાના જુના વિધાર્થીઓની મીટીંગ, યોગા, ગરબા, કિવઝ સ્પર્ધા, હેન્ડ વોશ ડે, સ્વચ્છતા અભિયાન, ટેકનોલોજીનો ઉપયોગ ,ગણિત-વિજ્ઞાન વિડીઓ કલાસમાં બતાવવા જેવી પ્રવુતિ કરાવવામાં આવે છે. અને આ પ્રવુતિની વાલીને જાણ કરવામાં આવે છે. (ભાર્ગવીબેન પટેલ - જી. અમદાવાદ, મિરલકુમાર વિરાણી - જી. અમરેલી, સતિષભાઈ પરમાર - જી. રાજકોટ, અમિતભાઈ મોરી - જી. સુરેન્દ્રનગર, મનીષકુમાર ચંદુલાલ - જી. રાજકોટ, પ્રજ્ઞેશકુમાર વ્યાસ - જી. પાટણ, કિરણસિંહ ચાવડા - જી. પંચમહાલ, નિશાબેન ભટ્ટ - જી. રાજકોટ, હરિસિંહ ચાવડા - જી. ખેડા)

૬) શાળાની નજીકની વાડીમાં ભજનના પ્રોગ્રામનું આયોજન કરી પ્રોગ્રામની વચ્ચે-વચ્ચે શિક્ષણનું મહત્વ અને સરકાર દ્વારા મળતી સગવડતા વિષે માહિતી આપવામાં આવી.આ રીતે ૪૦ થી ૪૫ બાળકોને શાળામાં પ્રવેશ અપાવ્યો. ગામના દાતાઓ એકઠો થયેલો લોકફાળો નો ઉપયોગ શાળા અને વિધાર્થીઓના વિકાસમાં કરવામાં આવ્યો. (લહેરીકાંત ગરવા - જી. કચ્છ, ભીખુભાઈ વેગડા - જી. અમદાવાદ, ભગોરા સ્નેહલકુમાર - ડોડકા પ્રાથમિક શાળા - જી. વડોદરા)

૭) દર મહીને ગામના જુદા-જુદા ફળિયામાં પીકનીકનું આયોજન કરવામાં આવે છે ત્યાં વિદ્યાર્થીઓ વિવિધ પ્રવુતિઓ કરવામાં અને બતાવવામાં આવે છે. (પટેલ કેયુરકુમાર - જી. પંચમહાલ)
૮) દરેક વાલી પોતાના ઘરે નાનકડું પુસ્તકમંદિર બનાવે જેમાં તમામ પ્રકારના પુસ્તકો રાખે.આ પ્રયત્નથી બાળકોમાં વાંચન પ્રત્યે જાગૃતિ વધી અને શાળાની લાયબ્રેરી કાર્યરત બની.. (ભગુભાઈ દેસાઈ - જી. સુરેન્દ્રનગર, સુકનભાઈ ભોયે - જી. ડાંગ)
૯) શિક્ષકે શાળામાં થતી પ્રવુતિઓ અને વિધાર્થી કાર્ડ ના ફોટો વાલીઓને અને ગામ લોકેને વોટ્સઅપ મોકલી ને તેમને માહિતગાર કર્યા,તેથી ગામલોકો અને વાલીઓનો શાળામાં રસ વધ્યો અને શાળા મધ્યાહ્ન ભોજનમાં જે મુશ્કેલી હતી તેનો હલ થયો. (કલ્પેશભાઈ ચોટલિયા - જી. રાજકોટ)

## (૧૧) પ્રશ્ન: આપે શાળા દ્વારા થતી પ્રવૃત્તિ વિદ્યાર્થીઓ દ્વારા સમાજ સુધી ફેલાય તે માટે કરેલ નવતર પ્રયોગ અને તેનું પરિણામ ટૂંકમાં જણાવો.

**તારણ:** શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે.
૧) શાળામાં થતી રોજે-રોજની શૈક્ષણિક તેમજ બાળકોની ઈત્તર પ્રવૃત્તિને ગામ લોકો સાથે શેર કરવા માટે શાળાના નામનું ફેસબુક અને વ્હોટસેપ પર ગ્રુપ બનાવવામાં આવ્યું, આ ગ્રુપમાં શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી, હાલ અભ્યાસ કરતા વિદ્યાર્થી તેમજ ગામના લોકો મેમ્બર તરીકે જોડવામાં આવ્યા છે.
(શૈલેશકુમાર દુધાત્રા - રાજકોટ - 9409165913, દિલીપસિંહ વિહોલ - મહેસાણા - 9725871658, બંકિમભાઈ ભટ્ટ - જામનગર - 9824115206, અંબાલાલ પ્રિયદર્શી - જામનગર - 9913691216, સુરેશકુમાર નાગલા - અમરેલી - 9925943358, ભગુભાઈ દેસાઈ - સુરેન્દ્રનગર - 9427552125, ડો.જયદીપ જોશી - જુનાગઢ - 9537977789, નીતિનભાઈ જાની - અમરેલી - 9426999923)
૨) વર્ગખંડમાં લેવાતી ટેસ્ટ, જુદી જુદી શૈક્ષણિક અને બિન શૈક્ષણિક પ્રવૃત્તિ વગેરેની માહિતી વાલી સુધી પહોચાડવા માટે સમયાંતરે એક વાલી મીટીંગનું આયોજન કરવામાં આવે છે તેમજ શાળા વાર્ષિક સંમેલનમાં પાવર પોઈન્ટ પપ્રેઝેન્ટેશન દ્વારા રજુ કરવામાં આવે છે.
(મેહુલભાઈ પટેલ - પાટણ - 9978420305, ચીરલબેન પટેલ - સાબરકાંઠા - 9909526137, શ્રધ્ધાબેન રાવલ - ભાવનગર - 9638304001, આનંદકુમાર ભુવા - મોરબી - 8905175962)
3) શાળામા થતી પ્રવૃતિઓના અહેવાલ ફોટોગ્રાફ સાથે સ્થાનિક સમાચાર પત્રમા પ્રકાશિત કરવા માટે આપીએ છીએ. (કરશનસિંહ મોરી - ભાવનગર - 9737807621, જગદીશભાઈ ડાભી - ગીરસોમનાથ - 9428706584, નિયતીબેન પટેલ - ગાંધીનગર - 7600031823)
૪) શાળા દ્વારા તેમજ વિદ્યાર્થી દ્વારા થતી પ્રવૃત્તિ ગામ લોકો, ભૂતપૂર્વ વિદ્યાર્થી તેમજ બીજા શિક્ષણપ્રેમી પાસે મેગેઝીનના રૂપમાં પહોચે તે હેતુથી શાળાનું માસિક મેગેઝીન બનાવીને વ્હોટસેપ, ફેસબુક અને ઇ-મેઈલ દ્વારા મોકલવામાં આવે છે.

| શિક્ષકનું નામ | જીલ્લો | મોબાઈલ નંબર | મેગેજીનનું નામ |
|---|---|---|---|
| ભગવાનજીભાઈ કટેશીયા | જામનગર | 9925891560 | કાંકરિયા વર્લ્ડ |
| જયશ્રીબેન રંઘોલીયા | જુનાગઢ | 9428086079 | વિદ્યા દર્શન |

| | | | |
|---|---|---|---|
| લક્ષ્મણસિંહ સોલંકી | બનાસકાંઠા | 9979782719 | શાળા ગુલાબ |
| જગદીશભાઈ રાણોદર | પાટણ | 9427395745 | રમકડું |
| સતીષકુમાર પ્રજાપતિ | પંચમહાલ | 9978779260 | બાલગુંજન |
| ગૌતમભાઈ ઇન્દ્રોડીયા | રાજકોટ | 9426516945 | પ્રજ્ઞા પમરાટ(પ્રજ્ઞા સ્પેશિયલ) |

૫) શાળામાં થતી વિવિધ પ્રવૃત્તિ દેશના ગમે તે છેડેથી જુવે માટે યુટ્યુબ પર ચેનલ શરુ કરવામાં આવી છે જેમાં શાળામાં થતી જુદી જુદી પ્રવૃતિના વીડિઓ મૂકવામાં આવે છે.

| શિક્ષકનું નામ | જીલ્લો | મોબાઈલ નંબર | યુટ્યુબ ચેનલનું નામ |
|---|---|---|---|
| નીરવભાઈ ચૌહાણ | ભાવનગર | 9586116776 | shikshan na stroto |
| રામજીભાઈ રોટાતર | બનાસકાંઠા | 9726658508 | ramji rotatar |

૬) શાળામાં થતી વિવિધ પ્રવૃત્તિ અઠવાડિયે, પંદર દિવસે તેમજ એક મહીને લોકલ એરિયામાં ચાલતી જે-તે ટી.વી. ચેનલના માધ્યમ દ્વારા સમગ્ર જીલ્લામાં આ પ્રવૃતિનું પ્રસારણ કરવામાં આવે છે. (આકિબહુસૈન મન્સૂરી - અમદાવાદ - 7878711192, નિશીથભાઈ આચાર્ય - અમદાવાદ - 9662359321)

**(૧૨) પ્રશ્ન: શાળા સમય બાદ વિદ્યાર્થી સમાજના સહકારથી ગુણવત્તાલક્ષી શિક્ષણ સાથે જોડાયેલા રહે તે માટે કરેલ પ્રવૃત્તિ અને પરિણામ ટૂંકમાં જણાવો.**

**તારણ:** શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે.જવાબ આપવાની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ અને મોબાઈલ નંબર આપેલ છે.

૧) વાલીશાળા શ્રી ધરમપુર પ્રાથમિક શાળા,રાજકોટ માં શ્રી પુજાબેન પ્રવીણભાઈ પૈજા દ્વારા ચલાવવામાં આવે છે, આ શાળાની ટૂંકમાં માહિતીથી અવગત થઈએ. (પુજાબેન પૈજા - રાજકોટ - 9825424661)

- સમય - સાંજે 5.30 થી 7.30
- ધોરણ - ૧ થી ૪ અને ૫ થી ૭ માટે શાળા ચાલે
- કોણ ભણાવે...? વાલી અને ભણેલા યુવક યુવતી અને હોશિયાર બાળકો...
- શાળા જેવું જ તમામ દફ્તર... હાજરીપત્રક, સમયપત્રક, અભ્યાસક્રમ, રજાચિઠ્ઠી, ટેસ્ટ વગેરે
- વાલીશાળાના આચાર્ય કોણ...? જે તે વાલી જેમના ઘેર શાળા છે
- મુલ્યાંકન - 15 દિવસે મહાશાળાનું આયોજન... ગામના મુખ્ય રામજી મંદિરે... માત્ર વાલીઓ માટે... પ્રત્યેક બાળકના ખામી ખૂબીની ચર્ચા... તે માટે આગામી આયોજન...

૨) શાળામાં અભ્યાસ કરી ચુકેલા તેમજ ગામના ઉચ્ચ અભ્યાસ કરેલ કિશોર તેમજ કિશોરીઓને પોતાના કીમતી સમયનું યોગદાન આપીને કેવી રીતે શાળાના બાળકોન મદદ કરી શકે તે સમજાવ્યું, શાળાના બાળકોને ભણાવવાનું કામ વિસ્તાર પ્રમાણે જૂથ પાડીને સોપવામાં આવ્યું, શાળાના બાળકો શાળા છુટ્યા બાદ સીધા નક્કી કરેલ જગ્યા પર જઈને લેશન તેમજ ન આવડતા મુદ્દાની ચર્ચા ત્યાં કરવામાં આવે છે. (ચિરાગભાઈ ભાવસાર - આણંદ - 9824366921, સોલંકી રાજેશભાઈ - અમદાવાદ - 8866444411,

માલવભાઈ સોલંકી - જુનાગઢ - 9714329193, સંજયભાઈ પટેલ - વડોદરા - 8238406080, નિશીથ આચાર્ય - અમદાવાદ - 9662359321, નાગલા સુરેશભાઈ - અમરેલી - 9925943358)

૩) શાળા સમય પૂર્ણ થયા બાદ પણ બાળકો શાળામાં રહીને અભ્યાસ કરે, પુસ્તકાલયનો ઉપયોગ કરી શકે તેમજ રમત રમતાની સાથે સાથે અભ્યાસ કરે તે હેતુથી શાળાનું મેદાન બાળકો માટે ખુલ્લું રાખવામાં આવ્યું છે, શાળામાં ધોરણ પ્રમાણે ૨-૨ વિદ્યાર્થી નીમવામાં આવ્યા છે જે નાના ધોરણના વિદ્યાર્થીને મુંજવતા અઘરા મુદ્દા સમજાવે છે, તેમને શાળામાંથી આપેલ ગૃહકાર્યમાં મદદરૂપ બને છે અને ધોરણ પ્રમાણે નિમાયેલ ૨-૨ વિદ્યાર્થીને શાળાના સાધનોનું ધ્યાન રાખવું તેમજ શાળા ખોલવી અને બંધ કરવી, પુસ્તકાલયમાંથી પુસ્તક વાંચવા આપવું વગેરે જવાબદારી આપવામાં આવી છે. (નીલમબેન રાણા - ભરૂચ - 8128640015, ચંદુભાઈ આહીર - નવસારી - 9825883869, દિલીપભાઈ ભલગામીયા - બોટાદ - 9924320930, પીન્ટુબેન પટેલ - પંચમહાલ - 8980590917, નાકરાણી ભાવેશભાઈ - અમરેલી - 9974005480)

૪) ગામના શિક્ષિત સભ્યો તેમજ શાળાના હોશિયાર બાળકોને “ટોળીનાયક” બનાવીને નક્કી કરેલ જગ્યા પર નબળા બાળકોને મદદ કરવામાં આવે છે તેમજ તેમને ગૃહકાર્ય કરાવવામાં આવે છે. (મનીષભાઈ સુથાર - ખેડા - 9099172177, ભાવેશકુમાર પંડ્યા - મહેસાણા - 9824613969, રૂપેશકુમાર પંચાલ - નર્મદા - 9879342384, રમેશ્ચન્દ્રભાઈ પટેલ - ભરૂચ - 9426859056, જીજ્ઞાબેન ઠકરાર - અમરેલી - 9426852504)

૫) શાળા સમયબાદ બાળકોને શાળાએ બોલાવવા માટે ડીજીટલ ક્લાસ દ્વારા અભ્યાસ તેમજ શાળાના જ કોઈ એક શિક્ષક દ્વારા બાળકોને કોમ્પ્યુટર શીખવાડવામાં આવે છે. શાળાનાં તમામ શિક્ષકોને અલગ અલગ દિવસ ફાળવવામાં આવ્યા છે. (ઉમેશભાઈ વણકર - સાબરકાંઠા - 9409346319, કૌશિકભાઈ પ્રજાપતિ - સુરેન્દ્રનગર - 9427711480, રાજ્નીકાંતભાઈ પટેલ - બનાસકાંઠા)

**(૧૩) પ્રશ્ન: તારીખ ૨૫ જૂન ૨૦૧૬ ના રોજ શાળાને લગતી સમસ્યાઓનો પ્રશ્ન પુછવામાં આવેલ હતો. તે અંતર્ગત શિક્ષકો દ્વારા જણાવવામાં આવેલ સમસ્યાઓમાંથી ત્રીજા ક્રમની મુખ્ય અને સૌથી વધુ શાળામાં જોવા મળતી સમસ્યા છે કે, બાળકોના વાલી શિક્ષણ પ્રત્યે જાગૃત્ત નથી.**

**આપના અનુભવના આધારે જણાવો આ સમસ્યાનું નિવારણ કઈ પ્રવુતિ દ્વારા કરી શકાય?**

**તારણ:** શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે. જવાબ આપવાની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ અને મોબાઈલ નંબર પણ આપેલ છે.

૧) “વાલી સન્માન” અંતર્ગત શાળામાં વર્ષ દરમિયાન શૈક્ષણિક અને બિનશૈક્ષણિક શ્રેષ્ઠ દેખાવ કરનાર વિધાર્થીથી સાથે વાલીઓનું પણ સન્માન કરવામાં આવે છે.તેથી વાલીઓ બાળકોના શિક્ષણ પ્રત્યે રસ લેતા થયાં. (ધનશ્યામભાઈ પટેલ - સુરેન્દ્રનગર - 9898894054)

૨) "શેરી પ્રાર્થના" અંતર્ગત ગામની શેરીઓમાં જઈને પ્રાર્થના કરવામાં આવે છે. જેમાં થતા દૈનિક કાર્યક્રમમાં ભાગ લેતા બાળકોને વાલી રૂબરૂ નિહાળે છે. અને તેના શિક્ષણની જરૂરિયાત બાબતે સભાન

બને છે. ભાગ ન લેતા બાળકો પણ તેમના વાલીને બતાવવા માટે ભાગ લેતા થાય છે. અમારી શાળામાં થતી આ પ્રવૃત્તિથી વાલીઓ બાળકના શિક્ષણથી ખુબ જ જાગૃત છે. (હર્ષદભાઈ વનારા - અમરેલી - 7878597108)

૩) "જન જાગૃતિ" કાર્યક્રમ અંતર્ગત બાળકોના વાલીઓને શાળાએ આવવા માટે આમંત્રણ આપવામાં આવે છે. શાળાએ આવનાર વાલીને શિક્ષાનું મહત્વ, કન્યા શિક્ષણનું મહત્વ, તેમના બાળકની શિક્ષણ સિવાયની પ્રવુતિમાં ભાગીદારી અને પોતાના બાળકોના પ્રગતિ પત્ર અંગે ચર્ચા કરવામાં આવે છે. તેથી વાલીઓ શિક્ષણ પ્રત્યે જાગૃત થયા. (જયેશભાઈ પટેલ - અરવલ્લી - 9638649495)

૪) "ઓટલા પરિષદ" અને "ચોરામીટીંગ" અંતર્ગત રાત્રીના સમયે શિક્ષણનું મહત્વ અને મુલ્ય શિક્ષણ ઉજાગર કરતાં ગીત, નાટક અને સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન શ્લાના બાળકો અને શિક્ષકો દ્વારા કરવામાં આવે છે. (સુરેશભાઈ ધનજીભાઈ - અમરેલી - 9925943358)

૫) "બાળકો શાળા એ આવતા હરખાય, વાલી એ બાળક ને ભણવા પ્રેરાય." અંતર્ગત વાલીને દર મહિનામાં એક વાર શાળામાં બોલાવવામાં આવે છે. તેમાં દરેક વાલીને તેના બાળકનો મહિના દરમિયાનનો પ્રોગ્રેસ રિપોર્ટ, ટેસ્ટ પેપર બતાવવામાં આવે છે. જે બાળક ના વાલી હાજર હોય તેવા બાળકો ને પ્રોત્સાહિત કરવામાં આવે છે. જેથી વાલીઓ પણ બાળકોને સારા માર્ક માટે અને વધુ મહેનત માટે પ્રોત્સાહિત કરે છે. (લખનભાઈ જોશી - ભાવનગર - 9428182365)

૬) "આનંદથી વિશ્વનાથ આનંદ સુધી" એ પ્રોજેક્ટ અંતર્ગત શાળામાં દર અઠવાડિયામાં નક્કી કરેલા બે દિવસે બાળકો અને વાલીઓને ચેસ રમાડવામાં આવે છે. રમત બાદ વાલીઓને શિક્ષાનું મહત્વ અને પોતાના બાળકોની શૈક્ષણિક અને બિનશૈક્ષણિક ભાગીદારી વાલી સમક્ષ રજુ કરી વાલીઓને શિક્ષણ પ્રત્યે જાગૃત કરવામાં આવે છે. (મોહમ્મદભાઈ આમિન - આણંદ - 9904333706)

૭) બાળકના અભ્યાસમાં માતા-પિતાની ભાગીદારી વધારવા માટે ગુજરાતના શિક્ષકો કરેલ પ્રવુતિ જાણવા માટે લિંક: http://www.inshodh.org/innovations/Parental-Monitoring-of-Learning/16

**(૧૪) પ્રશ્ન: શું અન્ય શાળાની રૂબરૂ મુલાકાત દ્વારા તેમના નવતર પ્રયોગ વિષે જાણકારી મેળવી પોતાની શાળામાં તેને અપનાવવાની પદ્ધતિથી ગુણવતા લક્ષી શિક્ષણ મેળવી શકાય છે? આપ અન્ય શાળાના નવીન કાર્ય જાણવા અને અપનાવવા કઈ પદ્ધતિનો ઉપયોગ કરો છો?**

**તારણ:** મોટા ભાગના શિક્ષકો માને છે કે આ પ્રકારની પ્રવૃતિથી ગુણવતાલક્ષી શિક્ષણ આપી શકાય છે. શિક્ષકો અન્ય શાળાના નવીન પ્રયોગો જાણવા અને અપનાવવા નીચે મુજબના કાર્ય કરે છે:

૧) શિક્ષકોએ બનાવેલ વિવિધ બ્લોગ અને વેબસાઈટ પરથી શૈક્ષણિક માહિતી મેળવી વિવિધ પ્રયોગો કરવામાં આવે છે.

૨) સી. આર.સી. કક્ષાએ અને શિક્ષકોના તાલીમ વર્ગમાં નવીન પ્રયોગોની ચર્ચા કરવામાં આવે છે.

૩) તાલુકા અને જીલ્લા કક્ષાના વોટ્સ એપ ગ્રુપ દ્વારા વિવિધ શાળાના નવતર પ્રયોગોની ચર્ચા અને ફોટા મોકલવામાં આવે છે.

૪) શિક્ષક દ્વારા શાળામાં થતી નવતર પ્રવૃતિઓના ફોટા અને વિડિયો લીધા બાદ તે પેન ડ્રાઈવમાં લઈને અન્ય શિક્ષકોને તે બતાવવામાં આવે છે.
૫) શિક્ષકો વિવિધ શાળાની મુલાકાત લઇ તે નવતર પ્રયોગ પોતાની શાળામાં અપનાવીને તેના ફોટા ફેસબુક અને વોટ્સ એપમાં શેર કરે છે જેથી અન્ય શિક્ષકો પણ તેના વિષે જાણી શકે.
૬) શાળામાં અન્ય શિક્ષક અને વિદ્યાર્થીઓ દ્વારા થયેલ પ્રોજેક્ટ્સનું પ્રદર્શન યોજી સૌ ગામલોકોને આમંત્રિત કરાય છે.
૭) વાલી મીટીંગ દ્વારા શિક્ષણની ગુણવત્તા સુધારવા માટેના પ્રયત્નો અંગે ચર્ચા કરવામાં આવે છે.
૮) શાળાના મુખપત્ર દ્વારા પણ નવીનતમ પ્રવુત્તિ જાણીને તે મુજબ વિદ્યાર્થીઓ માટે તે નવતર પ્રવૃત્તિ હાથ ધરાય છે.
૯) શિક્ષકે બ્લોગ બનાવેલ છે અને તેમાં ઇનોવેશન નામ નો એક વિભાગ બનાવેલ છે જેમાં જેણે નવતર પ્રયોગ કરેલ હોય તેની વિગત મૂકી શકે છે. અને શિક્ષક તે પ્રયોગને શાળામાં ઉપયોગમાં લેવા પ્રયત્ન કરે છે.
૧૦) ક્લસ્ટર ની શાળાઓના તમામ વિદ્યાર્થીઓને પ્રાર્થના ખંડમા www.arvindguptatoys.com નામની વેબ સાઈટ પર આપેલ પ્રયોગો બતાવવામાં આવ્યા અને ત્યાર બાદ તમામ વિદ્યાર્થીઓએ વિજ્ઞાન મેળામાં તે પ્રયોગોનું પ્રદર્શન કર્યું હતું.
૧૧) શિક્ષક દ્વારા મોબાઈલમાં નવતર પ્રવૃત્તિ અંગે વિડીયો રેકોર્ડ કરીને શાળાના અન્ય શિક્ષકોને બતાવવામાં આવે છે.
૧૨) ગામમાં શિક્ષણ સાથે સંકળાયેલ વ્યક્તિને બોલાવવામાં આવે છે અને તેને શાળાની પ્રગતી અને પડતી મુશ્કેલી અંગે જણાવવામાં આવે છે જેથી તેઓ ગામલોકોને શાળાના કાર્ય અંગે જણાવે અને સાથે જ તેમાં આવતી મુશ્કેલીઓ હલ કરવા મદદ પણ લઇ શકે.

### (૧૫) પ્રશ્ન :શું આપે આપની શાળા માં કે અન્ય શાળા માં શિક્ષકો ને નવતર પ્રવૃત્તિ કરવા માટે પ્રોત્સાહિત કરેલ છે ? જો હા તો કઈ રીતે ટૂંક માં જણાવો.

**તારણ:** શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે. જવાબની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ પણ આપેલ છે.
૧) પોતાના કલસ્ટરના તમામ શિક્ષકોને પ્રોત્સાહિત કરવા પોતાના કલસ્ટરના શિક્ષકે કરેલ નવત્તર પ્રયોગ અને બીજા શિક્ષકે કરેલ નવત્તર પ્રયોગનું મેગેઝીન બહાર પાડવામાં આવે છે.અને બધા શિક્ષકોને ઈમેલ દ્વારા મેગેઝીન મોકલવામાં આવે છે. (વિપુલભાઈ ચૌહાણ - સી.આર.સી. નાંડોદ - જી. નર્મદા)
૨) શાળામાં નક્કી કરેલા સમયે શિક્ષકોની મીટીંગનું આયોજન કરવામાં આવતું .આ મીટીંગમાં તેમની સમસ્યાનું સમાધાન કરવામાં આવતું અને મીટીંગમાં નવતર પ્રયોગની માહિતી આપવામાં આવતી. (મેહુલભાઈ ત્રિવેદી - જી. અમરેલી, ભુપેન્દ્રપ્રસાદ પંચાલ - જી. આંણદ)
3) શિક્ષક વિનોદકુમાર ત્રિવેદી પોતાના ફંડ (દર મહિને રૂ.૨૦૦૦) માંથી શાળાના તમામ શિક્ષક નવી પ્રવુતિ કરવા માટે જોઈતી વસ્તુઓ લાવવા માટે મદદ કરે છે. (વિનોદકુમાર હિરાણી - જી. બોટાદ)

૪) નવત્તર પ્રયોગ કરનાર શિક્ષકને આર્થિક મદદ અને સમયદાન કરી મદદ કરી છે. શિક્ષક સાથે ચર્ચા દ્વારા નવત્તર પ્રયોગની જાણકારી આપવી. (મુકેશભાઈ મકવાણા - જી. પોરબંદર, પ્રીતીબેન કોટેચા - જી. પોરબંદર, રતિલાલ કણઝરિયા - જી. સુરેન્દ્રનગર)

૫) શિક્ષકને નવત્તર પ્રયોગોનો વિડીયો અને પ્રવુતિઓના ફોટો બતાવીને પ્રોત્સાહિત કર્યા. (જયદીપભાઈ ચન્દુલાલભાઈ - જી. રાજકોટ, મનોજભાઈ પટેલ - જી. વલસાડ)

૬) શિક્ષકે આઈ.આઈ.એમ. દ્વારા આપેલ જવાબના રૂપમાં મળેલ પત્રની શિક્ષકો સાથે ચર્ચા કરી નવત્તર પ્રયોગની જાણકારી શિક્ષકોને આપે છે. (જીતુભાઈ ચુડાસમા - જી. ભાવનગર, પ્રજ્ઞેશભાઈ વ્યાસ - જી. પાટણ, રમેશચંદ્ર પટેલ - જી. ભરૂચ, વર્ષાબેન સોલંકી - જી. ખેડા)

૭) શિક્ષકે તેના સાથી શિક્ષકને સામાજિક વિજ્ઞાનમાં રાજયના નામ યાદ રાખવા બાળકોને થતી સમસ્યાના સમાધાન માટે હાજરી પુરતી વખતે રાજયના નામ બોલવા કહ્યું.શિક્ષકે આ રીતે નદીઓ, પહાડો, ફૂલ, પક્ષી વગેરના નામ બાળકોને શીખવ્યા.અંગ્રેજીના સ્પેલિંગ પણ શીખવ્યા. (કુસુમબેન પટેલ - જી. ગાંધીનગર, રમેશભાઈ ઓડેદરા - જી. પોરબંદર)

૮) અમારી શાળાના ભૂતપૂર્વ શિક્ષિકા નયનાબેન પટેલને આ અંગે જરૂરી માર્ગદર્શન આપેલ.અને તેમણે સામાજિક વિજ્ઞાન વિષયમાં ગામના દરેક કુટુંબમાં બાળકોને મોકલીને કુટુંબ પત્રક ભરાવેલ. તથા વસ્તી ગણતરી અને તેની જરૂરીયાત વિગતસર બાળકોને શીખવાડેલ છે. (અકબરભાઈ મુલતાની - જી. આંણદ)

૯) શિક્ષકે વોટ્સએપ વાપરતા શિક્ષકોનું ગ્રુપ બનાવ્યું. પોતે કરેલ નવત્તર પ્રોયોગની જાણકારી, પ્રવુતિના ફોટો વગરે શેર કરે છે. (લાલજીભાઈ પંચાલ - જી. અમદાવાદ, મનોજભાઈ પટેલ - જી. વલસાડ, રમેચંદ્ર પટેલ - જી. ભરૂચ)



# સર્વાંગી વિકાસ

## (૧) પ્રશ્ન: સર્વાંગી શાળા વિકાસ યોજના અંગે મુખ્ય શિક્ષક/ શિક્ષકોની ભૂમિકા અને કર્યો જણાવો.

**તારણ**: શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે.

૧) શાળાના સર્વાંગી વિકાસ માટે ભૌતિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા લોક ભાગીદારી તેમજ એસએમસી સભ્યો સાથે મળીને શાળાના આયોજનમાં સમય નું આયોજન, કામની વહેચણી, મીટીંગ, પરિવર્તન અને ઝીણવટભરી તપાસ કરવી અને તે આયોજન નું ચુસ્તપણે અમલ થાય તેવી ભૂમિકા અદા કરવી.

૨) શિક્ષકો એ સરકાર તરફ થી મળતા સૂચનોનું અને યોજનાઓનું  પાલન શાળા કક્ષાએ થાય તેની દેખરેખ રાખવી.

૩) શિક્ષકોનું મુખ્ય કાર્ય બાળકોમાં નિયમિતતા ,શિસ્ત જાળવવું,હકારાત્મક વલણ કેળવવું, આત્મવિશ્વાસ વધારવો, વ્યવહારિક શિક્ષણ આપવું તેમજ તેમને પ્રોત્સાહિત કરવાનું છે.

૪) મુખ્ય શિક્ષકે શાળામાં યોગ્ય હાજરી આપવી, સંચાલન કરવું અને શાળાના વિકાસની દરેક બાબતમાં રસ દાખવવો.

૫) શાળામાં કમ્પ્યુટર લેબ, પુસ્તકાલય, આચાર્ય ઓફીસ, વર્ગખંડ નું બાંધકામ, પ્રયોગશાળા, રમતગમ્મતના સાધનો, વિવિધ રમતો ના મેદાનો તેમજ પ્રાથમિક સગવડતાઓ વધારી શકાય તેવા પ્રયત્નો કરવા.

૬) શાળા કક્ષાએ કે ગ્રામ્ય કક્ષાએ કામ કરતી વિવિધ એજન્સીઓ, શાળા વ્યવસ્થાપન સમિતિ (એસએમસી), યુવકમંડળ, સહકારી સંસ્થાઓ, સખીમંડળ, આંગણવાડી બહેનો, તથા શિક્ષણમાં રસ લેતા મહાનુભાવોનો સહકાર લેવો અને ખાસ કરીને શાળા સાથે ભાવનાત્મક રીતે જોડવા.

૭) બાળકોના શિક્ષણ સાથે તેના સઘન આરોગ્ય ચકાસણી, મધ્યાહન ભોજન (કુપોષણના ઉપાયો સહિત), પીવાનું સ્વચ્છ પાણી, શૌચાલયની સુવિધા, બાગબગીચાની સગવડ વગેરે બાબતો નો આગ્રહ રાખવો.

૮) કન્યાશિક્ષણને પ્રાધાન્ય આપવું અને નાનપણથી જ કક્ષા અનુસાર સ્વરક્ષણ માટે શારીરિક અને માનસિક તાલીમ આપવી.

૯) બાળક આદર્શ નાગરિક બને અને  ભવિષ્યમાં રાષ્ટ્રનિર્માણમાં અગત્યનો ફાળો આપી શકે આ માટે શિક્ષકે તેના ઘડતર પર કાળજી રાખવી  જોઈએ.

www.inshodh.ORG

Educational Innovations Bank

"મારો નવતર પ્રયોગ મારા વિદ્યાર્થીઓ માટે"

Website: www.inshodh.org

Facebook Page: Education Innovation Bank

Facebook Group: Teachers Innovation

Facebook Group: Innovative Women Teachers

YouTube Channel: Teachers as Transformers

WhatsApp Mobile Number: +૯૧-૯૭૨૭૭૪૦૧૪૮

## આપનો નવતર પ્રયોગ ઓનલાઈન સબમિટ કરો

**પ્રથમવાર નવતર પ્રવૃત્તિ ઓનલાઈન સબમિટ કરનાર માટે સુચન:**

(૧) સૌપ્રથમ આઈ.આઈ.એમ. ની વેબસાઈટ www.inshodh.org ખોલો.




(૨) વેબસાઈટ ખુલ્યાબાદ યોગ્ય ભાષા પસંદ કરવા માટે મુખ્યપેજની ઉપરની બાજુ પર ભાષા નો ઓપ્શન આપેલ છે અંગ્રેજી અથવા ગુજરાતી પસંદ કરો. ત્યારબાદ LOGIN/ SUBMIT INNOVATION પર ક્લિક કરો.




(3) **જુના યુઝર્સ** છે તે ડાયરેક્ટ E-mail Id અને Password નાખ્યા બાદ લોગીન કરી શકે છે. **નવા યુઝર્સ** માટે Creat New Account પર ક્લિક કરીને અકાઉન્ટ બનવું પડશે




(૪) તમારું www.inshodh.org ના અકાઉન્ટની પ્રક્રિયા પૂર્ણ થયેલ છે હવે તમારું અકાઉન્ટ ખોલવા માટે વેબસાઈટના મુખ્ય પેજ પર LOGIN બટન પર ક્લિક કરો. ત્યારબાદ તમે સુચન નંબર 3 માં જે E-MAIL ID અને PASSWORD એન્ટર કર્યું હોય તે દાખલ કરો અને LOGIN બટન પર ક્લિક કરો.




નોંધ: જે લોકોને પોતાનો પાસવર્ડ યાદ ના હોય અથવા ભૂલાય ગયો હોય તે FORGOT PASSWORD પર ક્લિક કરો.

(૫) LOGIN કર્યા બાદ નીચે દર્શાવેલ પેજ ખુલશે જે માંથી ADD INNOVATION પર ક્લિક કરો.




(૬) ત્યારબાદ જે પેજ ખુલશે તેમાં આપે કરેલ નવતર પ્રવૃત્તિ અંગેની માહિતી વિસ્તારથી લખવાની રહેશે. તથા નવતર પ્રવૃત્તિના કોઈ વીડિઓ હોય જો YOUTUBE પર હોય તો તેની લીંક મુકવાની રહેશે, અને સાથે પ્રવૃતિના ફોટા હોય તો તે પણ મૂકવના રહેશે.

૧ થી ૬ સ્ટેપ સુચન FOLLOW કાર્ય બાદ અંતે SUBMIT પર ક્લિક કરો.




(૭) ત્યાર બાદ એક THANKS FOR SUBMIT YOUR INNOVATION લખેલી સ્લાઈડ આવી જશે એટલે તમારો નવતર પ્રયોગ SUCCESSFULLY SUBMIT થયેલ છે, સબમિટ કરેલ નવતર પ્રવૃત્તિમાં એડિટ કરવા EDIT બટન પર ક્લિક કરો એડિટ કાર્ય બાદ ફરીથી સબમિટ કરો.

બીજો નવો નવતર પ્રયોગ સબમિટ કરવા HOME પર ક્લિક કરો.




**નોંધ: બીજીવાર નવતર પ્રયોગ SUBMIT કરનાર માટે (જે લોકો એ પહેલેથી જ WEBSITE પર REGISTERD છે તે લોકો) ખાલી સુચન નંબર ૫ થી ૭ FOLLOW કરો એટલે તમારું ઇનોવેશન SUBMIT થઈ જશે.**

<u>અગાઉ સબમિટ કરેલ ઇનોવેશનમાં એડિટ કરવા માટે :</u>

www.inshodh.org પર લોગીન કરો.
લોગીન કર્યા બાદ DASHBOARD ખુલશે.
નીચેની બાજુ આપે સબમિટ કરેલ ઇનોવેશન નું લીસ્ટ હશે.
ઇનોવેશનમાં સુધારો કરવા ટાઈટલ ની સામે EDIT INNOVATION બટન પર ક્લિક કરો.

ડોક્યુમેન્ટ માં સુધારો કરવા UPLOAD DOCUMENT પર ક્લિક કરીને સબમિટ પર ક્લિક કરો.




---

## તમારું ઇનોવેશન સોશીઅલ મીડિયામાં પ્રચાર કરવા

ઉપરના ફોટામાં જે પ્રમાણે ઇનોવેશન લીસ્ટ ખુલ્યું તેમાં ઇનોવેશન પર ક્લિક કરો, તમારું ઇનોવેશન ડેસ્કટોપ ખુલી જશે. ઇનોવેશનની નીચે SHARE કરીને ઓપ્શન છે તે પસંદ કરીને તેમાં આપેલ અલગ અલગ માધ્યમ પસંદ કરીને પ્રચાર કરી શકો છો.



EI-BANK દ્વારા શિક્ષકો માટે જુદી જુદી પ્રવૃત્તિ ચાલી રહી છે જેમાં જોડાવા અને જાણવા માટે નીચેના QR-CODE સ્કેન કરો.

(૧) ઇનોવેશન બેંક (www.inshodh.org)

(૨) ઓનલાઈન ઇનોવેશન સબમિશન

(૩) ઓનલાઈન ઈનોવેશન કેવી રીતે સબમીટ કરવું

(૪) ફેસબુક પેજમાં જોડવવા (Education Innovation Bank)

(૫) મહિલા ફેસબુક ગ્રુપ (Innovative Women Teachers)

(૬) યુટ્યુબ ચેનલ (Teachers as Transformer)

(૭) મોબાઈલમંચમાં જોડાવવા

(૮) SMC મોબાઈલમંચના પ્રશ્નો વાંચવા

(૯) શિક્ષકોના મોબાઈલમંચના પ્રશ્નો વાંચવા.

(૧૦) ચિલ્ડ્રન કોર્નર-વાર્તા

(૧૧) ચિલ્ડ્રન કોર્નર-વીડિઓ (Math/ Science)

(૧૨) ચિલ્ડ્રન કોર્નર-પ્રોજેક્ટ (Math/ Science)

(૧૩) સમ્પ્રત્ય-મહિલા શિક્ષકના નવતર પ્રયોગની બુક

(૧૪) EI-BANK બ્રોશર